શ્રીગણધરભગવંતો અને તે પછીના વિશિષ્ટજ્ઞાનીઓએ રચેલા હજારો ગ્રન્થો કાળબળે નાશ પામ્યા અને પામશે, તેને સમજવાની બુદ્ધિ પણ ઘટી છે અને ઘટશે, કિન્તુ પ્રસ્તુત ધર્મગ્રન્થ પ્રભુ શ્રીમહાવીર-દેવના શાસનકાળ સુધી વિદ્યમાન રહેશે, એના આલમ્બનથી પાંચમા આરાના છેડા સુધી ભવ્યજીવો આરાધના કરશે, એ તેની એક વિશિષ્ટતા છે. આ ગ્રન્થ કોણે, ક્યારે, ક્યા કારણે, કોને માટે રચ્યો ? એ એક ઐતિહાસિક બીના છે, તેને સવિસ્તર લખવાનું આ સ્થળ નથી, તો પણ ગ્રન્થના મહત્ત્વને સમજવા ઉપયોગી હોવાથી અહીં ટુંકમા તે જોઈ લઈએ.

રચયિતા, રચનાકાળ અને રચવાનો હેતુ—ચરમતીર્થપતિ **પ્રભુ શ્રીમહાવીરદેવની પાટે** પંચમગણધર શ્રુતકેવળી **શ્રી સુધર્માસ્વામિજી** થયા, તેઓની પાટે નવાણુ ક્રોડ સોનૈયાનો અને પદ્મિની સરખી રૂપવતી ગુણવતી આઠ સ્ત્રીઓનો લગ્ન સાથે જ ત્યાગ કરનારા અખંડ બ્રહ્મચારી, માતા-પિતા, સાસુ-સસરાઓ અને આઠે સ્ત્રીઓની (મતાન્તરે પાચસો છવ્વીશની) સાથે દીક્ષા લેનારા **ચરમકેવલી શ્રીજમ્બૂસ્વામિજી** થયા. પ્રભુ શ્રીમહાવીરદેવના નિર્વાણથી ચોસઠ વર્ષે તેઓ મુક્તિ પામ્યા અને તેઓની પાટે ચોરી કરવામા વ્યસની બનેલો પ્રસિદ્ધ ચોર પ્રભવ નામનો રાજપુત્ર, જે ઉપર્યુક્ત શ્રી-જમ્બૂકુમારની ત્યાગવૃત્તિ અને વૈરાગ્યને જાણી આશ્ચર્ય પામ્યો અને તેઓના ઉપદેશથી વૈરાગી બનીને તેઓની પાસે જ દીક્ષા લીધી. તે **સમ્પૂર્ણશ્રુતનિધિ શ્રીપ્રભવસ્વામિજી થયા.**

તેઓએ પોતાની પછી કોણ યોગ્ય આત્મા શાસનની અને શ્રીસંઘની રક્ષા કરી શકશે ? તે જાણવા પોતાના વિશિષ્ટજ્ઞાનના પ્રભાવે જોયુ. ત્યારે શ્રમણસંઘમા કે શ્રાવકસંઘમાં કોઈ આત્મા યોગ્ય ન દેખાયો. યોગ્યતા વિના આ જવાબદારીભર્યું સ્થાન જેને તેને આપવાથી શાસનને, સંઘને, આપનારને તથા લેનારને પણ

અહિત કરે એમ સમજતા તેઓએ અન્યધર્મીઓમા ઉપયોગ મૂકયો તે વખતે શ્રીરાજગૃહનગરમા મોટા યજ્ઞને કરાવતો સત્યનિષ્ઠ, લઘુકર્મી એવો શય્યભવ નામનો બ્રાહ્મણ તેઓને યોગ્ય જણાયો તેથી વિહાર કરી તેઓ રાજગૃહ ગયા, ત્યા ઉદ્યાનમા રહી બે બુદ્ધિમાન્ સાધુઓને સંકેત આપી ભિક્ષાર્થે નગરમા મોકલ્યા ગુરુના આદેશ પ્રમાણે ભિક્ષાર્થે ફરતા તે મુનિઓ જ્યા શય્યભવ અને તેનો યજ્ઞમંડપ હતો ત્યા ગયા અને ધર્મલાભનો આશીર્વાદ આપી પ્રવેશ કરતા તેઓને યાજ્ઞિકોએ અટકાવ્યા તેથી તેઓ **'अहो कष्टमहो कष्ट, तत्त्व न ज्ञायते परम्'** । એ શબ્દો બોલી પાછા ફર્યા. યજ્ઞદ્વાર પાસે બેઠેલા શય્યભવે એ શબ્દો સાભળ્યા

બસ, શય્યભવ માટે એટલા શબ્દો ઘણા હતા મુનિઓના મુખે સાભળેલા એ શબ્દોથી તે વિચારમા પડી ગયો 'કદાપિ ક્રોધાદિને વશ નહિ થનારા નિસ્પૃહ અને સત્યના પાલક જૈન મુનિઓ કદાપિ અસત્ય બોલે નહિ એવી સચોટ શ્રદ્ધા ધરાવનાર તેને લાગ્યુ કે જૈન મુનિઓ આ યજ્ઞને તત્ત્વવિનાનો કહી ગયા, તેમા કઈ કારણ હોવુ જોઈએ એથી શંકાશીલ બનેલા તેણે પોતાના યાજ્ઞિકગુરુને તેનુ રહસ્ય જણાવવા આગ્રહ કર્યો. પ્રારભમા તો યાજ્ઞિકે 'વેદો જ એક પરમતત્ત્વ છે એમ કહી તેના ચિત્તનુ સમાધાન કરવા માડયુ, પણ શય્યભવને એમા તથ્ય લાગ્યુ નહિ એથી ક્ષાત્રતેજને પ્રકાશતા તેણે મ્યાનમાથી શસ્ત્ર ખેચીને સત્ય જણાવવા આગ્રહ કર્યો તેથી ભય પામેલા ગુરુએ કહ્યુ કે 'આ યજ્ઞસ્તભની નીચે જૈનોના આરાધ્યદેવ શ્રીજિનેશ્વરની પ્રતિમા છે, તેનુ શુભ પૂજન કરવાથી યજ્ઞ નિર્વિઘ્ન થાય છે, અન્યથા આર્હતધર્મોપાસક બ્રહ્મચારી સિદ્ધપુત્ર નારદ યજ્ઞને અવશ્ય વિઘ્ન કરે'

યાજ્ઞિકગુરુના મુખે આ હકીકત સાંભળી સત્ય કહેવાથી શય્યભવે તેની પ્રશંસા કરી પછી યજ્ઞસ્તભ નીચેથી તે રત્નપ્રતિમા કઢાવી

દર્શન કર્યું અને તત્ત્વ જાણવા ઉત્સુક બનેલા શય્યંભવ તુર્ત જ તે મુનિઓના પગલે પગલે શીઘ્ર ઉદ્યાનમાં પહોંચ્યા. વિનયપૂર્વક શ્રીપ્રભવસ્વામિને વન્દન કરી પ્રમુદિત થએલા તે ઉચિત સ્થાને બેઠા અને પોતાની તત્ત્વજિજ્ઞાસા પ્રગટ કરી.

શ્રીપ્રભવસ્વામિએ પણ જીવ-અજીવ આદિ તત્ત્વોનું અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહરૂપ મોક્ષના ઉપાયોનું શુદ્ધજ્ઞાન કરાવ્યું. તેઓના અનહદ ઉપકારથી ત્યાગી બનેલા શય્યંભવે પ્રવ્રજ્યા (જૈની દીક્ષા) માટે પ્રાર્થના કરી અને શ્રી પ્રભવસૂરિજીએ પણ તેને દીક્ષા આપી. એ રીતે શય્યંભવ બ્રાહ્મણ મટીને જૈન મુનિ થયા.

દીક્ષા પછી ઘોર પરીષહોને અને ઉપસર્ગોને સહન કરતા તેઓએ ઉગ્ર તપ કરવા માંડયો. એક, બે, ત્રણ, વગેરે ઉપવાસનો તપ અને નિરીહભાવે ગુરુનો વિનય વૈયાવચ્ચ, આદિ સંયમની આરાધના કરતાં મહાબુદ્ધિશાળી તેઓ થોડા કાળમા જ ચૌદપૂર્વો ભણી ગયા અને ગુરુના તુલ્ય જ્ઞાની થયા. જ્ઞાનાદિ ગુણોથી પોતાના તુલ્ય જાણી શ્રીપ્રભવસ્વામિજીએ પણ પોતાને સ્થાને તેઓને આચાર્ય બનાવ્યા. એમ શય્યંભવમુનિ આગળ વધીને હવે સૂરિ થયા. યોગ્ય પાત્રમાં જવાબદારીનો ભાર મૂકવાથી નિવૃત્ત બનેલા શ્રીપ્રભવસ્વામિજી પણ અન્તિમ આરાધના કરી સમાધિથી કાળધર્મ પામી સ્વર્ગે ગયા.

આ બાજુ શય્યંભવ દીક્ષિત થયા ત્યારે તેઓની પત્ની થોડા સમય પૂર્વે જ ગર્ભવતી થઇ હતી. 'પતિના વિરહમાં સ્ત્રી પુત્રના આધારે જીવી શકે' એમ સમજતાં સંબધીઓએ તેને ગર્ભ સંબંધી પૂછ્યું, ત્યારે તેણે **'मनाक्'** અર્થાત્ 'કંઈક ગર્ભની સંભાવના છે' એમ કહ્યું. તે પછી પૂર્ણ સમયે તેને એક ઉત્તમ પુત્રનો પ્રસવ થયો અને તેણે ગર્ભનો સંભવ **'मनाक्'** છે, એમ કહેલું હોવાથી તે પુત્રનુ **મનક** એવુ નામ પ્રસિદ્ધ થયું.

પતિના વિરહમા એક પુત્રનો જ આધાર માનીને અત્યત કાળજી પૂર્વક લાલન-પાલન કરતી તે માતાનો પુત્ર ક્રમશ મોટો થતા આઠ વર્ષનો થયો ત્યારે એટલી લઘુવયમા પણ લોકવ્યવહારને સમજતા તેણે માતાના શરીરે સધવા સ્ત્રીને યોગ્ય વેશ જોઇ પોતાના પિતા જીવે છે એમ માની લીધુ છતા પિતાને આજ સુધી કદાપિ નહિ જોવાથી એક દિવસ તેણે મારા પિતા કોણ અને ક્યા છે? એમ માતાને પૂછ્યુ

પ્રશ્નથી ભય પામેલી માતાએ પુત્રપ્રેમને વશ થઈ કહ્યુ, બેટા! તારા જન્મ પહેલા જ તારા પિતા દિક્ષિત થયા છે, મે જ તને પાળી પોષીને ઉછેર્યો છે તે તેઓને જોયા નથી તેમ તેઓએ તને પણ જોયો નથી. બન્યુ છે એમ કે જ્યારે તુ ગર્ભમા હતો ત્યારે ચુસ્તવેદાન્તી ધર્મનિ અને યજ્ઞાદિ ક્રિયાઓમા રસિક એવા તારા પિતાને કોઈ ધૂર્ત જૈન સાધુઓએ ઠગીને દીક્ષા આપી દીધી છે તેથી તેઓ જૈનસાધુ તરીકે ગામોગામ ફર્યા કરે છે

આમ કહેવામા પુત્રને જૈન સાધુઓ તથા શય્યભવ પ્રત્યે અસદ્ભાવ પ્રગટાવવાનો માતાનો આશય સ્પષ્ટ સમજાય તેવો છે, છતા પુત્રને એની અસર બીજી જ થઈ તેને લાગ્યુ કે ચુસ્તવેદાન્તી બુદ્ધિમાન્ પિતા ઠગાય અને જૈન સાધુઓ ઠગીને દીક્ષા આપે, એમા કંઇ તથ્ય નથી અવશ્ય તેમા કોઈ હેતુ હોવો જોઇએ પુત્ર તરીકે પિતાના દર્શનથી મારે મારા નેત્રોને પાવન કરવા જોઇએ પિતા ગુરુ છે ઉપકારી છે તેમના દર્શન અને સેવા વિનાનુ પુત્રજીવન નિષ્ફળ છે બસ સાત્વિક અને સત્યનિષ્ઠ પિતાના પુત્રનો તે વિચાર અફર બ યો

તે સમજી ગયો કે માતાની અનુમતિ દુર્લભ છે અને તે મેળવવાનો પ્રયત્ન વિઘ્નરૂપ છે તેથી બાળક છતા અબાળપરાક્રમી તે માતા ન જાણે તેમ એકદા ઘેરથી નીકળી ગયો તે દિવસોમા શ્રી-

શય્યંભવસૂરિજી ચંપાનગરીમાં હતા. પુણ્યયોગે તેઓશ્રી મનક પણ ભવિતવ્યતાથી ત્યાં જ પહોંચી ગયા અને શરીરચિંતા માટે બહાર નીકળેલા સૂરિજીએ તેને નગરના પાદરમાં જ આવતો જોયો. એને જોતા જ લોહીના સંબંધથી તેઓને સ્નેહ પ્રગટ્યો અને મનકનું પણ એમ જ બન્યું. ચંદ્રને જોઈ કમળ વિકસે તેમ સૂરિજીને જોઈ મનકના હૃદયમાં કોઈ અપૂર્વ આનંદ ઉભરાયો. બન્ને મળ્યા અને સૂરિજીએ તેને કોણ છે, ક્યાંથી આવ્યો, કોનો પુત્ર છે, વગેરે પૂછ્યું. મનકે પોતાની ઓળખ દર્શાવી અને મારા પિતા ક્યાં છે, એ જાણતા હો તો મને કહો, એવી પ્રાર્થના કરી. ઉપરાન્ત 'મારા પિતાનાં દર્શન થાય તો હું તેઓની પાસે દીક્ષા લઉં'' એમ પણ કહ્યું.

સર્વ હકીકત સાંભળીને 'પોતાનો પુત્ર છે' એમ સમજેલા જ્ઞાની સૂરિજીએ પિતાની નિશ્રામા દીક્ષિત થએલો પુત્ર 'આ મારા પિતા છે' એમ જાણે, કે અન્યમુનિઓ 'આ ગુરુપુત્ર છે' એમ જાણે તો તેને વિનય વૈયાવચ્ચ વગેરે સંયમયોગોની આરાધના સારી રીતે ન કરાવી શકાય, માન–સન્માનથી પ્રમાદી બને, વગેરે સમજીને સ્પષ્ટ ઓળખાણ ન આપતાં બોલ્યા કે, તારા પિતાને હુ જાણુ છુ, તે મારા મિત્ર છે, સમજી લે કે અમે બન્ને એક જ છીએ, માટે હે ભાગ્યવાન્! તુ મારી પાસે જ દીક્ષા લે. પિતામા અને કાકામાં વળી ભેદ કેવો ? મનકને પણ સૂરિજી પ્રત્યે પિતાતુલ્ય પ્રેમ પ્રગટયો હતો, એથી એ વાત તેણે સ્વીકારી અને તેને સાથે લઈ ઉપાશ્રયે ગએલા શ્રીશય્યભવસૂરિજીએ બાળક છતાં ગંભીર અને વિશિષ્ટબુદ્ધિવાળા તે પોતાના પુત્ર મનકને દીક્ષા આપી.

પછી કૃપાસાગરસૂરિજીએ શ્રુતજ્ઞાનદ્વારા જાણ્યુ કે આ મનકમુનિનુ આયુષ્ય માત્ર ૭ મહિના જ બાકી છે. તેથી આટલા ટુંકા સમયમાં તેને સાગર જેટલા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કયા રીતે કરાવવી ? એ ચિંતામાં પડેલા તેઓએ વિચાર્યું કે 'ચૌદપૂર્વી અથવા દશપૂર્વધરો

મોઈ વિશિષ્ટ કારણે પૂર્વોમાથી સારભૂત તત્ત્વોનો ઉદ્ધાર કરી શકે ' એવી જિનાજ્ઞા છે માટે આ બાળમુનિના હિતાર્થે હુ પણ સિદ્ધાન્તના સારનો ટુકો ઉદ્ધાર (મમ્રહ) કરુ !

આ છે પ્રસ્તુત ગ્રથરચનાનુ કારણ! ઉપર્યુક્ત પરોપકાર-ભાવનાને વશ થઈ શ્રીશય્યભવસૂરિજીએ પૂર્વોમાથી જે સારભૂત વસ્તુઓને લઈ ગ્રન્થરૂપે ગુથી તે જ ગ્રન્થ આ દશવૈકાલિક તેમા **અધ્યયન દશ હોવાથી અને વિકાલવેળાએ રચેલુ હોવાથી 'દશવૈકાલિક' એવુ આનુ સાન્વર્થ નામ છે**

પછી તો ગુરુજીએ સ્વય એ ગ્રન્થ મનકમુનિને ભણાવવા માડ્યો તે માત્ર ગોખાવ્યો એટલુ જ નહિ પણ એમા જણાવેલા અષ્ટ પ્રવચનમાતાથી માડીને અહિસા, સત્ય આદિ મહાવ્રતોનુ પાલન કરવાપૂર્વક વિનય વૈયાવચ્ચ ગુરુભક્તિ ત્યાગ, વૈરાગ્ય, તથા ક્ષમાદિ દશવિધ યતિધર્મ વગેરે વિવિધ ભાવોને પ્રગટાવ્યા અને સયમમા એવા રસ પ્રગટ કરાવ્યો, કે ૬ મહિનામા તો જ્ઞાની બનેલા તે બાળમુનિ નિરતિચાર આરાધના કરીને સમાધિપૂર્વક કાળધર્મ પામી સ્વર્ગે ગયા સમાધિ એટલે શરીરથી માડી સર્વ બાહ્ય પદાર્થોની ઉપેક્ષા અને આત્મગુણોનો આનદ! જૈન સાધુધર્મ વિના અનાદિ જડ નેહોઓને તોડીને આવી આત્માની રમણતા કયી રીતે પ્રગટાવી શકાય? અને એ પ્રગટ્યા વિના અનાદિ જડના બધનોનુ દુખ શી રીતે ટળે? જેઓને નિમિત્ત આ ગ્રથ રચાયો તે આ મનકમુનિનો ઉપકાર નાનોસૂનો ન લેખાય.

તે સમયે જ્ઞાનસમુદ્ર પણ સૂરિજીને મનકમુનિના સ્વર્ગવાસથી નેત્રોમા આસુની ધારા ચાલી તે જોઈ શ્રીયશોભદ્રાદિ તેઓનો શિષ્યવર્ગ આશ્ચર્ય પામ્યો આજ પૂર્વે દીર્ઘ પરિચિત ગીતાર્થ અને ચારિત્રશીલ અનેક મુનિવરોને આરાધના કરાવી પરલોક સુધારનારા ગુરુજીને કોઈના વિરહનુ દુખ ન થયુ અને માત્ર ૭ મહિનાના

દીક્ષિત બાળમુનિના સ્વર્ગગમન [illegible]
તેઓએ ગુરુજીને પૂછ્યું. તેઓશ્રી [illegible]
પ્રગટ કરતા કહ્યું, મુનિવરો ! આ બાળમુનિના [illegible]
થયું. તે થોડા કાળના [illegible]
છે અને તેમાં પણ [illegible]
યોગીને પણ પુનર્જન્મ [illegible] છે.

એ હકીકત જાણી વિનીત શિષ્યોને આશ્ચર્ય થયું. ગુરુ-પુત્ર પણ ગુરુના જેટલો જ પૂજ્ય હોવા છતાં તેની સેવાનો લાભ ન મળ્યો, એનો પશ્ચાત્તાપ થયો. એથી આ સત્ય આજ સુધી આપે કેમ ન જણાવ્યો ? એમ પૂછ્યું. ત્યારે સૂરિજીએ કહ્યું કે તમારી સેવાના બળે પ્રમાદ વધવાથી ટૂંકા આયુષ્યમાં એની આરાધના ઘટે, એને વિનય વૈયાવચ્ચનો લાભ ન મળે, વગેરે કારણે એ ન જણાવવું હિતકર હતું. આનું નામ પુત્રનો-શિષ્યનો સાચો સ્નેહ. આ ગુરુ અને એ જ સાચા પિતા, કે જે શિષ્ય યા પુત્રના શરીરની ચિંતા કરતાં ય અધિક ચિંતા તેના આત્મહિતની કરે.

તે પછી મનકને માટે રચેલા આ ગ્રન્થને સંવરી લેવાની (આગળ કોઈને નહિ આપવાની) પોતાની ઈચ્છા સૂરિજીએ શિષ્યોને જણાવી, તેઓએ પણ તે શ્રીસંઘને કહ્યું અને શ્રીશ્રમણસંઘે પણ હવે પછી ભરતક્ષેત્રમા જીવો ઉત્તરોત્તર મંદબુદ્ધિવાળા થશે, માટે ભાવિજીવોના ઉપકાર માટે ગ્રન્થને કાયમ રાખવાની પ્રાર્થના કરી. આ શ્રીસંઘની પ્રાર્થના એ જ્ઞાની ગુરુએ માન્ય રાખી તે છે આ ગ્રન્થની હયાતિનું મૂળકારણ ! શ્રી મનકમુનિ, ગ્રન્થને રચનાર શ્રીશય્યંભવસૂરિજી અને શ્રીસંઘનો આ ઉપકાર અમૂલ્ય છે. જેઓની કૃપાથી આ ગ્રન્થરત્ન વર્તમાન શ્રીસંઘને વારસામા મલ્યું છે.

આટલુ પ્રાસંગિક કથન એ કારણે કર્યું કે એમાં ગ્રન્થનું ઐતિહાસિક મહત્ત્વ રહેલુ છે. પ્રસ્તુત ગ્રન્થ પ્રભુ શ્રીમહાવીરદેવના

નિર્વાણ પછી એક શતાબ્દી પૂર્ણ થતા પહેલા જ, શ્રીજિનશાસન અને સઘની અનૂટ જાહોજલાલીના કાળમા રચાએલો હોવાથી તે મુક્તિની સાધના માટેની નિર્ભેળ સામગ્રી પૂરી પાડે છે વળી તેના રચયિતા શ્રુતકેવળી ચૌદપૂર્વધર હોવાથી એમના શબ્દોમા અચિત્ય શક્તિ રહેલી છે દશપૂર્વી પણ વચનની લબ્ધિવાળા હોય છે અને તેઓની વાણી જીવોને વિશિષ્ટ ઉપકાર કરનારી હોવાથી યોગ્ય છતા જિનકલ્પ વગેરે વિશિષ્ટ આરાધના છોડીને સઘના ઉપકારાર્થે ઉપદેશ કરવાની તેઓ પ્રયે જિનાજ્ઞા છે, પછી સમ્પૂર્ણ શ્રુતકેવલીના વચનમહિમા માટે તો શુ કહેવુ ? તેઓને ત્રણે કાળનુ જ્ઞાન હોય છે તેઓનુ એક એક વચન મત્રની જેમ મોહસર્પનુ વિષ ઉતારવા સમર્થ છે એવા સમર્થજ્ઞાનીએ અને તે પણ પોતાના પુત્રને આરાધના કરાવવાની એક શુદ્ધભાવનાથી રચેલો આ ગ્રન્થ છે એ કારણે તેના અક્ષરે અક્ષરમા એ ભાવનાનુ બળ છે આ ગ્રન્થના માત્ર મૂળસૂત્રોનો (ગાથાઓનો) સ્વાધ્યાય કરવાથી પણ વિશિષ્ટ કર્મનિર્જરા થાય છે એવો અદ્યાપિ તેનો મહિમા છે કારણ કે ગ્રન્થભરનુ વિશિષ્ટ ચારિત્ર બળ એમા ભરેલુ છે અને એ જ કારણે આજે પણ મોટા ભાગનો સાધુ-સાધ્વીવર્ગ એને અક્ષરશ કઠે કરી નિત્ય સ્વાધ્યાય કરે છે

એમ ગ્રન્થ કોણે ક્યારે ક્યા કારણે રચ્યો ? એ જાણ્યા પછી હવે ગ્રથના વિષય અગે થોડુ જોઈએ

ગ્રન્થનો વિષય—જૈન સાહિત્યના કેટલાક ગ્રથો તત્ત્વનુ તો કેટલાક કેવળ ક્રિયાનુ નિરૂપણ કરનારા હોય છે ત્યારે આ ગ્રન્થ તત્ત્વજ્ઞાન સાથે ક્રિયાનુ શિક્ષણ આપનાર હોઈ સમ્પૂર્ણ છે એના **પહેલા અધ્યયનમા** ધર્મનુ લક્ષણ જણાવીને એ ધર્મની પ્રાપ્તિ માટે જીવનના મુખ્ય આધારભૂત આહાર મેળવતા પણ કોઈનુ મન સરખુ દુખાવવુ નહિ એ વાત ભ્રમરના દૃષ્ટાન્તથી સમજાવી છે એમા ગર્ભિત એ સૂચન છે કે-સાધુએ ન્હાનામા ન્હાના પણ કોઈ જીવને

વિના કારણ ઇશારાપૂર્વક તેમ જ [illegible] ન જાય તે રીતે જીવવું જોઈએ. **બીજા અધ્યયનમાં** વમેલા ભોગોની પ્રાપ્તિની પણ ઇચ્છા ન કરવી, ઇચ્છા જ સર્વ પાપોનું મૂળ છે. તેને રોકવા બાહ્યવસ્તુનો ત્યાગ પણ હિતકર છે, ત્યાગનો અંકુશ જેટલો દૃઢ તેટલું તેનું ફળ વહેલું અને સારૂં મળે છે, સંકલ્પબળ એ જ સર્વ સિદ્ધિઓનો પાયો છે, માટે મનને જ્ઞાનથી વશ કરવાથી ઇચ્છાઓને રોકવી ઇત્યાદિ શ્રીમતી રાજીમતી અને રથનેમીના દૃષ્ટાન્તપૂર્વક સમજાવ્યું છે. **ત્રીજામાં** પૂર્વમહર્ષિઓએ વર્જેલા (અનાચીર્ણ)આચારોનો ત્યાગ કરવાનું કહી એનું ફળ વર્ણવ્યું છે. અનાચીર્ણનો ત્યાગ સાધુજીવનના પ્રાણ અથવા અલંકાર સરખો છે. એના પાલનથી સંયમનુ તેજ પ્રગટે અને એથી સ્વ-પર હિત થાય, વગેરે કહ્યું છે. **ચોથા અધ્યયનમાં** જગતના વિવિધ પ્રકારના જીવોનુ અને મહાવ્રતોનુ જ્ઞાન કરાવ્યું છે. એ જ્ઞાનથી ઉત્તરોત્તર અહિંસાને સાધતો આત્મા કેવા ક્રમથી મુક્તિને પામે તે ક્રમ પણ જણાવ્યો છે. સર્વધર્મોનું મૂળ અહિંસા છે, તેની સિદ્ધિ માટે હિંસાના વિષયભૂત જીવોનું જ્ઞાન સૌથી પ્રથમ જરૂરી છે. જે જીવ કે અજીવના ભેદને સમજી શકે નહિ તે સંયમને અને અહિંસાને શી રીતે સિદ્ધ કરે ? એ જ કારણે આ અધ્યયનને ભણ્યા વિના હિંસાવિરમણ વગેરે મહાવ્રતો આપવાનો નિષેધ છે. આથી સમજાય છે કે સંયમરૂપી વૃક્ષમાંથી મોક્ષરૂપી ફળ મેળવવાનું બીજભૂત જ્ઞાન આ અધ્યયનમાં છે. **પાંચમામાં** આહાર વસ્ત્ર, પાત્ર અને વસતિ (ઉપાશ્રય), એ ચાર પ્રકારના પિંડનું અને તેને મેળવવાના ઉપાયોનું જ્ઞાન કરાવ્યુ છે. અહિંસા-સંયમ અને તપરૂપ ધર્મનું સાધન જ્ઞાનપૂર્વકની ક્રિયા છે, આ ક્રિયા દેહાધીન છે, દેહ નિર્વિકારી હોય તો ઇન્દ્રિયો અને મન નિર્વિકારી બને અને એ સર્વની શુદ્ધિથી ધર્મક્રિયા શુદ્ધ થાય. એમ ધર્મક્રિયાના મુખ્ય સાધનભૂત દેહને પવિત્ર નિર્વિકારી બનાવવા આહાર નિર્વિકારી, દોષ અને નિર્જીવ હોવા ઉપરાન્ત સંયમપોષક શુભભાવથી અને

શાસ્ત્રોક્ત વિધિપૂર્વક મેળવેલો હોવો જોઈએ એ સર્વ આ અધ્યયનમા જણાવ્યુ છે **છઠ્ઠા અધ્યયનમા** સાધુજીવનના કિલષ્ટ છતા આવશ્યક અગાર આચારોનું વર્ણન કરી જૈન સાધુજીવનની વિશેષતા તથા સર્વોપકારિતા જણાવી છે **સાતમામા** ભાષાશુદ્ધિ માટે વિસ્તૃત વર્ણન છે, શબ્દમા અચિત્ય શક્તિ છે હૃદયના ભાવોને સમજાવવાનું તે સાધન છે, જગતના સર્વ વ્યવહારો શબ્દથી ચાલે છે, કેટલાક તો શબ્દની શક્તિ બ્રહ્મ જેટલી માને છે વિવિધમ ત્રો પણ શબ્દો જ છે અને તેનો મહિમા આશ્ચર્ય ઉપજાવે છે તે પણ શબ્દો ચ્ચારનુ જ એક બળ છે એમ શબ્દની અચિત્ય વિવિધ શક્તિઓનો સદુપયોગ ત્યારે થાય કે બોલનાર જ્ઞાની અને ભાષાશુદ્ધિનો જાણ હોય. એ કારણે આ અધ્યયનમા તે શિક્ષણ આપેલ છે એના જ્ઞાન વિના યથેચ્છ બોલવાથી ઘણા અનર્થો થાય છે સ્વ-પર અહિત થવાથી સસાર વધી જાય છે એથી જ ભાષાસમિતિ અને વચન ગુપ્તિનું શાસ્ત્રમા વિધાન છે એના પાલનથી ઘણા કર્મો ખપી જાય છે **આઠમામા** બાહ્યક્રિયાદ્વારા આ મગુણોને પ્રગટાવવાનુ સૂચ છે અર્થાત્ ગુણપ્રાગ્ટચના લક્ષ્ય વિનાની ક્રિયા માત્ર કાયક્લેશ બની જાય છે, તેનાથી આત્માનુ હિત થતું નથી કોઈ વાર તો આત્મા એ ક્રિયાનો દ્વેષી બની જીવનને નિષ્ફળ કરી દે છે માટે પ્રત્યેક ક્રિયાદ્વારા આત્મિક આનદનો અનુભવ કરાવનારા ગુણોને પ્રગટાવવા એ સાધુ જીવનનો સાર છે વગેરે એમા ગર્ભિત સૂચન છે **નવમા અધ્યયનમા** વિનયદ્વારા સમાધિ પ્રાપ્ત કરવાના ઉપાયો કહેલા છે સર્વ ગુણોનું મૂળ વિનય છે વિનય એટલે સમર્પિતભાવ તે આવ્યા પછી ગુરુ-શિષ્ય વચ્ચે માત્ર શરીરનો જ ભેદ રહે છે બન્નેના આત્મા અભિન્ન બને છે અને ત્યારથી ગુરુની આધ્યાત્મિક સમ્પત્તિ શિષ્યમા ઉતરે છે ભેદબુદ્ધિ ટળ્યા વિના વસ્તુત ગુણપ્રાપ્તિ દુર્લભ છે ગુરુને સ્વીકાર્યા પૂર્વે તેઓની યોગ્યતા સબધી વિચારણા ભલે હોય પણ સ્વીકાર્યા પછી તો આજીવન તેઓને પરમા માનુ ચ

માનીને વિનય કરવો એ જ મુક્તિનો માર્ગ છે. પરમાત્માના સ્થાને ગ[illegible] શાસનની અને સંઘની સેવા-રક્ષા કરનાર ગુરુ જ એક અપેક્ષાએ પરમાત્મા છે. તત્ત્વથી તો ગુરુને સમર્પિત થવું એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે તથા એ જ મુક્તિની સાધના છે. કોઈ અશુભ કર્મોદયે ગુરુ સંગથી પરાઙ્મુખ બને, શિષ્યની અસમર્થતા ન [illegible] અને એથી છોડવા પડે, તો પણ તિરસ્કારભાવથી નહિ, કિન્તુ પૂજ્યભાવથી જ છોડાય, વગેરે ગુરુવિનયનું રહસ્ય અલૌકિક છે, તેનો મહિમા અને ફળ અચિંત્ય છે, એના વિના કાર્યસિદ્ધિ દુઃશકચ છે. માટે આમા વિનયની પ્રેરણા, તેના લાભો અને સાથે અવિનયના કટુફળોનુ પણ વર્ણન કર્યું છે. **દશમામાં** ગ્રન્થોક્ત સાધના કરતો ભિક્ષુ-સાધુ કેવો વિશિષ્ટ બને, એ વર્ણવીને સાધુતાની પરાકાષ્ઠાનું સ્વરૂપ જણાવ્યું છે. અર્થાત્ ઉપસંહાર તરીકે ઉચ્ચ સાધુનાં લક્ષણો વર્ણવી આત્માને તેવી વિશુદ્ધિ માટે ગર્ભિત સૂચન કર્યું છે. તે પછી મૂળગ્રન્થમાં **યક્ષાસાધ્વીને શ્રીસીમંધરસ્વામીજીએ** આપેલી બે ચૂલિકાઓ ઉમેરાએલી છે. તેમા **પહેલી ચૂલિકામાં** કોઈ સાધુ તથાવિધ ક્લિષ્ટકર્મોદયથી સાધુજીવનને છોડવા ઈચ્છે, તો છોડચા પછી તે કેવી વિષમ વિપત્તિઓમાં ફસાય, તે સમજાવવા સાધુ અને ગૃહસ્થના જીવનનું મેરુ અને સરસવ જેટલું યથાર્થ અંતર સમજાવ્યું છે અને પુનઃ સાધુજીવન પ્રત્યે પ્રીતિ પ્રગટાવવાના ઉપાયોરૂપ સુદર ઉપદેશ કરેલો છે. **બીજી ચૂલિકામાં** લોકૈષણાને તજી જિનોપદિષ્ટ માર્ગને અનુસરવાનું, અર્થાત્ સંસારના અનાદિ વિષમ પ્રવાહમાં સામા પૂરે તરવાનું વિધાન છે. એ વિના જિનાજ્ઞાનું પાલન યથાવત્ થઈ શકતુ નથી, માટે લોકૈષણાનો ત્યાગ કરી આત્માના સત્ત્વ અને ગુણોના બળે જીવવારૂપ સમ્પૂર્ણ સ્વાશ્રયી બનવાનો ઉપદેશ છે.

આથી સમજાશે કે મોક્ષના અનન્ય ઉપાયરૂપ પ્રાણાતિપાત-વિરમણાદિ વ્રતોનુ યથાર્થ પાલન અને તેને સફળ કરવાની સમગ્ર

સામગ્રીનો ખજાનો આ ગ્રન્થ છે મન વચન કાયારૂપ બાહ્યયોગોની શુદ્ધિદ્વારા જ્ઞાન દર્શન ચારિત્રરૂપ ભાવયોગોને પ્રગટાવવાનો વિશિષ્ટ શિક્ષાગ્રન્થ છે

વર્તમાનમા વિદ્યમાન જૈનશાસનમાન્ય પીસ્તાલીશ આગમો પૈકી જે ચાર મૂળ આગમો કહેલા છે, તેમાનું એક મૂળઆગમ દશવૈકાલિક છે સાધુજીવનના પ્રારભમા (મૂળમા) જ અધ્યયન કરાતું હોવાથી તે મૂળઆગમો કહેવાય છે આ મૂળગ્રન્થ ઉપર ચૌદપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામિજી જેઓ પ્રભુ મહાવીરના નિર્વાણથી ૧૭૦મા વર્ષે સ્વર્ગે ગયા તેઓએ નિર્યુક્તિ રચેલી છે તેઓના કથન પ્રમાણે આનું ચોથુ અધ્યયન આત્મપ્રવાદપૂર્વમાથી, પાચમુ કર્મ-પ્રવાદમાથી સાતમુ સત્યપ્રવાદમાથી અને શેષ અધ્યયનો નવમા પ્રત્યાખ્યાનપૂર્વની ત્રીજી વસ્તુમાથી ઉદ્ધરેલા છે આ ગ્રન્થ ઉપર ભાષ્ય સમર્થ શાસ્ત્રકાર શ્રીહરિભદ્રસૂરિજીકૃત વૃત્તિ અને અવચૂરિ તેથી પ્રાચીન શ્રીઅગસ્ત્યસિંહસૂરિકૃત ચૂર્ણિ છે તે ઉપરાન્ત બીજા શ્રીસુમતિસૂરિકૃત ટીકા શ્રીમાણિક્યશેખરસૂરિકૃત અને ઉપા૦ શ્રી-સમયસુન્દરજીકૃત દીપિકાઓ, શ્રી રાજચન્દ્રસૂરિકૃત વાર્તિક, શ્રી વિનયહંસકૃત ટીકા, વગેરે અનેક સસ્કૃત-પ્રાકૃત ગ્રન્થો રચાયાના ઉલ્લેખો મળે છે આ ગ્રન્થ સર્વમાન્ય હોવાથી ભિન્ન ભિન્ન ગચ્છના આચાર્યોની એ રચનાઓ છે ઉપરાન્ત ગુજરાતી અનુવાદો, બાલાવબોધો, અને ગેયરૂપ ટૂકા ભાવાર્થયુક્ત સજ્ઝાયો પણ રચાએલી છે એમ વિવિધ સાહિત્ય ઉપલબ્ધ છતા મદબુદ્ધિ અને સસ્કૃત-પ્રાકૃત ભાષાથી અજ્ઞાત જીવોને પણ બોધ થાય એ દૃષ્ટિએ આ ભાષાન્તર કર્યું છે આશા છે કે ભવ્યજીવો તેનો સદુપયોગ કરી પ્રયત્નને સફળ કર।

સમ્પાદન શૈલી–મૂળ ગાથાઓ દેવનાગરીમા નીચે ભાવાર્થ રૂપે શબ્દાર્થ ગુજરાતીમા અને તેની નીચે પ્રસગાનુસાર વિશેષાર્થ વગેરે નોધ ન્હાના અક્ષરોમા લીધી છે અધ્યયન અને ગાથાનો ક્રમાક

[illegible] માં [illegible]
ગાથાની [illegible] નિર્યુક્તિ-ગ્રન્થ
[illegible] છે. [illegible]
[illegible] ગાથાઓ, [illegible]
[illegible] છે, [illegible]
ન રીતે [illegible] છે. [illegible]
[illegible] છે. [illegible] શબ્દાર્થ
જુદા પડ્યા છે. [illegible] ઉપયોગી [illegible] ગ્રન્થનું પ્રમાણ
વધી જાય એ ભયથી આપી શકાઈ નથી. [illegible] અશુદ્ધતાથી
કરી શકાય માટે છેલ્લે [illegible] છે. અર્થ
લખવામાં મુખ્ય આધાર શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો લીધો છે,
તથાપિ ઉપયોગશૂન્યતા, બુદ્ધિમંદતા, વગેરે કારણે રહી ગએલી
ક્ષતિઓનો મિચ્છામિદુક્કડ દઈ સાર્થ અને મૂળ બન્ને ગ્રન્થના
શુદ્ધિપત્રકો આપ્યાં છે તેનો ઉપયોગ કરવા વાચક વર્ગને ખાસ
વિનતિ કરું છું.

ગ્રન્થ લખવાથી અને છપાવવાથી મને આરાધના થાય તથા
બાળજીવોને એના અર્થનું જ્ઞાન મળે, એ ઉદ્દેશથી આ પ્રયત્ન કર્યો
છે. ઘણા વખતથી કેટલાક પૂ. સાધુ–સાધ્વીગણની માગણી
સફળ કરવા આ યત્કિંચિત્ પ્રયત્ન થયો છે, તેનાથી સ્વ–પર
શ્રેયઃ થાઓ, એમ ઈચ્છતો હુ વિરમું છું.

વિ. સં. ૨૦૧૫, અષાઢ સુદ ૧૫.	પૂજ્યગુરુદેવ આ. શ્રીવિજયમને
જૈનવિદ્યાશાળા; અમદાવાદ.	સૂરિવર શિષ્ય પં. ભદ્રંકરવિ



વ્યષ્ટિ મટી સમષ્ટિ બનનાર

—'શશિકાન્તની જીવન સાધના'—

જીવન અખંડ પુણ્યપ્રવાહ છે, એથી તો એક સંતે માનવીને ઉદ્બોધન કર્યું છે

"કાં અસાધારણ થજે અથવા નામનિશાનથી ટળી જજે સૌના જેવો સાંજે સૂનારો અને સવારે ઊઠનારો માનવી ન રહેતો"

ભાઈ શ્રી શશિકાન્તે આમ અસાધારણ જીવનની કેડી સ્વીકારી તેમણે નિજ જીવનને ધન્ય બનાવ્યું, માતા-પિતાના કુળને અજવાળ્યું

નાનકડું ગામ ચેખલાપગી (તા દહેગામ) જ્યાં સં ૧૯૯૮માં તા ૨૦-૧-૪૨ ના રોજ શશિકાન્તનો મોસાળમાં જન્મ થયો ધમનિષ્ઠ માતા-પિતા દ્વારા તેમના જીવન-ક્યારામાં સુસંસ્કારના સિંચન થયા

પિતાનું નામ શ્રી પોપટલાલ આમ તો વ્યવહારુ, વાણિજ્ય ક્ષેત્રે સૂઝવાળા, પરંતુ જીવનની ઇમારતનો પાયો ધમભૂમિમાં ધર્મ પ્રત્યે અત્યંત અનુરાગી

માતાનું નામ હીરાબહેન ભણતર ખાસ નહિ પરંતુ આત્મજ્ઞાનનું અધિક અજવાળું, નમ્ર, મિલનસાર અને માયાળુ સ્વભાવ, અપાર દાનવૃત્તિ, એમના હૈયામાં સદા ધર્મશ્રદ્ધાનો દીવડો ઝગહળતો રહે

જીવનના આરોહ-અવરોહમાં આ દંપતિને વિશ્રામ મળે પૂ સાધુભગવંતો આદિના સત્સંગમાં અને સંનિષ્ઠ શ્રાવકોની શુશ્રૂષામાં એ જ એમના જીવનનો આનંદ

શ્રી પોપટલાલને પ્રાગ ભગેલા જીવનપાથેયના પરિણામે તેમને વારંવાર ભાગવતી દીક્ષા અંગીકાર કરવાનો વિચાર આવે. રાગ અને ત્યાગ વચ્ચે એમનો જીવનહિંડોળો ઝોલે ચઢે, પરંતુ વ્યવહાર અને વડીલોના આગ્રહને આધીન બની સંસારનો ત્યાગ કરી શક્યા નહિ. કાસારમાં પાંગરેલું કમળ 'જળકમળવત્' ક્યાં નથી રહેતું? તેઓ પણ સંસારમાં રહેવા છતાં નિર્લેપપણે રહેતા.

માતા–પિતાના આ ધર્મસંસ્કારનો આવિષ્કાર ભાઈ શશિકાન્તમાં થયો. તેઓના અંતરંગ ધર્મપ્રેમ અને બાહ્ય ધર્મ–અનુષ્ઠાનોની સંસ્કારિતા ભાઈ શશિકાન્ત માટે કોઈ અનન્ય જીવનપથદર્શિકા બની. 'असारः खलु संसारः' 'આ સંસાર ખરેખર અસાર છે' એનું સચોટ ભાન થયું. સાંસારિક પ્રવૃત્તિઓનું સ્થાન ધાર્મિક પ્રવૃત્તિઓએ લીધું. પૂ. ગુરુભગવંતોના સતત સમાગમ, તેઓશ્રીની લાક્ષણિ[ક] શૈલી, તલસ્પર્શી વ્યાખ્યાનશ્રવણ તથા સદુપદેશ દ્વાર[ા] દર્શન, વંદન, જિનપૂજા, સાધર્મિકવાત્સલ્ય, આવશ્યક ક્રિય[ા] વ્રત, નિયમ, સ્વાધ્યાય આદિમાં શશિકાન્ત નિજ સમ[ય] વ્યતીત કરતા. તેમને મન વધુ પ્રિય વિષય પ્રભુભક્તિ હતે[ો].

ભાઈ શશિકાન્તનું શાળાકીય જીવન કેવળ અક્ષ[ર] જ્ઞાન પ્રાપ્ત કરવાનું સોપાન ન હતું પરંતુ તેઓએ સાથેસ[ાથે] જીવનની કોરી કિતાબમાં ધાર્મિકજ્ઞાનની લિપિકાને અં[કિત] કરવાનું ચાલુ જ રાખ્યું. મેટ્રીક બાદ ફાર્મસી કોલેજ[માં] પ્રવેશ મેળવ્યો પરંતુ ડીગ્રી મેળવવાના મોહને બદલે તે[ઓને] બીજો જ કોઈ પ્રકાશ પોતાના તરફ પ્રેરણા કરી

હતો પરિણામે કોલેજના ત્રીજા વર્ષની પરીક્ષા બાદ વ્યાવહારિક અભ્યાસને તિલાંજલિ આપી, ધાર્મિક અભ્યાસમાં આગેકૂચ કરી

તેમના જીવનચરિત્રનું એક બીજું ઉજ્જવળ પ્રકરણ પણ ભૂલી શકાય તેમ નથી અને તે છે સત્સંગ સરિતાનું સુમધુર જળ સાગરમા જઈ ખારું કેમ થઈ જાય છે? અમૃત જેવું મીઠું દૂધ ખટાશનો સ્પર્શ થતા ફાટી કેમ જાય છે? તેનો ઉત્તર "संसगजा दोष–गुणा भवन्ति!" એ સંગતિનું પરિણામ છે વિ સ ૨૦૧૨મા પૂ પ શ્રી મેરુવિજયજી ગણિ (હાલ પૂ આ શ્રીવિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ સા) તથા પ શ્રી દેવવિજયજી ગણિ તથા તેમના શિષ્યરત્ન મુનિ શ્રી હેમચંદ્રવિજયજી મ સા આદિ ઠાણા ચાતુર્માસ બિરાજમાન હતા તે સમયે તેઓશ્રીજીના અહર્નિશ સમાગમમા આવ્યા પારસમણિના સ્પર્શે ભાઈ શશિકાન્તના જીવનને કંડારવામાં ઘણો અને વધુ મહત્વનો ફાળો આપ્યો તેઓશ્રીજીની અમૃતમય વાણીએ ઉપદેશ અને પત્રો દ્વારા ખૂબ ખૂબ સિંચન કરેલ સંસારની અનિત્યતા સમજાવી ત્યાગધર્મની પુષ્ટિ કરી

બહારથી માનવી ભલે દીન–હીન અને દુબળ દેખાય પરંતુ ઘણી વખત તેનું અંતઃકરણ આત્મિક ઋદ્ધિ સિદ્ધિથી સમૃદ્ધ, ઉન્નત અને સબળ હોય છે તેમના જીવનમા પણ એકાગ્રતા, ભક્તિ, શ્રદ્ધા, સાહસ, ક્ષમા, ધૈર્ય, સહિષ્ણુતા, વિનય–વિવેક અને અનાસક્તિ વગેરે ગુણો વણાયેલા હતા પરિણામે સાધકજીવનના માર્ગે પ્રસ્થાન કરતા તેમને કોણ રોકી શકે?

રાગ કરતાં ત્યાગ ઊંચો છે. ત્યાગ વિના જીવનનો સાચો ઉત્કર્ષ સાધી શકાતો નથી. અક્ષય, અનંત અને અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરી શકાતું નથી. ત્યાગ.... સર્વત્યાગ વિના શાશ્વત અને અપ્રતિમ સુખ મેળવી શકાતું નથી. આ પવિત્ર ભાવનાથી પિતાએ પુત્રવાત્સલ્યનો, માતાએ મમતાનો ત્યાગ કર્યો અને પોતાના પુત્રને શ્રી જૈનશાસનના ચરણે સમર્પણ કર્યો. દીક્ષા અર્થે હર્ષોલ્લાસપૂર્વક અંતઃકરણના ભાવભીના આશીર્વાદપૂર્વક અનુમતિ આપી. તેમની વિ. સં. ૨૦૨૪ ના વૈશાખ સુદ–૬ ને શનિવાર તા. ૪–૫–૬૮ ના મંગલ દિવસે પ. પૂ. આ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ. સા. આદિ વિપુલ મુનિમંડળની શુભ નિશ્રામાં દીક્ષા થયેલ. તેઓએ પારમેશ્વરી પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કર્યું. સંસારી શશિકાન્ત પૂ. આ. શ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય મુનિ સિંહસેનવિજય તરીકે જાહેર થયા. તેઓ વ્યક્તિ મટી સમષ્ટિ બન્યા.

ધર્મ એ છે–જે જીવનના દરેક ક્ષેત્રને પવિત્ર બનાવે છે, ધર્મ એ સુગંધી છે, તે જ્યાં હોય ત્યાં મીઠી સૌરભથી વાતાવરણ મહેકી ઊઠે છે.

જીવનમાં ધર્મ પ્રેરનાર ને ઉજ્જવળ કરનાર સાધક પૂ૦ શ્રમણ ભગવંતોને કોટિશઃ વંદના હો !....! !!....!!!

શા. વાડીલાલ કેશવલાલ



શ્રી નગીનદાસ મગનલાલનું સંક્ષિપ્ત

જીવનચરિત્ર

શ્રી નગીનભાઈનો જન્મ સંવત ૧૯૪૮ માં શ્રી વરસોડા મુકામે તેમના મોસાળમાં થયેલો તેમના પિતાશ્રીનું નામ મગનભાઈ અને માતુશ્રીનું નામ નાનીબહેન ઉર્ફે ઉમિયા બહેન બન્ને બહુ જ ઉદાર સ્વભાવના હતા તેમના સદ્ગુણો સહેજે શ્રી નગીનદાસભાઈમાં ઊતરેલા

તેમના પિતાશ્રી મૂળ તો વરસોડાના જ પણ ધંધાર્થે માણેકપુર ગયેલા શ્રી નગીનભાઈ તો વરસોડામાં પોતાના મોસાળમાં જ ઉછરેલા અને ગુજરાતી સાત ચોપડી સુધીનો વિદ્યાભ્યાસ પણ ત્યાં જ કરેલો

શ્રી મગનભાઈના બીજા ચાર દીકરા—શ્રી મણિલાલ, શ્રી પોપટલાલ, શ્રી બબાભાઈ અને શ્રી શકરાભાઈ તથા એક દીકરી જોઈતીબેન જે બધાનો જન્મ માણેકપુરમાં થયેલો અને ત્યાં જ ભણેલા

શ્રી નગીનદાસભાઈ ફક્ત ગુજરાતી સાત જ ચોપડીનો અભ્યાસ કરી મુંબઈ નોકરી માટે ગયેલા, પણ ત્યાં ખાસ અનુકૂળતા નહિ આવવાથી અને તેમના પિતાશ્રીની મરજી પણ આટલી નાની વયમાં એટલે દૂર રાખવાની નહિ હોવાથી તેઓ અમદાવાદમાં શેઠ વીરચંદ દેવચંદની કાપડની પેઢીમાં નોકરી રહેલા ત્યારબાદ ક્રમે ક્રમે તેમણે પોતાના બીજા બીજા ભાઈઓને પણ અમદાવાદ લાવી ધંધે લગાડ્યા

પોતાની ચીવટ અને ધંધાની આવડતથી સંવત ૧૯૭૨ માં શ્રી ચંદુલાલ જેસીંગભાઈની પેઢીમાં ભાગીદારીમાં જોડાયા. તેઓશ્રીનું લગ્ન પણ શ્રી રેવાબેન સાથે તે જ વરસમાં થયું અને ત્યારથી તેમનો પુણ્યનો સિતારો વધતો ચાલ્યો. પોતે પેઢીમાં સારું કમાવા લાગ્યા તેમ તેમ પોતાના પિતાશ્રીની ઉદારતાપૂર્ણ પ્રેરણા અનુસાર ધનનો સદ્વ્યય કરવા લાગ્યા.

શ્રી વરસોડા મુકામે ચૈત્ર–આસો માસની નવપદની ઓળીઓ કરાવી, ઓળી કરનાર ભાઈ–બહેનોને તેમજ સગાં–સંબંધીઓને શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરાવી.

સંવત ૧૯૯૯માં વરસોડા મુકામે પરમપૂજ્ય આચાર્ય શ્રીકીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં ઉપધાન કરાવ્યાં અને ધનનો સદ્વ્યય કર્યો. ઉપધાન કરનાર આરાધકોને ચાંદીની ડબીઓની પ્રભાવના કરી તથા ઉપધાન તપ વખતે થયેલ ઉપજમાંથી એક ચાંદી મઢેલું સિંહાસન ત્રિગડું બનાવી દેરાસરમાં મૂકયું.

રેશનિંગના સમયમાં અનાજની મોંઘવારી વખતે માણેકપુરમાં સસ્તા અનાજની દુકાન ખોલી રાહત આપેલી

વેપાર તો અમદાવાદ જ રહ્યો પણ રહેવા માં સંવત ૧૯૯૩થી સાબરમતી આવેલા, ત્યારથી સાબરમતીમાં પણ નાના મોટા દરેક કામમાં સારો ફાળો આપવા લાગ્યા

તેઓશ્રી કેળવણીક્ષેત્રે પણ સારો ફાળો આપત

I. સાબરમતી વિદ્યામંદિરમાં ઘણાં વર્ષ પ્રમુખ તરીકે રહેલા અને તેની ઉન્નતિ માટે અથાગ પ્રયત્ન કરેલો.

સાબરમતી જૈનસંઘના તથા શ્રીસંઘના વર્ધમાન તપ-આયંબીલ ખાતાના તેઓ આગેવાન ટ્રસ્ટી હતા અને જીવનપર્યંત ટ્રસ્ટી તરીકે કામ કરી શ્રી સંઘની ઉન્નતિમાં સારો રસ લીધેલો.

માતુશ્રી તથા પિતાશ્રી અનુક્રમે સંવત ૧૯૮૮-૮૯ માં દેવલોક પામ્યા. તેમની યાદગીરીમાં સાબરમતીમાં એક સાર્વજનિક દવાખાના માટે મકાન બંધાવી આપ્યું તથા ત્યારબાદ તેમના માતુશ્રીના શ્રેયાર્થે તે દવાખાનામાં એક્સ-રે વગેરે માટે બીજા રૂમ બંધાવી આપ્યા અને તે દવાખાનું સાબરમતી ગ્રામપંચાયતને ચલાવવા આપ્યું જે હાલ અમદાવાદ મ્યુ કોર્પોરેશન શાહ મગનલાલ મોતીચંદના નામે દવાખાનું ચલાવે છે.

તેઓશ્રી ડાયાબિટીસના દર્દથી પીડાતા હતા છતાં સંવત ૨૦૧૨ માં શ્રી સમેતશિખરજી યાત્રા-પ્રવાસની ૫૦૦ યાત્રાળુઓની સ્પેશિયલ ટ્રેનમાં આગેવાની ભર્યો ભાગ લઈ સારી રીતે યાત્રા કરી હતી.

તેઓશ્રીને સંતાનમાં ફક્ત ત્રણ પુત્રીઓ જ હતી અને પુત્ર નહોતો. જેથી તેમના નાના ભાઈ શ્રી પોપટલાલના પુત્ર શ્રી ચીમનલાલ જેમને પોતે પોતાને ત્યાં જ ઉછેરી મોટા કરેલા, તેમને ઈ. સ. ૧૯૪૭માં દત્તક તરીકે લીધેલા જે હાલ તેમનું કામકાજ સંભાળે છે.

પોતાના અગાધ પુરૂષાર્થથી મેળવેલ સમૃદ્ધિ ગ
કરી તથા ધર્મ-ધ્યાન, તીર્થયાત્રા, દાન દયા કરીને
ધન્ય બનાવી સ્વ. નગીનદાસભાઈએ આ અસાર સંસાર
માંથી ઇ. સ. ૧૯૬૩ માં વિદાયગીરી લીધી. તેમની પાછ
પણ શ્રી અઠ્ઠાઈમહોત્સવ આદિ શુભ કાર્યો તેમના શ્રેયાર્થે
કરવામાં આવ્યાં તેમજ શેઠ શ્રી નગીનદાસ મગનલા
હાઈસ્કૂલ હાલ તેમના નામથી ચલાવવામાં આવે છે.

બહુ જ નાની વયથી ધંધે લાગી પડી જ મહેન
કરી અમદાવાદ જેવા શહેરમાં કાપડની આગવી પેઢી શ
કરેલી, જેનો લાભ પાછળના અમો બધાને મળ્યો
તેમનું પૂરેપૂરું ઋણ તો અમે અદા કરીએ તેમ નથી પ
“ફૂલ નહિ તો ફૂલની પાંખડી” તેમ ઉપર મુજ
અમારાથી બનતું કર્યું છે અને યથાશક્તિ કરીશું. પરમાત
તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છી

શા. મણીલાલ મગનલાલ



ભગવંતોનો કે જૈન શાસનનો વિરહ[illegible]
હોય. મહાવિદેહ નામનું ક્ષેત્ર કે જે વિશ્વની બરાબર મધ્યમાં
છે, ત્યાં કદાપિ તીર્થંકરોનો અભાવ હોતો નથી. તે
તીર્થંકરોનું શાસન (જૈનશાસન) સદાય જીવોને રાગ-દ્વેષાદિ
વિકારોમાંથી બચાવી નિર્વિકારી બનાવે છે. વિકાર એ
રોગ છે, નિર્વિકારતા એ આરોગ્ય છે. રોગ એ દુઃખનું
કારણ છે આરોગ્ય સુખનું કારણ છે, આત્માને સર્વથા
રોગી-વિકારી બનાવવાનું કામ મોહનું શાસન કરે છે,
ત્યારે નિરોગી નિર્વિકારી બનાવવાનું કામ જૈનશાસન કરે છે.

જીવ માત્રને જે થોડું કે ઘણું કોઇ પણ વિષયનું
દુઃખ અનુભવાય છે તે મોહના શાસનનો પ્રભાવ છે.
અને જીવમાત્રને થોડું કે ઘણું બાહ્ય કે અભ્યંતર કોઇ પણ
પ્રકારનું સુખ પ્રાપ્ત થાય છે તે જૈનશાસનનો ઉપકાર છે.
કારણ એ છે કે મોહ હંમેશાં બીજાનું સુખ લુંટીને
બીજાને દુઃખી કરીને જીવને સુખ ભોગવવાનું શીખવે છે
તેથી ઉલટ જૈન શાસન હંમેશાં બીજાને સુખી કરીં
બીજાને દુઃખમાંથી શકયતા મુજબ છોડાવીને જીવ
સુખી થવાનું શીખવે છે.

અનાદિ કાળથી વિશ્વના જીવોનો મોટો ભ
આ તત્ત્વથી અજાણ-અજ્ઞ હોવાથી મોહની જાળમાં સપ
ચેલો છે અને મોહના શાસનને અનુસરતો સુખની ઇચ્છા
પ્રાયઃ બીજા જીવોને દુઃખી કરતો આવ્યો છે અને

તે સુખી થવાને બદલે વસ્તુત દુ ખમા સપડાતો રહે છે બહુ થોડા જીવો કે જેઓના ઉપરથી મોહનો પ્રભાવ ઘટી ગયો હોય છે તેઓ જ મોહશાસનના અપકાર અને જૈનશાસનના ઉપકારને સમજી હેય-ઉપાદેયનો વિવેક કરી શકે છે આ વિવેકથી જીવ જૈનશાસન પ્રત્યે કૃતજ્ઞ બની તેની સેવા કરવા ઉત્સાહી બને છે માત્ર કુલથી જૈન કે નામ માત્રથી જૈન હોય તેને આ વિવેક પ્રગટતો નથી ભલે તે જૈન કુળના પ્રભાવે દાનાદિ ધર્મની પ્રવૃત્તિ કરે પણ તેના ઉપર પ્રભાવ મોહના શાસનનો હોય છે, તેથી તેની ધાર્મિક પ્રવૃત્તિ પણ પ્રાય જન્મ-મરણાદિ સ સારને વધારનારી બને છે આત્માનુ આરોગ્ય તેને દુલભ બનતું જાય છે, ધર્મ પ્રવૃત્તિ કરવા છતા રાગ-દ્વેષાદિ અ તર ગ રોગો બેકાબૂ બનતા જાય છે વર્તમાનમા પચમ કાળના પ્રભાવે ભરત ક્ષેત્રમા બહુધા જીવો આ પરિસ્થિતિને વશ પડેલા છે બહુ થોડા જીવો જ ઉપર જણાવ્યો તે વિવેકને પામી સુખના સાચા માગને પામી-પાળી શકે છે એ મહાભાગ પુણ્યવાનોના પુણ્યના પ્રભાવે થોડી પણ શાન્તિ જીવો અનુભવી શકે છે અવસર્પિણી કાળમા-આવા મહા ભાગોની સ ખ્યા ઘટી રહી છે તેવા કાળમાં પણ જે થોડા ઉત્તમ લઘુકર્મી આત્માઓ જૈન શાસનના ઉપકારોને સમજી તેની આરાધના માટે અનિવાય એવો સ યમનો માગ સ્વીકારે છે તેઓને સ યમની-જૈન શાસનની સેવામાં વિશિષ્ટ મદદ કરી શકે તેવો આ ગ્રન્થ છે

આગા ભાગીને કે એવા પુણ્યવાન આત્માઓ આ ગ્રન્થનું તત્ત્વદૃષ્ટિથી અધ્યયન કરી ઉત્તરોત્તર પાંચ મહાવ્રતોનું યથાશક્ય નિરતિચાર પાલન કરે. પંચ મહાવ્રતનું પાલન એટલે અનેકાંશે સ્વાશ્રયી જીવન સમજી શકાય તેની ખાત્રી થાય છે કે-આપણા સુખની ઇચ્છાઓ આપણે બીજાને ભારભૂત બનીએ તે અન્યાય છે માટે જ સ્વાશ્રયી જીવન એ ન્યાય છે. ન્યાય એ ધર્મ છે અથવા ધર્મના પ્રાણ છે. ધર્મ ન્યાયથી (ન્યાયસંપન્ન વૈભવથી) શરૂ થાય છે અને સંપૂર્ણ ન્યાય એટલે સિદ્ધાવસ્થામાં પૂર્ણ થાય છે. ત્યાં કોઈ જડતત્ત્વનો આશ્રય લેવાનો રહેતો નથી. તાત્પર્ય એ થયું કે ધીમે ધીમે પણ મક્કમતાથી જરૂરીઆતો ઘટાડતાં જરૂરીઆતોમાંથી સંપૂર્ણ મુક્ત થવું તે જ મુક્તિ છે, તે જ સંપૂર્ણ સ્વાશ્રય છે, તે જ સંપૂર્ણ ન્યાય છે. શરીર, સંપત્તિ, સંબંધીઓ કે એવા કોઇપણ બાહ્ય સંયોગોનો આનંદ અનુભવવો અન્યાય છે તેમ કીર્તિના કોટડાં ઉભાં કરી તેનો આનંદ અનુભવવો તે પણ અન્યાય છે. આ કારણે જ જ્ઞાનીઓ યોગીઓ, મહાત્માઓ કીર્તિથી સદા દૂર રહે છે. કર્મ આવરણના પડદા ચીરીને તેની નીચે ઢંકાએલા આત્માની નિર્મળતાનો આનંદ અનુભવવો એ જ સાચું સુખ આત્માનંદ છે.

આ ગ્રન્થની પંક્તિ પંક્તિ આત્માને પરાશ્રયમાં [illegible]ક્ત થવાનું-સ્વાશ્રયી બનવાનું શીખવે છે. જરૂરીયા

દ્વિતીય આવૃત્તિ અંગે કિંચિત્

મહાજ્ઞાની પૂ. શ્રી શય્યંભવસૂરિજીએ રચેલ આ દશવૈકાલિક સૂત્ર મૂળ, અર્થ અને વિવેચન સહિત આજથી તેર વર્ષ પહેલાં પૂ. પન્યાસજી ભદ્રંકરવિજયજી ગણિવરે (પૂ. આ. સિદ્ધિસૂરિજીના સમુદાયના) તૈયાર કરેલ અને બાઈ સમરથ જૈન શ્વે૦ મૂર્તિપૂજક જ્ઞાનોદ્ધા ટ્રસ્ટ. ઠે. મનસુખભાઈની પોળ અમદાવાદ તરફથ પ્રગટ થયેલ.

અત્યંત ઉપકારી અને અતિશય ઉપયોગી આ ગ્રંથની ૧૦૦૦ નકલો પણ થોડા જ સમયમાં ખલા થઈ ગયેલી. દિન પ્રતિદિન માગણી વધવાથી તથા સાધુ-સાધ્વીઓને માટે આ ગ્રંથ ઘણો જ ઉપકારી હોવા તેને ફરી છપાવવાની જરૂરીઆત ઉભી થઈ. એ અરસા શ્રી શશીકાન્ત પોપટલાલ ટ્રસ્ટના સંચાલકોએ પન્યાસજી મહારાજ પાસે વિનંતી કરી કે અમારા ટ્ર તરફથી છાપવા યોગ્ય કોઈ ઉપયોગી ગ્રંથ જણાવો.

પૂ. પન્યાસજી મહારાજે આ ગ્રન્થનું સૂચન કર્યું આ ગ્રંથનું પ્રુફરીડીંગ કાર્ય મને સોંપવામાં આવ્યું.

આ શ્રી દશવૈકાલિક સૂત્રનો મહિમા એટલો અ છે કે તેના માટે મારા જેવા માણસે શું લખવું? આ પૂ. પૂન્યાસજી મહારાજે પોતે લખેલી પ્રસ્તાવનામાં તે દ્ભવ, તેનું માહાત્મ્ય અને તેની ઉપયોગિતા વિસ્તા વેલ છે. તે વાંચી જવા ભલામણ કરું છું.

ધર્મ એટલે શું ? તેનો પ્રાણ આચાર એટલે શું ? અહિંસા, સંયમ અને તપ આ ત્રણે અંગનું વાસ્તવિક નિદર્શન કરાવનાર આ ગ્રંથ પ્રત્યેક સાધુ-સાધ્વી માટે અતિ આવશ્યક છે. શરૂઆતના ચાર અધ્યયનો તો શ્રાવક માટે ભણી શકાય તેવા અને અતિ આવશ્યક છે. આ આવૃત્તિની બીજી એક અદ્‌ભુત વિશિષ્ટતા એ છે કે પૂ. પન્યાસજી મહારાજે 'જગદુપકારી શ્રી જૈન શાસનની મહત્તા' નામનો મનનીય લેખ આ પ્રકાશન પ્રસંગે લખી આપ્યો છે. આ લેખ દરેક મોક્ષાભિલાષી આત્માઓએ ખાસ વાંચી જવા જેવો છે.

વર્તમાનના વિષમ વાતાવરણમાં વિશ્વમાં વિલાસની અસર ચારે બાજુએ વ્યાપી ગઈ છે. ડગલે ને પગલે જ્યાં જુઓ ત્યાં વિલાસના સાધનો ખડકાયાં છે અને અવનવા સાધનો ખડકાયે જાય છે. આ સંજોગોમાં ધર્મના શુદ્ધ આચારોનું પાલન અતિશય કપરું કાર્ય છે.

જૈન શાસન ત્યાગપ્રધાન છે. વિલાસ અને ત્યાગ એ બેની દિશા સામસામી અર્થાત્ પરસ્પર વિરોધી છે, એટલે ધર્મનું આરાધન કરનારે વિલાસનો અવશ્ય ત્યાગ કરવો પડે છે. વિલાસ વિનાશક છે, ત્યાગ ઉપકારક છે, તેથી જ જ્ઞાની ભગવંતોએ ત્યાગપ્રધાન ધર્મનો ઉપદેશ આપ્યો છે. સર્વ વિલાસના ત્યાગમય શુદ્ધ સાધુધર્મ છે. તે શુદ્ધ ધર્મનું પાલન કેવી રીતે થાય ? તેના પાલનમાં કયાં વિઘ્નો નડે ? તે વિઘ્નોને કેવી રીતે દૂર કરવાં ? વગેરે ધર્મના અદ્‌ભુત રહસ્યોને પ્રદર્શિત કરનાર આ ગ્રંથ

ધર્મના પ્રાણ સમાન છે. કહ્યું છે કે:

आयारो परमो धम्मो, आयारो परमो तवो।
आयारो परमं नाणं, आयारेण न होइ किं? ॥१

"આચાર પરમ ધર્મ છે, આચાર પરમ તપ
આચાર પરમ જ્ઞાન છે. આચારથી શું થતું નથી?"

જૈન શાસનમાં આચારની જ મહત્તા છે. આચાર
તપ આદિ સર્વનો સમાવેશ થાય છે. આથી જ આચાર
યથાર્થ સ્વરૂપને નિરૂપણ કરનાર આ ગ્રંથ ઉપકારક

આજે આ ગ્રંથનું પુનઃ પ્રકાશન પૂ. પન્યાસ
મહારાજની પ્રેરણા અને શ્રી. શશીકાન્ત પોપટલાલ
આર્થિક સહાયથી થઈ રહ્યું છે તે સુયોગ્ય જ છે. ભવ્યા-
ત્માઓ આ ગ્રંથનું પરિશીલન કરી આત્મકલ્યાણને સાધો
એ જ મહેચ્છા.

આ ગ્રન્થને અંતે આપવામાં આવેલ શુદ્ધિપત્રક
મુજબ સુધારી વાંચવા ભલામણ કરું છું.

અત્યંત સાવધાનીપૂર્વક પ્રુફો વાંચવા છતાં દષ્ટિ-
દોષથી અથવા પ્રેસદોષથી જે કોઈ ભૂલો રહી ગઈ હોય
તે બદલ મિચ્છામિ દુક્કડં.

ચૈત્રી પૂર્ણિમા,
વિ. સં. ૨૦૨૮

પં. બાબુભાઈ સવચંદ શાહ
મનસુખભાઈની પોળ–અમદાવાદ.

卐 卐 卐

। अर्हं ।

। नमोत्थु ण समणस्स भगवओ महावीरस्स ।

। नम श्रीविजयसिद्धि-मेघ-मनोहरसूरीशगुरुभ्यः ।

श्रुतकेवलि-श्रीशय्यंभवसूरीश्वरेभ्यो नमः

श्रीदशवैकालिक-सूत्रं सार्थम्

[प्रथमाणे पू. साधु-साध्वीओ माटे आ सूत्र समाधिनो हेतु छे एमां शब्दे शब्दे आत्मसुखना झरणां झरे छे एमां आत्माना कल्याणनुं शुद्ध अने सर्वश्रेष्ठ मार्गदर्शन छे]

पहेलुं द्रुमपुष्पिका अध्ययन

(१) धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥-१॥

अहिंसा संजमो तवो=अहिंसा संयम अने तप, (ए त्रणना सहयोगरूप) धम्मो=धर्म उक्किट्ठं=उत्कृष्ट मंगलं=मंगलरूप छे धम्मे=आ धर्ममां सया=हमेशां जस्स=जेनुं मणो=मन छे, तं=तेने देवा वि=देवो पण नमंसंति=नमस्कार करे छे (१)

સ્તુતિરૂપ આ આદિ મંગળ જાણવું. ૧. ।

આવા ધર્મની સિદ્ધિ માટે આહારાદિપિંડ નિર્દોષ (અહિંસક) જોઇએ, માટે તેને મેળવવાનો વિધિ કહે છે કે-

(૨) जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।
ण य पुप्फं किलामेइ, सो अ पीणेइ अप्पयं ॥१–२॥

(३) एमेए समणा मुत्ता, जे लोए संति साहुणो ।
विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणे रया ॥१–३॥

जहा=જેમ दुमस्स=વૃક્ષનાં पुप्फेसु=પુષ્પોમાં भमरो=ભમરો (થોડા થોડા) रसं=રસને (મકરંદને) आवियइ=ચૂસે (પીવે) છે, य=અને पुप्फं=પુષ્પને ण किलामेइ=પીડા (કીલામણા) કરતો નથી, अ=તથા सो=તે ભમરો अप्पयं=પોતાને पीणेइ=તૃપ્ત કરે છે. (૨) एमेए તે રીતે मुत्ता=(બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી) મુક્ત થએલા जे समणा=જે શ્રમણો (તપસ્વી) એવા साहुणो=સાધુઓ लोए=આ લોકમાં संति=છે, તેઓ पुप्फेसु=પુષ્પોમાં विहंगमा व=ભ્રમરો રસ ચૂસે છે, તેમ दाण=ગૃહસ્થ આપે તે

(५) महुगारसमा वुद्धा, जे भवंति अणिस्सिआ ।
नाणापिंडरया दंता, तेण वुच्चंति साहुणो 'त्ति बेमि'
॥१-५॥

ભિક્ષા લેવામાં મુનિઓ મહુગારસમા=ભ્રમર તુલ્ય (હોવા છતાં) वुद्धा=જ્ઞાની,अणिस्सिआ=પ્રતિબંધ(રાગ)વિનાના,नाणापिंडरया=વિવિધ પ્રકારનો પિંડ લેવાની વૃત્તિવાળા, અને दंता=ઇંદ્રિયોને

...ના મન કરનારા મવતિ=હોય છે, તેણ=તે કારણે તે સાહુણો=
...સાધુઓ વુચ્ચતિ=કહેવાય છે ત્તિ=એ પ્રમાણે (પ્રભુ મહાવીરે
...કહેવુ હે મનક ! હુ તને) વેમિ=કહુ છુ (૫)

[ભિક્ષા લેવામા ભ્રમરતુલ્ય છતા સાધુઓ દાની=ભમરાની જેમ
...ભિક્ષા લેવાના લાભ વગેરેના જાણુ હોય છે ઉપરાત કોઇ અમુક જ
...ની, ભક્તના ઘરની, શ્રીમત કે ગજ આદિના ઘરની ભિક્ષા લેવાની
...વાળા હોતા નથી કિંતુ અજાણ્યા ઘરોમાથી લેનારા હોય છે
... એવી પણ એક જ જાતિની અમુક જ વસ્તુ લેનારા નહિ પણ
...મેનદાદિ કરીને જે મળે તે લુખ્ખ-પ્રાન્ત વસ્તુમા સતોષ માનનારા
છે અને આહાર પણ મન-ઇન્દ્રિયોના આરામ માટે નહિ
સયમના પોષણ માટે લે છે તેથી તેઓને સાધુ કહેવા છે
રૂપ એ ગુણો પ્રગટાવવા જોઈએ (૨)]

અહી પહેલુ અધ્યયન સમાપ્ત થયુ આ અધ્યયનનુ
દ્રુમપુષ્પિકા ' છે, તેનુ કારણ એ છે કે તેમા દ્રુમપુષ્પ=
ફૂલ, તેમાથી ભ્રમરો રસ ચૂસે તે દૃષ્ટાન્તથી સાધુને
લેવાનો વિધિ કહેલો છે વસ્તુત આ અધ્યયનમા
...ની પ્રશસા કરી છે

પ્રથમમ્ અધ્યયન સમાપ્તમ્

卐

卐

આગમનમાં કહેલા [illegible] તેનું નામ [illegible]

(૬) कहं न कुज्जा सामन्नं ?, जो कामे न निवारए।
पए पए विसीअंतो, संकप्पस्स वसंगओ ॥२-१॥

जो=જે સાધુ संकप्पस्स=સંકલ્પના वसंगओ=વશ થએલ (હોવાથી) पए पए=પગલે પગલે (વારંવાર-પ્રત્યેક પ્રસંગોમાં) विसीअंतो=વિષાદને (કલેશ-ખેદને) પામે, તે જો कामे=ઇચ્છાઓને न निवारए=રોકે નહિ, તો सामन्नं=સાધુપણાને कहं=કેવી રીતે कुज्जा=કરે ? (શી રીતે પાળે ?) (૨-૧)

[જીવને અનાદિ ઇચ્છાઓનો અંત આવતો નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં ઇચ્છાઓને આકાશની ઉપમા આપી છે. જેમ આકાશનો છેડો નથી તેમ ઇચ્છાઓનો અંત આવતો જ નથી. આ જડ ઇચ્છાઓને આત્મગુણો પ્રગટ કરવામાં વાળવી એ સાધુપણું છે. સાધુ છતાં જો વિવિધ સંકલ્પો-ઇચ્છાઓ થાય તો સ્થાને સ્થાને ચિત્ત વિષાદ-ખેદ-સંતાપ કરીને ચિત્ત ઉદ્વિગ્ન બની જાય. જો તે મનને જડ ભાવોમાથી રોકી સંયમમાં ન વાળે, તો સાધુ ધર્મની પ્રાપ્તિ-રક્ષા કે વૃદ્ધિ શી રીતે કરી શકે ? એમ અહીં તર્કરૂપે શિષ્યને પ્રશ્ન કરવામા આવ્યો છે. ૧]

હવે સાધુનું કર્તવ્ય જણાવવા માટે સાધુતાની વ્યાખ્યા કરે છે

(૭) वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि अ (य)।
अच्छंदा जे न भुंजंति, न से चाइ त्ति वुच्चइ ॥२-२॥

(८) जे अ कंते पिए भोए, लद्धे वि पिट्ठि कुव्वई।
साहीणे चयई भोए, से हु चाइ त्ति वुच्चइ ॥२-३॥

वत्थ=વસ્ત્રો, गंध=(સુગંધિ ચૂર્ણાદિ) ગન્ધદ્રવ્યો, अलंकार=આભરણો-અલંકારો, इत्थीओ=સ્ત્રીઓ (સ્ત્રીની અપેક્ષાએ પુરુષો) य=અને सयणाणि=શયનો (પલંગાદિ), તથા ઉપલક્ષણથી ખુરસી બેન્ચ પાટ પાટલાદિ આસનો, એ સઘળું च=જેઓ अच्छंदा=પરાધીનપણે (એટલે નહિ મળવાથી, કે મળવા છતાં રોગાદિની પરાધીનતાથી) न भुंजंति=ભોગવી શકતા નથી से=તેઓ चाइ त्ति=ત્યાગી તરીકે न वुच्चइ= કહેવાતા નથી (૨) કિન્તુ जे=જે कंते=મનોહર य=અને पिए=પ્રિય એવા लद्धे वि भोए=મળેલા-સ્વાધીન પણ ભોગોને विपिट्ठि कुव्वइ=પીઠ કરે છે (સામે જોતો નથી-તજી દે છે) અર્થાત્ साहीण=સ્વાધીનપણે (ભોગવી શકે તેમ છતા) भोए=ભોગોને चयई=તજે છે से=તે हु=નિશ્ચે ત્યાગી કહેવાય છે (૩)

[ત્યાગ અને વૈરાગ્ય બે ભિન્ન છે વૈરાગ્ય સાધ્ય છે અને ત્યાગ સાધન છે જેના રાગની મંદતા થતી એને વૈરાગ્ય કહેવાય છે તેની સિદ્ધિ માટે રાગના કારણભૂત જે પદાર્થોનો ત્યાગ કરવો જરૂરી છે કરવા છતા રાગ ન તૂટે તો (વૈરાગ્યરૂપ) સાધુપણાની સિદ્ધિ નથી એ કારણે આ બે ગાથાઓમાં રાગ-ઇચ્છાને તજવા રૂપે એમ કહ્યું છે કે જે પરાધીનપણે ભોગનો ત્યાગ કરે છે તેના રાગને તજી શકતા નથી તે સાધુ કહેવાતા નથી પૂર્વક જે સ્વાધીન સુંદર અને પ્રિય પણ પદાર્થોને તજે છે તે રાગને સાધુ કહેવાય છે જો કે અહીં નિશ્ચયની અપેક્ષા રાખીને ના ત્યાગને સાધુપણું કહ્યું છે તો પણ ઇચ્છાઓના માટે જે પ્રાપ્ત નહિ થએલી વસ્તુઓનો પણ ત્યાગ કરે નથી સાધુ કહેવાય છે પરાધીનપણે કે નહિ

(९) समाइ पेहाइ परिव्वयंतो, सिया मणो निस्सरई बहिद्धा।
न सा महं नो वि अहंपि तीसे, इच्चेव ताओ विणइज्ज रागं ॥२-४॥

(१०) आयावयाही चय सोगमल्लं, कामे कमाही कमिअं खु दुक्खं।
छिंदाहि दोसं विणइज्ज रागं, एवं सुही होहिसि संपराए ॥२-५॥

समाइ=શુભાશુભમાં સમાન, વિરાગવાળી, અથવા સ્વ-પરમાં સમાન, એવી પેહાઇ=દૃષ્ટિથી परिव्वयंतो=વર્તન કરતા -સંયમનું રક્ષણ કરતા સાધુને सिया=કદાચિત્ (કર્મોદયનું

બળ અચિંત્ય હોવાથી તેવા કોઈ નિમિત્તને પામીને) મણો=
મન બહિદ્ધા=(સંયમરૂપ ઘરની)બહાર નિસ્સરઈ=નીકળે,(અર્થાત્
અસંયમની ઇચ્છા થાય, તો તેણે એમ ચિંતવવું કે) સા
તે (ભોગસામગ્રી તેની ઇચ્છા અથવા અમુક સ્ત્રી) મહ=
મારી ન=નથી અને અહં પિ=હું પણ તીસે=તેનો નો=નથી,
અર્થાત્ મારે તેને કંઈ સંબંધ નથી), ઇચ્ચેવ=એ રીતે
ચેતન કરતો) તાઓ=તેના (તે સ્ત્રીના કે ભોગસામગ્રીના)
=રાગને વિણઇજ્જ=તજી દે (૪) બાહ્ય પ્રયત્નો કરવા માટે
કહે છે કે-હે સાધુ! તું સંયમરૂપ ઘરમાંથી ચિત્તને
બહાર જતું રોકવા માટે આયાવયાહી=આતાપના લે, (ઉપ
લક્ષણથી ઉણોદરિતા વગેરે તપ પણ કર, અને) સોગમલ્લં=
સૌકુમાર્ય (સુકુમારતાને) ચય=તજી દે, (કારણ કે તેનાથી
કામની-ભોગની ઇચ્છા જન્મે છે એ બાહ્ય અભ્યંતર પ્રયત્નો
દ્વારા કામે=ભોગની ઇચ્છાઓને કમાહી=ઓળંગી જા (કારણ
કે એ ઇચ્છાઓનું) કમિઅં=આક્રમણ (કરતાં) ખુ=નિશ્ચ દુક્ખં=
દુઃખનું આક્રમણ થશે (અવશ્ય દુઃખો ઉલ્લંઘી જવાશે,
માટે સમ્યગ્ વિચાર કરીને બન્ને પ્રકારના પ્રયત્નોથી)
મ=દ્વેષને છિંદાહિ=છેદી નાખ અને રાગ-રાગને વિણઇજ્જ=દૂર
કે દે એવં=એમ કરવાથી તું સંપરાએ=આ સંસારમાં
ક્ષિ ન થય ત્યાં સુધી) સુહી=સુખી હોહિસિ=થઈશ (૫)
[અનાદિ ભોગની વાસનાનું બીજ એવું સંયમ હોય છે કે ત
નાંખી જવા જેવું દેખાવા છતાં સામાન્ય નિમિત્ત મળતાં
ઇચ્છારૂપ અંકુર ફૂટી નીકળે છે પછી તેને રોકવા અનિદ્રાકર
માટે મુખ્ય માર્ગ તો અહીં કહ્યું તેમ પૂર્ણ વિરાગી બની સમ-

(११) पक्खंदे जलिअं जोइं, धूमकेउं दुरासयं।
नेच्छंति वंतयं भोत्तुं, कुले जाया अगंधणे ॥२-६॥

अगंधणे कुले=અગંધન કુળમાં जाया=ઉપજેલા સર્પો (તિર્યંચ છતાં એવા અભિમાની હોય છે કે કોઇને દંશ દેવાદ્વારા) वंतयं=વમેલા વિષને પુનઃ मोत्तुं=ચૂસવા માટે नेच्छंति=ઇચ્છા પણ કરતા નથી, પણ (કોઈ ગારુડી મંત્ર-દ્વારા તે વિષને ચૂસાવવા પ્રયત્ન કરે તો) दुरासयं=અતિ સખ્ત-દુખે બચી શકાય તેવા, धूमकेउं=ધૂમાડાવાળા (સળગતા) અને जलिअं=જ્વાલાઓ સળગતી હોય તેવા जोइं= અગ્નિને पक्खंदे=ભેટવા (બળીને મરી જવાનુ) ઇચ્છે છે. કિન્તુ વમેલુ વિષ પાછુ ચૂસવા ઇચ્છતા નથી. તો હું મનુષ્ય

અને સાધુ છતા જે ભોગોને વમીને (તજીને) દીક્ષિત થયો તે ભોગોની પુન ઇચ્છા કેમ કરુ ? એમ ચિંતન કરે (૬)

[અહી બીજુ ઉદાહરણ કહ્યુ છે કે જ્યારે રાજીમતીને તજીને શ્રી નેમકુમારે દીક્ષા લીધી ત્યારે પાછળથી રથનેમિજી રાજીમતી પ્રત્યે રાગી થયા તેમને સમજાવવા એકદા રાજીમતીએ ખીરઘતનુ ભોજન જમી મીંઢળના પ્રયોગથી તેનુ વમન કરી રથનેમિને કહ્યુ આનુ ભોજન કરો ! રહનેમી બોલ્યા વમેલુ કેમ ખવાય ? ત્યારે રાજીમતીએ કહ્યુ શ્રીનેમકુમારે વમેલી રાજીમતીને પણ કેમ ભોગવાય ?]

એ પ્રસંગને અહી કહે છે કે—

(૧૨) धिरत्थु ते जसोकामी !, जो त जीवियकारणा ।
वत इच्छसि आवेउ, सेय त मरण भवे ॥२—७॥

રાજીમતીએ રહનેમિને તિરસ્કારતા કહ્યુ—હે જસોકામી=યશની ઇચ્છાવાળા ! (અથવા 'अ' નો પ્રક્ષેપ કરતા अजसोकामी=અપયશની ઇચ્છાવાળા હે ક્ષત્રિય !) તે धिरत्थु=તને ધિક્કાર થાઓ ! કારણ કે जो त=જે તું (ક્ષત્રિય છતા) जीवियकारणा=(અસયમરૂપ) જીવનના કારણે वत=વમેલુ आवेउ=પીવાને इच्छसि=ઇચ્છે છે (આ રીતે કુળને કલકિત કરવાને બદલે) त=ત્હારે मरण=મરી જવું सेय=શ્રેયસ્કર भवे=થાય અર્થાત્ કુળ કે ધર્મને કલકિત કરીને જીવવું તે મરણથી પણ વધારે દુષ્ટ છે (૭)

[રાજીમતીએ જેમ રહનેમીને સમજાવ્યા તેમ આ સાધ્વીએ ચિત્ત ઉન્માર્ગે ન ચઢી જાય તે માટે પોતાના આત્માને એ રીતે વારવાર સમજાવવા જોઇએ ૭]

એ રીતે રથનેમીને સમજાવીને રાજીમતીએ દીક્ષા લીધી અને રથનેમી પણ દીક્ષિત થયા પુનઃ એકદા વર્ષાના પાણીથા

મને ધર=આચર ! અર્થાત્ દુષ્ટ ઈચ્છાને તજી દે. (૮)

એમ કહીને પુનઃ રાજીમતીએ સમજાવ્યું કે—

(१४) जइ तं काहिसि भावं, जा जा दिच्छसि नारीओ ।
वायाविद्धुव्व हडो, अट्ठिअप्पा भविस्ससि ॥२-९॥

जइ तं=જો તું जा जा नारीओ=જે જે સ્ત્રીઓને दिच्छसि=દેખીશ, તે પ્રત્યેકમાં भावं काहिसि=રાગને કરીશ (તેને ભોગવવાની ઈચ્છા કરીશ,) તો वायाविद्धु=પવનથી ઉચ્મચેલી-મૂળ વગરની हडोव्व=હડનામની વનસ્પતિની જેમ अट्ठिअप्पा=અસ્થિરાત્મા(સંયમથી ચલિત)भविस्ससि=થઈશ.(૯)

[આઠમી ગાથામા કુળના મહત્ત્વને જણાવીને ઉપદેશ કરતી રાજીમતીએ નવમી ગાથામા 'જો કામવાસનાને નહિ રોકે તો સંયમથી ભ્રષ્ટ થઇશ' એમ ભય જણાવ્યો છે. સંયમગુણ ઉત્તમકુળ-ઉચ્ચગોત્રના

ઉદયવાળાને સ્પર્શ છે અને કોઈ વાર તેનુ ચિત્ત ચલિત થાય તો કુળના મહત્ત્વથી બચાવી શકાય છે આ કારણે દીક્ષાર્થી ઉત્તમકુળમા જ મેળો જોઈએ એમ શાસ્ત્રોમા કહેલુ છે ઉચો હોય તેને જ પવાનો ભય હોય છે હીનકુલવાળાને તેવો ભય લાગતો નથી ચારિત્રમોહનીય-કર્મના ઉદયે જીવને ઈહલોક ભય વગેરે અપ્રશસ્ત ભયો હોય છે, પણ ઉત્તમ આત્માને સયમના બળે એ ભય નાશ પામી જતા પાપનો ભય જાગે છે એથી ઘણા પણ ઉપદેશથી ત પાપથી અટકી જાય છે બીજા અપ્રશસ્ત ભયો પાપને કરાવે છે અને પાપનો ભય મિથ્યાત્વયોનો નાશ કરાવે છે ૯]

રાજીમતીના ઉપદેશનુ જે પરિણામ આવ્યુ તે કહે છે-

(૧૫) तीसे सो वयण सोचा, सजयाइ सुभासिय ।
अङ्कुसेण जहा नागो, धम्म सपडिवाइओ ॥२-१०॥

સજયાઇ=સયમવતી તીસે=તે રાજીમતીના સુભાસિય=સવેગ(વૈરાગ્ય)જનક વયણ=વચનને સોચા=સાભળીને જહા=જેમ અઙ્કુસેણ=અકુશથી નાગો=હાથી સન્માર્ગે આવે શાન્ત બને તેમ =સાતે રહનેમી ધમ્મે=ધર્મમા સપડિવાઇઓ=સ્થિર થયા (૧૦)

[અહી રથનેમીને હાથીના અને રાજીમતિના ઉપદેશને અકુશના ઉપમા આપી છે તેમા રહસ્ય એ છે કે હાથી પોતાના હિતસ્વી મ પળવાળા પણ માવતના એક માત્ર અકુશને વશ થાય છે ત ઉ જાતિમા તની ઉત્તમતાને આભારી છે તેમ ઉત્તમ મનુષ્ય તસ્વીનુ એક સામાન્ય વચન પણ અવગણતો નથી આવા ઉત્તમ આત્મા ગુરુની આજ્ઞાને સ્હેલાઈથી પાળી શકે અને ગુરુને પણ પ્રસન્નતાનુ કારણ બને. શુદ્ધાત્મા ગુરુને આત્મધ્યાનનુ નિમિત્ત બને માટે આ મર્યાદા એ પોતાની ઉત્તમતા છાજતી નહિ એ જ કહે છે (૧૦)]

(११) एवं करेंति संबुद्धा, पंडिया पवियक्खणा।
विणियट्टंति भोगेसु, जहा से पुरिसुत्तमो 'त्तिबेमि'
॥२-११॥

સંબુદ્ધા=સમ્યગ્દષ્ટિ (સમકિત)વાળા, પંડિયા=સમ્યગ્ જ્ઞાનવાળા (આત્મ નિશ્ચયના જ્ઞાને સમજનાર-પાપભીરૂ) અને પવિયક્ખણા=સમ્યક્ચારિત્રના પાલનમાં ચતુર-વિચક્ષણ શ્રમણો એવં કરંતિ=એ પ્રમાણે કરે છે. શું? તે કહે છે જહા=જેમ સે=તે પુરિસુત્તમો=પુરુષોમાં ઉત્તમ રથનેમી ભોગથી અટક્યા તેમ ભોગેસુ=ભોગોને વિષે વિણિયટ્ટંતિ=સર્વથા નિવૃત્ત થાય છે. ભોગોને તજી દે છે. ત્તિ=એમ શ્રીમહાવીરદેવે કહેલું હું બેમિ=કહું છું. (૧૧)

[અહીં બીજું અધ્યયન પૂર્ણ થયું. એમાં રથનેમિ અને રાજીમતિના દૃષ્ટાન્તથી ભોગોની ઇચ્છાને તજવારૂપ સાધુતા કર્તવ્ય જણાવવા સાથે તુચ્છભોગોની અભિલાષા તુચ્છ પુરુષને થાય છે, એમ જણાવીને ઉત્તમપુરુષને અનુસરવાનો ઉપદેશ આપ્યો છે. જે નવા નવા આત્મગુણો પ્રગટાવવાની ઇચ્છા પૂર્વક પ્રયત્ન કરે તે ઉત્તમ, જેને ગુણો વધારવાની ઇચ્છા ન થાય તે પ્રમાદી મધ્યમ, જેને દોષો સેવવાની ઇચ્છા થાય તે અધમ અને જે પ્રતિજ્ઞાને તોડીને પણ દોષોને સેવે તે અધમાધમ જાણવો. ઉત્તમતા તથા અધમતા પોતાની ઈચ્છાઓ અને પ્રવૃત્તિ દ્વારા સમજી શકાય છે. મન વચન અને કાયા ઉપર સંયમ-અંકુશ રાખવાથી ઈચ્છાનિરોધ થાય છે, એથી ચિત્ત શાન્ત બને છે અને પરિણામે વૈરાગ્યભાવ દૃઢ થતાં આકરાં કષ્ટો વેઠવા છતાં શુદ્ધ આનંદનો સાક્ષાત્કાર થાય છે-૧૧]

દ્વિતીયમ્ અધ્યયનં સમાપ્તમ્

卐 卐 卐

ત્રીજુ ક્ષુલ્લકાચાર અધ્યયન

બીજા અધ્યયનમા અધૈર્યનો (હીનતાનો) ત્યાગ કરી ધીરતા (સત્ત્વ) પ્રગટાવવા કહ્યુ તે ધીરતારૂપ સત્ત્વ સદાચારના પાલન માટે આવશ્યક છે-અસદાચાર સેવવા માટે નહિ એ સદાચારો એક પ્રધાન (મોટા) અને બીજા ક્ષુલ્લક (હાના) એમ બે પ્રકારના છે અહી ક્ષુલ્લક આચારોનુ વર્ણન હોવાથી આ અધ્યયનનુ ક્ષુલ્લકાચાર નામ છે તેની પહેલી ગાથામા સાધુની ઉત્તમતાને વર્ણવી અસદ્આચારોને તજવાનુ કહે છે—

(૧૭) सजमे सुट्ठिअप्पाण, विप्पमुक्काण ताइण ।
तेसिमेअमणाइन्न, निग्गथाण महेसिण ॥३-१॥

પૂર્વે જેનુ વર્ણન કર્યુ તે सजमे=સયમમા सुट्ठिअप्पाण=જેઓના આત્મા સુસ્થિર છે જે विप्पमुक्काण=બાહ્ય-અભ્યતર પરિગ્રહથી મુક્ત છે, જે ताइण=સ્વ-પર ઉભયના તારક છે निग्गथाण=જે ગ્રથીથી (બાહ્ય-અભ્યતર પરિગ્રહથી) રહિત છે, અને તેથી જેઓ महेसिण=મહર્ષિઓ (મહાત્માઓ) છે, तेसिं=તેઓને इअं=આ કહીશુ તે अणाइन्न=અનાચીર્ણ એટલે નહિ આચરવા યોગ્ય છે (૧)

[અહી 'સુસ્થિર' એટલે જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક સયમને-જિનાજ્ઞાને પાળનારા, વિપ્રમુક્ત=પહેલા અને ત્રીજી ગાથાના અર્થમા કહેલા પરિગ્રહ એટલે બાહ્ય ધનધાન્યાદિના તથા અભ્યતર કષાયાદિના પ્રતિબન્ધ નહિ કરનારા, ત્રાતા એટલે સ્વ-પર તારક (તીર્થકરો પરને અને પ્રત્યેકબુદ્ધો સ્વને તારે છે માટે) સ્થવિરો, અને નિર્ગ્રન્થ=સયમમા જરૂરી પણ ઉપકરણાદિ અધિક પ્રમાણમા નહિ રાખનારા, એમ સમજવુ તેઓને સદાચારોનુ પાલન અનાચીર્ણ ન ત્યાગથી થાય માટે તે તજવાનુ કહ્યુ -૧]

ઉદ્દેસિયં કીયગડં... અનાચીર્ણ [illegible] છે

(૧૮) उद्देसियं कीयगडं, नियागमभिहडाणि य।
राइभत्ते सिणाणे य, गंधमल्ले य वीयणे ॥३-२॥

૧-उद्देसियं=ઔદ્દેશિક (સાધુને ઉદ્દેશીને કર્યું હોય), ૨-कीयगडं=ક્રીતકૃત (સાધુને ઉદ્દેશીને ખરીદીને લીધું હોય), ૩-नियागम=(મારે ઘેર નિત્ય આવજો' એ પ્રમાણે આમંત્રણ કરનાર અમુકના ઘરનો પિંડ પ્રતિદિન લેવો તે) 'નિત્યપિંડ' ૪-अभिहडाणि=(સ્વગામ કે પરગામથી પણ દાન દેવા માટે સાથે લાવેલો) 'અભ્યાહૃતપિંડ' ૫-राइभत्ते=(દિવસે ગ્રહણ કરેલું બીજા દિવસે વાપરવું' વગેરે ચાર દોષો પૈકી એક પણ દોષ લાગે તેવું) 'રાત્રિભોજન'. ૬-सिणाणे=(દેશથી કે સર્વથી) સ્નાન કરવું, (તેમાં હાથ-પગ કે આંખની પાંપણ માત્ર પણ ધોવી તે દેશસ્નાન કહેવાય, સર્વસ્નાન પ્રસિદ્ધ છે) ૭-गंध=(ચંદનાદિનાં) સુગંધિ ચૂર્ણો-તેલ-અત્તરો ઇત્યાદિ સુંઘવું. ૮-मल्ले=(સુકોમળ સ્પર્શની ઇચ્છાએ ગુંથેલાં કે નહિ ગુંથેલાં) પુષ્પોનો ઉપભોગ કરવો, ૯-वीयणे=વીંજણો (કે બીજા કોઈપણ સાધનથી પવનનો ઉપભોગ કરવો.) (૨)

[ઔદ્દેશિકમાં જીવહિંસા, ક્રીતક્રીતમા ગૃહસ્થે પાપથી મેળવેલા ધનનો પોતાને માટે વ્યય થવાથી પાપની અનુમોદના, નિયાગમા ગૃહસ્થનો અને અમુકવસ્તુનો રાગ-પ્રતિબંધ, અભ્યાહતમાં આવવા વગેરેથી ઇર્યાસમિતિનો ભંગ, અનુમોદના અને પાત્ર ખરડવાદિ વિવિધ દોષ, રાત્રિભોજનમાં સનિધિદોષ ઉપરાત રાત્રિભોજનનુ પાપ, અને સ્નાન, ગંધ, પુષ્પો તથા વીંજણામાં અનુક્રમે સ્પર્શ-ગંધ વગેરેનો પ્રતિબંધ (રાગ) થવા સાથે કામ વિકારનો ઉપદ્રવ, એમ પ્રત્યેકનુ અનાચીર્ણપણ

[૧૮ યથામતિ વિચારવું અનાચીર્ણને આચરવાથી સંયમ દૂષિત થાય અને જ્ઞાનાદિ ગુણો હણાય-૨]

(૧૯) सनिही गिहिमत्ते अ, रायपिंड किमिच्छए ।
सनाहणा दतपहोयणा अ, सपुच्छणा दहपलोयणा य ॥२-३॥

૧૦-સંનિહી=(ઘી-ગોળ ઇત્યાદિનો) સંચય (સંગ્રહ) કરવો ૧૧-ગિહિમત્તે= ગૃહસ્થના ભાજનો વાપરવા ૧૨-રાયપિંડ=રાજાની માલિકીવાળો પિંડ લેવો, ૧૩-કિમિચ્છએ='શું જોઇએ છે ?' (એમ પૂછીને ઇચ્છિત વસ્તુ આપનાર રાજા કે ગૃહસ્થ કોઇનો પણ પિંડ લેવો, ૧૪-સંબાહણા=(હાડ, માંસ, ચામડી કે રોમરાજી, એ ચારેના કે કોઈ એક બે આદિના સુખ માટે)શરીરના અવયવો દબાવવા-મસળાવવા-ચાંપવા ચંપાવવા વગેરે, ૧૫-દંતપહોયણા=(અંગુલી કે બીજા કોઈ પણ સાધનથી) દાંત-મુખ આદિનું પ્રક્ષાલન કરવું, ૧૬-સંપુચ્છણા=(ગૃહસ્થને સાવદ્ય પાપ બંધાય તેવું કે પોતાના મહત્ત્વને માટે 'હું કેવો છું' વગેરે) પૂછવું ૧૭ દેહપલોયણા= આરિસાદિમાં મુખ-શરીરાદિ જોવા એ સર્વ અનાચીર્ણ છે (૩)

[એમાં સંનિધિથી પરિગ્રહ, ગૃહસ્થભાજનથી [illegible] ગૃહસ્થને અપ્રીતિ આદિ થવાનો ભય વગેરે વિવિધ દોષ [illegible] રસનેન્દ્રિયનું પોષણ, સાધુમાં લઘુતા [illegible] સામન્તાદિને ક્રોધ થવાનો સંભવ ઇત્યાદિ, કિમિચ્છકથી આધાકર્માદિ [illegible] મુખ વિભૂષા, પ્રમાદ ઇત્યાદિ [illegible] સાવદ્યમાં પ્રવૃત્તિ [illegible]]

(२०) अट्ठावए य नालीए, छत्तस्स य धारणट्ठाए ।
तेगिच्छं पाहणा पाए, समारंभं च जोइणो ॥३-४॥

१८-अट्ठावए=જુગાર (ધન) રમવું, અથવા (ગૃહસ્થને અર્થ મેળવવાના) અર્થશાસ્ત્રીય નિમિત્તો કહેવાં, १९ नालीए=જુગારમાં વિજય માટે નાલિકાનો પ્રયોગ કરવો, અથવા ઉપલક્ષણથી કોઈ પણ પ્રકારનું દ્યૂત રમવું, ૨૦-छत्तस्स धारणट्ठाए=પોતાને કે બીજાને (ગ્લાનતાદિ આગાઢ કારણ વિના) છત્ર ધરવું, ૨૧-तेगिच्छं=(રોગના પ્રતિકાર માટે) ઔષધ લેવું, ૨૨-पाहणा पाए=(આપત્તિ પ્રસંગ વિના) પગમાં પગરખાં પહેરવાં અને ૨૩-जोइणो समारंभं=અગ્નિનો આરંભ કરવો (૪)

[એમાં જુગાર તો મહાવ્યસન છે, ઉપરાંત આર્ત્ત-રૌદ્રનું કારણ છે, છત્ર પોતાને ધરવાથી ઉષ્ણપરીષહથી પરાભવાદિ અને પરને ધરવાથી લઘુતાદિ થાય, પગરખાંથી જિનાજ્ઞાનો ભંગ, ઇર્યાસમિતિની વિરાધના, સુખશીલપણું ઇત્યાદિ થાય અને અગ્નિના આરંભથી હિંસા થવા સાથે શીતપરિષહથી પરાભવ-લઘુતાદિ થાય, માટે અનાચીર્ણ સમજવાં, બીજા પણ અનેક દોષો સંભવિત છે તે યથામતિ વિચારવા. ૪]

(२१) सिज्जायरपिंडं च, आसंदी-पलिअंकए ।
गिहंतरनिसिज्जा य, गायस्सुव्वट्टणाणि य ॥३-५॥

૨૪-सिज्जायरपिंडं=(ઉપાશ્રય આપનાર) શય્યાતરનો પિંડ લેવો, ૨૫-आसंदी=(લોકપ્રસિદ્ધ માંચી-ખુરસી-ડોળી-સાદડી ઇત્યાદિ) આસનો વાપરવાં, ૨૬-पलिअंकए=પલ્યંક (અર્થાત્

પલંગ-માચો-ખાટ-ખાટલા-પથારી) ઇત્યાદિ વાપરવા, ૨૭-गिहंतरनिसिज्जा=(ગૃહસ્થના વાસવાળા ઘરમાં કે કોઇ બીજા) ઘરોની વચ્ચે રહેવું-બેસવું ઇત્યાદિ, ૨૮-गायस्सुवट्टणाणि=શરીરના ગાત્રોનું (અવયવોનું) ઉદ્વર્તન અર્થાત્ મેલ ઉતારવા માટે પીઠી આદિ ચોળવું-ચોળાવવું) (૫)

[શય્યાતરપિંડ લેવાથી એષણાસમિતિમાં દોષ, વસતિની દુર્લભતા, ગૃહસ્થનો પ્રતિબંધ કે દ્વેષ ઇત્યાદિ, આસન અને પલંગાદિથી લઘુતા, શાસનની અપભ્રાજના, સુખશીલપણું હિંસા ઇત્યાદિ, ગૃહસ્થવાળા ઘરમાં રહેતાં બ્રહ્મચર્યની વિરાધના લઘુતા પ્રતિબંધ અને બે ઘરોની વચ્ચે બેસતાં ધર્મની અપભ્રાજના, લઘુતા ચોરી આદિનું કલંક, ઇત્યાદિ વિવિધ દોષો તથા પીઠી આદિ ચોળતાં-ચોળાવતાં મલપરિષહથી ભાગવું શરીરશોભા, કામવિકાર, ઇત્યાદિ દોષો યથામતિ વિચારવા ૫]

(૬) गिहिणो वेयावडियं, जा य आजीववत्तिया ।
तत्तानिव्वुडभोइत्तं, आउरस्सरणाणि अ ॥३-६॥

૨૯-गिहिणो वेयावडियं=(અન્નવસ્ત્રાદિ આપવા અપાવવા રૂપ) ગૃહસ્થની વૈયાવચ્ચ કરવી, ૩૦-आजीववत्तिआ=(પોતાના ઉચ્ચ-નીચાદિ જાતિ-કુલ-ગુણ-કર્મ-શિલ્પ ઇત્યાદિના બળે)આજીવિકાવૃત્તિ ચલાવવી-આજીવિકા મેળવવી (આજીવક દોષ લેવો), ૩૧ तत्तानिव्वुडभोइत्तं=માત્ર તપેલું-ત્રણ ઉકાળાથી પૂર્ણ ઉકાળ્યા વિનાનું-મિશ્ર પાણી લેવું, વાપરવું-પીવું ઇત્યાદિ, ૩૨-आउरस्सरणाणि=ક્ષુધાદિની પીડાથી આર્ત્તધ્યાનને વશ થઈ પૂર્વે ભોગવેલા આહારાદિનું સ્મરણ કરવું-ઇચ્છા કરવી ઇત્યાદિ, એ સર્વ અનાચીર્ણ કહેલા છે (૬)

[ગૃહસ્થની વૈયાવચ્ચથી અવિરતિનું પોષણ-અનુમોદન દિ, આજીવકવૃત્તિથી ધર્મની અપભ્રાજના-લઘુતાદિ મિશ્રપાણીથી હિંસાદિ

(२३) मूलए सिंगबेरे य, उच्छुखंडे अनिव्वुडे ।
कंदे मूले य सच्चित्ते, फले बीए अ आमए ॥३-७॥

३३- मूलए=(લોકપ્રસિદ્ધ) મૂળા, ૩૪-સિંગબેરે=લીલું આદુ, ૩૫-અનિવ્વુડે ઉચ્છુખંડે=અચિત્ત નહિ થએલા શેરડીના કટકા, ૩૬-૩૭-કંદે મૂલે ય સચ્ચિત્તે=સચિત્ત કંદો અને મૂળિયાં, (તેમાં જડના મૂળમાં હોય તે કંદ અને કંદમાંથી નીકળેલા ભિન્નભિન્ન તાંતણા તે મૂળીયાં) ૩૮-૩૯ આમએ ફલે બીએ ય=અચિત્ત નહિ થએલાં આમ્રાદિ ફળો તથા ઘઉં આદિના કણીયારૂપ વનસ્પતિનાં બીજો. (૭)

[મૂળા, આદુ, કંદ અને મૂળ એ ચારે અનંતકાયિક તથા સચિત્ત શેરડી, ફળો અને બીજ, એ સર્વ વાપરવાથી અહિંસાવ્રતનો ભંગ, વિકારક હોવાથી ચતુર્થ વ્રતમાં અતિચાર, મનની અસમાધિ, સ્વાદની ગૃદ્ધિ, વગેરે પરિણામે પાંચ વ્રતોની વિરાધના યથામતિ વિચારવી. ૭]

(२४) सोवच्चले सिंधवे लोणे, रोमालोणे अ आमए ।
सामुद्दे पंसुखारे य, कालालोणे य आमए ॥३-८॥

४०-सोवच्चले=સંચલ, ४१-सिंधवे=સિંધવ ४२-लोणे=સાંભર જાતિનુ લવણ અને ४३-रोमालोणे=રૂમાલવણ, એ પ્રત્યેક લોકપ્રસિદ્ધ ક્ષારો आमए=કાચા (સચિત્ત અનાચીર્ણ છે,) તથા ४४-४५-४६आमए=કાચું सामुद्दे पंसुखारे कालालोणे=સમુદ્રમાં પકાવાતું લૂણ, પાંશુખાર (ધુડીયો ખારો) અને (સિંધવની એક જાતિનુ) કાળું લૂણ, એ પણ અનાચીર્ણ છે. (૮)

[૪૦ થી ૪૬ સુધી પ્રત્યેક ક્ષારો તે તે નામે ભિન્ન ભિન્ન દેશમા પ્રસિદ્ધ છે તે સર્વ સચિત્ત વાપરતા હિંસા થાય આ કેટલાક ક્ષારો પાણીમા અને કેટલાક પર્વતોમા પાકે છે ૮]

(૨૫) धूवणे त्ति वमणे य, वत्थीकम्म-विरेयणे ।
अंजणे दंतवणे अ, गायाभंग विभूसणे ॥३-९॥

૪૭-धूवण=(વસ્ત્રાદિને સુગંધ માટે) ધૂપ દેવો અથવા ધૂમ્રપાન કરવું, ૪૮-वमणे=(મીંઢળ વગેરેના પ્રયોગથી) વમન કરવું, ૪૯-वत्थीकम्म=પીચકારી વગેરેથી પુંઠ (ગુદા) માર્ગે તપકે, સાબૂનું પાણી કે કોઇ ઔષધ ચઢાવવું (એનીમા લેવી), ૫૦-विरयण=(ત્રિફળા-હરડે-હીમજ કે અન્ય ઔષધિ દ્વારા) રેચ લેવો, ૫૧-अंजण=નેત્રોમા અંજન આંજવું, ૫૨-दंतवण=દાતણથી મુખશુદ્ધિ કરવી, ૫૩-गायाभंग= શરીરના ગાત્રોને તેલાદિ ચોળવું ચોળાવવું, અને ૫૪-વિભૂસણ=(અલંકારાદિથી શરીરની) વિભૂષા કરવી (૯)

[ધૂપ કે ધૂમપાનથી અગ્નિકાયની વિરાધના અને વિષયોની વૃદ્ધિ, બસ્તીકર્મ અને વિરેચનથી શરીરમા રહેલા કૃમિ આદિ ત્રસ જીવોની હિંસા અંજનથી શરીરશોભા નેત્રોનો વિકાર દાતણથી વનસ્પતિકાયની વિરાધનાની અનુમોદના વિભૂષા વગેરે સ્નાન ચોળવાથી સુખશીલપણું હિંસાદિ અને વિભૂષાથી નવવાડની વિરાધના, કામવિકાર, બ્રહ્મચર્યનું ખંડન વગેરે વિવિધ દોષો પ્રગટ છે

અહીં બાવન અનાચીર્ણ કહ્યા તેમા ૧૨-રાજપિંડ અને ૧૩-કિમિચ્છક એ બન્નેને એક તથા ૧૮-શૃંગાર અને ૧૯-ગૃહિભાજન એ બે એક ગણી બાવનની સંખ્યા ઘણા ગ્રંથોમા કહેલી છે અને પ્રસિદ્ધિમા પણ બાવન છે એમ સમજવું

હવે કેવા મુનિઓને આ અનાચરિત છે? તે કહે છે-

(૨૬) सव्वमेयमणाइन्नं, *निग्गंथाण महेसिणं ।
संजमंमि अ जुत्ताणं, लहुभूयविहारिणं ॥३-१०॥

एयं=આ सव्वं=સર્વ अणाइन्नं=(મુનિવરોને) અનાચી[ર્ણ] (નહિ આચરવા યોગ્ય) છે. (કારણ કે તેઓ) નિર્ગ્રન્થ [ ] મહાત્માઓ છે, પ્રતિદિન સંયમમાં जुत्ताणं=યુક્ત(અપ્રમ[ત્ત]) હોય છે અને लहुभूय=લઘુભૂત (એટલે હલકા વાયુની પે[ઠે]) विहारिणं=(અપ્રતિબદ્ધપણે ગ્રામાનુગ્રામ) વિચરનારા હોય [છે] અર્થાત્ ઉપર્યુક્ત ગુણવાળા હોવાથી મુનિવરોને બાવન પ્રકારની સંયમની વિરાધના અકરણીય છે. (૧

[ઉત્તમ સત્ત્વશાળી આત્માઓ કદી ક્ષુદ્રલોકોએ સ્વીકારેલા નીચ (દુષ્ટ) માર્ગને પસંદ કરતા નથી, માટે અહી મુનિની ઉત્તમતા જણાવી છે. આ બાવનને વર્જવાથી જ મુનિ જગતમાં ઉત્તમ-શ્રેષ્ઠ-પૂજ્ય ગણાય છે. ૧૦]

* निग्गथाण महेसिणं શબ્દોના અર્થ પ્રથમ કહેલા હોવાથી અહીં પુન[ઃ] કહ્યા નથી, એમ હવે પછી પણ સમજી લેવું. શબ્દાર્થ વિભક્તિને અનુસારે લખવા જોઇએ, તો પણ વિશેષણોનો અર્થ વિભક્તિ પ્રમાણે લખતા ગુજરાતી ભાષામા વાકચની અસંગતિ થતી હોવાથી વિભક્તનો અર્થ સાચવી શકાયો નથી, માટે તે વિશેષ્યને અનુસારે સમજી લેવા

એ મુનિવરોની શેષ ઉત્તમતાને જ ત્રણ ગાથાથી કહે છે-

(२७) पचामनपरिण्णाया, तिगुत्ता छसु सजया ।
पचनिग्गहणा धीरा, निग्गथा उज्जुदसिणो ॥३-११॥

(२८) आयावयति गिम्हसु, हेमतेसु अवाउडा ।
वासासु पडिसलीणा, सजया सुसमाहिया ॥३-१२॥

(२९) परीसहरिऊदता, धुअमोहा जिइदिआ ।
सव्वदुक्खप्पहीणट्ठा, पक्कमति महेसिणो ॥३-१३॥

વળી મુનિવરો પચાસવ=હિંસાદિ પાચે આશ્રવોના
...રિણ્ણાયા=પૂર્ણ જાણ હોય છે, (જ્ઞાનથી તેને જાણે છે અને
...યાથી તેને તજે છે) એ કારણે તેઓ તિગુત્તા=ત્રણ ગુપ્તિથી
(મન વચન કાયાને સાવદ્યમા જતા રોકનારા) હોય
...છ, તેથી છસુ=છ જીવનિકાયની રક્ષામા સજયા=ઉદ્યત (જયણા
...વાળા)હોય છે વળી પચનિગ્ગહણા=પાચ ઇન્દ્રિયોનો નિગ્રહ
(ઇષ્ટ અનિષ્ટ વિષયોમા સમતાને) કરનારા હોય છે તે
પણ અજ્ઞાન કે દીનતાથી નહિ, કિન્તુ ધીરા=જ્ઞાની (અથવા
...ધૈર્યવાળા) હોવાથી એ સઘળુ પ્રસન્નપણે કરે છે વળી
...ઓ નિર્ગ્રન્થ અને ઉજ્જુદસિણો=(મોક્ષ માટે સરળતા=
...યમ આવશ્યક હોવાથી) ઋજુ એટલે સયમને જોનારા
...મમાજ ઉપાદેય બુદ્ધિવાળા સયમપ્રતિબદ્ધ હોય છે (૧૧)
વળી વિશેષ નિર્જરા માટે તે સજયા=સાધુઓ ગિમ્હસુ=
...તુમા આયાવયતિ-(તાપમા) આતાપના લે છે, હેમતેસુ=
...તુમા અવાઉડા=અવસ્ત્રા (વસ્ત્રો છોડીને) શીતપરિષહને
અને વાસાસુ=વર્ષાઋતુમાં (જીવરક્ષા માટે) પડિ

કારણ કે એક આગમમાં સ્થિર કરે છે, એમ ગુણસાહિગ્ગ= (જ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત સફળ કરવામાં તત્પર હોય છે. (૧૨)

એ રીતે ખંતિસહિગ્ગા (ક્ષુધા-પિપાસા-શીત-ઉષ્ણાદિ) પરિષહોરૂપ શત્રુઓનો પરાભવ કરનારા, ગયમોહા=મોહને (રાગને) નિર્મળ કરનારા અને જિતેન્દ્રિય (અનુકૂળ કે પ્રતિકૂળ વિષયોમાં રાગ-દ્વેષ નહિ કરનારા તે) મહર્ષિઓ सव्वदुक्ख पहीणट्ठा-સર્વ દુઃખોના નાશ માટે પરક્કમંતિ-પ્રવર્તે છે. (૧૩)

[૧૧ મી ગાથામાં એકેય ગુણો પરસ્પર સંબંધવાળા હોવાથી એક હોય ત્યાં બીજા પણ હોય જ. એ રીતે મુનિજીવનમાં સાચો એક પણ ગુણ સર્વ ગુણોને પ્રગટ કરે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે સાચો એક ગુણ પણ મુક્તિ આપવા સમર્થ છે, તે યથાર્થ છે. બારમી ગાથામાં ધનના અર્થીને 'લાભ થાય તેમ લોભ વધે' એ રીતે સંયમનો અર્થી જેમ જેમ ગુણો પ્રગટે તેમ તેમ નિર્જરાનો વિશેષ પ્રયત્ન કરે છે. જે શીત-ઉષ્ણાદિ પ્રસંગો જગતને મુંઝવે છે તેનો સામનો કરીને ઉત્તમમુનિ સર્વદુઃખોના મૂળભૂત અનુકૂળતાના રાગનો અને પ્રતિકૂળતાના દ્વેષનો જય કરે અને પ્રાપ્ત થએલા જ્ઞાનાદિને એ રીતે સફળ કરે વસ્તુતઃ જ્ઞાનાદિની પ્રાપ્તિ તેને કહેવાય કે જે જ્ઞાનાદિના બળે કર્મોની નિર્જરા કરી તેને સફળ કરે. 'પ્રાપ્ત થયેલા જ્ઞાન પ્રમાણે શક્તિ છતાં વર્તે નહિ, તેને જ્ઞાન પ્રાપ્ત થયું કહેવાય નહિ' એ અહીં ગર્ભિત સૂચન છે પછી તેરમી ગાથામાં મુનિના ધ્યેયનું વર્ણન કરવા સાથે અપ્રમત્તતા વર્ણવેલી છે, ધ્યેય વિનાનો ઉદ્યમ કે ઉદ્યમ વિનાનું ધ્યેય નિરર્થક છે, માટે સાધુએ એક કર્મઘાતના ધ્યેયથી અપ્રમત્તપણે જીવવું જોઇએ. ૧૧-૧૨-૧૩]

હવે આવા ચારિત્રનું ફળ શું મળે? તે કહે છે—

(૩૦) दुक्कराइं करित्ता णं, दुस्सहाइं सहेत्तु य ।
के इत्थ देवलोएसु, केइ सिझंति नीरया ॥३–१४॥

એ પ્રમાણે दुक्कराइ=(અનાચીર્ણનું વર્જન વગેરે) દુષ્કર કાર્યોને करित्ता=કરીને અને दुस्सहाइ=ક્ષુધાદિ દુસ્સહપરીષહોને सहत्तु=સહન કરીને के=કેટલાક મુનિવરો इत्थ देवलोएसु=આ સંસારમાં જ સૌધર્માદિક દેવ (થાય છે) અને केई=કોઈ (વિશિષ્ટ નિર્જરા કરીને) नीरया=આઠકર્મરૂપ રજરહિત (નીરજ) થઈને सिज्झति=સિદ્ધ થાય છે (૧૪)

[ઉગ્ર આરાધના કરતા કોઈ વાર નિકાચિત પુણ્યબંધ થવાથી કે ભવસ્થિતિ આદિનો યથાયોગ્ય પરિપાક નહિ થવાથી ઉગ્ર આરાધના કરવા છતાં કેટલાક વૈમાનિક દેવપણે ઉપજે અને તથાવિધ ભવ્યત્વાદિ પાંચ કારણોના સુમેળ મળતા કોઈ સિદ્ધિગતિને પામે છે અર્થાત્ ઉત્તમ ચારિત્રની આરાધનાનું ફળ મુક્તિ છે તે ન થાય તો અવશ્ય વૈમાનિકદેવપણું તો મળે જ છે ૧૪]

દેવલોકમાં ગએલાને શું ફળ મળે ? તે કહે છે–

(૧) खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य।
सिद्धिमग्गमणुपत्ता, ताइणो परिनिव्वुड–त्ति बेमि ॥३–१५॥

દેવલોકમાં ઉપજેલા ત્યાં પુણ્યકર્મને ભોગવીને ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતા ચવીને સંયમની (દેશ કાળ વગેરે) સામગ્રીવાળો મનુષ્યભવ પામે છે અને ત્યાં पुव्वकम्माइं= પૂર્વોપાર્જિત શુભાશુભકર્મોને संजमेण तवेण=સંયમ અને તપથી खवित्ता=ક્ષય કરીને सिद्धिमग्गमणुपत्ता=(જ્ઞાન-દર્શન-ચારિત્ર-રૂપ) મોક્ષમાર્ગને પામીને ताइणो-સ્વ-પરને-તારતા परिनिव्वुड=પરિનિર્વાણ (મોક્ષને) પામે છે त्ति बेमि=એ પૂર્વે તીર્થંકર ગણધરોએ કહેલું હું તને કહું છું (૧૫)

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] ... નહિ, તેને [illegible] સમાધિ [illegible] જ નહિ. માટે સુખમાં પણ સમાધિ [illegible] સ્વાભાવિક [illegible] સમાધિથી સહજ કરવા [illegible]. શ્રી જિનશાસનમાં ધર્માનુષ્ઠાનો ઉપકારક હોવાથી તેના અભ્યાસથી જીવ સુખને ભૂલવવાની કળા (સમાધિ) પ્રાપ્ત કરી શકે છે અને દુઃખ—સુખ ઉભયમાં સમાધિને સાધીને તે અવશ્ય મુક્તિમાં જાય છે. સુખ-દુઃખના નિમિત્તો આવે ત્યારે રાગ-દ્વેષ નહિ કરતા અનિત્યાદિ ભાવનાઓના બળે અને અંતે આત્માના સહજસ્વભાવબળે તેને ભોગવી લેવા તેને સમાધિ કહેવાય છે. સાધુજીવનનું સાધ્ય આ સમાધિ જ છે અને તે વ્યવહારસામાયિકાદિના બળે સિદ્ધ કરી શકાય છે, માટે જ મુક્તિનું અનંતર કારણ ચારિત્ર કહ્યુ છે. જ્ઞાન-દર્શન મુક્તિમાં પરંપર કારણ છે. ૧૫]

卐 卐 卐

તૃતીયમ્ અધ્યયનં સમાપ્તમ્

ચોથું ષડ્જીવનિકાય અધ્યયન

બીજા અધ્યયનમાં ધૈર્યનું વર્ણન કર્યું, તે ધૈર્ય સદાચાર
વિષયમાં રાખવું હિતકર હોવાથી ત્રીજા અધ્યયનમાં અના-
ચીર્ણના વર્જનાદિરૂપ સાધુનો આચાર કહ્યો હવે એ આચાર
છ જીવનિકાય અંગે પાળવાનો હોવાથી આ અધ્યયનમાં છ
જીવનિકાયનું વર્ણન કર્યું છે એથી તેને ષડ્જીવનિકાય
અધ્યયન કહેલું છે આને ધર્મપ્રજ્ઞપ્તિ પણ કહેવાય છે
તેમાં પંદર સૂત્રો અને ઓગણત્રીશ ગાથાઓ છે અને
૧-જીવ-અજીવનું સ્વરૂપ, ૨-તેને જાણીને છકાય જીવની હિંસાથી
અટકવાનું વિધાન ૩-તે માટે મહાવ્રતરૂપ ચારિત્રધર્મનું
પાલન, ૪-છ જીવનિકાયની યતનાનો વિધિ ૫-ઉપદેશ અને
૬-ચારિત્રધર્મનું ફળ એમ છ અધિકારો છે
તેનું પહેલું સૂત્ર કહે છે

*सुअं मे आउसं! तेणं भगवया एवमक्खायं-इह खलु
छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं
पवेइआ, सुअक्खाया, सुपन्नत्ता, सेअं मे अहिज्जिउं अज्झयणं
धम्मपन्नत्ती ॥ सू० १ ॥

શ્રીસુધર્માસ્વામિજીએ પોતાના શિષ્ય શ્રીજમ્બૂને
કહ્યું છે કે -આઉસં=હે આયુષ્યમાન્ જમ્બૂ ! મે સુઅં=મેં

---

* દશવૈકાલિક સૂત્ર શ્રીશય્યંભવસૂરિએ પૂર્વોમાંથી ઉદ્ધર્યું હોવા છતાં
શ્રીસુધર્માસ્વામિજીએ કહેલ આ પદ પૂર્વમાંથી જ ઉદ્ધરેલું હોવાથી તેના
ઉપદેશ છે એમ માનવાથી અસંગતિ નથી રહેતી. કારણ પૂર્વાદિની ર-
ચના તો ગણધરોની જ છે અને પોતાના પૂર્વપુરુષની આજ્ઞાના શબ્દને ઉદ્દેશ કરવામાં
તેમાં શ્રુતભક્તિ સમજાય માટે પણ એનું અનુસરણ કરેલું છે

સાંભળ્યું છે, કેમ? આઉસંતેણં ભગવયા એવં મક્ખાયં=ભગવંતે આ પ્રમાણે, કહ્યું છે, શું કહ્યું છે? इह આ જગતમાં ખલુ=નિશ્ચયથી છજ્જીવણિયા નામજ્ઝયણં=છ જીવનિકાય નામનું અધ્યયન કહ્યું છે, કેવા ભગવંતે કહ્યું છે? સમણેણં=મહાતપસ્વી, ભગવયા=ભગવાન્ ઐશ્વર્યાદિ(છ ગુણ)વાળા=ભગવંત, મહાવીરેણં=કષાયાદિ મહાવૈરિઓનો પરાભવ કરનાર મહાસુભટ હોવાથી દેવોએ જેઓને 'મહાવીર' એવું ઉપનામ આપ્યું છે અને कासवेणं=કાશ્યપગોત્રવાળા છે. તે ભગવંતે કહ્યું છે. કેવી રીતે કહ્યું છે? સ્વયં पवेइआ=કેવળજ્ઞાનથી જાણીને કહ્યું છે, કોઇ એકની આગળ જ નહિ પણ બાર પર્ષદામાં सुअक्खाया=સારી રીતે કહ્યું છે. (એટલુ જ નહિ, જેમ કહ્યુ તેમ સૂક્ષ્મ પણ અતિચાર ન લાગે તે રીતે) सुपन्नत्ता=પાળ્યુ છે, માટે मे अज्झयणं अहिज्जिउं सेयं=મારે આ ષડ્જીવનિકાય અધ્યયન ભણવું તે શ્રેયઃ છે, સાંભળવું--કહેવું તે હિતકર છે. એમાં ધર્મની પ્રજ્ઞપ્તિ (વ્યાખ્યા) કરેલી હોવાથી એને धम्मपन्नत्ती='ધર્મપ્રજ્ઞપ્તિ' પણ કહેવાય છે. (पवेइआ વગેરે પદો સ્ત્રીલિંગે પ્રથમાન્ત છે, તે ધર્મપ્રજ્ઞપ્તિનાં વિશેષણો સમજવાં.) (૧)

[आउस तेणं એ બે પદોને એક જ ગણી જુદા જુદા સંસ્કૃત પર્યાયથી ભિન્નભિન્ન અર્થ કર્યો છે. आयुष्मता એવુ ભગવાનનું વિશેષણ કરવાથી ' ચિરજીવી શ્રીભગવાને ' આ કહ્યું છે, એમ મંગળસૂચક અર્થ થાય. आवसतेण એવુ સુધર્માસ્વામીનુ વિશેષણ કરવાથી 'ગુરુની નિશ્રાએ વસતા' અથવા અથવા आमुसतेण પર્યાય કરવાથી ભગવાનનાં પાદકમળને ' મસ્તકથી સ્પર્શ કરતા ' એવા સુધર્માસ્વામીએ, ભગવંતના મુખે સાંભળ્યું છે, એવા પણ અર્થો થાય છે. ૧]

तेऊ चित्तमंतमक्खाया, अणेगजीवा, पुढोसत्ता, अन्नत्थ सत्थपरिणएणं–॥३

वाऊ चित्तमंतमक्खाया, अणेगजीवा, पुढोसत्ता, अन्नत्थ सत्थपरिणएणं–॥४

वणस्सई चित्तमंतमक्खाया, अणेगजीवा, पुढोसत्ता, अन्नत्थ सत्थपरिणएणं, तं जहा–अग्गबीआ, मूलबीआ, पोरबीआ, खंधबीआ, बीअरुहा, संमुच्छिमा, तणलया। वणस्सइकाइआ सबीआ चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता, अन्नत्थ सत्थपरिणएणं–५॥

से जे पुण इमे अणेगे, बहवे, तसा, पाणा, तं जहा-अंडया, पोयया, जराउया, रसया, संसेइमा, संमुच्छिमा, उब्भिया, उववाइया, जेसिं केसिंचि पाणाणं अभिक्कंतं पडिक्कंतं संकुचियं पसारियं रुयं भंतं तसियं पलाइयं आगइगइविन्नाया, जे य कीडपयंगा, जा य कुंथुपिपीलिया, सव्वे बेइंदिया, सव्वे तेइंदिया, सव्वे चउरिंदिया, सव्वे पंचिंदिया, सव्वे तिरिक्खजोणिया, सव्वे नेरइया, सव्वे मणुया, सव्वे देवा, सव्वे पाणा परमाहम्मिया। एसो खलु छट्ठो जीवनिकाओ तसकाओ त्ति पवुच्चइ–६ ॥ सूत्र–१ ॥

तंजहा=તે આ પ્રમાણે પુઢવિકાઇયા=પૃથ્વીકાયિકા–૧, એ પ્રમાણેઆઊ=અપકાયિકા ૨, તેઊ=તેજસ્ (અગ્નિ)-કાયિકા ૩, વાઊ=વાયુકાયિકા ૪, वणस्सई=વનસ્પતિકાયિકા ૫, અને तस=ત્રસકાયિકા ૬.

सत्थपरिणण=શસ્ત્રના ઉપઘાતથી પરિણત (નિર્જીવ) થયા अन्नत्थ=વિનાની पुढवी=પૃથ્વી અણેગજીવા=અનેક જીવો વાળી, તે પણ पुढोसत्ता=પ્રત્યેક શરીરમા જુદા જુદા જીવો વાળી, चित्तमत=જીવવાળી (સચિત્ત), अक्खाया=કહી છે (૧)

એ પ્રમાણે-શસ્ત્રથી હણાયા વિનાના પાણી(જળ)રૂપ જીવો અનેક જુદા જુદા શરીરવાળા સચિત્ત કહેલા છે (૨)

શસ્ત્રથી હણાયા વિનાના તેજસ (અગ્નિ)કાયજીવો પણ અનેક જુદા જુદા શરીરવાળા સચિત્ત કહેલા છે (૩)

શસ્ત્રથી હણાયા વિનાના વાયુકાયિક અનેક જીવો જુદા જુદા શરીરવાળા સચિત્ત કહ્યા છે (૪)

શસ્ત્રથી હણાયા વિનાના વનસ્પતિકાયિક અનેક જીવો ભિન્ન ભિન્ન શરીરવાળા સચિત્ત કહ્યા છે

આ વનસ્પતિકાયજીવો વિવિધ પ્રકારના છે, કોઈ અગ્ર એટલે જેનો છેડા(ટોચ) વાવવાથી ઉગે તે 'કોરંટ' વગેરે વૃક્ષોમા બીજ છેટે હોવાથી તેને अग्गबीआ=અગ્રબીજ કહ્યા છે એ પ્રમાણે ઉત્પલકમળ કે કદો ઈત્યાદિ જેના બીજ મૂળીયામા હોય તે मूलबीआ=મૂળબીજ જાણવા પવ (ગાંઠા)મા બીજ હોય તે શેરડી વગેરે पोरबीआ=પર્વ બીજ કહેવાય થરહરી-વડ ઈત્યાદિ જેને સ્કધમા બીજ હોય તે खंधबीआ=સ્કધબીજ જાણવા જે અનાજ ડાગર-ઘઉ વગેરે બીજમાથી ઉગે તે बीअरुहा=બીજરુહ જાણવા અને જેનુ બીજ પ્રસિદ્ધ ન હોવા છતાં પૃથ્વી-પાણીના યોગે ઉગે છે તે तणलया= તૃણલતા(વેલા-વેલડીઓ)સવ સંમુચ્છિમા=સમૂર્છિમ જાણવા

કોઈ પણ જાતિના વનસ્પતિકાયજીવો બીજસહિત હોય છે, જ્યાં સુધી કોઈ શસ્ત્રથી હણાયા ન હોય ત્યાં સુધી તે જુદા જુદા શરીરોમાં એક-અનેક જીવવાળા સચિત્ત કહેલા છે. (૫)

से=અથ पुण=વળી जे इमे=જે આ अणेगे=અનેક (બે-ઇન્દ્રિય તેઇન્દ્રિય વગેરે ભિન્નભિન્ન જાતિઓવાળા)बहवे=ઘણા પ્રકારના तसा पाणा=ત્રસજીવો છે. तं जहा=તે આ પ્રમાણે છે-૧-ઇંડાથી ઉપજતા(પક્ષિઓ ગીરોળીઓ વગેરે)अंडया=અંડજ, ૨-ઓવાળ રહિત જન્મે તે હાથી, વાગોળ, ચામાચીડીયાં વગેરે पोयया=પોતજ. ૩-જરાયુથી વીંટાએલા જન્મે તે ગાય, ભેંસ, વગેરે તિર્યંચો અને મનુષ્યો जराउया=જરાયુજ, ૪-દહીં, દૂધ વગેરે રસાળ વસ્તુઓમાં ઉપજે તે रसया=રસજ, ૫-જૂ-લીખ-સવા વગેરે પરસેવાથી ઉપજે તે संसेइमा=સંસ્વેદિમ, ૬-નર-માદાના યોગ વિના ઉપજે તે પતંગીયાં કીડીઓ માખીઓ ઈત્યાદિ संमुच्छिमा=સંમૂર્છિમ, ૭-પૃથ્વીને ભેદીને ઉપજે તે તીડ વગેરે उब्भिआ=ઉદ્ભિન્ન, અને ૮-સ્વયં ઉપપાતથી ઉપજનારા દેવો-નારકો उववाइआ=ઔપપાતિક, આઠ પ્રકારોમાં સર્વ ત્રસજીવો કહ્યા.

હવે તેનાં લક્ષણો કહે છે કે-जेसि केसि चि पाणाणं=જે કોઈ જીવોનુ अभिक्कंतं=સામેઆવવું. पडिक्कंतं=પાછાખસવું, संकुचियं=ગાત્રોથી સંકોચ પામવું, पसारियं=ગાત્રોથી પહોળા થવું, रुयं=શબ્દ કરવો, भंतं=ભમવું, तसियं=ત્રાસપામવુ, पलाइयं=નાસવું તથા आगइगइ-આવવું જવું હોય, અને જેઓ તે તે (સ જ્ઞારૂપ) विन्नाया=વિજ્ઞાનવાળા હોય, એવા जे य कीडपयंगा=જે કીડા

ઝરાં વહે છે, જન્મે છે, માટે સજીવ છે, તેમ જળ પણ [illegible]-પ્રવાહી જેવાં સજીવ છે. ઉપરાંત પાણી તે જલીય જીવોના શરીરનો સમૂહ છે. અગ્નિ પણ [illegible], [illegible] તેલ વગેરે ખોરાક મળતા વધે છે, ન મળે તો ઓલવાય છે. માટે તે સજીવ છે. માનવદેહમાં જઠરની ગરમી હોય છે તે જીવ હોવાની નિશાની છે, જીવ ચાલ્યો જતાં ગરમી તેની સાથે ચાલી જાય છે અને શરીર ઠંડું થવા માંડે છે, તેમ અગ્નિની ઉષ્ણતા પણ સજીવની નિશાની છે. જીવ ચાલ્યો જતાં કોલસા-રાખ વગેરે ઠંડાં પડી જાય છે, ઈત્યાદિ અનેક યુક્તિઓથી અગ્નિનું સજીવપણું સિદ્ધ છે. વાયુ પણ સજીવ છે, અચેતન પદાર્થને કોઈ પ્રેરક જીવ ન હોય તો તે સ્વયં ગતિ કરી શકતો નથી. જડ પણ શરીરમાં હલન ચલન આદિ દેખાય છે તે તેમાં રહેલા જીવની પ્રેરણાને આભારી છે. મનુષ્યમા તેની બુદ્ધિ, ઇચ્છા, સંજ્ઞાદિના બળે જે અમુક નિયત હલન-ચલન આદિ દેખાય છે, તે તેમા રહેલા જીવની પ્રેરણાને આભારી છે. મનુષ્ય તેની બુદ્ધિ ઇચ્છા સંજ્ઞાદિના બળે હલન ચલનાદિ સઘળું અમુક નિયત કરે છે અને વાયુમાં તેવી વ્યકત સંજ્ઞા કે બુદ્ધિ નહિ હોવાથી અનિયત તિર્છું ગમન હોય છે. કેવળ જડનું ગમન થઈ શકે નહિ. તિર્છું ગમન થાય છે માટે વાયુ સજીવ છે જ. વનસ્પતિકાયમાં તો ઘણા લક્ષણો મનુષ્યના જેવા દેખાય છે. કેતકી-આંબો-વડ વગેરેનું મૂળમાથી બહાર નીકળવુ તે તેનો જન્મ છે, પછી તેમાં બાલ્યાદિ અવસ્થાઓ ક્રમશઃ પ્રગટે છે. લજામણી-બકુલવૃક્ષ વગેરમા લજ્જા સ્પષ્ટ દેખાય છે. મનુષ્યના અવયવોની પેઠે વનસ્પતિમા અંકુરા પત્રો શાખા પ્રશાખાઓ પ્રગટે છે. સ્ત્રીને યોનિ હોય છે તેમ વૃક્ષોને પુષ્પો હોય છે, તેમાં સંતતિની જેમ ફળો નીપજે છે, મનુષ્યને નિદ્રા-જાગરણ હોય તેમ ધાવડી-પ્રપુનાટ વગેરેના પત્રો, સૂર્યવિકાશી કમળો, ઈત્યાદિ સૂર્યાસ્ત સમયે સંકોચાય છે, ઉદય વખતે ખીલે છે. ઘુવડ વગેરે રાત્રિયે ફરનારા જીવોની જેમ ચંદ્રવિકાસી કમળો રાત્રે વિકાસ અને દિવસે સંકોચ પામે છે. શરીરથી કપાયેલા અવયવો શોષાય તેમ પત્ર-ફળ-પુષ્પ-[illegible]ખાદિ પણ કપાયા પછી

[illegible] નિગોદ [illegible]

[illegible] તથા [illegible] પંચેન્દ્રિય સુધીના [illegible] વગેરે [illegible] બેઇન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના [illegible] ઓળખાવ્યા છે. પૃથ્વી વગેરે ચાર જીવોને જુદા જુદા રીતે ઓળખાવ્યા છે. પૃથ્વી વગેરે ચારમાં જુદી જુદી અનેકાનેક ભેદોની સ્પષ્ટતા નથી કરી, તો પણ તે ચારેમા જુદી જુદી અનેકાનેક જાતિઓ છે, તે જીવવિચાર વગેરે ગ્રંથોમાથી જાણી લેવી.

આ પાંચે સ્થાવર જીવોને પણ જઘન્ય ઉત્કૃષ્ટ દેહપ્રમાણ, આયુષ્ય-પ્રાણ-યોનિઓ જ્ઞાન, દર્શન, લેશ્યા, કષાયો, સંજ્ઞાઓ, સ્વકાયસ્થિતિ, યોગબળ, પર્યાપ્તિઓ, ઇત્યાદિ સઘળું ઓછા વ[illegible] પ્રમાણમા હોય છે અને તે સૂક્ષ્મબુદ્ધિથી સમજાય તેવુ પણ છે.

ઇત્યાદિ છકાયજીવોને ઓળખાવીને 'परमाहम्मिया' પદથી [illegible] સર્વ જીવો સુખના અર્થી-દુઃખના દ્વેષી છે, માટે કોઇ જીવને દુ[illegible] થાય નહિ તેમ વર્તવાનું અહીં વિધાન કર્યું છે. સૂ-૧]

હવે હિંસા નહિ કરવારૂપ બીજો અધિકાર કહે છે—

इच्चेसिं छण्हं जीवनिकायाणं नेव सयं दंडं समारंभि[illegible] नेवन्नेहिं दंडं समारंभाविज्जा, दंडं समारंभंते वि [illegible] समणुजाणामि, जावज्जीवाए, तिविहं—तिविहेणं, मणेणं [illegible] काएणं, न करेमि—न कारवेमि—करंतं पि अन्नं न समणुजा[illegible]

અનુકરણ માટે પ્રતિજ્ઞા લે છે. મૂળ પાઠમાં 'કરેમિ' વગેરે પદોમાં વર્તમાનકાળનો પ્રયોગ છે તે ભવિષ્ય અર્થે સમજવો. અર્થાત્ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પ્રતિજ્ઞા સમજવી. વળી ગુરુના આમંત્રણ માટે 'ભંતે' પદ છે, એથી 'અનેક પ્રતિજ્ઞા-વ્રત-નિયમાદિ ગુરુસમક્ષ કરવા જોઈએ' એમ સમજાવ્યું છે. ત્રિવિધ-ત્રિવિધથી એટલે 'ત્રણ યોગ દ્વારા-ત્રણ પ્રકારની ક્રિયાથી' વિરામ પામવાનું સમજવું. પૂર્વપાપનું પ્રતિક્રમણ એટલે અનુમોદનાનો ત્યાગ, નિંદા એટલે આત્મસાક્ષિએ પ્રતિપક્ષ અને ગર્હા એટલે ગુરુ સમક્ષ પાપની કબૂલાત કરી તેનો વિરોધ કરવો, એમ ભેદ સમજવો. 'આત્માને વોસિરાવું છું" એટલે ભૂતકાળના પાપી પર્યાયને તજું છું. એમ તે તે શબ્દોનો તે તે ભાવ હવે પછીનાં સૂત્રોમાં પણ સમજવો. આ રીતે પાપોનું પ્રતિક્રમણ-નિંદા, ગર્હા વગેરે કરવાથી પાપની અનુમોદના અટકે છે, માટે તે કરણીય છે. ન કરવાથી 'અનિષિદ્ધં અનુમતં' એ ન્યાયે અનિષેધ-અનુમોદનાદ્વારા કર્મબંધ ચાલુ રહે છે. સૂ-૨]

એ કારણે હવે મહાવ્રતોનો ત્રીજો અધિકાર કહે છે-

पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं । सव्वं भंते पाणाइवायं पच्चक्खामि. से सुहुमं वा–बायरं वा, तसं वा–थाव वा, नेव सयं पाणे अइवाइज्जा–नेवन्नेहिं पाणे अइवायाविज्जा- पाणे अइवायंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए, तिवि तिविहेणं, मणेणं–वायाए–काएणं, न करेमि–न कारवेमि–करं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वेसिरामि । पढमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ पाणाइवायाओ वेरमणं ॥१॥ सू. ३॥

ગુરુને ઉદ્દેશીને ભંતે !=હે ભગવન્ ! (પહેલા મહાવ્રતમાં જીવોના પ્રાણોનો નાશ કરવા રૂપ પ્રાણાતિપાતથી વિરમવાનું

–અટકવાનું શ્રીતીર્થંકરભગવતે કહેલુ છે, માટે તે કરવું જોઇએ એમ સમજીને) હે ભગવત! હુ સવ્વં=સર્વ જીવોના સર્વ પ્રકારના) પ્રાણાતિપાતનુ પચ્ચક્ખાણ કરુ છુ (તેને તજુ છુ), તે આ પ્રમાણે-સૂક્ષ્મ કે બાદર (તેમા પણ) ત્રસ કે સ્થાવર (કોઈ પણ) જીવના પ્રાણોનો, (અર્થાત ઇન્દ્રિયો બળ શ્વાસો૦ કે આયુષ્યનો) હુ સ્વય અતિપાત (નાશ કરુ નહિ, બીજા કોઇના દ્વારા પ્રાણોનો અતિપાત કરાવુ નહિ અને બીજો કોઈ પ્રાણોનો અતિપાત કરે તેને સારો માનુ નહિ (અનુમોદુ નહિ) જીવુ ત્યા સુધી, ત્રિવિધ-ત્રિવિધથી, એટલે મન-વચન અને કાયાથી, સ્વત કરુ નહિ, બીજા દ્વારા કરાવુ નહિ અને બીજો કરે તેને સારો માનુ નહિ હે ભગવત! (ભૂતકાળમા કરેલા) તસ્સ=તે પ્રાણાતિપાતનુ પ્રતિક્રમણ કરુ છુ (આત્મ સાક્ષે) નિન્દુ છુ (આપની સમક્ષ) ગર્હા કરુ છુ અને મારા તે આત્માને વોસિરાવુ છુ (તજુ છુ) હે ભગવત! પહેલા મહાવ્રતમા હુ સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી વિરમવા માટે उवट्ठिओमि=ઉપસ્થિત (આદરવાળો) થયો છુ, અર્થાત્ પ્રાણાતિપાતથી અટકવાના પરિણામ (અધ્યવસાયો)વાળો થયો છુ-૧ (સૂ. ૩)

[શબ્દાર્થ ઉપરના સૂત્ર પ્રમાણે સૂક્ષ્મનામકર્મના ઉદયવાળા જીવોની હિંસા થઈ શકતી નથી માટે અહીં સૂક્ષ્મ એટલે અલ્પ (ન્હાનો) સમજવો આ સૂક્ષ્મ અને બાદર બન્નેના ત્રસ અને સ્થાવર એમ બે બે ભેદો છે તેમા કુન્થુઆ વગેરે સૂક્ષ્મત્રસ અને અનિ— બાગીક વનસ્પતિ આદિ સૂક્ષ્મસ્થાવરના જંતુઓ ગાય-બળદ વગેરે બાદરત્રસ અને પ્રગટ દેખાય તેવા સ્થૂલ પાણી વગેરે બાદરસ્થાવર જંતુઓ

[illegible] જેમાં 'અર્ધ' શબ્દથી
[illegible] કરવાનું [illegible]
[illegible] વિના પચ્ચક્ખાણ
[illegible]
[illegible] તે તે
[illegible] તેમાં અધ્યવસાય
[illegible] તે પચ્ચક્ખાણને
[illegible] ધર્મના [illegible] અને ધર્મ આત્માના
[illegible] પ્રગટાવવાનું [illegible], એટલે ન હોય
તો ક્રિયા [illegible] નથી. પ્રાણાતિપાતના દ્રવ્યથી, ક્ષેત્રથી,
કાળથી અને ભાવથી. એમ ચાર ભેદ છે. તેમાં ૧-દ્રવ્યથી છ જીવ-
નિકાય પૈકી કોઈપણ જીવદ્રવ્યનો પ્રાણાતિપાત. ૨-ક્ષેત્રથી ઊર્ધ્વ-
અધો કે તિર્છાલોકમાં કોઇ સ્થાને ૩-કાળથી ભૂત-ભવિષ્ય કે વર્તમાન-
કાળે, અથવા રાતે કે દિવસે કોઇ સમયે, અને ૪-ભાવથી રાગ દ્વેષાદિ
કોઈપણ દુષ્ટ અધ્યવસાયને યોગે થએલો પ્રાણાતિપાત સમજવો. એમાં
પણ દ્રવ્ય અને ભાવ બે ભેદોની ચતુર્ભંગી થાય છે, જેમ કે-કોઇપણ
દુષ્ટ પરિણામને વશ થઈ પ્રાણાતિપાત કરવો તે ૧-દ્રવ્ય અને ભાવ
ઉભયથી પ્રાણાતિપાત. જયણાના પરિણામ છતાં અનુપયોગાદિથી થાય
તે ૨-દ્રવ્યથી પ્રાણાતિપાત ભાવથી નહિ, પ્રાણાતિપાતની ઈચ્છા કરવી,
કે તેવો ઉપાય કરવા છતાં કોઈ કારણે સામો જીવ બચી જાય ત્યારે
૩-દ્રવ્યથી નહિ પણ માત્ર ભાવથી અને શુભ અધ્યવસાયથી
ઉપયોગપૂર્વક જયણાથી વર્તવા છતાં આકસ્મિક રીતે કોઈ જીવ મરે
તે ૪-દ્રવ્યથી નહિ અને ભાવથી પણ નહિ. એ ચારમાં પહેલો-ત્રીજો
બે ભાગા દુષ્ટઅધ્યવસાય યુક્ત હોવાથી તેનાથી વ્રતની વિરાધના થાય,
બીજાથી અતિચાર લાગે અને ચોથો શુદ્ધ કહ્યો છે. ઈત્યાદિ
પ્રાણાતિપાતનુ સ્વરૂપ સમજીને વ્રતપાલન માટે ઉદ્યત રહેવુ. સૂ૦-૩]

હવે બીજુ મહાવ્રત કહે છે—

अहावरे दुच्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं । सव्वं भंते ! मुसावायं पच्चक्खामि से कोहा वा-लोहा वा-भया वा-हासा वा, नेव सयं मुसं वइज्जा-नेवन्नेहिं मुसं वायाविज्जा-मुसं वयंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि। दु(दो)च्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं ॥२॥ सू ४॥

અહાવરે=હવે અપર એટલે પછીના દુચ્ચે=બીજા મહાવ્રતમાં મૃષાવાદથી અટકવાનું (જિનેશ્વરોએ કહ્યું છે માટે તેને ઉપાદેય સમજીને) હે ભગવંત ! હું સર્વ પ્રકારના મૃષાવાદને પચ્ચક્ખું (તજું) છું તે આ પ્રમાણે- કોહા=ક્રોધથી, લોહા=લોભથી ભયા=ભયથી હાસા=હાસ્યથી (સર્વત્ર 'વા=અથવા' સમજવું) સ્વયં મૃષા વદું નહિ બીજા દ્વારા વદાવું (બોલાવરાવું) નહિ અને બીજા કોઈ વદે તેને પણ સારા માનું નહિ જીવતા સુધી, ત્રણે યોગોથી (એટલે) મનથી વચનથી અને કાયાથી ત્રણ પ્રકારે (એટલે) સ્વયં લેશમાત્ર મૃષાભાષણ કરું નહિ બીજા દ્વારા કરાવું નહિ અને બીજો કોઈ કરે તેને સારો માનું નહિ હે ભગવંત ! ભૂતકાળમાં કરેલા તસ્સ=તે મૃષાભાષણને હું પ્રતિક્રમું છું, નિંદું છું ગર્હું છું અને મારા તે આત્માને (પર્યાયને) વોસિરાવું (તજું) છું હે ભગવંત ! બીજા મહા

[illegible]માં હું સર્વ પ્રકારના મૃષાવાદથી અટકવાના પરિણામ-વાળો થયો છું. (સૂ. ૪)

[અહીં ક્રોધ અને લોભ, એ [illegible] કહેવાથી [illegible] અને લોભ [illegible] સમજી લેવા. તથા ભયથી અને હાસ્યથી એમ તેના ઉપલક્ષણથી રાગથી દ્વેષથી કે અભ્યાખ્યાન વગેરેથી. એમ સર્વ કારણોથી જૂઠા બોલવાનો ત્યાગ સમજી લેવો. તથા સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ સંબંધી પણ જૂઠા ભાષણનો ત્યાગ સમજવો. જેમ હણવાથી હિંસા થાય છે તેમ જૂઠા બોલવાથી પણ હિંસા થાય છે. અહીં પણ દ્રવ્ય-ભાવ એની પહેલા વ્રતની જેમ ચતુર્ભંગી થાય છે. તેમાં છેલ્લો ભાંગો શૂન્ય સમજવો.

ભાષા એક પ્રકારનું ચિત્ર છે, ચિત્રની જેમ તે શુભ (સત્ય) બોલાય તો શ્રોતાને શુભભાવ અને અસત્ય બોલાય તો અશુભભાવ પ્રગટ કરે છે. કયું વચન સત્ય કહેવાય ? વગેરે વિસ્તારથી પછીના વાક્શુદ્ધિ અધ્યયનમા કહેવાનું હોવાથી ભાષા, તેના પ્રકારો વગેરે ત્યા કહેવાશે. સૂ.-૪]

હવે ત્રીજું મહાવ્રત કહે છે—

अहावरे तच्चे भंते! महव्वए अदिन्नादाणाओ वेरमणं। सव्वं भंते! अदिन्नादाणं पच्चक्खामि. से गामे वा—नगरे वा—रण्णे वा, अप्पं वा—बहुं वा, अणुं वा—थूलं वा, चित्तमंतं वा—अचित्तमंतं वा, नेव सयं अदिन्नं गिण्हिज्जा, नेवन्नेहिं अदिन्नं गिण्हाविज्जा, अदिन्नं गिण्हंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए, तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि। तच्चे भंते! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ॥३॥ सू. ५॥

[illegible]

હવે ચોથું મહાવ્રત કહે છે -

अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं । सव्वं भंते ! मेहुणं पच्चक्खामि. से दिव्वं वा–माणुसं वा–तिरिक्खजोणियं वा, नेव सयं मेहुणं सेविज्जा, नेवऽन्नेहिं मेहुणं सेवाविज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए, तिविहं–तिविहेणं, मणेणं–वायाए–काएणं,न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि। चउत्थे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मेहुणाओ वेरमणं ॥४॥ सू. ६॥

હવે પછીના ચોથા મહાવ્રતમાં હે ભગવંત ! मेहुणाओ=(સ્ત્રી–પુરુષના) મૈથુનકર્મથી અટકવાનું કહેલું છે. માટે હે ભગવંત ! હું સર્વમૈથુનને પચ્ચક્ખું છું. તે આ પ્રમાણે दिव्वं=દિવ્ય (દેવ–દેવી સંબંધી), माणुसं=મનુષ્યનું (પુરુષ–સ્ત્રી સંબંધી), અથવા तिरिक्खजोणियं=તિર્યંચ–પશુયોનિનું (નર-માદા સંબંધી), હું સ્વયં એ મૈથુનને સેવું નહિ. બીજાઓને સેવરાવું નહિ અને બીજા સેવનારાઓને સારા માનું નહિ. જીવતાં સુધી, ત્રિવિધ–ત્રિવિધ ભાગે, (એટલે)

नायाए काएणं, न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । पंचमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ॥५॥ सू, ७॥

હવે તે પછીના પાંચમા મહાવ્રતમાં હે ભગવંત ! પરિગ્રહથી અટકવાનું કહેલું છે, માટે હે ભગવંત ! હું સર્વપરિગ્રહને પચ્ચક્ખું છું. તે આ પ્રમાણે-મૂલ્યથી અલ્પ કે બહુ (મૂલ્યવાન્) તે પણ પ્રમાણથી ન્હાનું કે મોટું, તે પણ સચિત્ત કે અચિત્ત, એવા કોઇ પદાર્થમાં હું સ્વયં પરિગ્રહ (મૂર્છા-મમત્વ) કરું નહિ, બીજા દ્વારા કોઇ વસ્તુમાં પરિગ્રહ કરાવું નહિ, અને બીજાઓ કોઇ પદાર્થમાં પરિગ્રહ કરે તેને સારા માનું નહિ. જીવતાં સુધી, ત્રિવિધ-ત્રિવિધથી, (એટલે) મનથી વચનથી કે કાયાથી-કરું નહિ, કરાવું નહિ અને બીજા કરનારને સારો માનુ નહિં, હે ભગવંત ! ભૂતકાલમાં મેં કરેલા તે પરિગ્રહને (મમત્વને) પ્રતિક્રમું છું, નિન્દું છું, ગર્હું છું અને મારા તે આત્માને (પાપી પર્યાયને) વોસિરાવું છું. હે ભગવંત ! પાંચમા મહાવ્રતમાં સર્વપરિગ્રહથી અટકવા માટે માટે હું ઉપસ્થિત (આદરવાળો) થયો છું. (૫) (સૂત્ર-૭)

['પછી કહેવાશે તે 'मुच्छा परिग्गहो वुत्तो' એ વચનથી વસ્તુ રાખવી કે ભોગવવી તે પરિગ્રહ નથી, પણ 'છતી-અછતી વસ્તુમાં મમત્વ કરવું' તે પરિગ્રહ છે. અન્યથા શરીર પણ પરિગ્રહરૂપ બને, કોઇને દીક્ષા અપાય નહિ, ઇત્યાદિ સંયમનો (મોક્ષનો) માર્ગ જ અટકી જાય. અહીં સચિત્તપરિગ્રહનો પણ નિષેધ કરવાથી શિષ્યાદિ

પ્રત્યે મમત્વ થાય તો તે પણ પરિગ્રહ ગણાય એ પ્રમાણે
વસ્ત્ર-પાત્ર-આહાર-સ્થાન કે આવશ્યકાદિ ગૃહસ્થાના પ્રતિબંધન
(મમત્વને) પણ પરિગ્રહ સમજવો રાગનો ઉદય હોય ત્યાં સુધી
સર્વથા પરિગ્રહથી બચવું દુષ્કર છે માટે આ વ્રતપાલનથી સૂક્ષ્મ-
બાદર અતિચારોને ટાળવા સતત ઉદ્યમ રાખવો નિશ્ચયથી તો
સંયમના અનુષ્ઠાનનો દુરાગ્રહ કરવા ગુર્વાદિની આજ્ઞા-ઈચ્છા વિના
પણ તપ જપ- ઉગ્ર વિહારાદિ કરવા ઇત્યાદિ સ્વચ્છંદતાના આગ્રહરૂપ
હોવાથી પરિગ્રહ કહ્યો છે પરિગ્રહના પણ દ્રવ્યાદિ ચાર ભેદો છે
દ્રવ્યથી-વિવિધ દ્રવ્યોમાં ક્ષેત્રથી-સર્વલોકમાં કાળથી એકપણ કાળમાં
અને ભાવથી-રાગ-દ્વેષાદિના પ્રમાને પરિગ્રહ સમજવો પરિગ્રહ રાગથી
થાય તેમ ક્રોધ ઉપરના દ્વેષથી પણ થાય એમ અનેક પ્રકારે ભાવપરિગ્રહ
ગણાય. આ વ્રતમાં પણ દ્રવ્ય-ભાવ ભેદે ચાર ભાંગા થાય છે રાગ-દ્વે
વિના ધર્મોપકરણ રાખવાં તે ૧ દ્રવ્યથી પરિગ્રહ અને ભાવથી
અપરિગ્રહ મૂર્છા કરવા છતાં તેની પ્રાપ્તિ ન થાય તો ૨ ભાવથી
પરિગ્રહ અને દ્રવ્યથી અપરિગ્રહ મમત્વવાળાને ઈષ્ટ વસ્તુ મળે તો
દ્રવ્ય-ભાવ ઉભયથી પરિગ્રહ અને ચોથો ભાંગો શૂન્ય છે સૂ૦-૭]

હવે છઠ્ઠું વ્રત કહે છે—

अहावरे छट्ठे भंते ! वए राईभोयणाओ वेरमणं । सव्वं
भंते ! राइभोयणं पच्चक्खामि से असणं वा पाणं वा खाइमं वा
साइमं वा, नेव सयं राइं भुंजिज्जा नेवऽन्नेहिं राइं भुंजाविज्जा,
राइं भुंजंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए, तिविहं-
तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं
पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि
गरिहामि अप्पाणं वोसिरामि । छट्ठे भंते ! वए उवट्ठिओमि
सव्वाओ राइभोयणाओ वेरमणं ॥६॥ सू० ८ ॥

હવે તે પછીના છઠ્ઠા વ્રતમાં હે ભગવન્ત ! રાત્રિ-ભોજનથી અટકવાનું સ્વીકારું છું, માટે હે ભગવન્ત ! હું સર્વ-રાત્રિભોજનનો ત્યાગ કરું છું. તે આ પ્રમાણે-અશન, પાન, ખાદિમ કે સ્વાદિમને (ચારે આહારને), હું સ્વયં રાત્રે ભોજન કરું નહિ, બીજાઓ દ્વારા રાત્રે ભોજન કરાવું નહિ અને બીજા રાત્રે ભોજન કરનારાને સારો માનું નહિ, જીવતાં સુધી. ત્રિવિધ-ત્રિવિધથી, (અર્થાત્) મનથી વચનથી અને કાયાથી-(રાત્રિ ભોજન) કરૂં નહિ, કરાવું નહિ, બીજા કરનારને સારો માનું નહિ. હે ભગવંત ! (ભૂતકાલે કરેલા) તે રાત્રિભોજનને પ્રતિક્રમું છું, નિન્દું છું, ગર્હું છું અને મારા તે આત્માને (પર્યાયને) તજું છું. હે ભગવંત ! છટ્ઠા વ્રતમાં હું સર્વથા રાત્રિભોજનથી અટકવા માટે આદરવાળો થયો છું. (૬) (સૂ. ૮)

इच्चे(इ)याइं पंचमहव्वयाइं राइभोयणवेरमणछट्ठाइं अत्तहियट्ठयाए उवसंपज्जित्ता णं विहरामि ॥सू० ९॥

इच्चेइयाइं=એ રીતે પાંચમહાવ્રતોને, જેની સાથે રાત્રિભોજન વિરમણ વ્રત છટ્ઠું છે, તેને (છને) अत्तहियट्ठयाए=આત્મહિતાર્થે (મોક્ષ માટે) उवसंपज्जित्ता=સ્વીકારીને विहरामि=વિચરીશ. (સદાચારોના પાલનથી તેનું હું પાલન કરીશ.) (સૂ ૯)

[આ રાત્રિભોજન વિરમણ વ્રત પહેલા-છેલ્લા તીર્થંકરોના શાસનમા મૂલગુણ તરીકે જણાવેલું હોવાથી મહાવ્રતોની સાથે તેને છટ્ઠું વ્રત કહ્યું છે અને બાવીસ તીર્થંકરોના શાસનમાં તેને ઉત્તરગુણ કહેલો છે. આહારસંજ્ઞા એવી બળવતી છે કે તે સંજ્ઞાને વશ જીવ હિંસાદિ સર્વ પાપો અનંતા કાળથી કરતો આવ્યો છે. ક્રર માસાહારી

વગેરે દુઃખ મળે તે આ સત્તાનુ ફળ છે, ક્ષુધાપીડિત પ્રાણીઓ શુ શું અનર્થ નથી કરતા ? અને કયા કયા દુઃખો નથી વેઠતા ? તે સહી શકાય તેમ નથી એ કારણે સર્વથા આહાર વિના રહેવાય નહિ ત્યા સુધી શક્ય ત્યાગ કરવો આવશ્યક છે શારીરિક દૃષ્ટિએ પણ રાત્રિભોજન અહિતકર છે, રાત્રિભોજનના વિવિધ દોષો અનેક શાસ્ત્રોમા કહેલા છે વિદ્વદ્વર્ય ઉપા૦ શ્રી યશોવિજયજી ગણિવરે તો **निशाभक्ते स्वरूपतो दूषितत्वविचारप्रकरणम्** નામનો ગ્રંથ રચીને રાત્રિભોજનની પણ હિંસા-જૂઠ વગેરે આશ્રવોની જેમ સ્વરૂપથી દુષ્ટતા વર્ણવી છે એમ રાત્રિભોજન હિંસાની અપેક્ષાએ ત્યાજ્ય છે અને સ્વરૂપથી પણ દુષ્ટ છે તેનો ત્યાગ કર્યા વિના અહિંસાદિ શુદ્ધ પાલન શક્ય જ નથી, માટે શ્રમણધર્મમા આકરી આપત્તિ પ્રસંગે પણ ચારે આહારના રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કહેલો છે તેના પણ દ્રવ્યાદિ ચાર ભેદો છે, તેમા દ્રવ્યથી-અશનાદિ ચાર પ્રકારનુ ભોજન, ક્ષેત્રથી-(અઢી દ્વીપમા જ દિવસ-રાત્રિ હોવાથી) અઢીદ્વીપ ક્ષેત્ર કાળથી-રાતે કે દિવસે (ચાર પૈકી કોઈ દોષવાળુ વાપરવુ તે ચાર દોષોમા એક-રાત્રિએ લાવેલુ રાતે બીજો-રાત્રિએ લીધેલુ દિવસે ત્રીજો-દિવસે લીધેલુ રાતે અને ચોથો-દિવસે લીધેલુ અન્ય દિવસે વાપરવુ એમ ચાર દોષો કહ્યા છે) અને ભાવથી શુભાશુભ વર્ણાદિમા રાગ-દ્વેષાદિને વશ થવુ એમા પણ દ્રવ્ય ભાવ ભેદે ચતુર્ભંગી થાય છે તેનો ચોથો ભાંગો શૂન્ય સમજવો સૂ. ૮]

[આ છએ વ્રતો વિના આશ્રવરોધ થતો નથી અને આશ્રવરોધ વિના મુક્તિ થતી નથી મોક્ષના જ ઉદ્દેશથી કરેલુ વ્રતોનુ પાલન સફળ થાય છે, માટે 'આત્મહિતાર્થે' પદ કહ્યુ છે અને વ્રતના સ્વીકાર માત્રથી સફળતા થતી નથી યથાર્થ પાલન કરવુ જોઈએ, માટે **विहरामि** પદ કહ્યુ છે વ્રતો સ્વીકારીને તેના પાલન માટે સત્ત્વ ફોરવવાથી જ દીક્ષા સફળ થાય છે, અન્યથા ભવભ્રમણ વધવાનો

અર્થાત્ કે ચાંડુ આદિ ના અનાદરથી અનુક્રમે આપેલાં ઉદાહ-રણ, ઢંઢિણા, નાગશ્રી, વગેરે વિવિધ દુઃખો ભોગવવાં પડે છે.

[આ પ્રત્યેક ના ત્રણ સંયોગથી ભાંગા ૧૪૭ થાય છે. તેમ સાધુને છેલ્લા ૧૪૭મા ભાંગે આ પાલન કરવાનું હોય છે તે ભાંગા આ પ્રમાણે સમજવા. ૧-મનથી, ૨-વચનથી, ૩-કાયાથી, ૪-મન-વચનથી ૫-મન-કાયાથી, ૬-વચન-કાયાથી ૭-મન-વચન કાયાથી, (પ્રાણાતિપાતાદિ) કરું નહિ. એ (એક-દ્વિ-ત્રિસંયોગી ગણીને) સાત ભાંગા માત્ર 'કરું નહિ' એ એક ક્રિયાના થાય. એ જ પ્રમાણે ૨-કરાવું નહિ, ૩-અનુમોદું નહિ, ૪-કરું-કરાવું નહિ, ૫-કરું અનુમોદું નહિ. ૬-કરાવું-અનુમોદું નહિ અને ૭-કરું-કરાવું-અનુમોદું નહિ, એમ સાત પ્રકારની ક્રિયાના સાત સાત ગણતાં ઓગણપચાસ ભાંગા થાય, તેને ત્રણે કાળે ગુણતા ૧૪૭ થાય. એમા સાધુને છેલ્લા ભાંગે, અર્થાત્ ત્રણે કાળના પ્રાણાતિપાતાદિને મન-વચન-કાયાથી, ન કરુ ન કરાવુ અને ન અનુમોદું, એ ત્રિવિધ ભાંગાથી ત્યાગ કર્યો છે.]

હવે ચોથા અધિકારમાં ૭ કાયની યતના કહે છે, તેમાં પ્રથમ પૃથ્વીકાયની યતના માટે કહે છે કે—

से भिक्खू वा, भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खाय-पावकम्मे, दिआ वा, राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से पुढवीं वा मित्तिं वा सिलं वा लेलुं वा ससरक्खं वा कायं ससरक्खं वा वत्थं, हत्थेण वा पाएण वा कट्ठेण वा किलिंचेण वा अंगुलियाए वा सिलागए वा सिलागहत्थेण वा, न आलिहिज्जा न विलिहिज्जा न घट्टिज्जा न भिंदिज्जा, अन्नं न आलिहाविज्जा न विलिहाविज्जा न घट्टाविज्जा न भिंदाविज्जा, अन्नं आलिहंतं वा विलिहंतं वा घट्टंतं

ખોતરે નહિ. न विलिहिज्जा=વિલેખન કરે નહિ, (વારંવાર કે જોરથી ખોદે-ખોતરે નહિ.) न घट्टिज्जा=સંઘટ્ટન કરે (હલાવે ચલાવે) નહિ અને न भिंदिज्जा=ભેદ (ટુકડા કરે નહિ. બીજા દ્વારા પણ એ આલેખન, વિલેખન, સંઘટ્ટન, તથા ભેદ કરાવે નહિ અને બીજો કોઇ આલેખન. વિલેખન, સંઘટ્ટન કે ભેદ કરે તેને સારો માને નહિ. (માટે) હું જીવતાં સુધી ત્રિવિધ ત્રિવિધથી, અર્થાત્ મનથી વચનથી અને કાયાથી, એવું કરું નહિ, કરાવું નહિ, કે કરતા બીજાને સારો માનું નહિ, હે ભગવંત ! (પૂર્વે કરેલા) તે પાપને પ્રતિક્રમું છું, નિન્દું છું, ગર્હું છું અને મારા તે આત્માને (પર્યાયને) તજું છું-૧ (સૂ. ૧૦)

[છ કાયના આરંભનો ત્યાગ કરેલો હોવાથી ધર્મના સાધનભૂત દેહના રક્ષણ માટે ભિક્ષાવૃત્તિથી જીવવું જોઈએ, એમ જણાવવા માટે 'भिक्खू' કહ્યું છે. સંયત-વિરત-પ્રતિહતપ્રત્યાખ્યાતપાપકર્મા, વગેરે ગુણો વિના સાધુધર્મનું પાલન ન થાય, માટે તે વિશેષણો છે. શુભા-શુભ નવ કારણે સાધુ એકલો પણ હોય, માટે 'એકલો' એમ કહ્યું છે. નિદ્રામા પ્રમાદથી પણ વિરાધના સંભવિત હોવાથી 'સુપ્ત' કહ્યુ છે. અરણ્યની રજ સચિત્ત-મિશ્ર હોવાથી 'સરજસ્ક' પદ કહ્યુ છે. એમ પછીના સૂત્રોમાં પણ સમજવું. ૧૦]

હવે અપ્કાયની યતનાનો વિધિ કહે છે—

से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहयपच्चक्खायपावकम्मे, दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से उदगं वा ओसं वा हिमं वा महियं वा करगं वा हरतणुगं वा सुद्धोदगं वा उदउल्लं वा कायं उदउल्लं

ઉજ્જાલન, પ્રજ્વાલન કે નિર્વાપન કરાવે નહિ. તથા એ (ઉજ્જનાદિ ત્રિકમના) કરતા બીજા કોઈને અનુમોદે નહિ (માટે) હું પણ જીવું ત્યાં સુધી, ત્રિવિધ ત્રિવિધથી (અર્થાત્) મનથી વચનથી કાયાથી, તેવું કરું નહિ, કરાવું નહિ અને બીજા કરનારને સારો માનું નહિ. હે ભગવંત ! (પૂર્વે કરેલા) તે પાપને હું પ્રતિક્રમું છું, નિન્દું છું, ગર્હું છું અને મારા તે પાપી આત્માને વોસિરાવું છું-૩ (સૂ. ૧૨)

[આ સૂત્રના કૌંસમાં મૂકેલા સૂત્રો હારિ૦ ટીકામાં, દીપિકામાં તથા બીજા કેટલાક મૂળ ગ્રન્થોમાં પણ નથી.]

વાયુકાયની જયણાનો વિધિ કહે છે—

से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खाय-पावकम्मे, दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से सिएण वा, विहुयणेण वा, तालिअंटेण वा, पत्तेण वा, पत्तभंगेण वा, साहाए वा, साहाभंगेण वा, पिहुणेण वा, पिहुणहत्थेण वा, चेलेण वा, चेलकण्णेण वा, हत्थेण वा, मुहेण वा, अप्पणो वा कायं, बाहिरं वा वि पुग्गलं, न फुमेज्जा न वीएज्जा, अन्नं न फुमाविज्जा न वीआविज्जा, अन्नं फुमंतं वा वा वीयंतं वा न समणुजाणामि, जावज्जीवाए तिविहं—तिविहेणं मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ ४ ॥ १३ ॥

સંયત, વિરત અને પ્રતિહત-પ્રત્યાખ્યાત-પાપકર્મા,

એવો તે ભિક્ષુ કે ભિક્ષુણી, દિવસે કે રાત્રે એકાકી કે પર્ષદામાં રહેલો ઊંઘતો કે જાગતો સિએણ=ચામરવડે, વિહુયણણ=વીંજણા વડે, તાલિઅંટણ=તાલવૃન્ત (મધ્યમાં છિદ્ર-બે પડોવાળા પંખા) વડે, પત્તેણ=(પદ્મિની વગેરેના) પાંદડા વડે, પત્તભંગણ=પાંદડાના કકડા વડે, સાહાએ=(વૃક્ષની શાખા) વડે, સાહાભંગણ=શાખાના કકડા વડે, પિહુણણ= મયૂરાદિના પિંછાવડે, પિહુણહત્થેણ=પિંછાના સમૂહ વડે, ચેલેણ=વસ્ત્રવડે, ચેલકણ્ણેણ=વસ્ત્રના છેડા વડે, હત્થેણ=હાથ વડે, મુહેણ=મુખ વડે, એવા કોઈ સાધન વડે અપ્પણો કાય=પોતાના શરીરને કે બાહિર પુગ્ગલ=બહારના કોઈ પદાર્થ ને પણ ન ફુમેજ્જા=ફૂંકે નહિ કે ન વીએજ્જા=વીંઝે નહિ (ચામરાદિ દ્વારા પવન નાખે નહિ) એ રીતે અન્નં=બીજા દ્વારા ફૂંકાવે નહિ કે વીંઝાવે નહિ તથા બીજા ફૂંકતાને કે વીંઝતાને સારો માને નહિ, (માટે) હે ભગવંત ! હું પણ જીવતા સુધી ત્રિવિધ ત્રિવિધથી (એટલે) મનથી વચનથી અને કાયાથી એમ કરું નહિ, ઈત્યાદિ શેષ અર્થ ઉપર પ્રમાણે-૪ (સૂત્ર ૧૩)

વનસ્પતિકાયની જયણાનો વિધિ કહે છે—

स भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खाय पावकम्म दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्त वा जागरमाण वा, से बीएसु वा, बीयपइट्ठेसु वा रूढेसु वा, रूढपइट्ठेसु वा, जाएसु वा, जायपइट्ठेसु वा, हरिएसु वा, हरियपइट्ठेसु वा, छिन्नेसु वा, छिन्नपइट्ठेसु वा, सचित्तेसु वा, सचित्तकोल पडिनिस्सिएसु वा, न गच्छेज्जा न चिट्ठेज्जा न निसीएज्जा

न तुअट्टेज्जा, अन्नं न गच्छावेज्जा न चिट्ठावेज्जा न निसीआवेज्जा न तुअट्टावेज्जा अन्नं गच्छंतं वा चिट्ठंतं वा निसीयंतं वा तुअट्टंतं वा न समणुजाणामि, जावज्जीवाए, तिविहं-तिविहेणं, मणेणं, वायाए, काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ ५ ॥ सूत्र० १४ ॥

સંયત, વિરત અને પ્રતિહત-પ્રત્યાખ્યાતપાપકર્મા એવો તે ભિક્ષુક કે ભિક્ષુણી, દિવસે કે રાત્રે, એકાકી કે પર્ષદામાં રહેલો, ઊંઘતો કે જાગતો, સચિત્ત बीएसु=બીજો ઉપર (અનાજના કણ વગેરે સચિત્ત ઉપર) કે बीयपइट्ठेसु= બીજોના ઢગલા ઉપર મૂકેલી (શયનાદિ સચિત્ત અચિત્ત કોઇ) વસ્તુઓ ઉપર, એમ સર્વ પદોમાં पइट्ठेसु નો અર્થ ઉપર મૂકેલી વસ્તુઓ કરવો.) रूढेसु=તુર્ત ઉગેલા અંકુરાઓ ઉપર, કે તેવા અંકુરા ઉપર મૂકેલી કોઈ વસ્તુઓ ઉપર, जायेसु=(ધાન્યાદિના)છોડવાઓ ઉપર, કે તેવા છોડવાઓ ઉપરની કોઇ વસ્તુઓ ઉપર, हरिएसु=દુર્વા (ધ્રો) વગેરે લીલા ઘાસની ઉપર, કે તેના ઉપર રહેલા કોઈ આસનાદિ સચિત્ત અચિત્ત પદાર્થ ઉપર छिन्नेसु=(વૃક્ષાદિની) કપાએલી શાખા-પત્ર-પુષ્પો કે ફળાદિ ઉપર, કે તેના આધારે મૂકેલી અન્ય કોઇ આસનાદિ વસ્તુ ઉપર, सचित्तेसु=સજીવ (ઇડાં વગેરેના) ઉપર કે सचित्तकोलपडिनिस्सिएसु=(લાકડામા થતા) ઘુણ નામના કીડા વગેરે જીવો જેમા આશ્રય કરીને રહેલા (ઉપજેલા) હોય તેવા કાષ્ઠાદિ ઉપર, એવી કોઈ વસ્તુ ઉપર

પાંદડામાં ફરતો, ઊંઘતો કે જાગતો, कीडं=કોઈ કીડાને, पयंगं-પતંગીઆને, कुंथुं-કુંથુઆને કે पिपीलियं=કીડીને, (અહીં ઉપલક્ષણથી કીડાની સાથે બેઇન્દ્રિય જાતિના સર્વ ત્રસ જીવો, પતંગીઆની સાથે સર્વ ચૌરિન્દ્રિય જીવો, અને કુંથુઆ-કીડીની સાથે સર્વ તેઇન્દ્રિય જીવો પણ સમજી લેવા.) તે કોઈ પણ ત્રસ જીવો हत्थंसि=હાથ ઉપર, पायंसि=પગ ઉપર, बाहुंसि=ભુજા ઉપર, ऊरूंसि=સાથળ ઉપર, उदरंसि=પેટ ઉપર,सीसंसि=માથા ઉપર, वत्थंसि=વસ્ત્ર ઉપર पडिग्गहंसि=કોઈ પાત્રની ઉપર, कंबलंसि=કાંબળ ઉપર पायपुंछणंसि=દંડાસણ ઉપર, (અથવા ઓઘારીયા ઉપર) रयहरणंसि=રજોહરણ (ઓઘા) ઉપર, गोच्छगंसि=(પાત્રસ્થાપન) ગુચ્છા ઉપર, उंडगंसि=કુંડી ઉપર કે સ્થંડિલમાં(જીવ વિનાની શુદ્ધ ભૂમિમાં)दंडगंसि=દાંડા ઉપર पीढगंसि=પીઠ (પાટલા) ઉપર, फलगंसि=પાટીયા ઉપર, सेज्जंसि=શય્યામાં (ઉપાશ્રયમાં અથવા સાડા ત્રણ હાથ સંસ્તારકમાં). અથવા अन्नयरंसि= અન્ય કોઈ तहप्पगारे=તેવા પ્રકારના उवगरणजाए=(સંયમમાં ઉપકારી) ઉપકરણો ઉપર. ચઢ્યા હોય તેને) तओ=ત્યાંથી संजयामेव=સમ્યગ્ યતના પૂર્વક (એટલે એકાન્તે, અનુપદ્રવ સ્થળે, પરસ્પર પીડાય નહિ, ત્રાસ પામે નહિ, કિલામણા થાય નહિ, એ રીતે) પુનઃ પુનઃ પ્રતિલેખનપૂર્વક એકાન્ત સ્થળે મૂકે, પણ તેનો સંઘાત (ઢગલો) ન કરે. (અહીં ઉપલક્ષણથી બીજા પાસે પણ તેવી અજયણા કરાવે નહિ. બીજો કરે તેને સારો માને નહિ) વગેરે પણ પાઠ સમજી લેવો, તથા 'તેને હું જીવતાં સુધી ત્રિવિધ-ત્રિવિધેન' વગેરે

ગૃહસ્થોમાં પાલન સામાન્ય નથી, કઠિન છે, પણ તેથી તો સાધુનાં વ્રતોને મહાવ્રત કહ્યાં છે. ગૃહસ્થો ન કરી શકે તેવું દુષ્કર કાર્ય કરવાની પ્રતિજ્ઞા અને પાલન કરનારો જ સાચા ત્યાગીઓ પૂજનીય-વંદનીય મનાયા છે. સ્થાન જેટલું ઊંચું તેટલી જવાબદારી પણ મોટી હોય જ, તેના પાલન માટે સાવધાન રહેવું એ સાધુનો ધર્મ છે. ઇત્યાદિ 'પઢમે ભંતે મહવ્વએ' વગેરે અહીં સુધી કહેલાં પ્રત્યેક સૂત્રો સાધુ જીવનની મહત્તા સાથે ગંભીરતાને સમજાવનારાં તથા તેના પાલનનો માર્ગ બતાવનારાં છે.]

ચોથો અધિકાર પૂર્ણ થયો, પાંચમામાં ઉપદેશ કરે છે કે—

(૩૨) अजयं चरमाणो उ (य), पाणभूयाइं हिंसइ ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥४-१॥

अजय=અયતનાપૂર્વક (જિનાજ્ઞા–ગુર્વાજ્ઞા વિરુદ્ધ) चरमाणो=ચાલતો સાધુ पाण=(બેઇન્દ્રિય વગેરે) ત્રસને અને भूयाइं=(એકેન્દ્રિય પૃથ્વીકાયાદિ) સ્થાવર જીવોને હણે છે, તેનાથી પાપ (દુષ્ટ જ્ઞાનાવરણીયાદિ) કર્મને બાંધે છે અને तं=તે કર્મ से=તેને कडुयं फलं=કટુફળને (અતિ આકરાં દુઃખોને) આપનારું થાય છે. (૪-૧)

[चरमाणो'નો અર્થ નિશ્ચયથી 'તપ–જપ–જ્ઞાન–ધ્યાનાદિ પ્રવૃત્તિ કરતો અર્થાત્ ચારિત્ર પાળતો, એમ પણ થાય.]

(૩૩) अजयं चिट्ठमाणो उ, पाणभूयाइं हिंसइ ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥४-२॥

(૩૪) अजयं आसमाणो उ, पाणभूयाइं हिंसइ ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥४-३॥

(૩૫) अजय सयमाणो उ, पाणभूयाइ हिंसइ ।
बंधइ पावय कम्म, त से होइ कडुय फल ॥४-४॥

(૩૬) अजय भुजमाणो उ, पाणभूयाइ हिंसइ ।
बंधई पावय कम्म, त से होइ कडुय फल ॥४-५॥

(૩૭) अजय भासमाणो उ, पाणभूयाइ हिंसइ ।
बंधई पावय कम्म, त से होइ कडुय फल ॥४-६॥

દરેક ગાથાઓનો અર્થ પહેલી ગાથાના પ્રમાણે છે, માત્ર બીજીમા चिट्ठमाणो=ઉભો રહેતો, ત્રીજીમા आसमाणो= બેસતો, ચોથીમા सयमाणो=શયન કરતો, પાચમીમા भुजमाणो=ભોજન કરતો અને છઠ્ઠીમા भासमाणो=ભાષણ કરતો બોલતો એમ સમજવુ પાચે ગાથાનો સળગ અર્થ અયતનાથી ઉભો રહેતો, બેસતો, શયન કરતો, ભોજન કરતો કે બોલતો સાધુ પ્રાણુ-ભૂતોની (ત્રસ-સ્થાવર જીવોની) હિંસા કરે છે, તેનાથી પાપકર્મ બાધે છે અને કર્મ તેને કડુફળ (દુ ખો) આપનારુ થાય છે (૪-૨ થી ૬)

[અહી ચાલવામા ઈર્યાસમિતિ નહિ પાળવી ઉભા રહેવામા હાથ પગ જેમ તમ રાખવા કે દષ્ટિ જેમ તેમ ફેરવવી, બેસવામા પગ લાંબા પહોળા રાખવા જ્યા ત્યા બેસવુ અપ્રમાર્જિત ભૂમિ ઉપર બેસવુ પૂજન વાવાની આદાનના થાન તમ પીઠાદિ કરીને બેસવુ વગેરે શયન સ્વામા-ઘણા વખત સુધી વારવાર ક ... ઉઠ રહેવુ સથારો પાથરી રાખવા વગેરે ભાજનમા-વિના કારણ કે મારનુ પણ માદક આહાર સેરો સારો આહાર પણ માત્ર-રિયાળની જેમ અવિધિએ વાપરવા વગેરે અને બોલવામા ગૃહસ્થની ભાષામા નિષ્ઠુર

[illegible] વિષયમા [illegible] છે.]

એમ સાંભળીને શિષ્ય પૂછે છે અને ગુરુ કહે છે કે—

(૩૮) कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सए।

कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ॥४–७॥

कहं-કેવી રીતે ચાલે, કેવી રીતે ઉભો રહે, કેવી રીતે બેસે, કેવી રીતે શયન કરે, કેવી રીતે ભોજન કરે અને કેવી રીતે બોલે, તો પાપકર્મ ન બાંધે ? (૪–૭)

(૩૯) जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए।

जयं भुंजंतो भासंतो, पावं कम्म न बंधई ॥४–८॥

जयं=યતનાથી ચાલે, યતનાથી ઉભો રહે, યતનાથી બેસે, યતનાથી શયન કરે, યતનાથી ભોજન કરે તથા યતનાથી બોલે, તો પાપકર્મ બાંધે નહિ. (૪–૮)

[ઉપર કહી તે અયતનાને ટાળીને ઈર્યાસમિતિપૂર્વક ચાલવાથી, હાથ-પગ વગેરે-લાંબા-પહોળા કર્યા વિના શાન્ત સભ્યતાથી ઉભા રહેવાથી, ઉચિત પ્રમાર્જેલી ભૂમિ ઉપર ઉપયોગપૂર્વક અંગોપાંગ પૂંજી પ્રમાર્જીને બેસવાથી, રાત્રે મર્યાદિત સમય સુધી-સમાધિપૂર્વક-શયન કરવાથી, કારણે કલ્પ્ય-નિર્દોષ પ્રમાણોપેત--પથ્ય આહારનું 'સિંહભક્ષિત--પ્રતરભક્ષિત' આદિ વિધિપૂર્વક ભોજન કરવાથી અને કોમળ શબ્દોમા હિતકર--અવસરોચિત વચન સાધુની ભાષામાં બોલવાથી તે તે વિષયમા યતના થાય છે. યતના કરવાથી આશ્રવનો રોધ અને સાધુઆચારનું પાલન થવાથી પાપકર્મ બંધાતુ નથી]

(૪૦) सव्भूयप्पभूयस्स, सम्मं भूयाइं पासओ।

पिहिआसवस्स दंतस्स, पावं कम्मं न बंधई ॥४–९॥

કરેલું [illegible] હોય તો પણ [illegible] હોવાથી નિષ્ફળ થાય છે, અર્થાત્ [illegible] નહિ, કરવા તુલ્ય બને છે. અજ્ઞાની પણ જ્ઞાનીની આજ્ઞાનુસાર વર્તે તો 'માસતુસ' મુનિની જેમ કર્મોને કાપી શકે છે. વર્તમાનમાં તો ગુરુ આજ્ઞાનું પ્રાધાન્ય સવિશેષ સમજવું આવશ્યક છે. ગુરુઆજ્ઞાને આધીન થવા મનની કેડધામ અટકે છે, ઈન્દ્રિયોનો રોધ થાય છે, વિનય થાય છે, એમ આજ્ઞાપાલનથી વિવિધ લાભો થાય છે એ વિના સ્વમતિઅનુસાર વર્તવામાં વસ્તુતઃ મનની જ સેવા બની હોય છે અને પરિણામે દોષનો પક્ષ, ગુણોનો દ્વેષ, ઉત્સૂત્ર વચન, આદિ વિવિધ દોષો પ્રગટે છે. વર્તમાનમાં વિશિષ્ટ જ્ઞાનીઓનો અભાવ છે, તો પણ 'સંજમ ખપ કરતા મુનિ નમીએ દેશકાળ અનુમાને રે ભવિ૦' એ ઉપા૦ **શ્રી યશોવિજયજીના** વચન પ્રમાણે દેશ-કાળાદિને અનુસરીને સંયમમાં ખપી હોય તેને ઉત્તમ ગુરુ સમજી તેઓની આજ્ઞાના પાલનથી આરાધક થવું હિતકર છે. એકલા જ્ઞાનને પાંગળું અને જ્ઞાન વિનાની ક્રિયાને નિષ્ફળ કહી છે, કહ્યું છે કે 'ज्ञानस्य फलं विरतिः' । અર્થાત્ ત્યાગ-વૈરાગ્ય વિનાનું જ્ઞાન ફળરહિત-વન્ધ્યાતુલ્ય છે અને કેવળ ક્રિયાનો પક્ષ અંધની ક્રિયા તુલ્ય અહિતકર છે, વગેરે આ વિષયમાં નિશ્ચય-વ્યવહારનયથી ઉત્સર્ગ-અપવાદો ઘણા છે, માટે આત્મસાક્ષીએ ઋજુભાવે બહિરાત્મદશા ટળે અને અંતરાત્મદશા પ્રગટે તે માર્ગે ચાલવું હિતકર છે.]

જ્ઞાનનું પ્રયોજન જણાવે છે કે—

(૪૨) **सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।**
उभयं पि जाणइ सोच्चा, जं सेयं तं समायरे
॥४–११॥

(શ્રાવક જિનવચન) सोच्चा=સાંભળવાથી कल्लाण=સંયમને જાણે છે અને સાંભળવાથી पावगं=પાપને (અસંયમને) પણ જાણે છે. ઉભયને પણ સાંભળવાથી જાણે છે, (એમ જાણ્યા

જાણે છે, તયા=ત્યારે સર્વ જીવોની ઘણા પ્રકારની (નરકાદિ શુભાશુભ) ગતિને જાણે છે. (૪-૧૪)

[દ્રવ્ય ગુણ પર્યાયથી જીવ અજીવ પદાર્થનું ત્રૈકાલિક જ્ઞાન થવાથી જ આત્મા, તેને બંધાતા કર્મો, તેના શુભાશુભ ફળો, ઈત્યાદિ સર્વ જાણી શકાય છે. કોઈપણ પદાર્થનું જ્ઞાન તેના દ્રવ્ય ગુણ અને પર્યાયના જ્ઞાન વિના અધુરું જ રહે છે. જિનવચનો છદ્મસ્થ જીવો માટે ઉપકારક એ માટે છે કે તે પૂર્ણજ્ઞાન પ્રગટ્યા પછી બોલાએલા છે. છદ્મસ્થનું જ્ઞાન ગમે તેટલું પણ સાગર સામે બિન્દુ તુલ્ય અને રાગાદિ દોષયુક્ત હોવાથી જિનવચન વિનાના બીજાં ગમે તેવા સાધનોથી પણ પૂર્ણ અને નિર્દોષ જ્ઞાન થવું શક્ય જ નથી એ કારણે જિનેશ્વરો જેટલો કે તેથી પણ વધારે ઉપકાર શ્રી જિનવચનનો છે, એમ સમજવાનું છે.]

(૪૬) जया गइं बहुविहं, सव्वजीवाण जाणइ ।
तया पुण्णं च पावं च, बंधं मुक्खं च जाणइ ॥४-१५॥

જ્યારે સર્વજીવોની બહુ પ્રકારની ગતિને (ભૂત-ભાવિ અવસ્થાઓને) જાણે છે, ત્યારે તેના કારણભૂત પુણ્યને, પાપને અને એ પુણ્યપાપરૂપ કર્મોના બંધને તથા મોક્ષને પણ જાણે છે. (૪-૧૫)

(૪૭) जया पुण्णं च पावं च, बंधं मुक्खं च जाणइ ।
तया निव्विदए भोए, जे दिव्वे जे अ माणुसे ॥४-१६॥

જ્યારે પુણ્યને અને પાપને જાણે છે અને એના બંધને તથા મોક્ષને જાણે છે, ત્યારે જ જે દેવસંબંધી અને મનુષ્યસંબંધી ભોગો (પાંચે ઈન્દ્રિયોના વિષયો) છે, તેના પ્રત્યે निव्विदए=નિર્વેદ (અનાદર) કરે છે. (૪-૧૬)

અબોધિ (મિથ્યાત્વ) રૂપ કલુષથી (કલેશથી) कडं=કરેલી (બાંધેલી) कम्मरयं=કર્મરૂપરજને धुणइ=ખંખેરે છે (આત્મ-પ્રદેશોથી દૂર કરે છે). (૪-૨૦)

(૫૨) जया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ।
तया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ॥४-२१॥

જ્યારે અબોધિથી બાંધેલી કર્મરજને દૂર કરે છે, ત્યારે सव्वत्तगं=સર્વકાળના સર્વ પદાર્થોને જણાવનારા જ્ઞાનને અને દર્શનને अभिगच्छइ=પામે છે (પ્રગટ કરે છે.) (૪-૨૧)

(૫૩) जया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ।
तया लोगमलोगं च, जिणो जाणइ केवली ॥४-२२॥

જ્યારે સર્વ વસ્તુવિષયનું જ્ઞાન અને દર્શન પામે (પ્રગટ થાય) છે, ત્યારે जिणो=(રાગદ્વેષાદિનો સર્વથા જય કરનાર) જિન અને केवली=કેવલી (સમ્પૂર્ણ જ્ઞાન-દર્શનનો ધારક) તે लोगं=લોકને (ચૌદરાજ પ્રમાણ લોકમાં રહેલા સર્વ ભાવોને) અને अलोगं=અનંત અલોકને જાણે છે. (૪-૨૨)

(૫૪) जया लोगमलोगं च, जिणो जाणइ केवली ।
तया जोगे निरुंभित्ता, सेलेसिं पडिवज्जइ ॥४-२३॥

જ્યારે જિન અને કેવળી એવો તે લોકને અને અલોકને જાણે છે, ત્યારે (છેલ્લા અંતર્મુહૂર્તમાં) મન-વચન-કાયારૂપ સૂક્ષ્મ બાદર સર્વ जोगे=યોગોને निरुंभित्ता=રોકીને (વ્યાપાર તજીને) सेलेसिं=શૈલેશીને (આત્મપ્રદેશોની મેરુપર્વત નિશ્ચળ અવસ્થાને) पडिवज्जइ=પ્રાપ્ત કરે છે. (૪-૨૩)

(५५) जया जोगे निरुंभित्ता सेलेसिं पडिवज्जइ ।
तया कम्मं खवित्ता णं, सिद्धिं गच्छइ नीरओ ॥४–२४॥

જ્યારે યોગોને રોકીને શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વ કર્મોનો ક્ષય કરીને નીરઓ=કર્મરજરહિત થએલો આત્મા સિદ્ધિને (સિદ્ધશિલારૂપ સ્થાનને) પામે છે (૪–૨૪)

(५६) जया कम्मं खवित्ता णं, सिद्धिं गच्छइ नीरओ
तया लोगमत्थयत्थो, सिद्धो हवइ सासओ ॥४–२५॥

જ્યારે સર્વ કર્મોને ખપાવીને રજરહિત તે સિદ્ધિને પામે છે, ત્યારે લોગમત્થયત્થો=ત્રણ લોકના મસ્તકે રહેલો (કર્મરૂપ બીજના અભાવે પુન સંસારમા ઉત્પન્ન નહિ થવારૂપ) સાસઓ=શાશ્વત સિદ્ધો હવઇ=સિદ્ધ થાય છે (૪–૨૫)

[ઉપરની ગાથાઓમા જિનેશ્વરોએ કહેલા સમ્યગ્ જ્ઞાન–ક્રિયાને પામીને આત્મા ઉત્તરોત્તર ગુણોના પ્રગટીકરણરૂપ ગુણશ્રેણીમા કેવા ક્રમે ચઢે છે અને અંતિમ ધ્યેયને કઈ રીતે સિદ્ધ કરે છે એ જણાવીને જ્ઞાન–ચારિત્રધર્મનુ ઉત્તમ ફળ બતાવ્યુ છે એમા વસ્તુત વીતરાગપ્રરૂપિત ધર્મના અનુપમ મહિમા અને અનિવાર્ય આવશ્યકતા સમજાવી છે]

ધર્મના એ ફળો કોને દુલભ–સુલભ થાય તે કહે છે–

(५७) सुहसायगस्स समणस्स, सायाउलगस्स निगामसाइस्स ।
उच्छोलणापहोअस्स, दुल्लहा सुगई तारिसगस्स ॥४–२६॥

સુહસાયગસ્સ (પૌદ્ગલિક વિષયસુખોને ભોગવવામા

આસક્ત)સુખશીલ, सायाउलगस्स=(ભાવિ તેવાં) સુખોને મેળવવામાં એકચિત્ત, निगामसाइस्स=(જ્ઞાન-ક્રિયા પ્રત્યે અનાદર કરીને વારંવાર-ઘણુ) કાયમ શયન કરનાર અને उच्छोलणापहोअस्स=વારંવાર હાથ-પગ-મુખ કે વસ્ત્રાદિ ધોવાની ટેવવાળા तारिसगस्स समणस्स=તેવા (શિથિલાચારી) શ્રમણને सुगई=दुल्लहा=(મોક્ષપ્રાપ્તિ પર્યન્તની) સદ્ગતિ દુર્લભ છે. (૪ ૨૬)

(૫૮) तवोगुणपहाणस्स, उज्जुमइ खंतिसंजमरयस्स ।
परीसहे जिणंतस्स, सुलहा सुगई तारिसगस्स ॥४-२७॥

છટ્ઠ-અટ્ઠમ આદિ तवोगुणपहाणस्स=તપ ગુણ જેનામાં શ્રેષ્ઠ હોય, उज्जुमइ=(મોક્ષમાર્ગને પાળવામાં) સરળબુદ્ધિવાળો હોય, खंतिसजमरयस्स=ક્ષમાપૂર્વક સંયમમાં રક્ત અને ક્ષુધાદિ પરીષહોને જીતનાર હોય, तारिसगस्स=તેવા સાધુને ઉપર કહેલી સદ્ગતિ સુલભ છે. (૪-૨૭)

(૫૯) पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणाइं ।
जेसिं पिओ तवो संजमो य, खंती य बंभचेरं च
॥४-२८॥

જેઓ पच्छा=પછી (વૃદ્ધાવસ્થામા, અથવા ચારિત્રને વિરાધીને પાછળથી પ્રાયશ્ચિત્ત અંગીકાર કરવાથી, કે ફરીથી) पयाया=પ્રજાતા (દીક્ષિત થયા હોય, અને)जेसिं=જેઓને (તથાવિધ નિરતિચાર પાલન નહિ કરી શકવા છતાં) તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય હોય તે=તેઓ खिप्पं=શીઘ્ર अमरभवणाइ=દેવલોકને गच्छंति=પામે છે. (૪-૨૮)

પાંચમું પિંડૈષણા અધ્યયન

આ અધ્યયનમાં પિંડ એટલે આહાર-વસ્ત્ર-પાત્ર-વસ્તી વગેરે સંયમ અને શરીર માટે ઉપકારક પદાર્થોને મેળવવાં ષણા નિર્દોષ માર્ગ બતાવેલો હોવાથી તેનું પિંડ+ષણા પિંડેષણા: એવું નામ છે. પિંડશુદ્ધિ સાથે જવું—આવવું બોલવું-ભોજન કરવું વગેરેનો પણ ઉત્તમ વિધિ અને પ્રવૃ પ્રવૃત્તિ કરતાં શરીર, સંયમ અને શાસનની રક્ષા થાય તે વિશિષ્ટ ઉપાયો કહેલા છે—

[બીજાને લેશ પણ દુઃખ ન થાય, એ રીતે આત્મવિકાસ અનન્યસાધનભૂત માનવદેહને ટકાવવાના ધ્યેયથી અનાસક્તભા અન્નાદિ મેળવવું તેને ભિક્ષા કહેવાય છે. સર્વપરિગ્રહનો ત્યાગી સા વર્ગ આવી ભિક્ષા મેળવવાનો અધિકારી બને છે. એને ભિક્ષા આપવા ગૃહસ્થને પણ ધર્મની સિદ્ધિ અને પાપથી શુદ્ધિ થાય છે. કારણ સર્વજીવોની દયા-રક્ષા કરનારા સાધુઓ જીવમાત્રના ઉપકારી છે. એ સેવા કરવાનો એક પ્રકાર ભિક્ષા આપવી તે પણ છે. કોઇને દુઃ ન થાય, કે ન્હાનામા ન્હાના જીવની પણ હિંસા ન થાય, એ રી ભિક્ષા મેળવીને જીવનનિર્વાહ કરવો, તે ખાડાની ધાર ઉપર ચાલ તુલ્ય ક્લિષ્ટતમ કાર્ય છે. તેમાથી જેવી રીતે પાર ઉતરવુ તે અધ્યયનમાં વિસ્તારથી-શક્ય બને તે રીતે જણાવેલું છે સંયમ રક્ષા માટે ઉપરના અધ્યયનમાં કહ્યું, હવે સંયમ જેટલી જ અગ દેહરૂપ સાધનની પણ હોવાથી અહીં તેના નિર્વાહનો ઉપાય બતાવે અથવા ચોથા અધ્યયનમા પ્રાણાતિપાતવિરમણાદિ મૂળ ગુણો કહ્યા આમા ઉત્તરગુણો કહે છે, એમ ચોથા પાચમાનો સંબધ સમજવે

(६१) संपत्ते भिक्खकालम्मि, असंभंतो अमुच्छिओ।
इमेण कमजोगेण, भत्तपाणं गवेसए ॥५-१॥

भिक्खकालम्मि-ભિક્ષાકાળ संपत्ते=સંપ્રાપ્ત થતાં असंभंतो-અનાકુળપણે (વિધિપૂર્વક પાત્રપ્રતિલેખનાદિ કરીને) अमुच्छिओ=(શબ્દાદિ અન્ય વિષયોમાં કે અશનાદિમાં) મૂર્છારહિત સાધુ इमेण=આ કહીશું તે कमजोगेण-ક્રમિક પ્રવૃત્તિથી भत्तपाणं=નિર્દોષ આહાર-પાણીની गवेसए=શોધ કરે (૧-૧)

[આ ગાથાથી [illegible] નો નિયમ સમજવા [illegible] ના [illegible] પારિની પછીના કાળને [illegible] નહિ [illegible] સંગ્રામ' [illegible] તથા સ્વાધ્યાયાદિ સંયમ-[illegible] વર્તનારને [illegible] સમજવા સંયમ[illegible] પણ ભિક્ષા માટે અનધિકારી સમજવા એમ [illegible] પણ સમજી લેવું]

—વે ભિક્ષાએ નીકળેલાને ચાલવાનો વિધિ કહે છે—

(६२) से गामे वा नगरे वा, गोयरग्गगओ मुणी।
चरे मंदमणुव्विग्गो, अव्वक्खित्तेण चेयसा ॥५-२॥

ગામમાં કે નગરમાં गोयरग्गगओ=ગોચરીમાં અગ્રગત (અધિકારી) से मुणी=તે મુનિ अणुव्विग्गो=ઉદ્વેગ રહિત, अव्वक्खित्तेण चेयसा=અવ્યાક્ષિપ્ત ચિત્તથી (ઉપયોગયુક્ત) मंदं=ધીમે ધીમે ચાલે (૧-૨)

માર્ગ सइ एव=ન હોય તો જ जयं= યતનાપૂર્વક परक्कमे=પરાક્રમે-સાવધ બનીને ચાલે.) (૧-૬)

[અહીં सइ પદ असइ અર્થમાં સમજવું. પ્રાકૃત નિયમ પ્રમાણે अ લુપ્ત સમજવો. जयं ક્રિયાવિશેષણ અને अन्नेण વગેરે પદોમાં તૃતીયા વિભક્તિ સપ્તમીના અર્થમાં સમજવી.]

સામાન્ય વિધિ કહીને હવે પૃથ્વીકાયની યતના કહે છે—

(६७) इंगालं छारिअं रासिं, तुसरासिं च गोमयं।
ससरक्खेहिं पाएहिं, संजओ तं नइक्कमे ॥१-७॥

इंगालं=**અંગારાના ઢગલાને** छारियं रासिं=**ભસ્મ કે ક્ષારના ઢગલાને** तुसरासिं=કોઇ જાતિનાં **ફોતરાંના ઢગલાને** અને गोमयं=**છાણાંના ઢગલાને** (એ વસ્તુઓ અચિત્ત હોય તો પણ) तं=તેને संजओ=**સાધુ** ससरक्खेहिं= સચિત્ત પૃથ્વીની **રજથી ખરડાયેલા** પગે, नइक्कमे=**ન ઉલ્લંઘે** (ઉપર ન ચાલે.) ૧-૭)

[અંગારા કોલસારૂપ સમજવા. એ દરેક અચિત્ત ઉપર ચાલતા પણ પગે લાગેલી સચિત્ત રજરૂપ પૃથ્વીકાયની હિંસા થાય.]

હવે અપ્કાય આદિની યતના માટે કહે છે—

(६८) न चरेज्ज वासे वासंते, महियाए व पडंतिए।
महावाए व वायंते, तिरिच्छसंपाइमेसु वा ॥१-८॥

वासे वासंते=**વરસાદ વરસતે** કે महियाए=**ધૂમ્મસ પડે ત્યારે,** અપ્કાયની યતના ઇચ્છતો સાધુ રસ્તે ન ચાલે. (નીકળ્યા પછી વરસે તો એકાન્ત સ્થાને ઉભો રહે) તથા મહાવાત (આકરો પવન) વાતે છતે અને तिरिच्छसंपाइमेसु= **તિર્છા જીવો પડતે છતે,** અર્થાત્ પતંગીયાં-તીડ આદિ

[વૃદ્ધવાદ એવો છે કે-ચિત્તનું આકર્ષણ થવાથી ચોથા વ્રતમાં આહારાદિ લેતાં એષણા શુદ્ધિમાં ઉપયોગ ન રહેતાં હિંસા થવાથી પહેલા વ્રતમાં, તે સ્રીને મેળવવા-ઓળખવા માટે પૂછવાથી-બોલવાથી બીજા વ્રતમાં, જિનાજ્ઞા વિરુદ્ધ તીર્થંકર અદત્ત થવાથી ત્રીજા વ્રતમાં અને સ્રીમાં મમત્વ થવાથી પાંચમા વ્રતમાં પીડા એટલે અતિચારો લાગે. પરિણામે ભાવથી સંયમના પરિણામોનો પણ નાશ થાય અને દ્રવ્યથી વેષ પણ છોડવાનું બને. એમ એક દોષથી પાંચે મહાવ્રતોને અને તેથી દ્રવ્ય-ભાવ ચારિત્રને હાનિ પહોંચે છે.]

(૭૧) तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वज्जए वेससामंतं, मुणी एगंतमस्सिए ॥१-११॥

×××तम्हा=તે માટે एयं=એ ઉપર કહેલા दोसं=દોષને જાણીને, एगंतं=મોક્ષને अस्सिए=આશ્રિત (સાધતો) મુનિ દુર્ગતિને વધારનાર વેશ્યાના વસવાટવાળા રસ્તાને वज्जए=વર્જે. (૧-૧૧)

(૭૨) साणं सूयं गाविं, दित्तं गोणं हयं गयं ।
संडिब्भं कलहं जुद्धं, दूरओ परिवज्जए ॥१-१२॥

××× વળી મોક્ષનો સાધક મુનિ માર્ગે ચાલતાં साणं=કુતરાને, सूयं गाविं= તુર્ત વીઆએલી ગાયને, दित्तं=મદોન્મત્ત गोणं हयं गयं=બળદને, ઘોડાને, હાથીને, (અર્થાત્ તે હોય તેવા માર્ગને) અને संडिब्भं= બાલકો રમતાં હોય, कलहं=વાક્કલહ (કજીઓ ચાલુ હોય, जुद्धं=શસ્રોથી યુદ્ધ થતું હોય તે માર્ગ દૂરથી જ તજી દે. એ રસ્તે ન જાય. (૧-૧૨)

અન્યથા શરીરવિરાધના અને લોકોમાં હલકાઈ થવાથી સંયમ-વિરાધના, એમ બન્ને વિરાધના થાય.]

(૭૫) आलोअं थिग्गलं दारं, संधिं दगभवणाणि अ ।
चरंतो न विनिज्झाए, संकट्ठाणं विवज्जए ॥१-१५॥

વળી માર્ગે ચાલતો મુનિ आलोअं=ગોખ બારી વગેરેને थिग्गलं=પૂરી દીધેલા दारं=ભીંત વગેરેના દ્વારને संधिं=પૂરી દીધેલા સાંધાને (ખાતર વગેરે માટે કરેલા છિદ્રાદિને) दगभवणाणि=પાણીઆરાંને, ઇત્યાદિ બીજાને શંકા થાય તેવાં संकट्ठाणं=શંકાસ્થાનોને, न विनिज्झाए= ધારી ધારીને ન જુવે, કિન્તુ જોવું વર્જે. (૧-૧૫)

[એવુ જોવાથી બીજાને 'આ ચોર હશે એવી, કે ચોરી થઇ હોય તો એ ચોરી ગયો હશે' વગેરે શંકા થાય, એથી સંયમની હલકાઈ થાય ને શિક્ષા વગેરેથી શરીરની વિરાધના પણ થાય.]

(૭૬) रन्नो गिहवईणं च, रहस्सारक्खियाण य ।
संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए ॥१-१६॥

रन्नो=ચક્રવર્તી આદિ રાજાના गिहवईण=ધનિક-ગૃહસ્થોનાં, आरक्खियाण=આરક્ષકોનાં(કોટવાળોનાં)અને रहस्स=ગુપ્ત ઓરડા વગેરે संकिलेसकरं=સંક્લેશ કરનારા ठाणं=સ્થાનોને દૂરથી જ તજે, ધારીને જુવે નહિ. (૧-૧૬)

[રાજા કે શ્રીમંતોના સ્થાનો જોવાથી અસયમની દુષ્ટ ઈચ્છાઓ થાય અને કોટવાળ વગેરેની ગુપ્ત વાત પ્રગટ થઈ હોય કે થાય તો જોનાર સાધુને ગુન્હેગાર માની શિક્ષા કરે, વગેરે વિવિધ ... નો સંભવ સમજવો.]

उग्गहंसि=અવગ્રહને अजाइआ=યાચ્યા વિના (અનુમતિ વિના) अप्पणा=પોતે (સ્વયં) न अवपंगुरे=ન ઉઘાડે. તથા બંધ કરેલા कवाडं=કમાડને પણ પોતાની મેળે न पणुल्लिज्जा=ન ઉઘાડે. સબળ કારણે તો 'ધર્મલાભ' ઉચ્ચારીને અનુમતિ મળે તો ઉઘાડે. (૧-૧૮)

[અનુમતિ વિના અદત્તાદાન અને ઉઘાડતા દ્વેષાદિનો સંભવ રહે]

(૭૯) गोअरग्गपविट्ठो य, वच्चमुत्तं न धारए।
ओगासं फासुअं नच्चा, अणुन्नविय वोसिरे ॥१-१९॥

વળી ગોચરી માટે જનારો સાધુ वच्चमुत्तं=વડી-લઘુ-નીતિને न धारए=રોકે નહિ, નીકળતાં પહેલાં બાધા ટાળે, એમ છતાં કોઈ કારણે બાધા સહિત નીકળવું પડે કે પુનઃ બાધા થાય, તો फासुअं=પ્રાસુક (નિર્જીવ) ओगासं=અવકાશને (સ્થાનને) नच्चा=જાણીને (શોધીને) अणुन्नविय=તેના સ્વામીની અનુજ્ઞા (અનુમતિ) મેળવીને ત્યાં वोसिरे=વોસિરાવે (બાધા ટાળે). (૧-૧૯)

[વડીનીતિ રોકવાથી જીવિતને અને લઘુનીતિ રોકવાથી નેત્રોને ઉપઘાત થાય, એવો ઉપઘાત હિતકર નથી, માટે સાથેના સંઘાટકને પાત્રાદિ સોંપીને યોગ્ય ભૂમિમા બાધા ટાળવી જોઈએ. ઓઘનિર્યુક્તિ ગ્રન્થમા વિસ્તારથી કહેલો તેનો વિધિ જાણવા યોગ્ય છે.]

(૮૦) नीयदुवारं तमसं, कुट्ठगं परिवज्जए।
अचक्खुविसओ जत्थ, पाणा दुप्पडिलेहगा ॥१-२०॥

जत्थ=જ્યાં अचक्खुविसओ=નેત્રોથી ન દેખી શકાય ...ारं=ઘરનું દ્વાર નીચું (કે ન્હાનુ) હોય, तमसं=

वच्छगं वा वि=અથવા વાછરડાને પણ उल्लंविआ= ઓળંગીને, કે विउहित्ताण=હાંકીને (કાઢી મૂકીને) કે ખસેડીને संजए=સાધુ પ્રવેશ ન કરે. (અર્થાત્ પ્રવેશની દુષ્કરતા હોય ત્યાં ન જાય.) (૧-૨૨)

[પશુઓથી શરીરને બાધા અને અસભ્ય વર્તન થવાથી અપભ્રાજનારૂપ સંયમને પણ બાધા થાય. ઉપલક્ષણથી ઘેટા ઘેટી બકરી કુતરી આદિ પણ સમજી લેવાં.]

(૮૩) असंसत्तं पलोइज्जा, नाइदूरावलोअए ।
उप्फुल्लं न विनिज्झाए, नियट्टिज्ज अयंपिरो ॥१-२३॥

વળી સાધુ (દાત્રી-સ્ત્રી વગેરેને) असंसत्तं=**અનાસક્ત દૃષ્ટિથી જુવે**, (નજર સાથે નજર મેળવે નહિ), ઘરમાં પણ અતિ દૂર (લાંબી નજરે) ન જુવે, (ઘરના બીજા પરિવારને પણ) उप्फुल्लं=**ફાટી આંખે** (ધારી ધારીને) ન જુવે અને (અશનાદિ ન મળે તો પણ દીન કે કઠોર વચનને) अयंपिरो=**ન બોલતાં** नियट्टिज्ज=**પાછો ફરે**. (૧-૨૩)

[વિકારીદૃષ્ટિથી, લાંબીનજરે, કે ફાટીનજરે જોવાથી લઘુતા, કુશીલપણાની શંકા થાય અને દીન કઠોર બોલતાં સંયમની અપભ્રાજના થાય, વગેરે દોષો સમજવા. કેટલાક આ ગાથાનો 'માર્ગે ચાલતા એ પ્રમાણે ન જોવુ,' એવો અર્થ કરે છે.]

(૮૪) अइभूमिं न गच्छेज्जा, गोअरग्गगओ मुणी ।
कुलस्स भूमिं जाणित्ता, मियं भूमिं परक्कमे ॥१-२४॥

ગોચરી ગએલો મુનિ ઘરમાં अइभूमिं=**મર્યાદા ઉપરાંત** અંદર ન જાય, કિન્તુ कुलस्स भूमिं=ઉત્તમ-મધ્યમ

ત્યાં) મવ્વિંદિયસમાહિ=અવ્વ ઇન્દ્રિયોથી અસમાહિત-(શબ્દાદિ વિષયોમાં આસક્તિ તજીને) ઉભો રહે. (૧-૨૬)

માર્ગમાં ચાલવાનો, ઘરમાં પેસવાનો અને ઉભા રહેવાનો વિધિ કહ્યો, હવે અશનાદિ લેવાનો વિધિ કહે છે—

(૮૭) तत्थ से चिट्ठमाणस्स, आहरे पाणभोअणं।
अकप्पिअं न गेण्हिज्जा, पडिगाहिज्ज कप्पिअं
॥१–२७॥

ત્યાં ઉભા રહેલા से=તે સાધુને (વહોરાવવા માટે) પાણી, ભોજન, आहरे=ગૃહસ્થ લાવે તેમાંથી અકલ્પ્યને ગ્રહણ ન કરે, કલ્પ્યને પ્રતિગ્રહણ કરે. (સ્વીકારે) (૧-૨૭)

[અકલ્પ્યના નિષેધથી કલ્પ્યનુ વિધાન થવા છતાં પુનઃ 'કલ્પ્યને ગ્રહણ કરે' એમ કહ્યુ, તેથી એમ સમજવુ કે કલ્પ્યવસ્તુમા સારા-નઠારાનો વિકલ્પ કર્યા વિના સમભાવે લેવી. 'ગિણ્હિજ્જા'ને બદલે 'ઇચ્છિજ્જા' એવો પણ પાઠ અન્ય ગ્રન્થોમાં છે]

(૮૮) आहरंती सिया तत्थ, परिसाडिज्ज भोयणं।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१–२८॥

आहरंती=આહાર-પાણીને લાવતી ગૃહસ્થ સ્ત્રી सिया= કદાચિત્ ત્યા ભોજનને परिसाडिज्ज=વેરે-ઢોળે, તો दिंतिअं=તે દાત્રીને पडिआइक्खे=પ્રતિષેધ કરે, કે मे=મને तारिसं=તેવું (લાવતાં ઢોળાયુ હોય તે) કલ્પે નહિ. (આ ગ્રહણૈષણાના દશ પૈકી દશમો છર્દિત દોષ કહ્યો.) (૧-૨૮)

[પ્રાયઃ રસોઇમા કે દાનમા સ્ત્રીનો અધિકાર હોવાથી અહી સ્ત્રીને ઉદ્દેશીને કહેલુ છે, છતા ઉપલક્ષણથી વહોરાવનાર સ્ત્રી કે

તેવું કરનારીને તજે. અર્થાત્ 'મારે એ રીતે લાવેલુ કલ્પે નહિ' એમ પ્રતિષેધ કરે. (આ છઠ્ઠા દાયક દોષનો પ્રકાર સમજવો (૧-૨૯)

(૯૦) साहट्टु निक्खिवित्ता णं, सचित्तं घट्टिआणि य ।
तहेव समणट्ठाए, उदगं संपणुल्लिआ ॥१-३०॥

(૯૧) ओगाहइत्ता चलइत्ता, आहरे पाणभोअणं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१-३१॥

समणट्ठाए=**સાધુને** (દાન કરવા) **માટે** દાત્રી साहट्टु=**સંહરીને** (મૂળ ભાજનમાંથી બીજા ભાજનમાં લઈને) કે બીજા ભાજનમાં निक्खिवित्ता=**નાખીને** (વહોરાવવા માટે ભાજન ખાલી કરીને), સચિત્તને घट्टियाणि=**સંઘટ્ટીને** (સ્પર્શીને) तहेव=**તે જ રીતે** સચિત્ત જળને (પાત્રને) संपणुल्लिआ=**હલાવીને** (૧-૩૦) તથા વર્ષાકાળે આંગણામાં ઝીલેલા જળને ओगाहइत्ता=**પોતાની પાસે લાવીને** (સંઘટ્ટીને અથવા તેમાં ચાલીને), चलइत्ता=તેવા જળને **હલાવીને**, पाणभोअणं=**આહારપાણી** વગેરેને आहरे=**લાવે**, તો તે દાત્રીને પ્રતિષેધ કરવો કે મારે (તે રીતે લાવેલુ) કલ્પે નહિ. (અહીં એષણાના દશ દોષો પૈકી નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, તથા દાયક દોષના પણ પ્રકારો જણાવ્યા છે.) (૧-૩૧)

[સાધુને અર્થે સંહરણ કરતા ૧-પ્રાસુકવસ્તુ પ્રાસુકમા, ૨-પ્રાસુક અપ્રાસુકમા, ૩ અપ્રાસુક પ્રાસુકમા અને ૪-અપ્રાસુક અપ્રાસુકમા લેવી, એમ ચાર ભાંગા થાય, (અહીં પ્રાસુક એટલે નિર્જીવ અને અપ્રાસુક એટલે સજીવ સમજવુ.) તેમા પ્રાસુકને પ્રાસુકમા લેવી એ

આનુ નિમિત્ત [illegible], તો તે [illegible] આયુને લાગે. તેને પુર[illegible]માં કહ્યું છે. [illegible] પશ્ચાત્[illegible]થી આવેલા [illegible] લેવાનું વિધાન છે, તેના [illegible] ગા૦ ૩૫ માં કહેવાશે.]

(૯૩) एवं-उदउल्ले ससिणिद्धे, ससरक्खे मट्टिया ऊसे।
हरियाले हिंगुलए, मणोसिला अंजणे लोणे ॥१-३३॥

એ પ્રમાણે उदउल्ले=**નીતરતા** પાણીવાળા હાથ વડે, ('हत्थेण' પદ પાછળની ગાથાનું અહીં જોડવું.) ससिणिद्धे= નહિ ગળતા પણ **ભીંજાએલા હાથે**, ससरक्खे=(પૃથ્વીકાયથી) **રજથી ખરડાએલા**, मट्टिया=**માટીવાળા**, ऊसे=**ઊસ** (પાણીના ક્ષાર)**વાળા**, हरियाले=**હડતાલવાળા**, हिंगुलए=**હિંગલોકવાળા**, मणोसिला=**મનશિલવાળા**, अंजणे=**રસ અંજન** (સુરમા)વાળા, लोणे=સમુદ્ર વગેરેમાં પકાવેલા **લૂણવાળા**, એવા હાથ કે કડછી આદિથી વહોરાવનારને પણ નિષેધ કરવો. (૧-૩૩)

[પાણી, રજ, માટી વગેરે કોઈ પણ સચિત્તથી ખરડાયેલા હાથ કે સાધનથી વહોરતા તે તે જીવોની વિરાધના થાય. હડતાલ, હિંગલોક, મનશીલ, અંજન અને લૂણ, એ સર્વ સચિત્ત પૃથ્વીકાય છે]

(૯૪) गेरुअ-वन्निअ-सेढिअ, सोरट्ठिअ पिट्ठकुक्कुसकए (य)।
उक्किट्ठमसंसट्ठे, संसट्ठे चेव बोधव्वे ॥१-३४॥

(૯૫) असंसट्ठेण हत्थेण, दव्वीए भायणेण वा।
दिज्जमाणं न इच्छिज्जा, पच्छाकम्मं जहिं भवे ॥१-३५॥

૧	સં૦ હાથ	સં૦ પાત્ર	સાવશેષ દ્રવ્ય
૨	,, ,,	,, ,,	નિરવશેષ ,,
૩	,, ,,	અસં૦,,	સાવશેષ ,,
૪	,, ,,	,, ,,	નિરવશેષ ,,
૫	અસ૦,,	સ૦પાત્ર	સાવશેષ ,,
૬	,, ,,	,, ,,	નિરવશેષ ,,
૭	,, ,,	અસં૦,,	સાવશેષ ,,
૮	,, ,,	,, ,,	નિરવશેષ ,,

એટલે અસમ્પૂર્ણ વસ્તુ લેવી અને નિરવશેષ એટલે સમ્પૂર્ણ વસ્તુ લેવી. તેમાં ૧-૩-૫-૭ ભાંગા કલ્પ્ય અને શેષ અકલ્પ્ય છે, તેમા પણ પહેલો સર્વથા શુદ્ધ અને છેલ્લો સર્વથા અશુદ્ધ છે, ત્રીજા પાચમા સાતમામાં હાથ પાત્ર અસંસૃષ્ટ છતા વહોરવાની વસ્તુ સમ્પૂર્ણ નહિ વહોરવાથી પાત્ર-હાથ તુર્ત ધોવાનો સંભવ ન હોવાથી કલ્પ્ય સમજવું. બન્ને ગાથામા ભાવ એ છે કે દાન લેતા કે લીધા પછી પૃથ્વીકાયાદિની વિરાધના થાય તેવું ન લેવું.]

(૯૬) संसट्ठेण य हत्थेण, दव्वीए भायणेण वा ।
दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थेसणियं भवे ॥१-३६॥

સંસૃષ્ટ (ગૃહસ્થે પોતાના અર્થે ખરડેલા) હાથ, કડછી કે વાટકી આદિ પાત્રથી दिज्जमाणं=દેવાતું હોય तत्थ=તેમાં પણ जं=જે एसणियं=શુદ્ધ (સંસૃષ્ટ દોષ સિવાય પણ આધાકર્મ વગેરે) દોષોથી રહિત હોય, તેને पडिच्छिज्जा=ગ્રહણ કરે. (આ ચાર ગાથાઓમાં પશ્ચાત્કર્મ અને લિપ્ત દોષ જણાવ્યો.) (૧-૩૬)

(૯૭) दुण्हं तु भुंजमाणाणं, एगो तत्थ निमंतए ।
दिज्जमाणं न इच्छिज्जा, छंदं से पडिलेहए ॥१-३७॥

(૯૮) दुण्हं तु भुञ्जमाणाणं, दो वि तत्थ निमंतए ।
दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थेसणियं भवे ॥१-३८॥

दुण्हं तु भुञ्जमाणाणं=જેના બે પાલક (માલીક) હોય, તે વસ્તુ દેવા એક નિમંત્રણ કરે તો તે દિજ્જમાણં-અપાતું લેવા ઇચ્છવું નહિ કિન્તુ સ=તે બીજાની છંદ=ઇચ્છાને પડિલેહણ=જોવી જો બીજો પણ આપવા ઇચ્છે છે એમ તેના મુખ-નેત્રાદિના વિકારથી સમજાય તો લેવું અન્યથા ન લેવું (૧-૩૭) બે પાલક (માલીક) હોય બંને નિમંત્રણ કરે તે દાનમાં પણ દોષ રહિત-એષણીય હોય તે લેવું (આ અનિસૃષ્ટ દોષ જણાવ્યો) (૧-૩૮)

[ઇચ્છા વિના લેવાથી અનેક થાય ... ધાય કહી મુનિ ધાતુન ... પાન ... ઇત્યાદિ બે ... હોય તેના માટે પણ એ ... વિધિ ...]

(૯૯) गुव्विणीए उवन्नत्थं, विविहं पाणभोयणं ।
भुञ्जमाणं विवज्जिज्जा, भुत्तसेसं पडिच्छए ॥१-३९॥

ગુવ્વિણીએ ગર્ભવતી માટે ઉવન્નત્થં=કરેલું (તેના માટે) વિવિધ પાન-ભોજન (દ્રાક્ષાપાણી કે સાકર ખાન વગેરે) ભુઞ્જમાણં=જો તેને ખાવાનું (અભિલષિત) હોય તેને તજવું ભુત્તસેસં=ખાતાં વધેલું ગ્રહણ હોય તે લેવું (૧-૩૮)

[ઇચ્છા અપૂર્ણ રહેવાથી તેને ... લક્ષિત છે તેની ઇચ્છા પૂર્ણ થયા પછી તે દેવા ... થી તેને અનુગ્રહ-ઉપકાર થાય માટે ...]

(૧૦૦) सिया य समणट्ठाए, गुव्विणी कालमासिणी ।
उट्ठिआ वा निसीइज्जा, निसन्ना वा पुणुट्ठए ॥१–४०॥

(૧૦૧) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१–४१॥

सिया=કદાચિત્ कालमासिणी=પ્રસૂતિકાળના **નવમા મહિનાવાળી** ગર્ભવતી समणट्ठाए**સાધુને માટે** (દાન આપુ, એ ઈચ્છાથી) ઉભી હોય તો નીચે બેસે, અથવા બેઠેલી હોય તો =पुणुट्ठए=**પુનઃ** ઉઠે–ઉભી થાય, (૧–૪૦) તો તેના બેસવા ઉઠવાથી ગર્ભને પીડા થવાનો દોષ દાન લેવાથી સાધુને લાગે, માટે તેવું ભોજન–પાણી संजयाण= જિનાજ્ઞાપાલક **સાધુઓને** અકલ્પ્ય થાય, માટે દાત્રીને પ્રતિષેધ કરે કે મને તેવું કલ્પતુ નથી. (આ દાયક દોષનો ગર્ભિણી નામનો પ્રકાર કહ્યો) (૧–૪૧)

[વૃદ્ધસંપ્રદાય એવો છે કે ગચ્છવાસી (સ્થવિરકલ્પી) સાધુ બેઠેલી કે ઉભી જે અવસ્થામા હોય તે અવસ્થામા આપે તો કાલ માસમા પણ કલ્પે. તે પહેલાના માસમા બેસે ઉઠે તો પણ દોષ નથી. જિનકલ્પિક તો વિશિષ્ટ જ્ઞાનને યોગે ગર્ભાધાન દિવસને જાણી શકે, માટે પહેલા દિવસથી જ તે ગર્ભવતીના હાથે દાન ન લે.]

(૧૦૨) थणगं पिज्जएमाणी, दारगं वा कुमारिअं ।
तं निक्खिवित्तु रोअंतं, आहरे पाणभोअणं ॥१–४२॥

(૧૦૩) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१–४३॥

કરે કે મારે તેવુ કલ્પતુ નથી. (આ શંકિતદોષ કહ્યો.) (૧-૪૪)

[જાણી ન શકે કે આ ઉદ્ગમાદિ દોષવાળું છે કે નિર્દોષ છે, ત્યાં સુધી તે શંકિત જાણવુ. શંકા વિના લેવાથી નિર્દોષ હોય તો પણ તે દોષની શંકાપૂર્વક લે તે દોષ લાગે.]

(૧૦૫) दगवारेण पिहिअं, नीसाए पीढएण वा ।
लोढेण वा विलेवेण, सिलेसेण व केणइ ॥१-४५॥

(१०६) तं च उब्भिंदिउं दिज्जा, समणट्ठा एव दावए ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१-४६

दगवारेण=**પાણી ભરેલા ઘડાથી** (પાત્રથી), नीसाए= વાટવાના સાધનભૂત પત્થરની **નીશાથી,** पीढएण=કાષ્ઠના **પાટલાદિથી,** लोढेण=**શિલાપુત્રથી,** (નીસાતરાથી) लेवेण= માટી છાણ વગેરે **લેપથી,** केणइ व=**અથવા કોઇ** (લાખ મળી વગેરે) सिलेसेण=**ચીકાશથી** દાન દેવાની વસ્તુ કે વસ્તુ જેમાં હોય તે પાત્રને पिहिअं=**ઢાંકેલુ** કે લીંપેલુ **હોય,** (૧-૪૫) અને તેને સાધુને અર્થે જ उब्भिंदिउ= **ઉઘાડીને** કે ઉખાડીને दावए=**દાયક** दिज्जा=**આપે,** (તો) દાત્રીને પ્રતિષેધ કરવો કે મારે તેવુ કલ્પતું નથી. (આ ઉદ્ભિન્ન દોષ કહ્યો) (૧-૪૬)

[સચિત્તથી ઢાંકેલુ લેતા સંયમવિરાધના, પત્થર-પાટલા આદિ પડી જતા શરીર વિરાધના અને લીંપેલાને લેતા પૂર્વકર્મ-પશ્ચાત્કર્મ વગેરે દોષો જાણવા.]

(૧૦૭) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
जं जाणिज्ज सुणिज्जा वा, दाणट्ठा पगडं इमं ॥१-

(૪૮) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१-४८॥

અશન, પાણી, ખાદિમ, તથા સ્વાદિમ, જે જે આમન્ત્રણ કરનારના બોલવા વગેરેથી કે બીજા કોઈ દ્વારા સાંભળીને જાણે કે इमं=આ दाणट्ठा=દાન માટે पगडं=કરેલું છે, (૧-૪૭) તે ભક્ત અને પાણી સંયતને અકલ્પ્ય કહ્યું છે, માટે દાત્રીને પ્રતિષેધ કરે કે મારે તેવું ન કલ્પે (આ ઔદ્દેશિકદોષનો પ્રકાર જાણવો) (૧-૪૭)

[ઘણે કીર્તિ મેળવવા સન્યાસી ભીખારી વટેમાર્ગુ વગેરેને માટે તૈયાર કરવાથી ઔદ્દેશિક દાન આપવા માટે મૂકી રાખવાથી સ્થાપના દોષ અને ઇતર ભિક્ષુકોને ન મળવાથી કે ઓછું મળવાથી અપ્રીતિ થાય વગેરે દોષ જાણવા. અશન=અન્નાથી ક્ષુધા શમે તેવા આહાર પાન=જલ છાશ તથા વિવિધ પાણી ખાદિમ=ચુમાવવાના ભુંજેલા અનાજ તથા ફળ મેવા વગેરે અને સ્વાદિમ=સ્વાદના હેતુથી ખવાતી વસ્તુઓ ચૂર્ણાદિ સમજવું]

(૪૯) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
जं जाणिज्ज सुणिज्जा वा, पुण्णट्ठा पगडं इमं ॥१-४९॥

(૫૦) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१-५०॥

અર્થ ઉપર પ્રમાણે જાણવો. માત્ર કોઈના મરણાદિ ભિક્ષુકોને કે પશુઓને ખવરાવવારૂપ पुण्णट्ठा=પુણ્ય (દોષો પણ ઉપર પ્રમાણે જાણવા) (૧-૪૯-૫૦)

અહીં પ્રશ્ન થાય કે આ નિષેધથી તો ઉત્તમધર્મોના આહારાદિ

ન લેવાય, કારણ કે શિષ્ટપુરુષો પુણ્યના અર્થી હોય છે, બીજા ક્ષુદ્રોની જેમ આત્માર્થી હોતા નથી. એનો ઉત્તર એ છે કે શુભ (ઉદાર) પરિણામવાળા પોતાના, કુટુંબના અને નોકર-ચાકર વગેરેના અર્થે તૈયાર કરેલામાંથી અમુક પ્રમાણમાં ઇચ્છાનુસાર આપે તે લેવાનો નિષેધ નથી, પુણ્યાર્થે અધિક કર્યું હોય તેનો અહીં નિષેધ કર્યો છે. ઉદારપ્રકૃતિવાળા આશયથી સ્વપ્રયોજનને તૈયાર કરેલી વસ્તુને પુણ્યકર્મ સમજીને નિત્ય આપે તેમાં આપવા માટે આરંભ થતો નથી. ઉદ્દેશ-પૂર્વકનો આરંભ તો અમુક દિવસે દાનના ઇરાદે તૈયાર કરવાથી થાય માટે તે નિષેધ છે. આથી એમ પણ નહિ કહી શકાય કે ઉદ્દેશ વિનાનું દાન કદી મળે જ નહિ. વગેરે સમાધાન અષ્ટકપ્રકરણાદિમાંથી જોવું]

(१११) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
जं जाणिज्ज सुणिज्जा वा, वणिमट्ठा पगडं इमं ॥१-५१

(११२) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१-५२॥

અર્થ ઉપર પ્રમાણે, માત્ર વણિમટ્ઠા=કૃપણોને માટે.
(દોષો પણ ઉપર પ્રમાણે.) (૧-૫૧-૫૨)

(११३) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
जं जाणिज्ज सुणिज्जा वा, समणट्ठा पगडं इमं ॥१-५३

(११४) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१-५४॥

અર્થ ઉપર પ્રમાણે. માત્ર સમણટ્ઠા=શ્રમણોને માટે
દોષો પણ ઉપર પ્રમાણે) (૧-૫૩-૫૪)

(૧૧૭) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
पुप्फेसु हुज्ज उम्मीसं, बीएसु हरिएसु वा ॥१-५७॥

(૧૧૮) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१-५८॥

અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પૈકી કોઈ પણ દેવાની વસ્તુ જાઈ–જુઈ આદિ કોઈ સચિત્તપુષ્પોની સાથે, ધાન્યના કણીઆ વગેરે બીજોની સાથે, કે કોઈ પણ લીલી વનસ્પતિ સાથે उम्मीसं=મિશ્ર થએલી (ભળેલી) હોય, (૧–૫૭) તો તેવું ભક્ત પાન સાધુઓને અકલ્પ્ય થાય, માટે દાત્રીને પ્રતિષેધ કરવો કે મારે તેવું કલ્પતું નથી. (આ એષણાના દશ દોષો પૈકી 'ઉન્મિશ્ર' દોષ કહ્યો.) (૧–૫૮)

(૧૧૯) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
उदगम्मि हुज्ज निक्खित्तं, उत्तिंग-पणगेसु वा ॥१-५९॥

(૧૨૦) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१-६०॥

અર્થ ઉપર પ્રમાણે, માત્ર उदगम्मि=સચિત્ત **પાણી ઉપર**, उत्तिंग=**કીડીનાં નગરાં** અને पणगेसु=**લીલ–ફુગ ઉપર**, निक्खित्तं=**મૂકેલું**, એમ સમજવું. (આ નિક્ષિપ્ત દોષ કહ્યો.) (૧–૫૯–૬૦)

[અહીં અનંતર અને પરંપર એમ મૂકવાના બે ભેદો છે. તેમાં પાણીમા તરતુ મૂકેલુ માખણ, ઘી વગેરે અનંતર અને પાણીના ઘડા પર મૂકેલું દહીંનું પાત્ર વગેરે પરંપર નિક્ષિપ્ત એ પ્રમાણે કીડીનગર,

લઇને, અથવા બૂઝાતો હોય તો उज्जालिआ=એક વાર (ઇંધનાદિ નાખીને) સળગાવીને, કે पज्जालिआ=વારંવાર (ઇન્ધનાદિથી) પ્રજ્વલિત કરીને, (અથવા વસ્તુ બળી જવાના ભયે निव्वाविआ=(સ્ટવ કે ચુલ્લી વગેરેને) બૂઝાવીને-ઓલવીને, તથા અધિક (ઉભરાય તેમ હોવાથી, કે દાન દેવા માટે, ચુલ્લી ઉપરની વસ્તુમાંથી) उस्सिंचिया=થોડું કઈ લઇને, કે ઉભરાવાના ભયે અગ્નિમાં, ઉપર મૂકેલી વસ્તુમાં કે હાથમાં લીધેલી વસ્તુમાં, ચુલ્લી ઉપરનુ કે બીજું પાણી निस्सिंचिआ=સિંચન કરીને, અથવા ચુલ્લી ઉપરથી ભાજન કે તેમાંથી વસ્તુ લઇને. અથવા બળી જવાના ભયે કે દેવા માટે ઉપરની વસ્તુ નીચે ઉતારીને, એમ કોઈ પ્રકારે અગ્નિને સ્પર્શીને કે વિરાધીને दए=આપે, (૧-૬૩) તો તે ભક્ત-પાન સંયતોને અકલ્પ્ય થાય, માટે દાત્રીને પ્રતિષેધ કરે કે મારે તેવું કલ્પતું નથી (૧-૬૪)

(૧૨૫) हुज्ज कट्ठं सिलं वा वि, इट्टालं वा वि एगया ।
ठविअं संकमट्ठाए, तं च होज्ज चलाचलं ॥१-६५॥

(૧૨૬) न तेण भिक्खू गच्छिज्जा, दिट्ठो तत्थ असंजमो ।
गंभीरं झुसिरं चेव, सव्विंदिअसमाहिए ॥१-६६॥

ગૃહસ્થે વર્ષાઋતુ આદિ एगया=કોઇ એક કાળે (ઘર કે આગણામાં ખાઈ-ખાડા-ટેકરા ઉપર) संकमट्ठाए=ચાલવા માટે कट्ठं=કાષ્ઠ (પાટીઉં વગેરે) કે सिलं=શિલા (પત્થર વગેરે), इट्टालं वा=અથવા ઇંટ (ઈંટાળો વગેરે) ठविअं हुज्ज=મૂક્યું હોય, तं च=અને તે चलाचलं=અસ્થિર

(१२९) एआरिसे महादोसे, जाणिऊण महेसिणो ।
तम्हा (हंदि) मालोहडं भिक्खं, न पडिगिण्हंति संजया ॥१-६९॥

તે માટે એવા (ઉપર કહ્યા તેવા તે) મોટા દોષોને જાણીને સંયત મહર્ષિઓ નિશ્ચે માલોહડં=માલાપહૃત દોષવાળી ભિક્ષાને ગ્રહણ કરતા નથી. (આ ત્રણ ગાથાઓમાં માલાપહૃતદોષ કહ્યો) (૧-૬૯)

[માલ એટલે માળીયુ, તેમાંથી લઈને વહોરાવવુ તે 'માલાપહૃત' કહેવાય. તેના ૧-ઊંચા થઈને છાબડી-શીંકા વગેરેમાથી લેવુ પડે તે ઊર્ધ્વસ્થિત, ૨-નીચે ભોંયરા વગેરેમાથી નીચા નમીને લેવુ પડે તે અધોસ્થિત, ૩-ઉંચા કોઠારાદિમાથી લેતા પગથી ઊંચા અને મસ્તકથી નીચા થઈને લેવુ પડે તે ઉભયસ્થિત, તથા ૪-તિર્છું (ગોખ ભીંત-કબાટ વગેરેમા) મૂકેલુ છતાં લેતા મુશ્કેલી પડે તેવું તિર્યક્સ્થિત કહેવાય. એ ચારે ભેદો વર્જવા.]

(१३०) कंदं मूलं पलंबं वा, आमं छिन्नं च सन्निरं ।
तुंबागं सिंगबेरं च, आमगं परिवज्जए ॥१-७०॥

कंदं=(સૂરણાદિ સર્વ) કંદો, मूलं=(સર્વ) મૂળિઆં, पलंबं=તાડનું ફળ (વગેરે). आमं छिन्नं च सन्निर=કાચું કે કાપેલું પત્રશાક (ભાજી), तुंबागं=તુંબડું (કે અન્ય મતે લીલી તુલસી) सिंगबेरं=લીલુ આદુ, એ દરેક आमगं=કાચાં-સચિત્ત (તથા મિશ્રને પણ) વર્જવાં (આ અપરિણત દોષ કહ્યો) (૧-૭૦)

[કંદ-મૂલ વગેરે અનંતકાયિક હોવાથી, ભાજી વગેરે સચિત્ત હોવાથી ... ત્રસજીવોની પણ સંભાવના હોવાથી નિષેધ કર્યો છે.]

(१२१) तहेव सत्तुचुन्नाइं कोलचुन्नाइं आवणे ।
सक्कुलिं फाणिअं पूअं, अन्नं वा वि तहाविहं ॥५–७१॥

(१२२) विक्कायमाणं पसढं रएण परिफासिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५–७२॥

તે જ રીતે आवणे=બજારમાં દુકાને सत्तुचुन्नाइं=શેકેલા ઘઉં-ચણાનો લોટ (સાથવો) कोलचुन्नाइं=બોરનું ચૂર્ણ (બોરકૂટો) सक्कुलिं=તલસાંકળી फाणिअं=ઢીલો (પ્રવાહી) ગોળ વગેરે पूअं=પૂરાઓ, तहाविहं वा अन्नं=અથવા તેવું બીજું (કરેકાઈ મિષ્ટાન્ન લાડુ વગેરે) (૧–૭૧) विक्कायमाणं=(રસ્તામાં-દુકાનોમાં) વેચાતું पसढं=ઘણા દિવસ પ્રમાણ (ઢાંક્યા વિના) નાખેલું અને તેથી रएण परिफासिअं=માર્ગની રજથી સ્પર્શિત થએલું (અચિત્ત પાણું) એવું દાન દનારીને નિષેધ કરે કે મારે તેનું કે પતું નથી (૧–૭૨)

[illegible]

(१२३) बहुअट्ठिअं पुग्गलं अणिमिसं वा बहुकंटयं ।
अत्थियं तिंदुयं बिल्लं उच्छुखंडं व सिंबलिं ॥५–७३॥

(१२४) अप्पे सिया भोयणजाए बहुउज्झियधम्मिए ।
दिंतिअं पडिआइक्खे न मे कप्पइ तारिसं ॥५–७४॥

बहुअट्ठिअं=ઘણા ઠળીયાવાળું (સીતાફળાદિ) पुग्गलं=પુદ્ગલ (ફળ) અથવા अणिमिसं=એ નામનું ફળ, અથવા

बहुअट्ठियं=ઘણા કાંટાવાળું ફળ, अत्थियं=અસ્થિકવૃક્ષનું (અગથીયાનું) ફળ, तिंदुयं=તિંદુકવૃક્ષનું ફળ, बिल्लं= બીલીનું ફળ, उच्छुखंडं=શેરડીના કકડા, सिंबलिं= શાલ્મલી (વાલ વગેરેની) ફળીઓ, વગરે અચિત્ત હોય તો પણ (૧-૭૩) अप्पे=અલ્પ भोअणजाए=ખાવાનું અને बहु= ઘણું उज्झियधम्मिए=છોડી દેવા (પરઠવવા) યોગ્ય सिया= હોય, તેવું દેનારી બાઇને પ્રતિષેધ કરે, કે મારે એવું કલ્પતું નથી. (૧-૭૪)

[જો કે પુદ્ગલનો માંસ અને અનિમિષનો માછલું એવો અર્થ થાય છે, છતા સૂક્ષ્મજીવની પણ વિરાધના સર્વથા તજેલી હોવાથી લેતા મુકતા-હાલતા-ચાલતા, કે કોઇ પ્રવૃત્તિ કરતાં જેઓ કોઇ જીવની મનથી પણ હિંસા ઈચ્છતા નથી, તેવા સાધુઓ પંચેન્દ્રિય જીવોના ઘાત વિના જેનો સંભવ નથી જ, તેવુ માંસ કે જીવતુ માંછલુ લેવા ઇચ્છે, એવી કલ્પના કરવી તે પણ બુદ્ધિની એક ભારે હાસી છે-વિડંબના છે. હજારો વર્ષોથી નિષ્પક્ષ અને સમર્થજ્ઞાની ગ્રન્થકારો જે શબ્દોનો અર્થ તે તે વનસ્પતિનાં ફળરૂપે કરે છે, તેનો વિરુદ્ધ અર્થ કરવો તે માધ્યસ્થ્ય નહિ પણ પરમતઅસહિષ્ણુતાનું કે જડબુદ્ધિનુ પરિણામ ગણાય. જેમ મનુષ્યના હાડકાને અસ્થિક અને શરીરને પુદ્ગલ કહેવાય છે, તેમ વનસ્પતિના ઠળીયાને અસ્થિક અને તેના શરીરરૂપ ફળને પુદ્ગલ કહેવાય, એ સાદી સમજમાં આવે તેવી વાત છે. વળી પરઠવવા જેટલી 'અલ્પ પણ હિંસા ન કરવી' તેવુ જણાવનારી આ જ ગાથાના શબ્દોનો હિંસાજન્ય માંસ અને મત્સ્ય વગેરે અર્થ કરવો તે કેમ ઘટી શકે ? આવી કલ્પના વસ્તુતઃ ધર્મ, ધર્મી, કે જ્ઞાનીઓ પ્રત્યેનો પૂજ્યભાવ ઓછો હોવાથી તેઓના અછતા દોષોનુ ઉદ્ભાવન કરવારૂપ છે, પોતે દોષો સેવીને નિર્દોષમાં ખપવાનો એક ક્ષુદ્ર પ્રયાસ છે. કોઈપણ શાસ્ત્રનો અર્થ કેવળ શબ્દને અનુસરીને કરવાથી સાચો થઈ

પુન [illegible] કરીને [illegible] સંયમ [illegible] નિર્મળ અને પ્રભાવક [illegible]]

(૧-૮૦) तं च होज्ज अकामेणं, विमणेण पडिच्छिअं।

तं अप्पणा न पिबे, नो वि अन्नस्स दावए ॥१-८०॥

(૧-૮૧) एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिआ।

जयं परिट्ठविज्जा, परिट्ठप्प पडिक्कमे ॥१-८१॥

(નિષેધવા છતા દાતારે આગ્રહ કરીને વહોરાવવાથી अकामेणं=ઇચ્છા વિના કે विमणेण=બે-ચિત્તથી (અનુપયોગથી) तं च=તેવું (ખાટું કે દુર્ગન્ધી, વગેરે અયોગ્ય) પાણી पडिच्छिअं=લીધું હોય, તો તે अप्पणा=પોતે ન પીવે અને બીજાને પણ ન આપે. (૧-૮૦) કિન્તુ एगंतं=એકાન્તે अवक्कमित्ता=જઇને अचित्त=અચિત્ત (નિર્જીવ-યોગ્ય) ભૂમિને पडिलेहिआ=ચક્ષુથી જોઇ-પ્રમાર્જીને जयं=જયણા પૂર્વક પરઠવે, પરઠવીને વસતિમાં આવી पडिक्कमे=(ઇર્યાપથિકી) પ્રતિક્રમે. (૧-૮૧)

[કોઈવાર ગૃહસ્થની દાક્ષિણ્યતાથી કે તેની ભાવનાની રક્ષા માટે ગીતાર્થ સાધુ ઇચ્છા વિના પણ લે, કારણ કે ગોચરીએ ગએલા ગીતાર્થને સ્યાદ્વાદદષ્ટિએ લાભ હાનિનો વિચાર કરી વર્તવાનો અધિકાર છે. એમ છતા 'સર્વત્ર સંયમની અને સંયમમા અપવાદ સેવીને પણ આત્માની રક્ષા કરવી' એમ કહેલુ હોવાથી અયોગ્ય વસ્તુને વાપરે કે વપરાવે નહિ, આથી રત્નાધિકે પણ અયોગ્ય વસ્તુ લઘુ સાધુને પણ આપવી નહિ, એમ જણાવ્યુ. બહારથી આવીને ઇર્યા૦ પ્રતિક્રમણ કરવાનું વિધાન સામાન્ય હોવા છતા અહીં પુનઃ કહ્યું, તે વસતિમાં પરઠવે તો પણ પરઠવ્યા પછી ઇર્યા પ્રતિક્રમણ અવશ્ય કરવુ એમ જણાવવા માટે સમજવું.]

[illegible] તથા ભોજન કરતાં [illegible] પ્રમાદ ન કરવું જોઈએ.]

(૧૪૪) तत्थ से भुंजमाणस्स, अट्ठिअं कंटओ सिआ ।
तणकट्ठसक्करं वा वि, अन्नं वा वि तहाविहं ॥१-८४॥

(૧૪૫) तं उक्खिवित्तु न निक्खिवे, आसएण न छड्डए ।
हत्थेण तं गहेऊण, एगंतमवक्कमे ॥१-८५॥

(૧૪૬) एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिआ ।
जयं परिट्ठविज्जा, परिट्ठप्प पडिक्कमे ॥१-८६॥

ત્યાં ભોજન કરતાં સે=તે **સાધુને** ભોજનમાં ગૃહસ્થાદિના પ્રમાદ વગેરેથી કોઈ अट्ठिअ=**ઠળીઓ**, કાંટો, ઘાસતણખલુ, લાકડું, सक्करं=કાંકરો, કે તથાવિધ (તેવું) બીજુ પણ કંઈ આવ્યુ सिआ=હોય, (૧-૮૪) તેને उक्खिवित्तु=હાથથી **ઉંચકીને** न निक्खिवे=ફેંકે નહિ, તથા आसएण=**ઓઢેથી** न छड्डए=ફેંકે (થૂંકે) નહિ, કિન્તુ તેને હાથ વડે ગ્રહણ કરીને એકાન્તમાં अवक्कमे=જાય. (૧-૮૫) 'એકાન્તે જઈને' વગેરે ૮૬ મી ગાથાનો અર્થ ૮૧ મી ગાથા પ્રમાણે. (૮૬)

[જ્યાં ત્યાં ફેંકવાથી કે થૂંકવા વગેરેથી ગૃહસ્થને અપ્રીતિ, પારિષ્ઠાપનિકાસમિતિનો ભંગ, અસભ્ય વર્તનથી સંયમની લઘુતા, તથા શાસનની અપભ્રાજના, વગેરે અનેક દોષો સમજવા.]

હવે વસતિમાં ભોજન કરવાનો વિધિ કહે છે—

(૧૪૭) सिया य भिक्खू इच्छिज्जा, सिज्जमागम्म भुत्तुअं ।
सपिंडपायमागम्म, उंडुअं पडिलेहिआ ॥१-८७॥

આવતાં સુધી જે જે ક્રમે દોષો લાગ્યા હોય તે ક્રમથી) आभोइत्ता=જાણીને (હૃદયમાં ધારણ કરીને) णं=વાક્યાલંકારે संजए=(રાગદ્વેષ રહિત) સાધુ (કાયોત્સર્ગ પારે.) (૧-૮૯) પછી उज्जुप्पन्नो=સરળ અને બુદ્ધિમાન ક્ષુધાદિને જીતનાર હોવાથી अणुव्विग्गो=ઉદ્વેગ વિનાનો, अव्वक्खित्तेण= અવ્યાક્ષિપ્ત ચિત્તે (એકાગ્ર થઈને) જે જે વસ્તુ જે રીતે લીધી भवे=હોય તે તે ગુરુની સમક્ષ આલોચે (કહી જણાવે.) (૧-૯૦)

[આ ચાર ગાથાઓમાં ગોચરી લઈને પાછા આવ્યા પછીનો પ્રાચીન વિધિ છે. વર્તમાનમાં એ વિધિ ત્રુટક જોવામાં આવે છે. તેનું કારણ અજૈનોની વચ્ચે રહેવાનું હોવાથી અપભ્રાજનાનો સંભવ છે. ગોચરી આલોચવાનો વિધિ સાધુને મમત્વ-લોલુપતાદિ ઘણા દોષોમાથી બચાવી લે છે. અનુપયોગથી કે અજ્ઞાનથી દોષિત કે અનુપયોગી આવ્યુ હોય તો ગુરુને કહેવાથી સમજવામાં આવે છે. વહોરવામાં કંઇ અનુચિત વર્તન થયુ હોય તો સુધરે છે, ઇત્યાદિ અનેક લાભો છે. માત્ર સૂત્રપાઠ બોલીને આલોચવાથી આલોચના યથાર્થ થતી નથી. આલોચનાનો અર્થ 'કહી જણાવવુ" એવો છે, માટે ક્રમશઃ યાદ કરીને ગુરુને કહેવાથી યથાર્થ આલોચના થાય છે.]

(૧૫૧) न सम्ममालोइअं हुज्जा, पुव्वि पच्छा व जं कडं ।
पुणो पडिक्कमे तस्स, वोसट्ठो चिंतए इमं ॥१-९१॥

(૧૫૨) "अहो! जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिआ ।
मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥" ॥१-९२॥

વિશિષ્ટ જ્ઞાનના અભાવે સૂક્ષ્મ અતિચારો નહિ સમજવાથી सम्मं न आलोइअं સમ્યગ્ ન આલોચ્યું हुज्जा= હોય, અથવા જે पुव्वि पच्छा=પછીનું પહેલાં અને

હોય તો તે) गुणी=સાધુ ક્ષણવાર વિશ્રાન્તિ કરે. (૧-૯૩)

[અહીં સજ્ઝાય પઠાવવાનું કહ્યું, તેથી 'પચ્ચક્ખાણ પારતાં સજ્ઝાય કરવી' એ માટે સંભવે છે. વર્તમાનમાં ભોજન પૂર્વે સજ્ઝાય પઠાવવાનો બીજો વિધિ જોવામાં આવતો નથી. વળી બીમાર, તપસ્વી, ક્ષુધાળુ, બાળ વગેરે સાધુઓને ગુરુની આજ્ઞાથી એકાકી ભોજન કરવાનો વિધિ પણ છે. શેષ સાધુઓ સમગ્ર સાધુમંડલની સાથે જ ભોજન કરે એ વિધિને ભોજનમંડલી કહેલી છે.]

(૧૫૪) वीसमंतो इमं चिंते, हियमट्ठं लाभमट्ठिओ ।
जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ ॥१-९४॥

वीसमंतो=વિસામો લેતો लाभमट्ठिओ=લાભનો અર્થી સાધુ इमं=આ हिअमट्ठं=હિતકારી અર્થને (લાભને) चिंते=ચિંતવે 'जइ मे=જો મારા ઉપર साहू=સાધુઓ અનુગ્રહ કરે તો तारिओ हुज्जामि=(હું સંસાર સમુદ્રથી) તરેલો થાઉં (તરું).' (૧-૯૪)

[સાધુને પણ આ વિધિથી દાનધર્મ સાથે ગુણવાનોની સેવા દ્વારા ગુણોની સેવા થાય, ઉદરંભરિતા ટળે, ઔચિત્યધર્મનું પાલન થાય. તથા પરસ્પર મૈત્રી-પ્રીતિ અને વાત્સલ્ય વધે. ગૃહસ્થોની જેમ રત્નાધિક સાધુનો પણ ધર્મ છે કે સૌને સંભાળીને (સંતોષીને) ભોજન કરે.]

(૧૫૫) साहवो तो चिअत्तेणं, निमंतिज्ज जहक्कमं ।
जइ तत्थ केइ इच्छिज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥१-९५॥

(૧૫૬) अह कोइ न इच्छिज्जा, तओ भुंजिज्ज एक्क[ग]ओ ।
आलोए भायणे साहू, जयं अपरिसाडिअं ॥१-९६॥

પછી ગુરુને વિનતિ કરે કે-'હે ભગવત ! આ ભોજન માથી ઇચ્છા પ્રમાણે આપ ગ્રહણ કરો ' જો તેઓ સ્વીકારે તો અતિસુંદર ન સ્વીકારે તો 'બીજાઓને આપો ' એમ વિનતિ કરે એથી તેઓ આપે તો ઘણુ સારુ, અને ' તુ આપ ' એમ કહે તો=ત્યારે चिअत्तेण=**પ્રશસ્ત અનથી** (પ્રણિધાન પૂર્વક) जहक्कमरत्नाधिकના ક્રમથી (અન્ય મતે બાળ, પ્રાઘૂર્ણક વૃદ્ધ તપસ્વી, વગેરે ક્રમથી) સાધુઓને નિમત્રણ કરે-વિનવે, જો તેઓ કોઈ ઇચ્છે તો તેઓની સાથે (તેઓને આપીને) ભોજન કરે (૧-૯૫) જો કોઈ ન ઇચ્છે તો સાધુ आलोए=**પ્રકાશવાળા** (પહોળા) भायणे=**ભાજનમા** (પાત્રમા) जय=યતનાથી अपरिसाडिअ=(હાથ કે મુખમાથી એક કણ-બિંદુ પણ)**નીચે ન પડે તેમ** एक्कओ भुञ्जि ज= **એકલો ભોજન કરે** (૧-૯૬)

[ગુરુને નિમત્રણ કરવાથી તેઓનો વિનય થાય અને વ્યવસ્થા જળવાય સ્વય ગમે તેને આપવાથી ગુરુ આજ્ઞાનો ભગ થાય કોને આપવુ યોગ્ય કે અયોગ્ય છે વગેર જાણીને ગુરુ આપે ત લેવ વા હોનારની પુષ્ટિ ન થાય અને લેનારનો ગુરુ પ્રત્યે પૂજ્યભાવ વ. ગુરુ આજ્ઞા વિના સ્વય આપવાથી પરસ્પર અપ્રશસ્ત રાગ દર ગુરુનુ બહુમાન ન સચવાય અનધિકાર ચેષ્ટાનો દોષ લાગ અને પરિણામે વૈરાગ્યને હાનિ પહોચે એથી અસયમ વધે અને વિરાધક પરિણામ પ્રગટે. કોને ક્યારે કેટલુ શુ આપવુ-ન આપવ એ જ્ઞાની ગુરુ સમજી શકે માટે તેઓને પૂછીને જ વર્તવુ એ સાધુનુ કર્તવ્ય છે જમવાનુ ભાજન પહોળુ હોય તો પરેશા કકડનાં હવા માખી વગેરેને બચાવી શકાય ભાજન નીચે રાખવાથી કીડી આદિના ઉપદ્રવ થાય તે પણ જાણી જાય તો અવિરતિનુ પોષણ થાય અને

ભોગવવા વડતા ભોગાન્તરાય કર્મ બંધાય, વગેરે દોષો સમજવા.]

(૧૫૭) तित्तगं व कडुअं व कसायं, अंबिलं व महुरं लवणं वा ।
एयलद्धमन्नत्थपउत्तं, महुघयं व भुंजिज्ज संजए ॥१–९७॥

तित्तगं=કડુ, कडुअ=તિખું, कसायं=તુરું, अंबिलं=ખાટું, महुरं=મધુર–મીઠું કે लवणं=ખારું एयलद्धं=એવું જે (શાસ્ત્રવિધિથી) મળ્યું હોય તે अन्नत्थपउत्तं=અન્યાર્થ પ્રયુક્ત, અર્થાત્ (ગાડાના ચક્રમાં ઉંજણની જેમ) મોક્ષનું સાધક છે, એમ સમજીને संजए=રાગ–દ્વેષ રહિત સાધુ महुघयं व=મધુ–ઘૃતની જેમ (ઉત્તમ માનીને) भुंजिज्ज–ભોજન કરે (૧–૯૭)

[સ્વાદિષ્ટ કે સ્વાદ વિનાનું ભોજન રસનેન્દ્રિયની અપેક્ષાએ સારુ નરસું મનાય છે. રસનાનો વિજેતા મુનિ મોક્ષ સાધક દેહને માત્ર ટકાવવાના ધ્યેયથી રાગ–દ્વેષ વિના શાસ્ત્રોક્ત વિધિથી મળેલું, જે જે નિર્દોષ કલ્પ્ય અને શરીરને પથ્ય હોય તે સઘળું સંયમની અપેક્ષાએ ઉત્તમ સમજીને મીઠા ભોજનની જેમ વાપરે અને અવિધિથી લાવેલું, દોષિત અકલ્પ્ય તથા કુપથ્ય વસ્તુ વર્ણાદિથી શ્રેષ્ઠ હોય તો પણ તજે. અહીં 'મધુઘૃત'માં મધુ શબ્દ સ્વાદની ઉપમા માટે કહેલો છે, માટે મધને ભક્ષ્ય નહિ સમજવું.]

(૧૫૮) अरसं विरसं वा वि, सूइअं वा असूइअं ।
उल्लं वा जइ वा सुक्कं, मंथुकुम्मास भोअणं ॥१–९८॥

(૧૫૯) उप्पन्नं नाइहीलिज्जा, अप्पं वा बहु फासुअं ।
मुहालद्धं मुहाजीवी, भुंजिज्जा दोसवज्जिअं ॥१–९९॥

अरसं=(મસાલા કે વઘાર વગેરે કર્યા વિનાનું) રસ

પાંચમા અધ્યયનનો બીજો ઉદ્દેશો

પહેલા ઉદ્દેશામાં શેષ રહેલો ભોજનવિધિ બીજામાં કહે છે—

(૧૯૧) पडिग्गहं संलिहित्ता णं, लेवमायाइ संजए।
दुगंधं वा सुगंधं वा, सव्वं भुंजे न छड्डए ॥२-१॥

संजए=(રાગ-દ્વેષાદિનો વિજેતા) મુનિ દુર્ગન્ધવાળું કે સુગંધી सव्वं=સઘળું लेवमायाइ=લેપ સુધી (પાત્રને તર્જની અંગુલીથી) संलिहित्ता=સંલેખન કરીને (ઘસીને) ભોજન કરે, લેશ પણ છાંડે નહિ. (૨-૧)

[લેશ પણ નહિ છાંડતાં પૂર્ણ ભોજન કરવાના વિધાનથી અધિક લાવવું નહિ, સંગ્રહ કરવો નહિ, મૂર્છા થાય નહિ, દાનરુચિની રક્ષા થાય-વધે અને પાત્ર વગેરે સ્વચ્છ રહે, ઈત્યાદિ અનેક લાભ થાય. ૨-૧]

(૧૯૨) सेज्जानिसीहियाए, समावन्नो अ गोअरे।
अयावयट्ठा भुच्चा णं, जइ तेणं न संथरे ॥२-२॥

(૧૯૩) तओ कारणमुप्पन्ने, भत्तपाणं गवेसए।
विहिणा पुव्वउत्तेण, इमेणं उत्तरेण य ॥२-३॥

सेज्जा=ઉપાશ્રય કે निसीहियाए=સ્વાધ્યાય ભૂમિમાં (તપસ્વી કે ગ્લાન સાધુ) गोअरे=આહાર કરવાના સ્થળે अयावयट्ठा=(નિર્વાહ ન થાય તેટલું) અપૂર્ણ (ભોજન મળ્યું હોય તેને) भुच्चा=વાપરીને (જો તેટલા વડે) न संथरे= નિર્વાહ ન કરી શકે (૨-૨) तओ=તો ('ક્ષુધાની વેદના ન સહાય, જ્ઞાનાભ્યાસાદિ કાર્યો ન થઈ શકે' વગેરે પુષ્ટ

સમયની કિંમત અમૂલ્ય છે. 'गोयमा ! समयं मा पमायए'। એ પ્રભુ મહાવીર દેવનું વચન એનું સૂચક છે. અનંતાનંત પુદ્ગલ પરાવર્તન સુધી ન થાય તે આત્મશુદ્ધિ મનુષ્યની ટુંકી જિંદગીની થોડી ક્ષણોમાં થઈ શકે છે. માટે અનંતા જન્મો કરતાં ય મનુષ્યનો ધર્મસામગ્રી યુક્ત એક ભવ અધિક મૂલ્યવાળો છે. ૪]

અકાળે નીકળવાથી ભિક્ષા ન મળતાં કોઈ સાધુ કલેશ કરે, કે દાતારની નિંદા કરે, તેને અન્ય સાધુ કહે છે—

(१६५) अकाले चरसि भिक्खू, कालं न पडिलेहसि ।
अप्पाणं च किलामेसि, संनिवेसं च गरिहसि ॥२–५॥

હે ભિક્ષુક ! તું અકાળે ભિક્ષાર્થે ફરે છે, ભિક્ષા-કાળને न पडिलेहसि=વિચારતો નથી, તેથી अप्पाणं= પોતાને किलामेसि= થકવે છે અને संनिवेसं= ગામને (ગૃહસ્થોને) गरिहसि=નિંદે છે. (૨–૫)

[અજ્ઞાન, પ્રમાદ કે સ્વાધ્યાયાદિના લોભથી અકાળે ફરવાનું સંભવિત છે. પણ તેમા અજ્ઞાન અને પ્રમાદ સ્પષ્ટ અહિતકર છે જ. સ્વાધ્યાયનો પણ લોભ મોહના ઉદયરૂપ હોવાથી શાસ્ત્રાજ્ઞાનો ભંગ કરાવે છે. પ્રત્યેક કાર્યો તે તે કાળે કરવાની જિનાજ્ઞા હોવાથી તે તે કાળે કરાતું ભોજન, ભિક્ષાભ્રમણ કે સ્થંડિલ ગમન, વગેરે સર્વ શરીર–ચિંતાનાં કાર્યો પણ નિર્જરાનાં કારણ છે. ભણવા જેટલું પ્રત્યેક સાધુક્રિયાનું પણ મહત્ત્વ છે, એમ સમજતો મુનિ એક કાર્યના લોભથી અન્ય કાર્યની ઉપેક્ષા કરે નહિ જ્ઞાનાદિ આરાધનાનો લોભ પણ બીજા યોગોમા અનાદર ન પ્રગટાવે તો જ પ્રશસ્ત ગણાય. વસ્તુતઃ જિનાજ્ઞાને અનુસરવા પૂર્વકનો મન વચન અને કાયાનો વ્યાપાર તે જ જ્ઞાન દર્શન અને ચારિત્ર છે. ૫]

કાળ યતનાદિ કહી तहेव=તેમ (ક્ષેત્રયતના માટે પણ) જ્યાં उच्चावया=સારા નરસા (હંસ વગેરે કે કાગડા વગેરે) पाणा=જીવો भत्तट्ठाए=(બલી–નૈવેદ્ય વગેરે) ભોજન માટે (આકાશે)આવ્યા હોય, तं उज्जुअ=તેઓની સામે ન જાય, (પણ તેમને ઉદ્વેગ, ત્રાસ, ભય ન થાય તે રીતે) जयमेव परक्कमे=યતના પૂર્વક જાય. (૨–૭)

[પક્ષી આદિ ભયથી ઉડી જતા તેઓને વિઘ્નભૂત થવાથી કર્મ બંધાય. લોકમા પણ સાધુ હલકા–ભીખારી તુલ્ય મનાય અને એથી શાસનની પણ લઘુતા થાય. ૭]

(૧૬૮) गोअरग्गपविट्ठो अ, न निसीइज्ज कत्थई ।
कहं च न पबंधिज्जा, चिट्ठित्ताण व संजए ॥२–८॥

ભિક્ષા માટે ગએલો संजए=સાધુ न निसीइज्ज=બેસે નહિ, અથવા चिट्ठित्ता=ઉભા રહીને (પણ અમુક સમય સુધી) कहं=કથાને न पबंधिज्जा=પ્રબંધ પૂર્વક ન કરે. (૨–૮)

[અર્થાપત્તિએ પ્રસંગને અનુરૂપ આવશ્યક પ્રશ્નાદિ કે કોઈ પ્રસંગે થોડો માત્ર ઉપદેશ કરી શકાય. ગૃહસ્થને ત્યા અધિક રોકાવા બેસવાથી સંયમની હાનિ અને ધર્મકથા કરવાથી ભક્ત હોય તો આહારમા દોષ લાગવાનો અને દ્વેષી હોય તો દ્વેષ થવાનો વગેરે પ્રસંગ આવે. ૮]

હવે દ્રવ્યયતના માટે કહે છે—

(૧૬૯) अग्गलं फलिहं दारं, कवाडं वा वि संजए ।
अवलंबिया न चिट्ठिज्जा, गोअरग्गगओ मुणी ॥२–९॥

(૧૭૨) वणीमगस्स वा तस्स, दायगस्सुभयस्स वा ।
अप्पत्तिअं सिया हुज्जा, लहुत्तं पवयणस्स वा ॥२-१२॥

તે વણીમગસ્સ=યાચકને, તસ્સ દાયગસ્સ=તેને દાન દેનારને અથવા ઉભયને સિયા=કદાચિત્ આપત્તિઅં=અપ્રીતિ થાય, અથવા (તે સાધુનું કે) પવયણસ્સ=જૈન શાસનનું લહુત્તં=લઘુત્વ (હલકાઈ) થાય. (૨-૧૨)

[ભાગ પડવાના ભયે લેનારાનું અને અનુચિત વર્તન જોઈને દાતારનું મન દુભાય, સાધુની પણ કદર તે ભીખારી જેટલી હલકી થાય અને એથી કર્મબંધ તથા પ્રવચનનો ઉડ્ડાહ વગેરે પણ થાય, માટે જૈનસાધુને કોઈ ઉપાયે કોઈનું મન પણ દુભાવવાથી હિંસારૂપ અતિચાર કહ્યો છે.]

(૧૭૩) पडिसेहिए व दिन्ने वा, तओ तम्मि नियत्तिए ।
उवसंकमिज्ज भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥२-१३॥

દાતારે તે શ્રમણાદિને પડિસેહિए=પ્રતિષેધ કર્યે છતે, दिन्ने वा અથવા દાન દીધે છતે तम्मि=તે तओ=ત્યાંથી नियत्तिए=પાછો ફર્યા પછી સંયત મુનિ ભોજન માટે કે પાણી માટે ગૃહસ્થની સમીપ જાય. (૨-૧૩)

હવે પરપીડાના પરિહારની મર્યાદા કહે છે કે—

(૧૭૪) उप्पलं पउमं वा वि, कुमुअं वा मगदंतिअं ।
अन्नं वा पुप्फसच्चित्तं, तं च सलुंचिआ दए ॥२-१४॥

(૧૭૫) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥२-१५॥

વળી-અગિનવુડં=અચિત્ત નહિ થયેલા સાલુઅં=નીલકમળના કંદને, વિરાલિઅં=પલાશવૃક્ષના કંદને, (બીજાઓ પર્વોવાળા પ્રત્યેક વેલાને અને પર્વરૂપ પ્રત્યેક કંદોને, એમ પણ કહે છે) તથા કુમુઅં=શ્વેતકમળને, અને ઉપ્પલનાલિં=નીલકમળના નાળને (દાંડાને) તથા કમલિનીમાંથી નીકળેલા મુણાલિઅં=બીસતંતુને, સાસવનાલિઅં=શ્વેતસર્ષવની મંજરીને(ફળીને) उच्छुखंडं=શેરડીના ટુકડાને, (૨-૧૮) તથા કોઈ પણ रुक्खस्स=વૃક્ષના तणगस्स वा=અથવા તૃણના કે કોઈ अन्नस्स=બીજા પણ हरिअस्स=વનસ્પતિના आमगं तरुणगं पवालं=કાચા તાજા પ્રવાલને (અંકુરાને) તજે. (ન સ્વીકારે.) (૨-૧૯)

(૧૮૦) तरुणिअं वा छिवाडिं, आमिअं भज्जिअं सयं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥२-२०॥

તથા तरुणिअं=અતિકોમળ (દાણા થયા વિનાની) आमिअं=(દાણા થવા છતા) કાચી (નહિ પકાવેલી), અથવા सयं भज्जिअं=એક વાર (કાચી-પાકી) પકાવેલી, એવી छिवाडिं=ફળીને (મગ વગેરેની શિંગોને) આપનારી દાત્રીને પ્રતિષેધ કરે કે મારે તેવું કલ્પતું નથી. (૨-૨૦)

(૧૮૧) तहा कोलमणुस्सिन्नं, वेलुअं कासवनालिअं ।
तिलपप्पडगं नीमं, आमगं परिवज्जए ॥२-२१॥

તથા अणुस्सिन्नं=(પાણી અને અગ્નિના સંયોગ પૂર્વક) નહિ રાંધેલા कोलं-બોરને, वेलुअं=વંશકારેલાને कास-

તેવી રીતે फलमंथूणि=(બોર વગેરે) ફળોનું ચૂર્ણ, बीयमंथूणि=બીજચૂર્ણ (જવ-ચણા-ઘઉં વગેરેનો લોટ), बिहेलगं=બિભીતક (બહેડાં) અને पिआलं=પ્રિયાલફળ, એ પ્રત્યેકને जाणिआ=જાણીને=(શાસ્ત્રવચનથી ઓળખીને) કાચાં (પૂર્ણ અચિત્ત ન થયાં) હોય તો વર્જવાં (૨-૨૪)

[અહીં સુધી સ્થાવરને પણ પીડા ન થાય તે રીતે આહાર લેવા કહ્યું. તેમાં પ્રિયાલ એટલે રાયણ અથવા દ્રાક્ષા જાણવી. અહીં સચિત્ત કે મિશ્ર વસ્તુ લેવાનો નિષેધ કર્યો તે નિશ્ચયનયની અપેક્ષાએ સમજવો. વ્યવહારનયથી તો અચિત્ત પણ જે જે સંયમમાં હાનિ કરે, ગૃહસ્થોને પણ અભક્ષ્ય-અનંતકાય તરીકે ત્યાજ્ય હોય, જે લેવાથી લોકમાં લોલુપી ગણાય, કે જે જે દેશ-કાળાદિને અનુસરીને વ્યવહારથી અભક્ષ્ય કહી હોય, તે સર્વ વસ્તુ લેવાનો નિષેધ સમજવો. ૨૪]

(૧૮૫) समुयाणं चरे भिक्खू, कुलं उच्चावयं सया ।
नीयं कुलमइक्कम्म, ऊसढं नाभिधार(व)ए ॥२-२५॥

સાધુ પ્રતિદિન समुयाणं=શુદ્ધ-સંયમોપકારક-નિર્દોષ-ભિક્ષા મેળવવાના ધ્યેયપૂર્વક उच्चावयं=ઉચ્ચ (ધનિકના) અને હલકા (દરિદ્રના) कुलं=ઘેર (ભેદ વિના) चरे=ફરે, કિન્તુ णीअं=હલકા કુળને ઉલ્લંઘીને-છોડીને ऊसढं=ઋદ્ધિમંતના ઘેર न अभिधावए=ન જાય (અથવા न अभिधारए=જવાનું ન ચિંતવે) (૨-૨૫)

[અવચૂરીમાં 'नाभिधावेत्' પાઠ પણ છે. ૨૫]

(૧૮૬) अदीणो वित्तिमेसिज्जा, न विसीइज्ज पंडिए ।
अमुच्छिओ भोयणंमि, मायन्ने एसणारए ॥२-२६॥

દેખાતાં છતાં નહિ આપનાર ઉપર સંયત (સાધુ) કોપે નહિ (૨-૨૮)

(૧૮૯) इत्थिअं पुरिसं वा वि, डहरं वा महल्लगं ।
वंदमाणं न जाइज्जा, नो अ णं फरुसं वए ॥२-२९॥

સ્રીને પુરુષને અથવા વિ=નપુંસકને, તે પણ डहरं= તરુણને, महल्लगं=વૃદ્ધને, અથવા वा=મધ્યમવયવાળાને, वंदमाणं=વંદન કરતો જોઇને (ભક્ત સમજીને) (આહારાદિ) न जाइज्जा=યાચે (માગે) નહિ અને માગવા છતાં ન આપે તો नो फरुसं वए=કઠોર શબ્દો ન કહે. (૨-૨૯)

[માગવાથી અસદ્ભાવ થાય અને કઠોર શબ્દો કહેવાથી અપમાનાદિ કરે. અથવા બીજો અર્થ न जाइज्जा=વંદન કરતો દેખીને લાડ ન કરે અને ન વાદે કે ન આપે તો પણ 'તું વૃથા વંદન કરે છે' વગેરે કટુ-કઠોર શબ્દો ન કહે. ૨૮-૨૯]

(૧૯૦) जे न वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे ।
एवमन्नेसमाणस्स, सामण्णमणुचिट्ठइ ॥२-३०॥

જે ગૃહસ્થાદિ ન વાંદે તેના પ્રત્યે કોપે નહિ, અને કોઈ રાજાદિ મોટા પણ પુરુષ વાંદે તો न समुक्कसे=ઉત્કર્ષ (અભિમાન) કરે નહિ. एवं=એ પ્રમાણે अन्नेसमाणस्स= અન્વેષણ કરનારનું (આહારાદિને શોધનારનું) सामण्णं= શ્રમણપણું अणुचिट्ठइ=અખંડ રહે છે. (૨-૩૦)

હવે બીજા સાધુઓથી છુપાવનારને કહે છે—

(૧૯૧) सिया एगइओ लद्धुं, लोभेण विणिगूहइ ।
मामेयं दाइयं संतं, दट्ठूणं सयमायए ॥२-३१॥

(૧૯૧) अत्तट्ठागुरुओ लुद्धो, बहु पाव पकुव्वइ ।
दुत्तोसओ य सो होइ निव्वाण च न गच्छइ ॥२-३२॥

सिया=કદાચિત્ (કોઈ ક્ષુદ્રસાધુ) एगइओ=એકલો ગોચરી ફરતા અશનાદિ શ્રેષ્ઠ આહારને) लद्धु=મેળવીને લોભણ=રસના લોભથી (એમ વિચારે કે) मय=આ ભોજન ગુરુને માહ્ય સત=દેખાડવાથી તને શ્રેષ્ઠ दट्ठूण=જોઇને તેઓ મા आयए=રખે લઇ ન લે, (માટે છુપાવુ) એવી ચોરબુદ્ધિથી મળેલી સારી વસ્તુને બીજી સામાન્ય વસ્તુ નીચે विणिगूहइ-છુપાવે (૨-૩૧) તો તે अत्तट्ठागुरुआ= આત્માર્થે ગુરુ-શ્રેષ્ઠ વસ્તુને પોતે ઇચ્છતો રસમા लुद्धा= લુબ્ધ (ભોજન જેવી ક્ષુદ્ર વસ્તુ માટે માયા કરીને) बहु=ઘણા पाव=પાપને पकुव्वइ=કરે (બાધિ તે પાપ કમના ઉદયથી અન્યભવે દરિદ્ર થાય આ ભવમા પણ) सो=તે दुत्तोसआ=દુસ્તોષી (અસતોષી) થાય અને निव्वाण- મુક્તિને (અથવા ચિત્તની શાન્તિને) ન પામે (૨-૩૨)

[ગુ [illegible] આનાથી અન [illegible] સ પુરુષના [illegible] ભાવવી મળેલી સર્વ વસ્તુ ગુરુને આપી તેઓ [illegible] વાપરવાથી મનનો સયમ તથા અનાદિ વાસના [illegible] પરા કાદિ રૂપી પ્રકટ [illegible] અને પરિણામે [illegible] [illegible]

[illegible] એમ વિચારીને આત્માર્થીએ [illegible] ગુરુ પણ શિષ્યોને બદલે [illegible] મલિન [illegible] શિષ્યોને ઓળખીને સન્માર્ગે વાળવા પ્રયત્ન કરે. એમ કરવાથી ઉભયને પરસ્પર પૂજ્યભાવ અને વાત્સલ્ય જળવાય બન્ને આરાધક થાય. અન્યથા 'શિષ્ય જે જે દોષો સેવે તે સર્વ દોષો ગુરુને પણ લાગે' એમ શાસ્ત્રવચન છે વગેરે આત્માર્થીએ વિચારવું. પ્રત્યક્ષ દરિદ્રો, ભીખારીઓ, રોગીઓ, નિરાધાર કે દીન-દુઃખીયા વગેરે પૂર્વે આ રીતે બાંધેલા કર્મોના પ્રત્યક્ષ ઉદાહરણો છે. ૩૧-૩૨]

હવે પરોક્ષમાં દોષ સેવનારને કહે છે—

(૧૯૩) सिआ एगइओ लद्धुं, विविहं पाणभोअणं ।
भद्दगं भद्दगं भुच्चा, विवन्नं विरसमाहरे ॥२-३३॥

(૧૯૪) जाणंतु ता इमे समणा, आययट्ठी अयं मुणी ।
संतुट्ठो सेवए पंतं, लूहवित्ती सुतोसओ ॥२-३४॥

કદાચ કોઇ એકલો સાધુ વિવિધ (શ્રેષ્ઠ વર્ણાદિવાળા) પાણી તથા ભોજનને મેળવીને भद्दग=સારૂં સારૂં ખાઇને विवन्न=વર્ણ રહિત અને विरस=રસ વિનાનું (બેસ્વાદ) आहरे=ઉપાશ્રયે લાવે. (૨-૩૩) તો તે એવી માયા એ કારણે કરે છે કે-મને इमे समणा=આ બીજા સાધુઓ अयं मुणी=આ મુનિ आययट्ठी=આયતાર્થી (ભવિષ્યના સુખનો-મોક્ષનો અર્થી) હોવાથી (મળવા ન મળવામાં સમવૃત્તિ-વાળો) संतुट्ठो=સંતોષી છે, पंतं=તુચ્છ પદાર્થોને सेवए=સેવે (ખાય) છે, વિષયો પ્રત્યે लूहवित्ती=રૂક્ષવૃત્તિવાળો

[[illegible] દેવીની આજ્ઞાએ' [illegible] 'કદાપિ ન [illegible] આગાર-આદિની [illegible] ન કરે. ૩૬]

(૧૯૭) पियइ एगइओ तेणो, न मे कोइ वियाणइ ।
तस्स पस्सह दोसाइ, नियडिं च सुणेह मे ॥२-३७॥

કોઈ અધર્મી (જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞાનો ભંગ કરવાથી દેવગુરુનો) तेणो=ચોર સાધુ મને કોઈ ન वियाणइ=જાણતું (જોતું) નથી, એમ માનીને એકલો (એકાન્તમાં) પીએ, तस्स=તેના (આલોક-પરલોકના) दोसाइ=દોષોને હે શિષ્યો! તમે पस्सह=જુઓ! અને તેના नियडि=માયાદોષને (ફળને) (જણાવનારું) मे=મારું વચન सुणेह=સાંભળો!! (૨-૩૭)

(૧૯૮) वड्ढइ सों(सुं)डिआ तस्स, मायामोसं च भिक्खुणो ।
अयसो अ अनिव्वाणं, सययं च असाहुया ॥२-३८॥

(૧૯૯) निच्चुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मई ।
तारिसो मरणंते वि, न आराहेइ संवरं ॥२-३९॥

(૨૦૦) आयरिए नाराहेइ, समणे आवि तारिसो ।
गिहत्था वि णं गरिहंति, जेण जाणंति तारिसं ॥२-४०॥

(૨૦૧) एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जओ ।
तारिसो मरणंते वि, ण आराहेइ संवरं ॥२-४१॥

तस्स=તે ભિક્ષુકને પરોક્ષમા તેવાં પાપ કરવાનો सोंडिआ=આકરો રાગ થાય, માયાપૂર્વક મૃષાવચન બોલે,

હવે નિર્મળ સદ્ગુણો અને તેના પાલનનું ફળ કહે છે—

(२०२) तवं कुव्वइ मेहावी, पणीअं वज्जए रसं ।
मज्जप्पमायविरओ, तवस्सी अइउक्कसो ॥२–४२॥

(२०३) तस्स पस्सह कल्लाणं, अणेगसाहुपूइअं ।
विउलं अत्थसंजुत्तं, कित्तइस्सं सुणेह मे ॥२–४३॥

(२०४) एवं तु स गुणप्पेही, अगुणाणं विवज्जओ ।
तारिसो मरणंते वि, आराहेइ संवरं ॥२–४४॥

(२०५) आयरिए आराहेइ, समणे आवि तारिसो ।
गिहत्था वि णं पूयंति, जेण जाणंति तारिसं ॥२–४५॥

(સાધુતાની મર્યાદાનો જાણ એવો) બુદ્ધિમાન અને તપસ્વી જે સાધુ (બાહ્ય–અભ્યંતર) તપને કરે, પ્રણીત (માદક) આહારને અને (ઘી–દૂધ વગેરે) રસોને વર્જે, તથા મદ્ય (ઉન્માદજનક કેફી પીણાં તથા નિદ્રા વિકથાદિ) પ્રમાદથી विरओ=વિરત (દૂર રહે) અને (મરણાન્તે પણ 'હું તપસ્વી-જ્ઞાની છું' એવા) अइउकसो=ઉત્કર્ષ રહિત હોય (૨–૪૨) तस्स=તેની कल्लाणं=ગુણસંપત્તિને (અર્થાત્ ચારિત્રને) હે શિષ્યો ! તમે पस्सह=જુઓ ! (સાંભળો). તેનુ ચારિત્ર अणेगसाहुपूइअं=**અનેક સાધુઓથી પૂજિત** બને છે, (સેવાય છે. અર્થાત્ બીજા પણ તેના જેવું ચારિત્ર પાળે છે, અથવા તેના ચારિત્રની

(૨૦૯) तवतेणे वयतेणे, रूवतेणे य जे नरे ।
आयारभावतेणे अ, कुव्वइ देवकिव्विसं ॥२-४६॥

तवतेणे=तपनो ચોર वयतेणे=વચનનો ચોર, તથા रूवतेणे=રૂપનો ચોર અને आयार-भावतेणे=આચાર તથા ભાવનાનો ચોર હોય, તે देवकिव्विसं=કિલ્બિષિક દેવપણું મળે તેવો (કર્મ બંધ) कुव्वइ=કરે છે. (૨-૪૯)

[કોઈ સાધુને પૃછવામાં આવે કે તમે તપસ્વી છો ? ત્યારે તપ-રહિત છતા તે કહે હા, હું તપસ્વી છુ. અથવા કોઇ રોગાદિ કારણે દુર્બળ હોય તેને પૂછે કે શુ તમે કોઈ કિલષ્ટ તપ કરો છો ? ત્યારે પોતાને તપસ્વી મનાવવા કહે કે સાધુ તો સદા તપસ્વી હોય ! એમ ભળતુ બોલે, અથવા મૌન રહે, એ રીતે મિથ્યા તપસ્વી ગણાવા દોષ સેવે તે 'તપચોર' સમજવો. એમ જ્ઞાન રહિત એવા કોઈ વચન ચતુરને કોઇ પૂછે કે તમે બહુશાસ્ત્રોને જાણો છો ? ત્યારે હા કહે, ભળતુ બોલે, કે મૌન રહે, એ રીતે પંડિતમા ખપવા દોષ સેવે તે 'વચનચોર' જાણવો. કોઈ રૂપવાન સાધુને બીજો પૂછે કે શુ તમે રાજપુત્ર હતા ? ત્યારે તે હા કહે, ભળતું બોલે, મૌન રહે, વગેરે રૂપ માટે દોષો સેવે તે રૂપચોર સમજવો. કોઈ દેખાવ કરવા માટે બાહ્ય આચાર પાળતો હોય તેને કોઇ પૂછે કે અમુક આચાર્યના વિશિષ્ટ આચારવાળા અમુક શિષ્ય સંભળાય છે, તે શુ તમે જ છો ? ત્યારે હા કહે, કે મૌન સેવે વગેરે દોષ સેવે તે આચારચોર અને બીજાનુ કહેલું સાભળીને સંભળાવે, કે પોતે ન જાણતો હોય તે વિષયને કોઈ જ્ઞાનીને પૂછી જાણે, છતા 'હું એ પ્રમાણે જાણતો જ હતો' એમ કહે ઈત્યાદિ પોતાના દોષને છુપાવનારો ભાવચોર જાણવો. પ્રશંસાનો

કહ્યું છે કે (કાલં–અકાલંનો અર્થાત્ શાસ્ત્રમર્યાદાનો જાણ એવો) मेहावी=બુદ્ધિમાન સાધુ अणुमायं पि=અણુમાત્ર (લેશ) પણ मायामोसं=માયામૃષાવાદને વર્જે. (૨–૪૯)

(૨૧૦) सिक्खिऊण भिक्खेसणसोहिं, संजयाण बुद्धाण सगासे।

तत्थ भिक्खू सुप्पणिहिइंदिए,

तिव्वलज्जगुणवं विहरिज्जासि–त्ति बेमि ॥२–५०॥

बुद्धाण=પંડિત (ગીતાર્થ) એવા संजयाण=વૈરાગી સાધુઓના सगासे=**પાસેથી** ઉદ્‌ગમાદિ દોષોથી રહિત भिक्खेसणसोहिं=ભિક્ષા લેવારૂપ **એષણા શુદ્ધિને** વિનયાદિ ગુણપૂર્વક सिक्खिऊण=**શિખીને** तिव्वलज्जगुणवं=**તીવ્રલજ્જાગુણવાળો** (ઉત્કૃષ્ટ સંયમી) તથા सुप्पणिहिइंदिए=**ઇન્દ્રિયોના સુપ્રણિધાનવાળો** (ઉપયોગવાળો) બનીને भिक्खू=**સાધુ** तत्थ=**તેમાં** (એષણા સમિતિમાં) विहरिज्जासि=**વિચરે.** (તેનુ પાલન કરે) त्ति=**એમ** (કહેલું હું તને) बेमि=**કહું છું.** (૨–૫૦)

[પ્રથમ ગુણ–દોષનું જ્ઞાન કરાવ્યું અને અહી તે દોષોને તજીને ગુણોનું પાલન કરવારૂપ ક્રિયા જણાવી. એમ આ અધ્યયનમા પિંડ-સંબંધી જ્ઞાન–ક્રિયારૂપ સંયમનો ઉપદેશ કરેલો છે. જ્ઞાન ક્રિયારૂપે જીવનમા ઉતારવાથી સફળ થાય છે. માટે "**ज्ञानक्रियाभ्यां मोक्ष**" અર્થાત્ જ્ઞાન અને ક્રિયા બેના યોગથી મોક્ષ થાય છે એમ કહ્યુ છે. ૫૦]

समत्तो बीओ उद्देसो ।

समत्तं पंचमं अज्झयणम् ।

卐 卐

છટ્ઠુ મહાચારકથા અધ્યયન

આ અધ્યયનમા ઉદ્યાનમા પધારેલા ગીતાર્થ ગુરુની સમક્ષ રાજા અને બીજા પણ બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરે નગરવાસી જનોએ પૂછવાથી જ્ઞાની ગુરુએ 'વયછક્ક કાયછક્ક૦' ગાથામા કહેલા સાધુના અઢાર આચારોની દુષ્કરતા સાથે તેનુ વિસ્તૃત વર્ણન કરેલુ છે એમ આચારની કથા હોવાથી 'આચારકથા' અને ત્રીજા અધ્યયનમા કહેલા ક્ષુલ્લક-આચારોની અપેક્ષાએ અહી કહેલા આચારો મોટા હોવાથી 'મહાચારકથા' એવુ નામ છે પાચમા અધ્યયનની ૧૦૮મી ગાથામા જણાવ્યા પ્રમાણે ગોચરી ગએલા સાધુને ઉપદેશ કરવાનો નિષેધ હોવાથી ગોચરી ફરતા કોઈ સાધુને ગૃહસ્થોએ ધર્મનુ સ્વરૂપ પૂછ્યુ, ત્યારે તેણે ઉદ્યાનમા જઈ ગુરુ પાસે ધર્મ સાભળવા કહ્યુ, તેથી રાજા વગેરે ઉદ્યાનમાં આવી જ્ઞાની ગુરુને ધર્મ પૂછે છે અને ગુરુ તેનો ઉત્તર આપે છે, એ રીતે પાચમાની પછી આ અધ્યયનનો સબધ છે

(૨૧૧) नाणदसणसपन्न, सजमे अ तवे रय ।
गणिमागमसपन्न, उज्जाणमि समोसढ ॥६-१॥

(૨૧૨) रायाणो रायमच्चा य, माहणा अदुव खत्तिआ ।
पुच्छति निहुअप्पाणो, कह मे आयारगोयरो ॥६-२॥

જ્ઞાન દર્શન(શ્રદ્ધા)થી યુક્ત, (પાચ આશ્રવના રોધરૂપ) સયમમા અને (બાર પ્રકારના) તપમા રક્ત તથા આગમ સપન્ન=વિશિષ્ટ શ્રુતજ્ઞાની, એવા ઉદ્યાનમા સમોસઢ=સમવસરેલા (પધારેલા) ગણિ=આચાર્ય ભગવતને (૧)

रायाणो=રાજાઓ, रायमच्चा=રાજાના અમાત્યો (મંત્રીઓ), माहणा=બ્રાહ્મણો, अदुव=અને खत्तिआ=ક્ષત્રિયો શેઠીઆઓ સેનાપતિઓ વગેરે) निहुअप्पाणो=શાન્તચિત્તવાળા (અર્થાત્ બહુમાનસહિત બે હાથથી અંજલિ કરીને) પૂછે છે કે-भे=(હે ભગવંત!) આપનો आयारगोयरो=આચાર વિષય (અર્થાત્ ક્રિયારૂપ આચાર) कहं ?=કેવો છે.

[પહેલી ગાથામાં ગચ્છાધિપતિ આચાર્યનું સ્વરૂપ જણાવ્યું છે અને બીજી ગાથામાં રાજા વગેરે ધર્મના સ્વરૂપને પૂછે છે. એમા એ સાર છે કે-રાજા-મંત્રી-શેઠ-શાહુકાર દરેક પોતપોતાના કર્તવ્યને ધર્મ-ગુરુદ્વારા સમજવું જોઈએ. ધર્મગુરુ માનવજાતિનો નેતા છે, સર્વને પોતાના પૂર્વકૃતકર્મોના ઉદયથી મળેલી ભિન્નભિન્ન અવસ્થાઓ અને પ્રાપ્ત થએલા સુખ-દુઃખનાં નિમિત્તોને આત્મોપકારક બનવાનો માર્ગ બતાવનારો છે. આર્યરાજાઓ રાજ્યતંત્ર ચલાવવામાં ગુરુની સલાહને અનુસરે તો તેઓનું રાજ્યસંચાલન ધર્મરૂપ બને, રાજ્યધર્મ અખંડ રહે અને રાજ્ય ચલાવવા છતાં સદ્ગતિને પામે. અન્યથા રાજ્ય નરક જેવી માઠી ગતિનુ કારણ બને. ભૂતકાળના રાજાઓનો ઈતિહાસ આ હકીકતથી ભરપૂર છે. તે કાળની પ્રજા અને રાજાના સંબંધ પિતા પુત્ર જેવા હતા અને ન્યાય, નીતિ, સદાચાર, ધર્મવ્યવહારો, નિર્વિઘ્ને પળાતા, તેમાં ધર્મગુરુઓની સલાહ મુખ્ય રહેતી. સર્વ જીવો પ્રાયઃ સુખ-દુઃખને ભોગવવાની આવડત વિનાના હોય છે, બહુધા મનુષ્ય સુખમા ઉન્માદી-અભિમાની અને દુઃખમાં દીન બની જાય છે, તેને સુખ-દુઃખમા સમભાવ કેળવીને સ્વ-સ્વ અવસ્થાને ઉચિત કર્તવ્ય શિખવાડવુ એ ગુરુનુ કર્તવ્ય છે, માટે ગુરુપદને પામેલો આત્મા વિશિષ્ટ જ્ઞાની અને નિર્મળ-નિર્દોષ આચારવાળો તથા જીવમાત્રના કલ્યાણની ભાવનાવાળો હોવો જોઇએ, એવા વિશિષ્ટ ગુણોવાળો કે તેવા ગુણ-વાનની આજ્ઞામા જીવનારો સાધુ, સ્વ-પરનુ હિત સાધી શકે છે, અન્યથા સાધુ પણ કર્તવ્યભ્રષ્ટ થવાથી સદ્ગતિને પામી શકતો નથી.]

[illegible] પાળી શકાય તેવા (દુઃશક્ય)
[illegible] આચારરૂપ ક્રિયાકાણ્ડને મે=મારા કથનને
[illegible] સાંભળો ! (૪)

[illegible] આચારોનું પાલન
[illegible] રાગ [illegible] આચારોમાં આદર-બહુમાન
[illegible] પણાના-મનને નહિ ગમતા
[illegible] દુષ્કર લાગે છે. સત્ત્વશાળી જીવ
[illegible] હોવાથી દુષ્કર આચારો તરફ પણ
[illegible] શકે છે માટે અહીં સાધુના धम्मत्थकामाणं
[illegible] અર્થને મેળવવાની
[illegible] 'ચારિત્રધર્મદ્વારા મોક્ષરૂપ અર્થને મેળવવાની
[illegible] એવો કર્યો છે. અનાદિ કાળથી અર્થાન્તરે જીવનું એ
[illegible] પણ તેનો અર્થ 'ધર્મદ્વારા અર્થ એટલે ધન વગેરે
મેળવવાની ઈચ્છાવાળો' એવો કરે છે. એ રીતે વ્યવહારનયથી અનેક-
વાર બારવ્રતોરૂપ ગૃહસ્થનો અને ક્ષમા વગેરે દશ પ્રકારનો સાધુનો
ધર્મ પાળવા છતાં જીવનો સંસાર તૂટ્યો નથી, તેમ વર્તમાનમાં પણ
ધર્મના કડક આચારો પાળવા છતાં અર્થ અને કામની (વિષયોની)
ઈચ્છા ન મરે તો સંસારથી મુક્તિ થાય તેમ નથી. માટે અહીં
નિર્ગ્રન્થ સાધુનું સ્વરૂપ બતાવવા એ વિશેષણદ્વારા એવું સૂચન કર્યું
છે કે 'ધર્મદ્વારા જે મોક્ષરૂપ અર્થને (પ્રયોજનને) સાધવા ઈચ્છે'
તેવા મોક્ષાર્થી સાધુના આ આચારો કહું છું. અર્થાત્ સાધુએ
આચારોનું પાલન અર્થ-કામની ઈચ્છાઓનો નાશ કરી મોક્ષની એક
ઈચ્છાથી કરવું જોઈએ, અન્યથા એ ઈચ્છાઓથી ક્રોધાદિ કષાયો ઈચ્છા
ન હોય તો પણ પોષાતા રહે છે અને સંસાર વધી જાય છે.]

સાધુના આચારોનું મહત્ત્વ જણાવે છે કે—

जं लोए परमदुच्चरं ।
(૨૧૫) नन्नत्थ एरिसं वुत्तं, न भूयं न भविस्सइ ॥६-५॥
विउलट्ठाणभाइस्स,

(૨૧૭) दस अट्ठ य ठाणाइं, जाइं बालोऽवरज्झइ ।
तत्थ अन्नयरे ठाणे, निग्गंथत्ताओ भस्सइ ॥६-७॥

(વિરાધનાના) દશ અને આઠ (એટલે અઢાર) સ્થાનો છે, જેને બાળ (અજ્ઞાન) હોય તે જ अवरज्झइ=અપરાધે છે. (આચરે છે, કારણ કે) तत्थ=તેમાંના अन्नयरे= કોઇ એક પણ સ્થાનને આચરવાથી=निग्गंथत्ताओ= નિર્ગ્રન્થપણાથી भस्सइ=ભ્રષ્ટ થાય છે. (૭)

[રાજાદિએ પૃછવાથી આચાર્ય 'દુષ્કર અઢાર આચારોને અખંડ આરાધવા તે સાધુનો ધર્મ છે' એમ કહી તેની વિરાધનાના અઢાર પ્રકારો કહીને આરાધનાનું સ્વરૂપ સમજાવે છે. અર્થાત્ આરાધના માટે વિરાધનાનું સ્વરૂપ કહે છે. જે રોગના કારણો જાણે નહિ તે નિરોગી રહી શકે નહિ, જે દુઃખને જાણે નહિ તે સુખના ઉપાયો કરી શકે નહિ, તેમ વિરાધનાને જાણે નહિ તે ધર્મની આરાધના કરી શકે નહિ. માટે સર્વત્ર વિરાધનાનું જ્ઞાન અતિ આવશ્યક છે, એમ સમજાવ્યું છે.]

એ વિરાધનાને નામપૂર્વક કહે છે

(૨૧૮) वयछक्कं कायछक्कं, अकप्पो गिहिभायणं ।
पलियंक निसिज्जा य, सिणाणं सोहवज्जणं ॥६-८॥

[illegible] 'આધાકર્મ' વગેરે દોષે
[illegible] જણાવીને હિંસા થાય તેવું કોઈ કાર્ય કર
[illegible] અને અનુમોદનાનો પણ નિષેધ કરેલો હોવાથી)
[illegible] અહિંસા [illegible]=સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. (એ
અહિંસા [illegible] કહી નથી. તે પણ માત્ર ઉપદેશ
જ કહી [illegible] એમ નહિ, કિન્તુ ધર્મની સાધના તરીકે પોતે)
[illegible]-પાળી છે. (કારણ કે–એવી અહિંસામાં જ) सव्वभूएसु=
સર્વ જીવો પ્રત્યે संजमो=સંયમ(દયા–રક્ષા)થાય છે. (૯)

(એ જ સ્પષ્ટ જણાવે છે કે–)લોકમાં જેટલા ત્રસ અથવા સ્થાવર જીવો છે, તેઓને जाणं=જાણવા છતાં (રાગાદિને વશ મારવાની બુદ્ધિથી) કે अजाणं=અજાણપણે (પ્રમાદ–અનુપયોગ વગેરેથી) પણ સ્વયં नो हणे=હણે નહિ અને બીજા પાસે णो विघायए=હણાવે નહિ તથા ઉપલક્ષણથી હણનારને અનુમોદે પણ નહિ. (૧૦)

(કારણ કે–)સર્વ પણ જીવો જીવવાને ઈચ્છે છે, મરવાને ઈચ્છતા નથી, तम्हा=તે, માટે દુઃખના કારણભૂત घोरं=ભયંકર पाणिवहं=જીવવધને (હિંસાને) નિર્ગ્રન્થ સાધુઓ વર્જે છે. (૧૧)

['અહિંસા પરમો ધર્મઃ' એમ કહેવા છતા અહિંસાનુ પાલન

થાય તેવા આચારો અન્ય ધર્મોમાં કહ્યા નથી માટે તેમની અહિંસા
કહેવા માત્ર છે સોનાનો ગીલેટ ચડાવેલા પિત્તળ જેવી છે. છેદ કે
તાપની પરીક્ષામાં ટકે તેવી નથી. હેય–ઉપાદેય તત્ત્વોનું અથવા કર્તવ્ય-
અકર્તવ્યનું વર્ણન જેવું કર્યું હોય તેને પાળી શકાય તેવા આચારો
પણ કહ્યા હોય તો તે કથન સત્ય કહેવાય. જૈનશાસનમાં અહિંસાનું
જેવું વર્ણન (વિધાન) કરેલું છે તે જ રીતે તેનું પાલન થાય તેવા
આચારો પણ કહેલા છે. જેમ સોનાની પરીક્ષા કસોટીથી, છેદથી
અને તાપથી કરાય છે તેમ ધર્મશાસ્ત્રોની પણ પરીક્ષા કષ, છેદ
અને તાપથી કરવાની છે. જે પરીક્ષામાં શુદ્ધ હોય તે શાસ્ત્ર શુદ્ધ
ગણાય છે. કરણીયનું વિધાન અને અકરણીયનો નિષેધ કહેલો હોય
તે શાસ્ત્ર કષશુદ્ધ ગણાય અને વિધિ-નિષેધને અનુસરતા આચારો જેમાં
કહેલા હોય તે છેદશુદ્ધ ગણાય. હિંસા વગેરે પાપોનો નિષેધ કરવા છતાં
ધર્માનુષ્ઠાનો હિંસાદિ પાપકારક જણાવ્યા હોય તો છેદ પરીક્ષામાં
અશુદ્ધ–અસત્ય ગણાય. એ બન્ને છતાં આત્માદિ દ્રવ્યો એકાન્ત
નિત્ય કે અનિત્ય જણાવ્યા હોય તો ધર્મનું ફળ આત્માને મળે જ
નહિ માટે વસ્તુને એકાન્ત નિત્ય કે એકાન્ત અનિત્ય જણાવનારા
શાસ્ત્રો તાપથી અશુદ્ધ સમજવાં. જે શાસ્ત્રમાં સ્યાદ્વાદ દૃષ્ટિથી
આત્માદિ પદાર્થોને કથંચિત્ નિત્યાનિત્ય વગેરે જણાવ્યા હોય
તે જ શાસ્ત્ર તાપથી પણ શુદ્ધ હોવાથી સંપૂર્ણ શુદ્ધ ગણાય. એવું
મહાવીરે કહેલી અહિંસા કષ-છેદ-તાપથી શુદ્ધ અને સંયમના
પાલન માટે મન અને ઇન્દ્રિયોનો પૂર્ણ સંયમ જરૂરી છે, માટે
ત્રિવિધ ત્રિવિધ ત્રસ હિંસાનો ત્યાગ કરી અહિંસાનું પાલન કર
તે શ્રમણ આચારોનું પહેલું સ્થાન કહ્યું છે]

હવે બીજું સ્થાન કહે છે—

(૨૨૨) अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया, नो वि अन्नं वयावए ॥६-१२॥

(૨૨૩) मुसावाओ उ लोगम्मि, सव्वसाहूहिं गरिहिओ ।
अविस्सासो अ भूआणं, तम्हा मोसं विवज्जए ॥६-१३॥

अप्पणट्ठा=પોતાના અર્થે, અથવા પરના અર્થે કોહા વા=ક્રોધને વશ થઇને जइ वा=અથવા भया=ભય પામીને हिंसगं=પરપીડાકારી એવા मुसं=મૃષાવચનને (સ્વયં) न बूआ=બોલે નહિ અને બીજાને મુખે नो वयावए=બોલાવે નહિ. (૧૨) કારણ કે લોકમાં મૃષાવાદને સર્વ સાધુઓએ गरिहिओ=ગર્હ્યો છે (દુષ્ટ કહ્યો છે). મૃષાવાદથી भूआणं=પ્રાણિઓને अविस्सासो= અવિશ્વાસ થાય છે, તે માટે મૃષા બોલવાનું વર્જે. (૧૩)

[હું બીમાર છું, મારે અમુક જરૂર છે, એમ પોતાને અર્થે અથવા એ રીતે બીજાને અર્થે પણ ક્રોધથી 'તુ દાસ છે' વગેરે કડવુ કે અસત્ય નહિ બોલવું. એમ માનથી 'હું બહુશ્રુત છુ' વગેરે, માયાથી કોઈ કામ ન કરવા માટે 'મારા પગ દુઃખે છે' વગેરે અને લોભથી અણગમતી વસ્તુ કલ્પ્ય હોય તો પણ મનગમતી મેળવવા અકલ્પ્ય કહેવી, વગેરે પણ ન બોલવુ. એમ પ્રાયશ્ચિત્તના ભયથી ભૂલ કરવા છતાં 'મેં નથી કરી' વગેરે પણ ન બોલવું, એવુ હાસ્ય વગેરે નોકષાયોને વશ થઇને પણ ન બોલવું. ગાથામાં ક્રોધથી અને ભયથી કહેલુ છે, તેના ઉપલક્ષણથી ચારે કષાયો અને નવ નોકષાયોને વશ મૃષા ન બોલવાનુ, નહિ બોલાવવાનુ અને નહિ અનુમોદવાનુ પણ સમજી લેવુ. મૃષાવાદથી જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મોનો બંધ ઉપરાંત અશાતા, અશુભનામકર્મ, નીચગોત્ર વગેરે દુષ્ટ કર્મોનો બંધ થાય છે, અન્ય ભવમાં એકેન્દ્રિય જાતિમાં જન્મ, પંચેન્દ્રિય થાય તો પણ જીહ્વાના રોગ, મુખના રોગ, મુગા-બોબડાપણુ તથા અનાદેય, દુઃસ્વર, અપયશ, દુર્ભાગ્ય વગેરે વિવિધ દુઃખોને વશ થાય છે.

જ ખામી ગણાય. જિનાજ્ઞા મુજબ મળે તેમાં જ પ્રસન્ન રહી સંયમ માટે વાપરવું એ વૈરાગ્ય છે, વૈરાગ્ય વિના સંયમનો સ્વાદ સમજાતો નથી. બીજાને આપે તેમાં પણ અનાસક્તિ કેળવવાના ધર્મવાળા સાધુને અદત્ત લેવાનું કોઈ કારણ નથી.]

હવે ચોથું સ્થાન કહે છે—

(૨૨૬) अबंभचरिअं घोरं, पमायं दुरहिट्ठिअं ।
नायरंति मुणी लोए, भेयाययणवज्जिणो ॥६–१६॥

(૨૨૭) मूलमेयमहम्मस्स, महादोससमुस्सयं ।
तम्हा मेहुणसंसग्गं, निग्गंथा वज्जयंति णं ॥६–१७॥

अबंभचरिअं=**અબ્રહ્મચર્ય** (વિષયોનું સેવન) लोए=મનુષ્યલોકમાં घोरं=**ભયંકર** (દુઃખદાયી) पमायं=**પ્રમાદરૂપ** (જડના બંધનરૂપ) અને અનંતસંસારનું કારણ હોવાથી दुरहिट्ठिअं=**દુષ્ટ આશ્રયરૂપ** (દુરાચાર) છે એ કારણે भेयाययण=**ચારિત્રની વિરાધનાના સ્થાનોને** वज्जिणो=**વર્જનારા** મુનિઓ તેને न आयरंति=**સેવતા નથી.** (૧૬) एअं=**આ** અબ્રહ્મચર્ય अहम्मस्स=**પાપનું** મૂળ. છે (એથી પરલોકમાં વિવિધિ કષ્ટોનું કારણ છે અને આ લોકમાં ચોરી-અસત્ય-હિંસા વગેરે) महादोससमुस्सय=**મોટા દોષોનો ભંડાર** છે. તે કારણે નિર્ગ્રન્થ મુનિઓ मेहुणसंसग्गं=**મૈથુનના સંસર્ગને** (સ્ત્રીઓ સાથે બોલવું વગેરે સામાન્ય પણ) વર્જે છે. (णं અવ્યય વાક્યની શોભા પૂરતો સમજવો. (૧૭)

[બ્રહ્મચર્યનો વાસ્તવિક અર્થ ... અર્થાત્ આત્મા ... સ્વરૂપમાં રમવું એવા ... વ્યવહારથી ... કરવી એવો થાય છે ... જન્મમાં બ્રહ્મચર્યનું મહત્ત્વ ... વીર્યની ... છે ... પણ ... અસાધ્ય છે ... શક્તિ ... કાર્ય બ્રહ્મચર્ય મનુષ્ય ... આત્માના ... ગુણોના વિકાસ બ્રહ્મચર્યથી થાય છે ... પાલન ... હોવાથી તેને ... સ્થાનમાં ... છે.

મનુષ્યની ... થઈ શકે છે ... અતિદૂર ... મનુષ્ય ... પામી શકે છે ... શક્તિ હોવાથી ... જ્ઞાનીઓએ ... મુક્તિની સાધનાના ઉપદેશ કર્યો છે ... બ્રહ્મચર્ય દ્વારા વીર્યની રક્ષા ... સ્થાનોનું પાલન ... મનુષ્યની ...

વીર્યને ધાતુ પણ કહેવાય છે ... ધાતુઓથી અને ... બને છે ... સુવર્ણ ... ધાતુ ... ધાતુઓથી ... સંપત્તિ ... થાય છે ... વીર્ય નામની ધાતુ છે ... શરીરની વિવિધ શક્તિઓ ... વગેરે એવી શક્તિઓ ... અદ્ભુત ... શારીરિક માનસિક ... અને આધ્યાત્મિક શક્તિઓ ... સૂક્ષ્મ ... શકે છે ... વીર્યથી ... બુદ્ધિ અને બુદ્ધિથી ...

[illegible]

વીર્યના રક્ષણની સાથે તેની શુદ્ધિ માટે આહાર પણ
અહિંસક અને પવિત્ર જોઈએ. માટે જૈન સાધુની ભિક્ષાનો વિધિ
સર્વથી વિશિષ્ટ–નિર્દોષ અને અહિંસક કહ્યો છે. આહારશુદ્ધિ ન હોય તો
બ્રહ્મચર્યથી વીર્યરક્ષા કરવા છતા એ જ વીર્યથી કામ ક્રોધાદિને વશ
થઇ બ્રહ્મચર્યનો નાશ કરે છે. અતિશયોક્તિ વિના એમ કહી શકાય
કે સર્વ આશાઓ અને ઈચ્છાઓનો જય કરવા માટે બ્રહ્મચર્ય એક
અમોઘ અને સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

કર્મસાહિત્યમાં 'વીર્યાન્તરાય' નામનુ કર્મ માન્યું છે, તેના
ક્ષયોપશમાદિ બ્રહ્મચર્યથી થાય છે, વિનય, વૈયાવચ્ચ, કે અનશન–
ઉપવાસાદિ તપ વગેરે પણ અપેક્ષાએ બ્રહ્મચર્યના જ અંશો છે. માટે
તેનાથી વીર્યાન્તરાયનો ક્ષયોપશમ વગેરે થાય છે. સ્પર્શનેન્દ્રિયના જયની
સાથે પાચે ઇન્દ્રિયોનો જય કરવાથી બ્રહ્મસ્વરૂપ પ્રગટે છે, માટે પૂર્ણ
બ્રહ્મચર્ય પાંચે ઇન્દ્રિયોના વિજયરૂપ છે.

વીર્ય જેમ મૈથુનથી નાશ પામે છે, તેમ શબ્દ, રૂપ, રસ, ગંધ,
સ્પર્શ વગેરે વિષયોમાં આસક્તિથી, રાગ–દ્વેષ કરવાથી, કષાયોથી,
ચિંતાથી, વગેરે અનેક દોષોથી નાશ થાય છે. કામની બાવીશ
અવસ્થાઓમાં દશ અસંપ્રાપ્ત કામની અને બાર સંપ્રાપ્ત કામની છે,
તે દરેકથી બ્રહ્મચર્યનો નાશ થાય છે. એનુ સ્વરૂપ અન્ય ગ્રન્થોથી
જાણીને બ્રહ્મચર્યનુ પાલન કરવુ અતિ આવશ્યક છે

વીરનું અપર નામ [illegible] છે [illegible]
[illegible] શિવસતિ [illegible]
[illegible] અને [illegible]
એની શક્તિ [illegible] છે [illegible]
[illegible] નિત્ય [illegible] નામાં [illegible]
[illegible] સિદ્ધિપદને [illegible] અને [illegible]
[illegible] માત્ર [illegible]
[illegible] જાણીવા [illegible] છે [illegible]

આ ગાથાઓમાં [illegible] નહિ [illegible]
[illegible] દુરાચાર અધર્મને [illegible] અને [illegible]
[illegible] અપ્રમાદ [illegible] ધર્મનું મૂળ અને [illegible]
નિધાન છે એના વિના [illegible] સાધિ [illegible] સ્થાનાન [illegible]
માટે અને મહત્ત્વ સર્વાધિક [illegible] અની [illegible]
[illegible] પાળન [illegible]
[illegible] સુરક્ષિત [illegible] અનાદિ [illegible]

[illegible] સ્થાન કહે છે-

(२८) विहमुक्कमइम [illegible] निल्ल [illegible] पाणिअ ।
न त सनिहिमिच्छंति, नायपुत्तवआरया ॥६–१८॥

(२९) [illegible] अणुफास [illegible] अ[illegible] ।
[illegible] गिही [illegible] न से ॥६–१९॥

(३०) [illegible] पाय [illegible] पायपुञ्छणं ।
[illegible] परिहरंति [illegible] ॥६–२०॥

(२१) न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ॥६-२१॥

(२२) सव्वत्थुवहिणा बुद्धा, संरक्खण-परिग्गहे ।
अवि अप्पणो वि देहंमि, नायरंति ममाइयं ॥६-२२॥

नायपुत्त वओरया=જ્ઞાતપુત્ર શ્રી વર્દ્ધમાન સ્વામીના (જિનાજ્ઞાને જણાવનારા) વચનમાં રક્ત (જિનાજ્ઞા પાલક મુનિઓ) बिडं=બીડ લવણને (અથવા અચિત્ત લવણને), उब्भेइमं=સમુદ્ર વગેરેના લૂણને (અથવા સચિત્ત લૂણને), तेल्लं=તેલને सप्पिं=ઘીને, અને फाणिअं=પ્રવાહી ગોળને (તથા બીજી પણ એવી કોઇ ખાદ્ય-પેય વસ્તુને) રાત્રે संनिहिं=વાસી રાખવાને ઇચ્છતા નથી. (૧૮)

[સંનિધિ શબ્દની વ્યુત્પત્તિ શાસ્ત્રકારે એવી કરી છે કે જેનાથી આત્માની નરક વગેરે દુર્ગતિમાં સંનિધિ કરાય (સ્થાપના થાય), તે સંનિધિ કહેવાય જ્ઞાનીઓનું વચન કદાપિ અન્યથા થતું નથી, એમ સમજીને સંનિધિદોષથી બચવું જોઈએ. સાધુનો આચાર મુખ્યતયા એવો છે કે-ઔષધાદિ આવશ્યક અને દુર્લભ વસ્તુ પણ જરૂર હોય તો ગૃહસ્થને ઘેરથી પ્રતિદિન જરૂર જેટલી લે, પણ એક સાથે લઇ પોતાની પાસે ન રાખે.]

કારણ કે एस लोहस्स अणुफासे=આ (સંનિધિ) લોભનો અનુસ્પર્શ છે. (લોભ સ્વરૂપ છે.) (શ્રી તીર્થંકરો અને ગણધરો એવું) मन्ने=કહે છે કે જે अन्नयरामवि=કોઇ અલ્પ પણ સંનિધિને (વાસી રાખવાને) सिया=કોઇ પ્રસંગે कामे=ઇચ્છે (રાખે), से गिही=તે ગૃહસ્થ છે, न पव्वइए=પ્રવ્રજિત (સાધુ) નથી. (૧૯)

[illegible] ના ગ્રાહક હોય છે.

[illegible] વસ્ત્રાદિ [illegible] પરિહરંતિ [illegible]

[illegible] ગ્રહિત [illegible]

[illegible] કર્મબંધનો હેતુ નથી માટે તાઇણા=ત્રાતા (સ્વ-
પરનું રક્ષણ કરવામાં સમર્થ) નાયપુત્તેણ=શ્રી વર્દ્ધમાન
સ્વામીએ (નિર્મમભાવે વસ્ત્રપાત્રાદિ રાખવાં) તેને પરિગ્રહ
નથી કહ્યો. (કિન્તુ અસત્ વસ્તુમાં પણ કરેલી મૂર્છા
કર્મબંધનું કારણ હોવાથી તત્ત્વથી) મૂર્છાને પરિગ્રહ કહ્યો
છે. ઇઇ=એ પ્રમાણે (તીર્થંકર પાસેથી જાણીને)મહેસિણા=
ગણધર ભગવંતે વુત્તં=(સૂત્રમાં) કહ્યું છે. (૨૧)

[શ્રીશય્યંભવસૂરિજીએ મનકમુનિને તીર્થંકરોએ કહેલી અને
ગણધરોએ સૂત્રરૂપે ગ્રન્થમાં ગૂંથેલી-આ પરિગ્રહની વ્યાખ્યા કહી
છે. તત્ત્વથી જે કર્મબન્ધનો હેતુ બને તે શાસ્ત્રવિહિત પણ તજવું
જોઈએ અને જેથી કર્મબન્ધ ન થાય તે સંયમની દૃષ્ટિએ સૂત્રનિષિદ્ધ પણ
કરવું અહિતકર નથી. એના દૃષ્ટાન્તો મહાત્મા સ્થૂલભદ્રજી અને સિંહ-
ગુફાવાસીમુનિ વગેરે છે. નવવાડનું પાલન શાસ્ત્રવિહિત છતાં સ્થૂલ-
ભદ્રજી વેશ્યાને ત્યાં રહી સંયમની રક્ષા કરી શક્યા અને ઉગ્રતપસ્વી
છતા સિંહગુફાવાસી મુનિ વેશ્યાને દેખવા માત્રથી સંયમથી ચલિત થયા.
વર્તમાનમા વિશિષ્ટ જ્ઞાનીઓનો અભાવ હોવાથી શાસ્ત્રોકત વિધિ-
નિષેધોને અનુસરવુ હિતકર છતાં દૃષ્ટિ તત્ત્વને અનુસરતી હોવી જોઈએ.]

અહીં પ્રશ્ન થાય કે—વસ્ત્રાદિના અભાવે પણ મમત્વ
થાય તો વસ્ત્રાદિ રાખવા છતાં કેમ ન થાય ? તેનુ સમાધાન
એ છે કે મમત્વ વસ્તુત અજ્ઞાનથી થાય છે, જ્ઞાનીઓને
મમત્વ થવામાં બીજભૂત અજ્ઞાન ટળી જવાથી વસ્ત્રાદિ-હોવા

છતા મમત્વ ન થાય એ વાત કહે છે કે વસ્ત્રાદિ उवहिणा= ઉપધિ સહિત એવા પણ बुद्धा=જ્ઞાની મુનિઓ संरक्षण= મર્યાદા-મય ક્ષેત્રમા છ જીવનિકાયના संरक्षण-परिग्गहे= સંરક્ષણ માટે વસ્ત્રાદિ રાખવા છતા अवि-પણ ममाइअं=મમત્વને न आयरंति-કરતા નથી એટલું જ નહિ अप्पणो देहंमि वि પોતાના શરીરમા પણ મમત્વને કરતા નથી (૨૨)

(૨૩) अहो निच्च तवोकम्मं सव्वबुद्धेहिं वण्णिअं ।
जा य लज्जासमा वित्ती, एगभत्तं च भोअणं ॥६-२३॥

(૨૪) संतिमे सुहुमा पाणा तसा अदुव थावरा ।
जाइं राओ अपासंतो कहमेसणिअं चरे ? ॥६-२४॥

(૨૫) उदउल्लं बीअसंसत्तं पाणा निवडिआ महिं ।
दिआ ताइं विवज्जिज्जा, राओ तत्थ कहं चरे ? ॥६-२५॥

[illegible] ..., नायपुत्तेण भासियं ।
[illegible], [illegible] ॥२[illegible]

[illegible] ([illegible] કે-) [illegible]=
[illegible] તપ અનુષ્ઠાનને निच्चं=નિત્ય (અપ્રતિપાતિ
[illegible] તપ અનુષ્ઠાન કેવું છે ? ઉ૦ जा=જે लज्जा=
[illegible] (સરખી-સંયમને અનુસરતી) वित्ती=
[illegible] રક્ષા કરવી અને [illegible] भोयणं=એકવાર ભોજન
કરવું. (એ સાધુનો અપ્રતિપાતી તપ છે.) (૨૩)

[તપ [illegible]-અપ્રતિપાતી એ કારણે છે કે-તેમા અહિત કંઈ [illegible] અને તપ ઉપરાંત બીજા પણ ગુણોની વૃદ્ધિ થાય છે. એમ [illegible] લાભનો વ્યાપાર હોવાથી તે નિત્ય છે, અર્થાત્ કદાપિ નુકશાન કરતો નથી. લજ્જા એટલે સંયમને બાધા ન થાય સંયમમા અનુકૂળ રહે તેવી શરીરની રક્ષાપૂર્વક એકવાર ભોજન કરવુ, તેમાં સંતોષ. લોલુપતાનો અભાવ, રસનાનો વિજય અને સંયમની વૃદ્ધિ વગેરે વિશિષ્ટ ગુણોનુ ધ્યેય હોવાથી ઉપવાસાદિ તપ કરતા પણ વધારે નિર્જરા છે. એકભક્તના દ્રવ્યથી અને ભાવથી એમ બે ભેદો છે, તેમાં એકવાર ભોજન લેવુ, તે દ્રવ્યથી એકભક્ત અને કર્મબન્ધ ન થાય તેમ રાગ-દ્વેષ વગેરે તજીને લેવાથી એક એટલે શ્રેષ્ઠ-અદ્વિતીય માટે ભાવથી એકભકત સમજવુ. તે માત્ર દિવસે જ અને રાગ-દ્વેષાદિ દોષો સેવ્યા વિના કરે તો જ બને, અન્યથા દ્રવ્યથી એકવાર ભોજન કરવા છતાં ભાવથી એકભકત ન ગણાય.]

રાત્રિભોજનમાં દોષો હોવાથી તે એક (શ્રેષ્ઠ) ન ગણાય, કિન્તુ સાથે કર્મબન્ધ થતો હોવાથી બે ગણાય. તે દોષો કહે છે કે इमे=આ ત્રસ અથવા (અને) સ્થાવર

ફરે તો અનન્તકાળમાં તે તે વચનની પ્રાપ્તિ ન થાય, કે થાય તો પણ [illegible] [illegible] કરે. એમ કારણ [illegible] સર્વજ્ઞ વિવેકી અને આત્માર્થિઓના [illegible].]

૭ વ્રતો કહીને હવે આઠમું સ્થાન કહે છે—

(૨૩૭) पुढविकायं न हिंसंति, मणसा वयसा कायसा ।
तिविहेण करणजोएण, संजया सुसमाहिआ ॥६–२७॥

(૨૩૮) पुढविकायं विहिंसंतो, हिंसइ उ तयस्सिए ।
तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥६–२८॥

(૨૩૯) तम्हा एअं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
पुढविकायसमारंभं, जावजीवाइ वज्जए ॥६–२९॥

सुसमाहिआ=**યતનામાં ઉદ્યત** संजया=**સાધુઓ** મનથી વચનથી અને કાયાથી तिविहेण करणजोएण=**ત્રણ પ્રકારના કરણ દ્વારા** પૃથ્વીકાયજીવોને હણતા નથી. (૨૭)

[ત્રણ કરણ એટલે (મન–વચન–કાયાથી) હણવા હણાવવા કે હણનારની અનુમોદના કરવી, તે રીતે હિંસા (અર્થાત્ ચોથા અધ્યયનમાં કહ્યા પ્રમાણે આલેખન, વિલેખન, ઘટ્ટન, ભેદન વગેરે કરતા નથી. '**कायसा**' શબ્દની સિદ્ધિ પ્રાકૃતના '**आर्षम्**' સૂત્રથી કરી શકાય છે.]

પૃથ્વીકાયની હિંસા કરનારો–तयस्सिए=**તેમાં આશ્રિત** (રહેલા) चक्खुसे=**ચક્ષુથી દેખાય** તેવા અને अचक्खुसे=**ન દેખાય** તેવા (બેઇન્દ્રિયાદિ) विविहे=**વિવિધ** જાતિના तसे=**ત્રસ** च=અને શેષ **સ્થાવર** पाणे=**જીવોને** हिंसइ=હણે **જ છે.** (૨૮).

तम्हा=**તે માટે** દુર્ગતિ(રૂપ સંસારને) વધારનારા આ

(૨૮૫) भूआणमेसमाघाओ, हव्ववाहो न संसओ ।
तं पईवपयावट्ठा, संजया किंचि नारभे ॥६–३५॥

(२८६) तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
तेउकायसमारंभं, जावजीवाइ वज्जए ॥६–३६॥

ઘણા જીવોના ઘાતક હોવાથી મુનિઓ पावगं=**પાપકારી** એવા जायतेअं=**અગ્નિને** जलइत्तए=**જગાવવાને** (પ્રગટાવવા કે વધારવાને) ઈચ્છતા નથી. (કારણ કે (અગ્નિ) तिक्खं=**તીક્ષ્ણ** એવું अन्नयरं=**સર્વ શસ્ત્રોરૂપ** सत्थं=**શસ્ત્ર છે. તેથી તે** सव्वओऽवि=**સર્વથા પણ** दुरासयं=**આશ્રય કરવા યોગ્ય નથી.** (૩૩)

(એનુ સર્વત· શસ્ત્રપણું કહે છે કે) पाईण पडिणं वावि=**તેની પૂર્વ અને પશ્ચિમમાં પણ** તથા उड्ढं अणुदिसामवि=**ઊર્ધ્વ** અને **અનુદિશાઓમાં પણ** તથા अहे=**અધો-દિશામાં** અથવા दाहिणओ=**દક્ષિણ દિશામાં** પણ તથા उत्तरओ=**ઉત્તરમાં** પણ (જે હોય તે વસ્તુને) दहे=**બાળે છે.** (અર્થાત્ ચારે દિશાઓ, વિદિશાઓ અને ઊર્ધ્વ–અધો, એમ દશે દિશામાં રહેલી વસ્તુને અગ્નિ બાળે છે.) (૩૪)

एस=**આ** हव्ववाहो=**અગ્નિ** भूआणं=(ત્રસ સ્થાવર વગેરે) **જીવોના** आघाओ=**ઘાતક** છે (એમાં) न संसओ=**સંશય નથી.** તેથી संजया=**સાધુઓ** तं=**તેને** पईवपयावट्ठा=**પ્રકાશ કે તાપવાને અર્થે** किंचि=**લેશ પણ** (સંઘટ્ટનાદિ પણ) नारभे=**આરંભ કરે નહિ.** (૩૫)

વળી–વસ્ત્ર, પાત્ર, કામળ કે રજોહરણ (વગેરે) જે ધર્મના ઉપકરણો રાખે છે તેનુ અજયણાથી પડિલેહણ વગેરે કરવાદ્વારા પણ તે न वायं उईरंति=**પવનની ઉદીરણા કરતા નથી.** કિન્તુ જયણા પૂર્વક પહેરે (વાપરે) છે (અને જયણાથી રાખે છે.) (૩૯)

[વસ્ત્રાદિને ઝાટકવાથી, વેગથી લેવાથી, મૂકવાથી, ફેંકવાથી, અતિપવન વાતો હોય ત્યાં મૂકવાથી, કે રસ્તે ચાલતાં પણ છેડો ઉડે તે રીતે પહેરવાથી, એમ અનેક રીતે વાયુજીવોની હિંસા થાય છે.]

તેથી આ દુર્ગતિને (સંસારને) વધારનારા દોષને જાણીને (સુસાધુઓ) જીવે ત્યાં સુધી વાયુકાયના સમારંભને વર્જે છે. (૪૦)

હવે અગીઆરમું સ્થાન કહે છે—

(૨૫૧) वणस्सइं न हिंसंति, मणसा वयसा कायसा ।
तिविहेण करणजोएण, संजया सुसमाहिआ ॥६–४१॥

(૨૫૨) वणस्सइं विहिंसंतो, हिंसइ उ तयस्सिए ।
तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥६–४२॥

(૨૫૩) तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वणस्सइसमारंभं, जावजीवाइ वज्जए ॥६–४३॥

આ ૪૧–૪૨–૪૩ ગાથાનો અર્થ અનુક્રમે ૨૭–૨૮–૨૯ ગાથા પ્રમાણે સમજવો. માત્ર 'वणस्सइं=વનસ્પતિકાય જીવોને' એટલો ભેદ સમજવો. (૪૧ થી ૪૩)

બારમું સ્થાન કહે છે—

(૨૫૪) तसकायं न हिंसंति, मणसा वयसा कायसा ।
तिविहेण करणजोएण, संजया सुसमाहिआ ॥६–४४॥

(२५५) देहवय विहिने दिस्स उ वपन्निए ।
तेनं च विनिइ पाने, चक्खुसे अ अचक्खुसे ॥६–४५॥

(२५६) तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
तसकायसमारंभं जावज्जीवाइ वज्जए ॥६–४६॥

૪૪–૪૫–૪૬ ગાથાનો અર્થ અનુક્રમે ૨૭–૨૮–૨૯ ગાથા પ્રમાણે કરે. ફેર માત્ર 'તસકાય=ત્રસકાયજીવોને' એટલો ફેર સમજવો. (૪૪–૪૫–૪૬)

અહીં સુધી કહ્યા તે છ મતો અને છકાયની જયણા–૧ આ સ્થાનો સાધુના મૂળગુણો સમજવા. હવે તેની રક્ષા માટે વા–તુલ્ય 'અકપ્પો ગિહિભાયણ' વગેરે ઉત્તર ગુણોના છ સ્થાનો કહે છે, તેમાં પ્રથમ કલ્પ બે પ્રકારનો છે ૧–શૈક્ષકસ્થાપના કલ્પ અને ૨–અકલ્પસ્થાપના કલ્પ પિંડનિર્યુક્તિ વગેરેને નહિ જાણનારા શિષ્યના લાવેલા આહાર, વસ્ત્ર પાત્રાદિ નહિ વાપરવા તથા ઋતુબદ્ધકાળમાં અયોગ્યને તથા વર્ષાકાળે યોગ્ય અયોગ્ય બન્નેને દીક્ષા નહિ આપવી તે શૈક્ષકસ્થાપનાકલ્પ જાણવો, તેથી વિરુદ્ધ અકલ્પ સમજવો. બીજો અકલ્પસ્થાપનાકલ્પ ગ્રન્થકારે સ્વયં આગળ તેરમા સ્થાનમાં કહ્યો છે.

હવે સાતમું સ્થાન કહે છે—

(२५७) जाइं चत्तारि भुज्जाइं इसिणाऽऽहारमाइणि ।
ताइं तु विवज्जंतो, संजमं अणुपालए ॥६–४७॥

(२५८) पिंडं सिज्जं च वत्थं च चउत्थं पायमेव य ।

अकप्पिअं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पिअं ॥६-४८॥

(२५९) जे निआगं ममायंति, कीअ-मुद्देसि-आहडं ।
वहं ते समणुजाणंति, इइ वुत्तं महेसिणा ॥६-४९॥

(२६०) तम्हा असणपाणाइं, कीअमुद्देसिआहडं ।
वज्जयंति ठिअप्पाणो, निग्गंथा धम्मजीविणो ॥६-५०॥

इसिण=**સાધુઓને** (સંયમમાં અપકારી એવા) अमुज्जाइं=**અકલ્પ્ય** जाइं=**જે** चत्तारि=**ચાર** आहारमाइणि=**આહાર વગેરે** (આહાર-વસ્ત્ર-પાત્ર અને વસતિ), ताइं=**તેને** विवज्जंतो=**વર્જતો** (ઉત્તમ સાધુ સત્તર પ્રકારના) संजमं=**સંયમને** પાળે. (૪૭)

'मुज्जाइ' પદમાં અકારનો લોપ સમજવો. અકલ્પ્ય આહારાદિના ત્યાગ વિના સંયમનો અભાવ કહ્યો છે. કારણ કે મન-ઈન્દ્રિયોનો વિજય કરવો તે સંયમ છે, એ વિજય થયો હોય તો અકલ્પ્ય વસ્તુ લેવાનું કારણ રહે નહિ અને અકલ્પ્ય લે તો સંયમની રક્ષા બને નહિ.]

એ જ સ્પષ્ટ કરે છે કે-अकप्पिअं=**અકલ્પ્ય** એવાં (અશનાદિ ચારે પ્રકારના આહારરૂપ) પિંડને, શય્યાને (વસતિને), વસ્ત્રને અને પાત્રને (લેવાની) न इच्छिज्जा=**ઇચ્છા પણ ન કરવી,** પણ कप्पिअं=**કલ્પ્ય** (પિંડ વગેરેને) पडिगाहिज्ज=**ગ્રહણ કરવાં** (૪૮)

जे=**જે** વેષધારી સાધુઓ निआगं=**નિત્ય પિંડને** અને ક્રીત, ઔદ્દેશિક તથા आहडं=**અભ્યાહૃત** (દોષવાળા) પિંડાદિમાં ममायंति=**મમત્વ કરે છે** (ગ્રહણ કરે છે) તેઓ

(૨૯૨) सीओदगसमारंभे, मत्तधोअणछड्डणे ।
जाइं छिन्नंति [छिप्पंति] भूआइं, दिट्ठो तत्थ असंजमो ॥६-५२॥

(૨૯૩) पच्छाकम्मं पुरेकम्मं, सिआ तत्थ न कप्पइ ।
एअमट्ठं न भुंजंति, निग्गंथा गिहिभायणे ॥६-५३॥

कंसेसु=કચોળાદિમાં, कंसपाएसु=થાળ કથરોટ વગેરેમાં, અથવા कुंडमोएसु=હાથીના પગના આકારવાળા **માટીના પાત્રોમાં** (માટીનાં ઉંડાં મોટાં કુંડામાં) અશન-પાન વગેરેનું ભોજન કરતો સાધુ आयारा=સાધુના **આચારથી** परिभस्सइ=**ભ્રષ્ટ થાય છે. (૫૧)**

[ગૃહસ્થજીવનના આચરણથી, વેષથી, કે તેવાં ભાજન-આસન-શયન ઈત્યાદિ વાપરવાથી 'હું સાધુ છું'' એવો ખ્યાલ આવતો નથી અને એવા ખ્યાલ વિના સંયમની રક્ષા થતી નથી. એ કારણે સાધુ જીવનના પ્રત્યેક વ્યવહારો ગૃહસ્થના વ્યવહારોથી ભિન્ન અને સંયમના આદર્શભૂત છે, તેને તજવાથી સંયમના પરિણામ પ્રગટતા નથી કે પ્રગટેલા હોય તે ટકતા નથી.]

ગૃહસ્થના ભાજનમાં ભોજન કરવાથી 'સાધુઓ ગૃહસ્થના ભાજનમાં ભોજન કરે છે' એવી માન્યતા થવામાં, અથવા તે ભાજનને ગૃહસ્થના વ્યવહાર પ્રમાણે શુદ્ધ કરતાં થનારા सीओदगसमारंभे=**શીત (સચિત્ત) પાણીના આરંભમાં** તથા मत्तधोअण=**પાત્રના ધોવણને** छड्डणे=**છાંડવામાં** (કુંડા-કુંડી વગેરેમાં ધોવણ નાખવામાં) जाइं भूआइं=**જે જીવો** छिन्नंति (छिप्पंति)=**હણાય** છે तत्थ **તેમાં** (કેવળજ્ઞાનીઓએ) અસંયમને (જાણ્યો) છે. (૫૨)

હવે પંદરમું સ્થાન કહે છે—

(૨૬૪) आसंदी-पलिअंकेसु, मंचमासालएसु वा ।
अणायरिअमज्जाणं, आसइत्तु सइत्तु वा ॥६-५४॥

(૨૬૫) नासंदी-पलिअंकेसु, न निसिज्जा न पीढए ।
निग्गंथाऽपडिलेहाए, बुद्धवुत्तमहिट्ठगा ॥६-५५॥

(૨૬૬) गंभीरविजया एए, पाणा दुप्पडिलेहगा ।
आसंदी पलिअंको अ, एअमट्ठं विवज्जिआ ॥६-५६॥

आसंदी=ભરેલી ગૂંથેલી ખુરશીઓ વગેરે આસનો તથા पलिअंकेसु=**મોટા પલંગોમાં** मंच=નાના **માંચામાં** (ખાટલામા) आसालएसु=**પાછળ પીઠવાળાં આસનોમાં** (આરામખુરશી વગેરેમાં) आसइत्तु=**બેસવાનું** અથવા सइत्तु=**શયન કરવાનું** अज्जाणं=**આર્યોને** (સાધુઓને) अणायरिअं=**અનાચરિત છે.** (આચાર વિરુદ્ધ છે.) (૫૪)

बुद्धवुत्तमहिट्ठगा=**જ્ઞાનીઓના વચનને પાળનાર** નિર્ગ્રન્થ સાધુઓ अपडिलेहाए=ચક્ષુઆદિથી **પ્રતિલેખન-પ્રમાર્જન કર્યા વિનાનાં** આસનોમાં પલંગોમાં निसिज्जा=**નિષદ્યામાં** (એક પાટીયાવાળા આસન ઉપર) पीढए=**પીઠ ઉપર** (નેતરના આસને) બેસે કે સુવે न=**નહિ.** (૫૫)

[આ વિધાન કોઈ વિશિષ્ટ લાભના પ્રસંગે નિષિદ્ધ આસનાદિનો પણ અપવાદથી ઉપયોગ કરવો પડે ત્યારે પણ પ્રતિલેખનાપૂર્વક ઉપયોગ કરવા માટે છે, ઉત્સર્ગથી તો નિષેધ સમજવો. ગાથામાં બેસે-સુવે એવા શબ્દો નથી તો પણ પ્રસંગાનુસાર સમજી લેવા. ઉપલક્ષણથી વર્તમાનમાં ગૃહસ્થો વાપરે છે તેવા કોઈ પણ આસનો-પલંગ-ખુરશી-ચેર-ટેબલ વગેરે સર્વનો નિષેધ સમજવો.]

છે કે-)अबोहिअं=અબોધિને પામે છે. (મિથ્યાત્વના બીજભૂત અબોધિને ઉપાર્જે છે) (૫૭)

बंभचेरस्स=બ્રહ્મચર્યની विवत्ती=વિપત્તિ, पाणाणं= પ્રાણીઓનો वहे=વધ થવાથી वहो=(સંયમનો) વધ, वणीमग=બીજા ભીખારીઓનો पडिग्घाओ=પ્રતિઘાત (આક્રમણ) અને अगारिणं=ગૃહસ્થોનો पडिकोहो=ક્રોધ, એ વગેરે દોષો થાય. (૫૮)

[ગૃહસ્થના ઘરમા બેસવાથી કે રહેવાથી સ્રીનો પરિચય, બ્રહ્મચર્યની વિરાધના, અને સાધુ માટે ભોજનાદિ કરે તેમા જીવહિંસા થાય, તેથી સંયમનો વધ, બીજા ભિક્ષુકો આવે તેને ગૃહસ્થ પાછા કાઢે તેથી તેઓ સામા થાય અને એથી ઘરના માણસોને પણ ક્રોધ વગેરે થાય. એમ સમજવું.]

સ્રીઓનાં અંગોપાંગાદિ જોવાથી વિકાર થવારૂપ બ્રહ્મચર્યની અગુપ્તિ (વિરાધના) થાય અને इत्थीओ=સ્રી તરફથી પણ संकणं=બ્રહ્મચર્યનો નાશ થવાની શંકા થાય. માટે જ્યાં कुसीलवड्ढणं=અસંયમની વૃદ્ધિ થાય તેવા ગૃહસ્થના ठाणं=સ્થાનને दूरओ परिवज्जए=દૂરથી વર્જે-એની ઈચ્છા પણ ન કરે (૫૯)

जस्स=જે तिण्हं=ત્રણમાંથી अन्नयरागस्स=અન્યતર (કોઇ) અવસ્થાવાળાને (તેની અવસ્થાને ઉચિત હોવાથી ભિક્ષાર્થે ગયો હોય ત્યા કારણે બેસવું વગેરે) कप्पइ=કલ્પે તે ત્રણ કહે છે—એક जराए=ઘડપણથી अभिभूअस्स= પરાભૂતને (અશક્ત બનેલાને), બીજા वाहिअस्स=રોગીને અને ત્રીજા કિલષ્ટ તપ કરનારા तवस्सिओ=તપસ્વીને. (૬૦)

છે કે—) अबोहियं=અબોધિને પામે છે. (મિથ્યાત્વના બીજરૂપ અબોધિને ઉપાર્જે છે.) (૫૭)

बंभचेरस्स=બ્રહ્મચર્યની विवत्ती=વિપત્તિ, पाणाणं=પ્રાણીઓનો वहे=વધ થવાથી वहो=(સંયમનો) વધ, वणीमग=બીજા ભીખારીઓનો पडिग्घाओ=પ્રતિઘાત (આક્રમણ) અને अगारिणं=ગૃહસ્થોનો पडिकोहो=ક્રોધ, એ વગેરે દોષો થાય. (૫૮)

[ગૃહસ્થના ઘરમાં બેસવાથી કે રહેવાથી સ્ત્રીનો પરિચય, બ્રહ્મચર્યની વિરાધના, અને સાધુ માટે ભોજનાદિ કરે તેમા જીવહિંસા થાય, તેથી સંયમનો વધ, બીજા ભિક્ષુકો આવે તેને ગૃહસ્થ પાછા કાઢે તેથી તેઓ સામા થાય અને એથી ઘરના માણસોને પણ ક્રોધ વગેરે થાય. એમ સમજવું.]

સ્ત્રીઓનાં અંગોપાંગાદિ જોવાથી વિકાર થવારૂપ બ્રહ્મચર્યની અગુપ્તિ (વિરાધના) થાય અને इत्थीओ=સ્ત્રી તરફથી પણ संकणं=બ્રહ્મચર્યનો નાશ થવાની શંકા થાય. માટે જ્યાં कुसीलवड्ढणं=અસંયમની વૃદ્ધિ થાય તેવા ગૃહસ્થના ठाणं=સ્થાનને दूरओ परिवज्जए=દૂરથી વર્જે-એની ઇચ્છા પણ ન કરે (૫૯)

जस्स=જે तिण्हं=ત્રણમાંથી अन्नयरागस्स=અન્યતર (કોઇ) અવસ્થાવાળાને (તેની અવસ્થાને ઉચિત હોવાથી ભિક્ષાર્થે ગયો હોય ત્યાં કારણે બેસવું વગેરે) कप्पइ=કલ્પે તે ત્રણ કહે છે—એક जराए=ઘડપણથી अभिभूअस्स=પરાભૂતને (અશક્ત બનેલાને), બીજા वाहिअस्स=રોગીને અને ત્રીજા કિલષ્ટ તપ કરનારા तवस्सिओ=તપસ્વીને. (૬૦)

વગેરે-આ અંગાલંબનવાળા અનેક જે જે એવા ગાંઠા ગાળવાળા તે જિનકલ્પિક સમજવા, સ્થવિરકલ્પીઓને તો અપવાદમાં બીજા સાધુઓને લાગે નહિ તેવા પ્રમાણોપેત નખ વગેરે એમ સમજવું. આ રીતે શરીરની પણ ઉપેક્ષા કરનાર સાધુને વિભૂષા કરવી નિરર્થક છે, સ્નાનની જેમ વિભૂષા પણ બ્રહ્મચર્યની નાશક છે, માટે સાધુએ વર્જવી એ તાત્પર્ય છે.]

विभूसावत्तिअं=વિભૂષાનિમિત્ત (કરવાથી) સાધુ ચિકણું (દારૂણ) કર્મ બાંધે, કે जेणं=જે **કર્મબંધથી** दुरुत्तरे=**અતિ-દીર્ઘ અને** घोरे=**ભયંકર એવા સંસાર સમુદ્રમાં પડે. (૬૬)**

[વિભૂષાથી સાધુને એવું ચિકણું કર્મ બંધાય, તેનું કારણ એ છે કે તણે જીવનપર્યન્ત વિભૂષાનો ત્યાગ કરેલો છે, એથી જિનાજ્ઞાની વિરાધનાના નિષ્ઠુર પરિણામ વિના સાધુ વિભૂષા કરે નહિ અને કરે તો પરિણામ નિષ્ઠુર થવાથી કર્મ આકરું બંધાય. ગૃહસ્થને એવા પરિણામ ન થાય, કે તજેલા ભાવને આચરતા સાધુને જેવા નિષ્ઠુર પરિણામ થાય. આ કારણે સાધુનો નાનો પણ અતિચાર ગૃહસ્થના મોટા અતિચારથી પણ વધી જાય. એ યુક્તિસંગત છે.]

विभूसावत्तिअं=**વિભૂષામાં વર્તતા** चेअं=**ચિત્તને (હું આમ કરું, તેમ કરું, વગેરે વિભૂષાના વિચાર પણ) રૌદ્ર કર્મબંધનું કારણ હોવાથી તેને** वुद्धा=**શ્રી તીર્થંકરો** तारिसं=**તેવું (વિભૂષાક્રિયાની તુલ્ય) માને છે અને** चेअं=**આવું ચિત્ત** सावज्जबहुलं=**ઘણું સાવદ્ય (દુષ્ટધ્યાનવાળું) હોવાથી** ताईहिं=**ઉત્તમ સાધુઓએ** एअं=**એવું** न सेविअं=**સેવ્યું નથી.** અર્થાત્ ઉત્તમ સાધુ આર્ત્તધ્યાનાદિ રૂપ અકુશળ ચિત્તને સેવે નહિ. (૬૭)

[અનિત્ય અને દુર્ગન્ધની પેટી જેવા શરીરની શોભા કરવા જ્ઞાની પુરુષો ઈચ્છે જ નહિ, કારણ કે તે સ્વરૂપે દુષ્ટ છે શોભા કરવાથી

ગાઢ આત્મા મનુષ્ય જીવનમાં જિનાજ્ઞાને બાધ નહિ યોગોનો સદુપયોગ કરી શકે છે, માટે જિનેશ્વર દેવોએ એ માર્ગ તેને ઉપદેશ્યો છે.

જેમ નાણાને સદાચારી બનાવવાના ઉપાયો કહ્યા છે, તેમ વચનને કુશળ બનાવવાનો માર્ગ પણ બતાવ્યો છે. આ અધ્યયનમાં ભાષા, તેના પ્રકારો, વગેરે વર્ણવીને ક્યારે કેવા સંયોગોમાં કેટલું કેવું બોલવું કે ન બોલવું વગેરે સમજાવ્યું છે. ઉત્સર્ગ-અપવાદના પ્રસંગે બોલવાના ન બોલવાના વિધિ-નિષેધો જણાવીને સાધુ જીવનને સફળ કરવાનો એકાન્ત કલ્યાણકારી માર્ગ બતાવ્યો છે.

ચારિત્રને જન્મ આપી તેનું રક્ષણ પાલન અને પોષણ કરનારી આઠ પ્રવચનમાતાઓ ખરેખર ! સાધુની માતાઓ છે. તેમાંની ભાષાસમિતિ અને વચનગુપ્તિ એ બેનું પાલન આ અધ્યયનના અભ્યાસથી જ થઈ શકે તેમ છે. જેમ નેત્રોના અભાવે અંધ જોઈ શકતો નથી, કાન વિના બહેરો સાંભળી શકતો નથી, તેમ આ અધ્યયન ભણ્યા વિના સત્ય વચન બોલી શકાય તેમ નથી. જેઓ આના અભ્યાસ વિના બોલે છે તેઓ દુઃસાહસ કરે છે અને સ્વ-પરનું અહિત કરીને દુર્ગતિને નોતરે છે.

સામાન્ય રીતે સાધુ ઉપદેશક મનાય છે, બીજાની અપેક્ષાએ ઉપદેશકનું સ્થાન ઊંચું હોય છે, કારણ કે તે સ્વ-પર ઉપકાર કરી શકે છે. લોક પણ તેનું બહુમાન સવિશેષ કરે છે, તેથી તેની જવાબદારી પણ મોટી છે. કહેવાય છે કે 'જીભમાં અમૃત અને ઝેર બન્ને રહેલાં છે' શ્રોતાના કષાયો શમે, જડની વાસના ઘટે અને નિષ્પાપ જીવનનો પક્ષ વધે, એવું બોલવું એ જીહ્વાનું અમૃત છે, એથી વિરુદ્ધ કષાયો, વાસનાઓ અને પાપવૃત્તિ વધે એવું બોલવું તે જીહ્વાનું ઝેર છે. બીજાં ઝેર એક જ જન્મનો નાશ કરે છે અને જિહ્વાનું ઝેર સ્વ-પરના અનેક જન્મોનો નાશ કરે છે. મનની દુષ્ટતાથી બહુધા પોતાને હાનિ થાય છે અને દુષ્ટ વચનથી તો બીજા પણ અનેકાનેક આત્માઓને હાનિ થાય છે. ઈત્યાદિ બોલવાની જવાબદારી (જોખમ)

પણ કહ્યા છે. ૧–**હીલિતા**=ઈર્ષ્યા અને ગર્વથી અવજ્ઞાપૂર્વક બોલવું, ૨. **ખિંસિતા**=નિન્દાવચન, ૩–**પરુષા**=કર્કશ-કઠોર વચન, ૪–**અસભ્યા**=તુચ્છવચન, ૫-**ગાર્હસ્થી**=ગૃહસ્થની ભાષાથી(સાધુએ પુત્ર, ભાણેજ, પિતા, માતા, વગેરે) કહેવું અને ૬–**કલેશોદીરણી**=શાન્ત થએલા ક્લેશ–કષાય વગેરેને પુનઃ પ્રગટ કરનારી. આ ૭ ભાષાઓ ઉપરાત યોગશાસ્ત્રમા તો 'અન્યને પીડા થાય તેવું સત્ય પણ નિષેધ્યુ છે.

ભાષાના ઉપર જણાવેલા ચાર પ્રકારો પણ વ્યવહારનયથી જાણવા. નિશ્ચયનયથી તો ૧–સત્ય અને ૨ અસત્ય, બે જ પ્રકારો કહ્યા છે અને તે યુક્તિસંગત પણ છે તેની વ્યાખ્યા એવી કરી છે કે-જેનાથી સ્વ–પર હિત થાય તે સત્ય અને અહિત થાય તે અસત્ય અર્થાત્ આરાધક-વિરાધક બે ભાવો હોવાથી નિશ્ચયનયથી ભાષાના પણ બે જ પ્રકારો છે, બેમા સર્વ પ્રકારો અંતર્ગત છે.

અહીં કહેલા ચાર પ્રકારોને વિશેષતયા સમજવા માટે તેના અનુક્રમે-૧૦–૧૦–૧૦ અને ૧૨ એમ ૪૨ ઉત્તર ભેદો કહ્યા છે.

તેમા સત્યના દશ ભેદો ટુંકમાં આ પ્રમાણે છે. ૧–તે તે દેશમા બોલાતા રૂઢ શબ્દો બીજા ક્ષેત્રમા તે અર્થમા ન બોલાતા હોય તો પણ સત્ય માનવા તે **જનપદસત્ય** (જનપદ એટલે દેશ). ૨–સર્વ લોકમા સામાન્યતયા જે સત્ય મનાય તે **સમ્મતસત્ય.** (જેમ કે કુમુદાદિ–અન્ય કમળો પણ કાદવમા (પંકમા) ઉપજે છે, છતા અરવિન્દ પુષ્પને જ સૌ 'પંકજ' માને છે) ૩–એકડાની સામે બે મીડા સ્થાપવાથી સો, ત્રણથી હજાર, ચારથી દશહજાર, વગેરે મનાય છે, અથવા માટી–લેપ-ચુનો–પત્થર, વગેરેની પ્રતિમાઓમા તે તે વ્યક્તિની સ્થાપના કરી તેને 'અરિહંત' વગેરે મનાય છે, તે સર્વ **સ્થાપનાસત્ય.** ૪–દરિદ્ર છતાં નામ કુબેર રાખ્યુ હોય તેને નામ માત્રથી કુબેર (ધનપતિ) કહેવો–માનવો તે **નામસત્ય.** ૫–સાધુતા વિના દંભથી સાધુવેષ ધારણ કરનારને સાધુ, કે સ્ત્રીનો વેષ પહેરનાર પુરુષને સ્ત્રી

ઓછાં વત્તાં હોવાથી મિશ્ર ગણાય, આવા વચનને ઉત્પન્નમિશ્રિત જાણવું. ૨–નાશ પામેલી વસ્તુ માટે પણ ન્યૂનાધિક છતાં 'દશ મરણ પામ્યા, પચીસ ગુમાવ્યા, પચાસ ગામમાંથી પરદેશ ગયા' વગેરે બોલવું તે **વિગતમિશ્રિત** જાણવું, એ રીતે ૩–ઉત્પન્ન અને વિગત બન્નેને આશ્રીને બોલાય તે **ઉત્પન્નવિગતમિશ્રિત**, ૪-ઘણા જીવતા અને થોડા મરેલા જીવોના સમૂહને 'આ બધા જીવે છે' કહેવું તે **જીવમિશ્રિત**, ૫-ઘણા મરેલા અને થોડા જીવતા જીવસમૂહને 'આ બધા અજીવ છે' કહેવું તે **અજીવમિશ્રિત**, ૬–તેવા સમૂહમા નિશ્ચય વિના આટલી સંખ્યામા જીવતા અને આટલી સંખ્યામાં મરેલા છે' એમ આશરે કહેવુ તે **જીવાજીવમિશ્રિત**, ૭-એ રીતે અનંતકાયમા અન્ય વસ્તુ ભળેલી હોય કે અમુક અંશથી અનન્તકાય ન હોય તને અનન્તકાય કહેવુ તે **અનન્તમિશ્રિત**, ૮-પ્રત્યેક વનસ્પતિ અનન્તકાયથી મિશ્રિત છતાં પ્રત્યેક કહેવી તે **પ્રત્યેકમિશ્રિત**, ૯ શીઘ્રતાદિ કરવા–કરાવવા અરુણોદય વખતે ' દિવસ ઉગી ગયો ' કે દિવસ છતાં રાત્રી થઈ ' વગેરે બોલવું તે **અદ્ધામિશ્રિત** અને ૧૦ દિવસે-સવારને મધ્યાહ્ન કે રાત્રીએ–પરોઢ થયા વિના પરોઢ થઇ ગયું, વગેરે બોલવું તે **અદ્ધાદ્ધામિશ્રિત** ભાષા સમજવી.

ઉપર કહી તે ત્રણથી ભિન્ન સત્ય નહિ અને અસત્ય પણ નહિ છતાં સર્વ વ્યવહારોમા ઉપયોગી ચોથી અસત્ય-અમૃષા (વ્યવહાર) ભાષા છે, તેના ૧૨ પ્રકારો આ પ્રમાણે છે. ૧–'હે દેવદત્ત ! હે પુત્ર ! હે પિતાજી ' વગેરે આમન્ત્રણ માટે બોલાય તે **આમન્ત્રણી**, ૨–અમુક કાર્ય ' આ રીતે કરો, આ ન કરો, ' વગેરે આજ્ઞા કરવી તે **આજ્ઞાપની**, ૩-મને ભોજન આપો, ભણાવો, દુઃખમાથી ઉગારો ' વગેરે યાચના કરવી તે **યાચની**, ૪ જાણવા કે સંદેહ ટાળવા ' આ કોણ છે ? કયાથી આવ્યા ? હુ શું કરુ ? ' વગેરે પૂછવુ તે **પૃચ્છની**, ૫–પ્રશ્નનો ઉત્તર આપવો, કે ' અહિંસાથી આયુષ્ય પૂર્ણ ભોગવાય ' ઇત્યાદિ સમજાવવું, તે **પ્રજ્ઞાપની**, ૬–નિષેધ માટે બોલવું (નકારો કરવો) તે

પ્રત્યાખ્યાની [illegible]
[illegible] સમાધાન [illegible]
એથી [illegible] અનભિમદિતા
[illegible] અભિધતિ [illegible]
[illegible] અનિ[illegible]
[illegible]
સમજાવ [illegible]
[illegible]
વ્યાકૃતા [illegible]
[illegible] અવ્યાકૃતા ભાષા [illegible]
[illegible] ભાષાના [illegible]
[illegible]

[illegible]
૨/૧) [illegible]
[illegible] નાસ્યા [illegible]
[illegible] (સાવદ્ય [illegible])
[illegible] નહિ બોલવા [illegible]
(મિશ્ર) [illegible]
(આમંત્રણી) [illegible]
સાધુને [illegible]
જ્ઞાનીઓએ [illegible]
બુદ્ધિમાન [illegible]

હવે કયી ભાષા કેવી રીતે બોલવી તે કહે છે-

(૨૮૨) असच्चमोसं सच्चं च, अणवज्जमकक्कसं ।
समुप्पेहमसंदिद्धं, गिरं भासिज्ज पन्नवं ॥७-३॥

पन्नवं=બુદ્ધિમાન્ સાધુ अणवज्जं=અનવદ્ય (નિષ્પાપ) અને अकक्कसं=અકર્કશ (મત્સર રહિત) એવી असच्चमोसं=અસત્યામૃષા (વ્યવહાર) सच्चं च=અને સત્ય गिरं=ભાષાને બુદ્ધિપૂર્વક समुप्पेह=વિચારીને (ઉપકારક થાય તેમ) असंदिद्धं=અસંદિગ્ધ (સંદેહ ન થાય તેમ) બોલે. (૩)

અહિતકર સત્યનો અને મિશ્રનો નિષેધ કરે છે-

(૨૮૩) एअं च अट्ठमन्नं वा, जं तु नामेइ सासयं ।
स भासं सच्चमोसंपि, तं पि धीरो विवज्जए ॥७-४॥

एअं अट्ठं=ઉપર કહી તેવી સાવદ્ય-કર્કશને અને अन्नं=એવી બીજી (સત્ય) ભાષાને, वा=અથવા जं सासयं=જે શાશ્વત ભાવને (મોક્ષને) नामेइ=ગુણ ન કરે (પ્રતિકૂળ હોય) તેવી सच्चमोसं=મિશ્રભાષાને अपि=કે સત્ય भासं=ભાષાને धीरो=બુદ્ધિમાન્ स=તે સાધુ વર્જે. (૪)

[સત્ય કે વ્યવહાર ભાષા પણ મોક્ષમાં બાધક (કર્મબંધનું કારણ) થાય તેમ ન બોલાય. આથી 'નગ્ન સત્ય' નામ આપીને બીજાના દોષોને પ્રગટ કરવા બોલવું એ અસત્ય-અહિતકર છે, એમ સમજવું. શ્રોતાને સર્વ જીવો પ્રત્યે મૈત્રી, ગુણોનો રાગ દ્રવ્ય ભાવ દુઃખોથી પીડાતા જીવો ઉપર કરુણા અને અયોગ્ય જીવો પ્રત્યે ઉપેક્ષાભાવ-માધ્યસ્થ્યગુણ પ્રગટે, દેવ-ગુરુ ધર્મ કે ધર્મસામગ્રી પ્રત્યે પૂજ્યભાવ પ્રગટે, પોતાના દોષો પ્રત્યે જુગુપ્સા પ્રગટે, તેવું ગુણકારી વચન બોલવા-સાંભળવાથી

(કૃત્રિમસત્યને પણ સત્ય કહેવાથી કર્મ બંધાય તો જેને એક ક્ષણ કે મુહૂર્ત જેટલું પણ ભૂત-ભવિષ્ય કાળનું જ્ઞાન નથી તે નિશ્ચયાત્મક બોલે તો કર્મ બંધાય જ.) तम्हा=તે કારણે (અમે કાલે અન્યત્ર) गच्छामो=જઈશું જ, (તને કાલે અમુક) वक्खामो=કહીશું જ, અથવા णे=અમારું (અમુક કાર્ય આમ) भविस्सइ=થશે જ, (અમુક લોચ વગેરે કાર્ય નિયમા) अहं करिस्सामि=હું કરીશ જ, અથવા एसो=આ (અમુક સાધુ અમારું અમુક કાર્ય) करिस्सइ=કરશે જ. (૬)

एवमाई=એવી અને આદિ શબ્દથી બીજી પણ एसकालंमि=ભવિષ્યકાળ સંબંધી (તેવા જ્ઞાનના અભાવે संकिया=શંકાવાળી जा भासा=જે ભાષા અથવા सपयाईअं= સંપ્રતિ અને અતીત સંબંધી (વર્તમાન અને ભૂતકાળ સંબંધી) अट्ठे=ભાવમાં પણ જે જે શંકિત હોય, तं पि= તેને પણ धीरो=બુદ્ધિમાન્ વર્જે. (ન બોલે) (૭)

[ભવિષ્યકાળનું એક મુહૂર્ત પણ અનેક વિઘ્નોથી ભરપૂર છે, માટે ધારવા પ્રમાણે ન પણ થાય. વર્તમાનમાં 'નજરે જોએલી પણ વાત ખોટી પડે' એ કહેવતને અનુસરીને પ્રયત્ક્ષ જોવા-સાભળવા કે અનુભવવા છતાં અસત્ય ઠરે અને ભૂતકાળના ભાવો અંગે પણ એવું બનવુ સભવિત છે, માટે છદ્મસ્થ-સાધુ તથાવિધ વિશિષ્ટજ્ઞાન પ્રગટ્યા વિના ત્રણે કાળ સબંધી શકિત ભાવોને અવધારણ (નિશ્ચય) પૂર્વક ન બોલે. કારણ કે ભૂત-વર્તમાનભાવો અસત્ય ઠરે તો મૃષાવાદ થાય અને ભવિષ્યમાં કહેવા પ્રમાણે ન બને તો સાધુધર્મની, શાસનની અને પોતાની પણ લઘુતા થાય, માટે વિચારીને સઘળું અવસરોચિત બોલવુ.]

તેવી રીતે ગુરુભૂઓવઘાઇણી=નિષ્ઠુર (સદ્ભાવ રહિત) ; ગુરુભૂઓવઘાઇણી-મોટી જીવહિંસાને કરનારી થાય, જઓ=જેનાથી, પાવસ્સ આગમો=પાપનું આગમન (દુષ્ટ-કર્મબંધ) થાય મા=તે સચ્ચા=સત્યભાષા પણ ન વત્તવ્વા=બોલવી નહિ. (૧૧)

તે રીતે કાણાને કાણો, પંડગં=નપુંસકને નપુંસક, વાહિઅં=વ્યાધિવાળાને રોગી કે તેણં=સ્તેનને (ચોરને) ચોર, એવું પણ નો વએ=ન કહે. (૧૨)

[કઠોર વચન સાંભળનારને અસદ્ભાવ થાય, વૈર થાય અને લાભ કે ઉપકાર થવાને બદલે સ્વ-પરને પાપકર્મનો બંધ થાય. સદ્ભાવ વિનાનુ વચન હિતબુદ્ધિએ કહેલું પણ ગ્રાહ્ય થતું નથી. જેમ દેખાવમાં સુંદર પણ સ્વાદ વિનાનુ કે ઘી સાકર રહિત ભોજન ભાવતું નથી, સ્વાદિષ્ટ કે મિષ્ટ દેખાવમાં સામાન્ય છતાં ભાવે છે, તેમ વચન પણ વિનય-બહુમાનરૂપી સ્વાદ કે સદ્ભાવ-હિતબુદ્ધિરૂપી મીઠાશથી યુક્ત હોય તો સાંભળનારને ગમે છે, અન્યથા ભાવ વિનાના ભોજનની જેમ દેખાવમાં સુદર હોય તો પણ અવિનયાદિથી કે અસદ્ભાવથી બોલાય તો ગ્રાહ્ય થતું નથી. માટે સત્ય પણ અસૂયાથી કઠોર કરીને નહિ બોલવુ, કારણ કે સાંભળનારમા તેવી યોગ્યતાના અભાવે અહિતકર બને છે. રોગીને સ્વાદિષ્ટ અને પથ્ય એવુ પણ ભોજન ગમતું નથી, તેમ કોઈ માની કે અજ્ઞ જીવને તેના તથાવિધ કર્મરોગને યોગે હિતકર અને કોમળ વચન પણ ગમતુ નથી, અહિત કરે છે, વગેરે બોલનારે શ્રોતાની યોગ્યતાને વિચારવાની પણ જરૂર રહે છે. કોઈની ઈજ્જતને હાનિ પહોંચે તેવું બોલવાથી સાંભળનાર કદાચ સાભળીને આપઘાત કરે, કે બીજી રીતે પણ અહિત થાય, માટે સત્ય છતાં બીજાની ઈજ્જતને હાનિ પહોંચે તેવું પણ ન બોલવુ.]

પાઠાન્તરે છે પણ ટીકામાં द्रुमक પાઠ કરેલ હોવાથી 'द्रुमए' શબ્દ બનાવ્યો છે.]

ઉપર સામાન્ય નિષેધ કરીને હવે સ્ત્રીને અંગે કહે છે કે-

(૨૯૪) अज्जिए पज्जिए वा वि, अम्मो माउसिअत्ति अ।
पिउस्सिए भायणिज्जत्ति, धूए णत्तुणिअ त्ति अ॥७-१५॥

(૨૯૫) हले हलेत्ति अन्निति, भट्टे सामिणि गोमिणि।
होले गोले वसुलित्ति, इत्थिअं नेवमालवे॥७-१६॥

अज्जिए=હે આર્યા ! (દાદી), पज्जिए=હે પ્રાર્યિકા ! (પરદાદી) अम्मो=હે અમ્બા ! (માતા) माउसिअ=હે માસી ! पिउस्सिए=હે ફોઇ ! भायणिज्ज=હે ભાણેજી ! धूए=હે પુત્રી ! णत्तुणिअ=હે નપ્ત્રી ! (પુત્રની પુત્રી,) અને ઉપલક્ષણથી હે દૌહિત્રી ! (પુત્રીની પુત્રી), (વગેરે સગાઈ વાચક શબ્દોથી કન્યા, વૃદ્ધા કે યુવતી વગેરે કોઈ સ્ત્રીને સાધુ ન બોલાવે.) (૧૫)

[ગૃહસ્થ જીવનના તે તે સંબંધવાળાને કે બીજાને પણ સગાઈ-વાચક શબ્દોથી બોલાવી શકાય નહિ, કારણ કે એથી સંબંધ અતૂટ રહે અને સંબંધ ચાલુ રહેવાથી તેઓ પાપ કરે તેની અનુમોદના થવાથી સાધુ પણ કર્મથી બંધાય.]

વળી हले हले=હે હલા ! હે સખી ! વગેરે મૈત્રીવાચક શબ્દોથી કે अन्ने=બીજા भट्टे=હે ભટ્ટિનિ ! सामिणि=હે સ્વામિનિ, गोमिणि=હે ગોમિની ! વગેરે પૂજ્યભાવ વાચક શબ્દોથી અને होले=હે હોલા ! (મૂર્ખી), गोले=હે ગોલી (બે બાપની) ! वसुले=હે છીનાળ ! એવા અપશબ્દોથી પણ કોઇ સ્ત્રીને ન બોલાવે ! (૧૬)

(૨૯૯) नामधिज्जेण णं बूआ, पुरिसगुत्तेण वा पुणो ।
जहारिहमभिगिज्झ, आलविज्ज लविज्ज वा ॥७-२०॥

(૧૮-૧૯-૨૦ ગાથાનો શબ્દાર્થ-ભાવાર્થ ક્રમશઃ ૧૫-૧૬-૧૭ ગાથાને અનુસરતો છે) હે દાદા !, હે મોટા દાદા !, હે બાપા !, चुल्लपिउ=હે કાકા ! माउलो=હે મામા !, હે ભાણેજ ! હે પુત્ર ! હે નપ્તૃ ! (પુત્રના પુત્ર,) હે દૌહિત્ર !, વગેરે સગાઇવાચક શબ્દોથી સાધુ ન બોલાવે. (૧૮)

તથા 'હે મિત્ર !' વગેરે મૈત્રીવાચક શબ્દોથી, કે બીજા 'હે ભટ્ટજી ! હે સ્વામિન્ !' વગેરે માનાર્હ શબ્દોથી અને 'હે મૂર્ખ ! હે દુરાચારિણીપુત્ર ! હે દુરાચારી ! વગેરે અપશબ્દોથી પણ પુરુષને ન બોલાવે. (૧૯)

કિન્તુ કારણે તેના નામપૂર્વક બોલાવે અને નામ ન આવડે તો પુરુષના ગોત્રથી હે ક્ષત્રિય ! વગેરે કહીને યથાયોગ્ય વિચારીને એકવાર કે અનેકવાર બોલે. (૨૦)

પંચેન્દ્રિય તિર્યંચોને આશ્રીને બોલવાનો વિધિ કહે છે-

(૩૦૦) पंचिंदिआण पाणाणं, एस इत्थी अयं पुमं ।
जाव णं न विजाणिज्जा, ताव जाइत्ति आलवे ॥७-२१॥

(કોઈ દૂર ઊંચે નીચે રહેલા ગાય બળદ વગેરે) पंचिदिआण=**પંચેન્દ્રિય** पाणाणं=**પશુઓને** जाव=**જ્યાં સુધી** एस इत्थी=**આ સ્ત્રી** (ગાય, ભેંસ વગેરે) કે अयं पुमं=**આ નર** (બળદ, ઘોડા વગેરે) છે એવું न विजाणिज्जा=**ન જાણે,** ताव-**ત્યાં સુધી** (કોઇ પ્રયોજને બોલવું પડે તો) તેને

કિન્તુ (માર્ગે જતાં માર્ગ ઓળખાવવા માટે ત્યાં રહેલા પશુ વગેરેની નિશાની આપવા વગેરે કારણે બોલવું પડે તો) સ્થૂલ મનુષ્યાદિને परिवूढ=અતિવૃદ્ધ (વધેલો) કે उवचिअ=ઉપચિત (પુષ્ટ) बूआ=કહે, संजाए=સંજાત, पीणिए=પ્રીણિત, અથવા महाकाए=મોટીકાયાવાળો, વગેરે કહીને आलवे=બોલે. (સમજાવે) (૨૩)

[પશુને પણ અપમાનજનક શબ્દો સાંભળીને દુષ્ટ અસર થાય છે, માટે તે નારાજ થાય. વૈરી થાય, તથા સાંભળનારને પણ તેવા શબ્દો સાભળીને તેને હણવાની (માંસની) ઈચ્છા થાય તેવું ન બોલવું. અહીં સંજાત=યુવાન, પ્રીણિત=પ્રસન્ન–આનંદી, મહાકાય=ઊંચો--મોટો, વગેરે યથાયોગ્ય અર્થ સમજવા.]

એ રીતે गावो=ગાયોને दुज्झाओ=દોહવા યોગ્ય, गोरहग=વાછરડાઓને दम्मा=દમવાયોગ્ય (વાહનમાં જોડવા યોગ્ય) અને वाहिमा=ઘોડાઓને रहजोग=રથમાં જોડવા યોગ્ય છે त्ति=એવું બુદ્ધિમાન્ સાધુ ન બોલે. (૨૪)

[એવાં વચનોથી સાવદ્ય પ્રવૃત્તિ વધે અને તે તે પ્રાણીઓને કષ્ટ સહવા પડે, માટે કરુણાસમુદ્ર મુનિ કોઈને દુઃખ થાય, કે પાપ વધે તેવું ન બોલે.]

કારણ પડે તો વાહને જોડવા યોગ્ય વૃષભને जुवं गवित्ति बूआ=' યુવાન વૃષભ ' એમ કહે, धेणुं=દૂઝણી ગાયને रसदा=રસદા (રસાળી) કહે, વાછરડો નાનો હોય તો रहस्से=હ્રસ્વ (ન્હાનો) અને મોટો હોય તો महल्लए=મોટો वए=કહે. એમ રથમાં જોડવા યોગ્ય ઘોડાને संवहणं=સંવહનં (સમર્થ) કહે. (પણ સાવદ્ય ન બોલે.) (૨૫)

[પ્રાસાદ=મહેલ, થાંભા માટે, તોરણ=નગરના દરવાજાની કમાનો, ફલિહ=નગરદ્વારના ભોગળના પાટીયાં, અર્ગલા=કમાડની પાછળનો આગળીઓ (આડું લાકડું), નાવ=નાવડીનાં પાટીયાં, અને પાણીની દોણી=રેંટની પાણીની ઘડીઓ (રેંટ) માટે, એમ યથાયોગ્ય સમજવું.]

વળી–માળ માટે, पीढए=પીઢ–પાટડા, चंगबेरा=કાષ્ઠની પાત્રી (ખાંડણી), नंगल=લાઙ્ગલ (હળ) मइयं=માયિક (ખેતરમાં બીજ વાવીને ઉપર ફેરવે છે તે સમાર), जंतलट्ठी=ઘાણાની લાઠી (લાઠી), नाभी=ચક્રની નાભી (પૈડાની વચ્ચેનું કાષ્ઠ) गंडिआ=(સોનીની) એરણનું કાષ્ઠ, ઇત્યાદિને માટે अलं सिया=સમર્થ છે. એવું ન બોલે (૨૮)

અથવા आसणं=આસન (પાટ વગેરે), सयणं=પલંગાદિ, जाणं=યાન (ગાડાં વગેરે) किंचुवस्सए वा=અથવા ઉપાશ્રયમાં કંઇક (બારણું–કમાડ–વગેરે) हुज्जा=થાય (તેવાં છે), એમ બુદ્ધિમાન્ સાધુ भूओवघाइणिं=જીવોને ઉપઘાતક (હિંસક) ભાષાને ન બોલે. (૨૯) બોલવું પડે તો કેવું બોલે ? તે કહે છે કે–

તે રીતે (વિહારાદિ પ્રસંગે) ઉદ્યાનમાં, પર્વતોમાં અને વનોમાં ગએલો બુદ્ધિમાન્ સાધુ ત્યાં મોટા વૃક્ષોને જોઇને (કારણ પડે તો) આ પ્રમાણે બોલે. (૩૦)

इमे रुक्खा=આ વૃક્ષો (અશોક આમ્ર વગેરે ઉત્તમ) जाइमंता=જાતિવાળાં છે, दीह=ઊંચાં, वट्टा=ગોળ, महालया=મોટાં पयायसाला=મોટીશાખાવાળાં, विडिमा=પ્રશાખાવાળાં અને दरिसणि=દર્શનીય (સુંદર-સુશોભિત) છે, त्ति वए=એમ બોલે. (૩૧)

સંભાવિત છે. તેમાં પણ 'ચોરના માર્ગ છે' એમ કહેવાથી આરંભ થાય. ચોરને મારવા [illegible] એવાથી હિંસા થાય, નદી વગેરે જળાશયો માર્ગ ઉતરવામાં છે એમ જાણીને [illegible] ન્હાવા-ધોવા વગેરે, અથવા તીર્થ એટલે જળાશયમાં ઉતરવાનો માર્ગ, તેને પણ સારો-ખોટો કહેવાથી આરંભ આદિ થાય.]

કિન્તુ કારણે સાધુને જણાવવા માટે બોલવું પડે તો સંખડીને સંખડી અને ચોરને पणिअट्ठ=પણિતાર્થ કહે, **आवगाणं तित्थाणि=નદીઓના ઉતારને** (પાણીમાં ઉતરવાનાં સ્થળોને) बहुसमाणि=**પ્રાયઃસમ** (અવિષમ) છે, એમ **वियागरे=કહે.** (૩૭)

[ગૃહસ્થને તો સંખડી વગેરે ન કહે, સાધુને કહે તો સંખડીને સંખડી અર્થાત્ જમણવાર કહે, બાળ કે અન્ય સાધુઓને વૈરાગ્ય પ્રગટાવવા માટે પણિતાર્થ=ધન માટે પ્રાણોની પણ હોડ કરનાર (જુગારી) છે, એમ કહે અને નદી સરળતાથી ઉતરાય તેવી-અવિષમ છે, એમ કહે.]

(૩૧૭) तहा नईओ पुण्णाओ, कायतिज्जत्ति नो वए।
नावाहिं तारिमाउत्ति, पाणिपिज्जत्ति नो वए ॥७-३८॥

(૩૧૮) बहुवाहडा अगाहा, बहुसलिलुप्पिलोदगा।
बहुवित्थडोदगा आवि, एवं भासिज्ज पन्नवं ॥७-३९॥

તથા નદીઓને पुण्णाओ=પૂર્ણ (ભરેલી), कायतिज्ज= **કાયાથી તરાય તેવી, નાવાદિથી** तारिमाउ=**તરાય તેવી** તથા કાંઠે બેસીને पाणिपिज्ज=**પ્રાણિઓ પી શકે તેવી** છે. એમ ન બોલે. (૩૮)

(३२०) सुकडित्ति सुपक्कित्ति, सुछिन्ने सुहडे मडे ।
सुनिट्ठिए सुलट्ठित्ति, सावज्जं वज्जए मुणी ॥७-४१॥

(કોઈ મકાન વગેરેને) सुकडं=સારું કર્યું છે, (રસોઈ, તેલ, મિઠાઈ, ઘેબર, વગેરેને) सुपक्कं=સારું પકાવ્યું છે, (વનસ્પતિ આદિને) सुछिन्ने=સારું કાપ્યું છે, (કૃપણનું ધન વગેરે) सुहडे=ઠીક ચોરાયું, (શત્રુ આદિ) मडे=ઠીક મર્યો, (ધનનો અભિમાની) सुनिट्ठिए=ઠીક ખાલી થયો (લુંટાયો), કોઈ વિવાહાદિ થયા હોય તો વર-કન્યાને, કે ઘર-નોકરી વગેરે મળ્યું હોય તેને सुलट्ठ=સારું (મળ્યું), इति=એવ સાવજ્જ=**પાપવચનને** (પાપની પ્રશંસાને) મુનિ વર્જે. (૪૧)

[પાપની પ્રશંસાથી પાપ વધે, જેને હાનિ થઈ હોય તેને દ્વેષ, વૈર વગેરે થાય અને બોલનારને પાપની અનુમોદનાથી અશુભકર્મોનો બંધ થાય. નિરવદ્ય વચન (પ્રશંસા) તો ન વર્જે-પણ કરે, જેમ કે-વૈયાવચ્ચ વગેરે સારુ કર્યું, સાધુનું બ્રહ્મચર્ય પાકું છે, અમુક માણસે રાગને ઠીક છેદ્યો, વસ્ત્રાદિ ચોરાયુ તો પણ ઉપસર્ગ પ્રસંગે સાધુ ન ડગ્યો તે ઠીક થયુ, મરણ સારું (પંડિતમરણ) થયું, કર્મ ઠીક ઓછા થયા (નિર્જરા સારી થઈ), અમુકના તપ-ધ્યાન-ક્રિયા વગેરે સારા છે. ઇત્યાદિ સત્કાર્યની પ્રશંસા તો વિવેક પૂર્વક કરે.]

(३२१) पयत्तपक्कत्ति व पक्कमालवे,
पयत्तछिन्नत्ति व छिन्नमालवे ।
पयत्तलट्ठित्ति व कम्महेउअं,
पहारगाढत्ति व गाढमालवे ॥७-४२॥

કોઈ અપવાદે બોલવું પડે તો पक्क=**પાકેલાને** पयत्त-पक्कं=**પ્રયત્નથી** (મુશીબતે) **પકાવેલું** आलवे=**કહે**. એ રીતે

છેદેલાને પ્રયત્નથી છેદેલું [illegible] પ્રયત્નથી સુંદર (દીક્ષા યોગ્ય) થયું છે અને [illegible] આહાર થયો છે [illegible] છેદાયું [illegible] એવું બોલવાથી [illegible]

[illegible]

અવિધિ [illegible]

[illegible]

વસ્તુઓમાં આ [illegible]

ત્તિ ગ્ગા=એમ કહે. (આ બે શબ્દો વાદળને અંગે પણ કહે.) તથા ઋદ્ધિમન્ત (શક્ત, ધનાઢ્ય વગેરે) नरं=મનુષ્યને ત્તિ=તેઓને આ 'ઋદ્ધિમાન્ છે' એમ કહે. અર્થાત્ મિથ્યા 'દેવદેવ' ન કહેતા યથાર્થ શબ્દો બોલે (૫૩)

(૩૩૩) तहेव सावज्जणुमोअणी गिरा,

ओहारिणी जा य परोवघाइणी ।

से कोह लोह भय हास माणवो,

न हासमाणोऽवि गिरं वइज्जा ॥७–५४॥

તે રીતે ('ગામ ઠીક લુંટ્યુ' વગેરે) सावज्जणुमोअणी= **પાપનું અનુમોદન કરનારી,** ('આ આમ જ છે' વગેરે) ओहारिणी=**નિશ્ચયાત્મક કે સંશય કરનારી,** जा य=**અને જે** ('માંસ ખાવામાં દોષ નથી' વગેરે) परोवघाइणी=**પરને ઉપઘાતક** गिरा=**વાણી** से=**તેને** माणव=**મનુષ્ય**–સાધુપુરુષ ક્રોધ, લોભ, ભય, હાસ્ય અને ઉપલક્ષણથી માન, રાગ, વગેરેને વશ થઇને, કે हासमाणो= **હસતાં હસતાં** પણ ન બોલે. (૫૪)

[કોઈ કારણે કડવા-મીઠા વગેરે શબ્દોનો પ્રયોગ કરવો પડે, તો પણ હૃદયમા તેવો દુષ્ટ ભાવ કરવાનો સાધુનો આચાર નથી. હિતબુદ્ધિએ કડવુ પણ કહેવાથી નિર્જરા થાય માટે સારણા-વારણા ચોયણા-પડિચોયણા કરવાનુ વિધાન છે. તે ન કરે તો ગુરુ પોતાનો ધર્મ ચૂકીને શિષ્યને ઉન્માર્ગે જવામા નિમિત્ત બને. માટે કડવું કહેવુ પડે તો પણ ક્રોધાદિ ભાવોને વશ ન થવુ. હાસ્યાદિ કાઠીઆઓને વશ થઈને તો હિતકારી મીઠું પણ બોલવાથી મોહનીયાદિ કર્મોનો બંધ થાય છે, માટે તેવું કદી ન બોલવું.]

જાણીને तीसे दुट्ठं=તેમાંની દુષ્ટભાષાને परिवज्जए=પરિવર્જે (સર્વથા તજે) અને सया छसु=છ જીવનિકાયમાં (ત્રસ-સ્થાવર જીવોમાં) संजए-સંયત (જયણાવાળો) અને सामणिए=શ્રમણપણામાં सया जए=સદા યતનાવાન્ થઈને हिअं=હિતકર અને अणुलोमं=મનોહર (પ્રિય) वइज्जा=બોલે. (૫૬)

[દુષ્ટનો ત્યાગ કર્યા વિના સદ્વાક્ય બોલાય નહિ અને સદ્-વાક્ય વિના અહિંસાદિનું કે સાધુતાનું રક્ષણ થાય નહિ, માટે દુષ્ટના ત્યાગ પૂર્વક સદ્વાક્યના બળે સંયમની આરાધના કરવાનો ઉપદેશ છે.]

परिक्खभासी=વિચારીને બોલતો, सुसमाहिइंदिए=સુસમાહિતેન્દ્રિય (જિતેંદ્રિય), चउकसायावगए=અપગત-કષાય (કષાય નિરોધક) અને अणिस्सिए=નિશ્રારહિત (દ્રવ્યભાવ પ્રતિબંધ રહિત), से=એવો તે સાધુ पुरेकडं=પૂર્વકૃત धुन्नमलं=પાપમળને (કર્મને) निद्धुणे=નિર્ધૂનન (ક્ષય) કરીને इणं=આ तहा=તથા पर=પર लोगं=લોકને (જન્મને) आराहए=આરાધે છે (અર્થાત્ આ જન્મમાં સદ્વાક્યદ્વારા આરાધક બનીને યથાસંભવ અનંતર કે પરંપર જન્મમાં મોક્ષને સાધે છે.) એમ કહું છું. (૫૭)

[ભાષા ઔષધ તુલ્ય છે. ઔષધ–શરીરને હિત કરે, તેમ ભાષા આત્માનું હિત કરે છે માટે આત્મહિત થાય તે રીતે તેનો પ્રયોગ કરવો એ પુણ્યપ્રાપ્ત વાગ્યોગની (વાણીની) સફળતા છે. અનંતકાળ પછી જીવને કર્મો હલકા થવારૂપ પુણ્યના બળે બેઈન્દ્રિયાદિ જાતિમાં ભાષાની (જીહ્વાની) પ્રાપ્તિ થાય છે, એના સદુપયોગદ્વારા કર્મોને હલકા કરીને ઉત્તરોત્તર આત્મવિકાસ સાધવો એ જીવનું કર્તવ્ય છે.

આઠમું 'આચારપ્રણિધિ' અધ્યયન

[પૂર્વે ક્ષુલ્લકાચાર અને મહાચારકથા અધ્યયનોમાં કહેલા તે આચારોનો પ્રણિધિ એટલે સંગ્રહ કેવી રીતે કરવો ? તે આ અધ્યયનમાં કહેલું હોવાથી એનું 'આચારપ્રણિધિ' નામ છે. આચારો ક્રિયા રૂપ છે, તેનો સંગ્રહ થઈ શકે નહિ, માટે એના આલંબને આત્મધર્મનો સંગ્રહ કરવો તેને અહીં આચારપ્રણિધિ સમજવો. પ્રત્યેક આચારના બળે ધર્મધનને એટલે આત્મસ્વરૂપને પ્રગટાવવું જોઈએ. વ્યાપારી ન્હાના મોટા પ્રમાણમા ક્રય-વિક્રય કરવા છતા ધનની કમાણી ન થાય તો પ્રસન્ન થતો નથી. તેનું લક્ષ્ય ધન-મેળવવાનું હોય છે, એ રીતે સાધુએ તપ જપ વગેરે ન્હાના-મોટાં અનુષ્ઠાનોમાં જ સંતોષ નહિ માનતાં એના આલંબને સમ્યગ્જ્ઞાનાદિ આત્મગુણોને પ્રગટાવવાનુ લક્ષ્ય નિશ્ચિત કરવું જોઇએ. ક્રિયા કષ્ટ આપનારી છે, આનંદનો અનુભવ તો ગુણો જ કરાવી શકે છે. માટે સુખની ઇચ્છાવાળા આત્માએ ગુણોને પ્રગટાવવા એ જ તેનું કર્તવ્ય છે. આ ગુણોના પ્રગટીકરણમાં વિઘ્નકારક (અકુશળ) ઈન્દ્રિયોનો અને મનનો વિજય કરીને એ જ ઈન્દ્રિયોને તથા મનને ગુણો પ્રગટાવવા માટે સાધનભૂત (કુશળ) બનાવવાં જોઈએ. ઇન્દ્રિયોનો અને મનનો આવો વિજય (સંયમ) તે તે આચારોના પાલન વિના શકય નથી, એથી જ્ઞાનાદિ ગુણોના જેટલી જ મહત્તા અને આવશ્યકતા આચારોની પણ છે. પૂર્વનાં અધ્યયનોમા કાયસંયમ અને વચનસંયમ દ્વારા કાયાને અને વચનને શુદ્ધ બનાવવાનો ઉપાય કહ્યો. અહી એ વચનને આચારમાં ઉતારવું જોઈએ, અર્થાત્ વાણી અને વર્તન તુલ્ય બનાવવા જોઇએ, એમ કહી એના બળે મનોસંયમ કરી મનની શુદ્ધિ કેવી રીતે કરી શકાય તે જણાવેલુ છે. એ જ વાત હવે તેના ઉપાયભૂત આચારોના વર્ણન દ્વારા અહીં ક્રમશઃ જણાવે છે.]

(૩૪૦) पुढविं भित्तिं सिलं लेलुं, नेव भिंदे न संलिहे ।
तिविहेण करण–जोएणं, संजए सुसमाहिए ॥८–४॥

શુદ્ધપૃથ્વીને (માટીને), ભિત્તિને એટલે નદીના તટને અને શિલાને=પત્થરને, અથવા માટીના ઢેફા વગેરેને, ત્રણ પ્રકારના કરણ અને ત્રણ પ્રકારના યોગાથી सुसमाहिए=સમાધિવાળો (મન-ઇન્દ્રિયોથી ઉપશાન્ત) એવો સંયત (સાધુ)नेव भिंदे=ભેદે (તોડે) નહિ અને न संलिहे=ખાદે–ખોતરે નહિ. (૪)

[શબ્દાર્થ પૃ. ૫૨ મા જેવા છે. ત્રણ કરણો એટલે કરવુ, કરાવવુ, અને અનુમોદવુ તથા ત્રણ યોગો એટલે મન, વચન, અને કાયા, એમ હવે પછી પણ યથાસ્થાન સમજી લેવુ.]

(૩૪૧) सुद्धपुढवीए न निसीए, ससरक्खंमि अ आसणे ।
पमज्जित्तु निसीइज्जा, जाइत्ता जस्स उग्गहं ॥८–५॥

તથા सुद्धपुढवीए=**સચિત્ત પૃથ્વી ઉપર** અને ससरक्खंमि=**રજયુક્ત** आसणे=**આસન ઉપર** પણ न निसीए=**બેસે નહિ.** અચિત્તપૃથ્વી કે રજરહિત આસન ઉપર પણ તે जस्स उग्गहं=**જેના અધિકારમાં** હોય તેને जाइत्ता=**યાચીને** અને पमज्जित्तु=**પ્રમાર્જીને** બેસે. ઉપલક્ષણથી ઉભા રહેવામાં અને શયન કરવામા પણ એ વિધિ સમજવો. (૫)

(૩૪૨) सीओदगं न सेविज्जा, सिलावुट्ठं हिमाणि अ ।
उसिणोदगं तत्तफासुअं, पडिगाहिज्ज संजए ॥८–६॥

(૩૪૩) उदउल्लं अप्पणो कायं, नेव पुंछे न संलिहे ।
समुप्पेह तहाभूअं, नो णं संघट्टए मुणी ॥८–७॥

બાહ્ય (બીજા) કોઈ પુદ્ગલને (પદાર્થને) વીંઝે (પવન નાંખે) નહિ. (શબ્દાર્થ પૃ૦ ૫૭ પ્રમાણે.) (૯)

(૩૪૬) तणरुक्खं न छिंदिज्जा, फलं मूलं च कस्सइ ।
आमगं विविहं बीअं, मणसा वि न पत्थए ॥८-१०॥

(મુનિ ધ્રો વગેરે) તૃણને, (આમ્રાદિ) વૃક્ષને અને અન્ય कस्सइ=કોઈ પણ વૃક્ષાદિના ફળને કે મૂળને છેદે નહિ અને आमगं=સચિત્ત એવાં વિવિધ જાતનાં બીજને મનથી ન पत्थए=ઈચ્છે પણ નહિ (પછી ખાવાનું તો હોય જ કેમ? અર્થાત્ ન ખાય.) (૧૦)

(૩૪૭) गहणेसु न चिट्ठिज्जा, बीएसु हरिएसु वा ।
उदगंमि तहा निच्चं, उत्तिगपणगेसु वा ॥८-११॥

મુનિ गहणेसु=વનના નિકુંજોમાં (ગાઢ ઝાડીમાં), (સચિત્ત ડાંગર વગેરે) બીજોના ઉપર; (ધ્રો વગેરે) લીલાં તૃણ ઉપર, સચિત્ત પાણી ઉપર, તથા उत्तिग=સર્પછત્રાદિ (નાગદતી આદિ) વનસ્પતિ અને पणगेसु=લીલ (અનંતકાય) ઉપર निच्चं=નિત્ય (કદાપિ) ઉભો ન રહે. (૧૧)

[વનસ્પતિકાયનો અધિકાર હોવાથી અહીં સચિત્ત પાણીના નિર્દેશથી અનંતકાય નિગોદ સમજવી. કારણ કે 'જ્યાં જ્યાં પાણી હોય ત્યાં ત્યાં નિશ્રાગત વનસ્પતિ હોય' એમ કહેલું છે. ઉત્તિંગ એટલે કીડીનગરા નહિ, પણ તે જાતિની વિવિધ વનસ્પતિ અને પનક એટલે લીલા રંગની લીલ (અનંતકાય વનસ્પતિ) સમજવી. તે દરેક ઉપર ઉભા રહેવાની જેમ બેસવાનો, સુવાનો, ચાલવાનો વગેરે નિષેધ પણ અધ્યાહારે સમજી લેવો.]

ગોથી ઉપશમવાળો (શબ્દાદિ તે તે વિષયોમાં રાગ–દ્વેષ નહિ કરતો) મુનિ–સાધુ સવ્વભાવેણ=સર્વ ભાવથી (શક્તિને ગોપવ્યા વિના) જયમાણો-નિદ્રાદિ પ્રમાદ તજીને નિત્ય (મન વચન કાયાથી સર્વ જીવોની રક્ષામાં) जए=પ્રયત્ન કરે. (૧૬)

વસતિમાં એ પ્રયત્ન કેવા રીતે કરે? તે કહે છે કે—

(३५३) धुवं च पडिलेहिज्जा, जोगसा पायकंबलं ।
सिज्जमुच्चारभूमिं च, संथारं अदुवासणं ॥८-१७॥

સાધુ जोगसा=છતે યોગે (સામર્થ્ય હોય ત્યાં સુધી) धुवं=ધ્રુવ (નિત્ય-અવશ્ય) पायकंबलं=પાત્રને, કાંબળને, सिज्जं=શય્યાને, उच्चारभूमिं=લઘુ–વડીનીતિની ભૂમિને, संथारं=સંથારાને, अदुवासणं=અથવા આસનને પડિલેહે. (૧૭)

[રોગાદિ કારણે કે સામર્થ્ય હણાયું હોય ત્યારે અન્ય સાધુઓને તેના વસ્ત્રાદિ પડિલેહવાનો અધિકાર હોવાથી અહીં 'સામર્થ્ય હોય ત્યાં સુધી' કહ્યું. એથી સાધુ છતે સામર્થ્યે બીજાની પાસે કામ કરાવવા ઇચ્છે નહિ, પણ બીજા વૈયાવચ્ચાદિ કરનારા નિર્જરાના અર્થે કરે તો નિષેધ ન કરે. પાત્રથી સર્વ પાત્રોનું અને કાંબળથી સર્વ વસ્ત્રોનું પ્રતિલેખન ઉભય ટાઈમ કરવાનું સમજવું. શય્યા એટલે વસતિ-ઉપાશ્રયનું પડિલેહણ કાજો ઉદ્ધરીને જીવોનો ઉપદ્રવ ન હોય તો વિધિપૂર્વક ઋતુબદ્ધકાળે બે વખત અને વર્ષાકાળે ત્રણ વખત કરે, જીવોનો ઉપદ્રવ હોય તો વારંવાર કરે. લઘુ–વડિનીતિની ભૂમિ ૧–અનાપાત–અસલોક, ૨–અનુપઘાત, ૩–સમ, ૪–અશુષિર, ૫ અચિરકાલકૃત, ૬–વિસ્તીર્ણ, ૭-દૂરાવગાઢ, ૮-અનાસન્ન, ૯-બીલવર્જિત અને ૧૦–ત્રસ–પ્રાણ–બીજાદિ રહિત, એ દસ ગુણો અને તેના સંયોગી ભાગાઓવાળી શુદ્ધ મેળવવી, તે તેનું પડિલેહણ સમજવું. આ ગુણો અને ભાગાઓનું સ્વરૂપ ધર્મસંગ્રહ

તે તે પ્રકારના [illegible] કર્મોના [illegible] થાય છે, આ [illegible] વસ્ત્રના છેડાથી રજ દૂર કરી શકાય છે તેમ પ્રતિલેખનાથી કર્મોની રજ દૂર થઈ શકે છે. જેમ શરીરના અમુક અંગોને સ્પર્શવાથી કામવાસના, [illegible], [illegible], અભિમાન કે રોગ વગેરેની લાગણી પ્રગટે છે, તેમ પ્રતિલેખના કરતાં મુહપત્તિ આદિથી તે તે અંગોને સ્પર્શ કરવાથી તે તે દોષો દૂર થાય એ યુક્તિસંગત છે. વર્તમાનમાં 'મેગ્મેરિઝમ'ની ક્રિયાથી પૂરવાર થયેલું આ તત્ત્વ છે. તેને અનુસરીને રોગાદિની શાન્તિ માટે કેટલાક વ્યવહારો આજે લોક પણ કરે છે. જેમ કે નેત્રમાં લાગેલા ઝોકા વગેરેની લાલાશ, સાપ-વિંછી આદિના ઝેર, ભૂત-પ્રેતાદિના વળગાડ, ગરમીથી લાગેલી લૂ, ઈત્યાદિને ઉતારવા વસ્ત્રના છેડાથી તે તે અંગોને સ્પર્શ કરીને મંત્રોચ્ચાર કરાય છે, અને તેથી લાભ પણ થાય છે. માતા પુત્રના શરીરે, કે માલિક પોતાના ઘોડા, બળદ, ગાય, ભેંસ વગેરે પશુઓની ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવે છે તો તેઓનો શોક, થાક વગેરે દૂર થાય છે અને પ્રસન્નતા પ્રગટે છે, વગેરે અનુભવ સિદ્ધ છે ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ આવો વ્યવહાર ચાલે છે. જેમ કે-બ્રાહ્મણો ગાયત્રીના જાપ વખતે હાથથી અંગોને સ્પર્શે છે, કોઇ ડાભ નામની વનસ્પતિથી. તો કોઈ શ્રુતિથી અંગોને સ્પર્શે છે, મુસલમાનો નિમાજ પઢતા પઢતાં જૂદી જૂદી રીતે અંગોને સ્પર્શે છે, જૈનો આત્મરક્ષાદિ સ્તોત્રોનો ઉચ્ચાર કરીને વિવિધ અંગોને સ્પર્શે છે. એમ ધર્મક્રિયાઓમાં પણ અંગસ્પર્શ કરાય છે અને તે દરેકથી લાભ પણ થાય છે. લાભ ન થાય તેને તે તે વિષયનું જ્ઞાન અથવા શ્રદ્ધાની ખામી કારણભૂત છે. આ હકીકત આબાલ-ગોપાલ પ્રસિદ્ધ હોવા સાથે મોટા [illegible] એ [illegible] ધી માનેલી અને આચરેલી છે.

[illegible] પર્શાદિ કરવા સાથે તે તે બોલોને (મંત્રોને) બોલ[illegible] અંગોને મુખવસ્ત્રિકાદિથી સ્પર્શ કરવા [illegible] તે દોષો ટળે છે અને ગુણો

[illegible]

હવે ગોચરી ગયેલો સાધુ કેવો પ્રયત્ન કરે તે કહે છે—

(૩૫૫) पविसित्तु परागारं, पाणट्ठा भोअणस्स वा ।
जयं चिट्ठे मिअं भासे, न य रूवेसु मणं करे ॥८-१९॥

भोअणस्स=ભોજનના કે पाणट्ठा=પાણીના અર્થે परागारं=ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીને (ઉત્તમ મુનિ) યતના પૂર્વક ઉભો રહે, मिअं=પ્રમાણોપેત (અલ્પ) બોલે, અને ગૃહસ્થની સ્ત્રી આદિના रूवेसु=રૂપમાં मणं न करे= મનને ન લગાડે. (૧૯)

[ઉભો રહેલો સાધુ ગવાક્ષ, ઓરડા, હાટિયા, કબાટ વગેરેને ન જુવે, જરૂર પડે તો વાક્યશુદ્ધિને અનુસારે થોડા શબ્દો બોલે અને દાત્રીનાં અંગોપાંગાદિને આસક્તિપૂર્વક ન જુવે. કિન્તુ તેના હાથ, વસ્ત્રાદિ સચિત્ત પાણી આદિથી ખરડાએલા ન હોય તે ઉદ્દેશથી જુવે-રાગ ન કરે. ભોજન અને પાણી માટે કહ્યું, તેના ઉપલક્ષણથી ગ્લાનાદિના ઔષધ વગેરે માટે જાય. એ સિવાય ગૃહસ્થના ઘેર જવા-આવવાનો સાધુનો આચાર નથી.]

(૩૫૬) बहुं सुणेहि कन्नेहिं, बहुं अच्छीहिं पिच्छइ ।
न य दिट्ठं सुअं सव्वं, भिक्खू अक्खाउमरहइ ॥८-२०॥

(ગોચરી ગએલા મુનિને કોઈ તેવું પૂછે તો તે કહે કે—) बहुं=ઘણું (સારું-ખોટું અનેક પ્રકારનુ) कन्नेहिं=કર્ણો વડે सुणेहि=સાંભળે અને ઘણુ (સારું-ખોટું) अच्छीहिं=

[illegible], માટે [illegible] [illegible], અને [illegible] થાય [illegible] [illegible] [illegible] [illegible] [illegible].]

હવે સરસ-નિરસ આહારાદિની પ્રાપ્તિને અંગે કહે છે-

(૩૫૮) निट्ठाणं रसनिज्जूढं, भद्दगं पावगं ति वा ।
पुट्ठो वा वि अपुट्ठो वा, लाभालाभं न निद्दिसे ॥८-२२॥

સાધુ निट्ठाणं=(સર્વ ગુણ-સ્વાદ યુક્ત) શ્રેષ્ઠ અન્નને આ भद्दगं=સારું છે, કે रसनिज्जूढं (ગુણ સ્વાદ રહિત) કનિષ્ઠ અન્નને આ पावगं=પાપ છે (નિરસ-વિરસ છે), ति=એમ બીજાથી पुट्ठो=પૂછાએલો કે अपुट्ठो=નહિ પૂછાએલો (સ્વયં) સારી-ખરાબ વસ્તુના લાભાલાભને न निद्दिसे=ન જણાવે. (૨૨)

[અન્નાદિ ભોજ્ય વસ્તુ પ્રત્યે રાગ-દ્વેષ કરવાથી પોતાને અને સારું ખોટું કહેવાથી સાભળનારને રાગ-દ્વેષાદિ થાય, સારું મેળવવા કે મળેલું ખરાબ જાણી પરઠવવા વગેરેમાં જિનાજ્ઞા વિરુદ્ધ વર્તન થાય, નિન્દા-પ્રશંસા કરવાથી સાધુની હલકાઇ થાય, અને દાતારને પણ અપ્રીતિ આદિ થાય, વગેરે દોષો જાણવા]

(૩૫૯) न य भोयणंमि गिद्धो, चरे उंछं अयंपिरो ।
अफासुअं न भुंजिज्जा, कीअमुद्देसिआहडं ॥८-२३॥

ભોજનમાં गिद्धो=ગૃદ્ધ (આસક્ત) થઇને (સારી વસ્તુ મેળવવા ગૃહસ્થોને પ્રસન્ન કરતો ગોચરી માટે) ન ફરે, કિન્તુ उंछं=મૌનપણે માટે 'ધર્મલાભ' સિવાય બીજું

સહેનારો) અને તેથી જ દુકાળમાં કે આહારની દુર્લભતાના પ્રસંગે પણ सुहरे=સુભર (અલ્પેચ્છો) सिआ=થાય વળી जिणसासणं=જિનવચનોને (ક્રોધાદિના કટુક વિપાકોને) સાંભળીને आसुरत्तं=ક્રોધના પરિણામને ન કરે. (૨૫)

[સંતોષથી સંતોષ, સંતોષથી અલ્પ ઈચ્છાવાળો અને તેથી સુભરઃ (ભરાય), એમ ઉત્તરોત્તર લાભ થાય, એવો પણ અર્થ સમજવો. તથા ક્રોધના ઉપદેશાગમથી માનાદિ કષાયોને ન કરે એમ પણ સમજવું. વિના કારણે કોઈ આક્રોશ કરે તો પણ પોતાનાં પૂર્વકૃત કર્મોનો ઉદય સમજી ઉપશાન્ત રહે.]

(૩૯૨) कन्नसुक्खेहिं सद्देहिं, पेम्मं नाभिनिवेसए ।
दारुणं कक्कसं फासं, काएण अहिआसए ॥८–२६॥

વીણા–વાંસળી વગેરેના કે પ્રશંસાના कन्नसुक्खेहिं=**કાનને સુખ આપનારા** શબ્દો સાંભળવાથી पेम्मं=**રાગને** न अभिनिवेसए=**વશ ન થાય** (ન કરે) અને दारुणं=**અનિષ્ટ** તથા कक्कसं=**કઠોર** फासं=**સ્પર્શને** (કોઈ કરે, કે થાય તો પણ) કાયાથી अहिआसए=**સહન કરે.** (દ્વેષ ન કરે.) (૨૬)

[અહીં શબ્દ અને સ્પર્શ એ પહેલા અને છેલ્લા બે વિષયોને કહેવાથી મધ્યના રૂપ–રસ–ગંધ પણ સમજી લેવા. અર્થાત્ પાંચે ઈન્દ્રિયોના ઈષ્ટ અનિષ્ટ વિષયોમાં રાગ–દ્વેષ નહિ કરતો સામાયિકની (સમતાની) રક્ષા કરે.]

(૩૯૩) खुहं पिवासं दुस्सिज्जं, सीउण्हं अरइं भयं ।
अहिआसे अव्वहिओ, देहदुक्खं महाफलं ॥८–२७॥

ક્ષુધાને, તૃષાને, ખાડા–ટેકરા કે ઠંડી–ગરમીવાળા

[illegible] ન મળે તો પણ જેમ [illegible] (મનવાળો). (કાચો) [illegible] મિતભોજી (થોડું ભોજન [illegible] ઉદરને દમનારો [illegible] (થોડી વસ્તુથી નિર્વાહ કરનારો) [illegible] થોડું (અલ્પ ભોજન) [illegible]=પામીને (પૂર્ણ ન મળે તો) પણ ભોજનને કે દાતારને ન [illegible]=નિન્દે નહિ. (૨૯)

[[illegible] વિના અજ્ઞાનથી પરીષહો સહવા [illegible] નિર્જરા થતી નથી. [illegible] છે, માટે ધર્મપ્રાપ્તિની ભૂમિકારૂપ આ ગુણોની આવશ્યકતા છે.]

હવે મદના ત્યાગ માટે કહે છે કે—

(૩૬૬) न बाहिरं परिभवे, अत्ताणं न समुक्से ।
सुअलाभे न मज्जिज्जा, जच्चा तवस्सिबुद्धिए ॥८-३०॥

बाहिरं=બહારનાનો (પોતાના સિવાય બીજાનો) પરાભવ ન કરે, अत्ताणं=પોતાનો ('હું આવો છું' વગેરે) સમુત્કર્ષ (વડાઇ) ન કરે અને सुअलाभं=શ્રુતજ્ઞાનની પ્રાપ્તિથી, जच्चा=ઉચ્ચ જાતિથી तवस्सि=તપસ્વિપણાથી કે વિશિષ્ટ बुद्धिए=બુદ્ધિથી ન मज्जिज्जा=મદ ન કરે. (૩૦)

[જે જે વિષયમા મદ થાય તે તે ભાવો અન્યજન્મમા હીન મળે છે. કોઈ પણ પુણ્યપ્રાપ્ત વસ્તુથી કે આત્મગુણોથી સ્વ-પર કલ્યાણ કરવુ, એ જ તેની સફળતા છે. એથી વિરુદ્ધ પ્રાપ્ત થએલા તે ગુણો કે ઋદ્ધિ વગેરેથી અન્યનો પરાભવ કરવો, મદ કરવો, વગેરે એનો દુરુપયોગ છે અને તેને કલંકિત કરવા તુલ્ય છે.]

માટે મહર્ષિ શુદ્ધ (નિર્મળ) આશયવાળો, યથાર્થતયા વિકટભાવે=ભાવને પ્રગટ કરતો, બાહ્ય પદાર્થોમાં અસંસક્ત-અપ્રમત્તભાવ અને જિતેન્દ્રિય (એવો સાધુ) પ્રતિસેવનાથી કે અનુપયોગાદિથી કોઈ અનાચારને પરક્કમ=સેવીને પણ (ગુરુથી) નેવ ગૂહે=ગોપવે નહિ અને ન નિહ્નવે=છુપાવે નહિ. (૩૨)

[અનાચાર કે અતિચાર સેવ્યા તે ગોપવવું અને સર્વથા ન કહેવું તે છુપાવ્યું કહેવાય, તેમ જ સમજવો. ઘરના ચોરનો શરમથી પણ ખરી છુપાવે તો ઘરની સંપત્તિનો નાશ થાય. તેમ આત્માના ચોર-રૂપ દોષોનો પણ ખરી લજ્જાથી પણ છુપાવે તો આત્મધનનો નાશ થાય જ. કોઈ અકાર્ય કરતા પહેલા શરમાવુ તે લજ્જા ગુણ કહેવાય છે. કરેલી ભૂલનુ પ્રાયશ્ચિત્ત કરતા શરમાવું તે લજ્જાગુણ નહિ પણ અપયશના ભયરૂપ હોવાથી દોષ છે.]

(૩૬૯) अमोहं वयणं कुज्जा, आयरिअस्स महप्पणो ।
तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥८-३३॥

ઉત્તમ શિષ્ય महप्पणो=મહાન્ આત્મા એવા આચાર્યના વચનને अमोहं=અમોઘ (સફળ) કરે. અર્થાત્ તેને વચનથી (તહત્તિ કહીને) परिगिज्झ=સ્વીકારીને कम्मुणा= ક્રિયાથી પણ उववायए=પૂર્ણ કરે. (૩૩)

[શ્રુત-ચારિત્રવંત ગુરુનુ વચન (આદેશ કે ઉપદેશ) પ્રાયઃ અમોઘ હોય છે, નિષ્ફળ થતુ નથી. માટે તેને સાંભળતા જ 'તહત્તિ' કહીને સ્વીકારવુ અને તે પ્રમાણે આચરણ કરીને સફળ કરવુ જોઇએ. 'તહત્તિ' એ એવો મહામંત્ર છે કે તેને ઉચ્ચારતાં તુર્ત જ કર્મો તૂટે છે અને કાર્યમાં સફળતા મળે છે. 'एवमेअं, तहमेअं, अवितहमेअं,

[illegible] ધર્મસામગ્રી [illegible] ... ધર્મસામગ્રી તો [illegible] વગેરે ધર્મસામગ્રી તો [illegible] માટે મળેલી સામગ્રીને પ્રમાદ [illegible] જ્ઞાનીઓએ [illegible] કરેલી છે.]

(૩૭૧) बलं थामं च पेहाए, सद्धामारुग्गमप्पणो ।
खित्तं कालं च विन्नाय, तहऽप्पाणं निजुंजए ॥८-३५॥

अप्पणो=પોતાના बलं=મનોબળને, थामं=શરીરબળને, શ્રદ્ધાને તથા આરોગ્યને સમજીને અને વર્તમાન ક્ષેત્ર-કાળને જાણીને (ઓળખીને) अप्पाणं=આત્માને तहा=તે તે રીતે (આરાધનામાં) निजुंजए=જોડવો જોઇએ. (આ ગાથા ટીકામાં નથી, માટે પ્રક્ષિપ્ત સંભવે છે.) (૩૫)

[મનોબળ અને શરીરબળ બે પરસ્પર બાધક ન થતા સહાયક થાય તે રીતે આરાધના કરવી જોઈએ. અન્યથા મનની ઈચ્છાઓ તીવ્ર છતાં શરીરબળ ન પહોચે તેવું કાર્ય કરવાથી શરીર થાકે કે રોગી થાય, શરીરબળ અધિક હોય છતા મનને ગમતુ ન હોય તેવું કરવાથી મન દુર્ધ્યાનથી તેને નિષ્ફળ કરે અને આક્રમણ કરીને પરિણામે આરાધના છોડાવી દે. માટે જ્ઞાનથી મનને સમજાવીને-મનમાં ભાવના પ્રગટાવીને શરીર ન બગડે-ન થાકે તે રીતે પ્રત્યેક કાર્યો કરવા. જો કે પ્રત્યેક વ્યક્તિ માટે આ માર્ગ નથી, તો પણ બન્નેના બળને અનુસરવુ તે રાજમાર્ગ છે. કોઈ વાર મન ન માને તેવુ, કે શરીરબળ ન પહોચે તેવુ પણ કરવાથી લાભ થાય, છતા એ રાજમાર્ગ નથી, અપવાદ

તેને ન તજે તો આ જન્મના અપાયો જણાવે છે કે-

(૩૭૪) कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोभो सव्वविणासणो ॥८-३८॥

ક્રોધ પ્રીતિનો મૂળથી નાશ કરે છે, માન વિનયનો નાશ કરનાર છે, માયા મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરે છે. (૩૮)

[ક્રોધને વશ થઇને બોલાએલુ વચન કે કરેલું વર્તન પ્રીતિને તોડે છે, માનથી વિનય કરવા યોગ્ય ગુરુનો પણ અવિનય થાય છે, કારણ કે વન્દન વૈયાવચ્ચ વગેરે કરવા યોગ્ય પૂજ્યોથી પોતે અલ્પ છે એવું માનવુ એ વિનયનુ લક્ષણ છે, માની પ્રાયઃ સર્વત્ર પોતાને અધિક માનતો હોવાથી 'બીજો પોતાનાથી અધિક છે' એવું સમજી પણ શકતો નથી, પછી માને તો શી રીતે? એ કારણે માન વિનયઘાતક બને છે, મૈત્રીભાવનુ મૂળ સહૃદયતા–નિખાલસપણુ છે. માનવીનુ હૃદય સદાય ચોર હોય છે, તેથી તે મૈત્રી કરે તો પણ ટકી શકતી નથી અને લોભ

કષાયોને નહિ રોકવાથી [illegible] કહે છે-

(૩૭૬) कोहो अ माणो अ अणिग्गहिआ,
माया अ लोभो अ पविवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया,
सिंचंति मूलाइं पुणब्भवस्स ॥८-४०॥

अणिग्गहिआ=અનિગ્રહિત (નિરંકુશ) ક્રોધ અને માન તથા पवड्ढमाणा=વૃદ્ધિ પામતા માયા અને લોભ, એ ચારે कसिणा=ક્લિષ્ટ (અથવા રૂઢ થએલા) કષાયો (અશુભભાવનારૂપ જળ વડે તે તે પ્રકારનો કર્મબંધ કરાવીને) પુનર્જન્મનાં મૂળિયાંને સીંચે છે. (૪૦)

[સંસારનું બીજ કષાયો અને કષાયોનો આધાર વિષયો છે, માટે વિષયોના ત્યાગદ્વારા કષાયોને નબળા કરી સંસારની પરંપરા રોકી શકાય છે, અર્થાત્ વિષયોના વિરાગથી કષાયોનો મૂળમાંથી નાશ કરીને જન્મમરણની પરંપરાનો પણ સમૂલનાશ કરી શકાય છે.]

કષાયોના નિગ્રહ માટે વિશેષ ઉપાયો કહે છે-

(૩૭૭) रायणिएसु विणयं पउंजे,
धुवसीलयं सययं न हावइज्जा ।
कुम्मुव्व अल्लीणपलीणगुत्तो,
परक्कमिज्जा तवसंजमंमि ॥८-४१॥

ચિરદીક્ષિતાદિ અન્ય रायणिएसु=રત્નાધિકોનો વિનય (અભ્યુત્થાનમુ[illegible]ાદિ) पउंजे=કરે, અઢાર હજાર શીલાંગના પાલનરૂપ ધુ[illegible]सीलयं=ધ્રુવશીલતાને (નિત્ય આચારને) શકિત

अणलसो=ઉત્સાહવાન્ धुवं=ધ્રુવ (નિત્ય કાળાદિને અનુસરીને ગૌણ-મુખ્યભાવે મન વચન કાયાના વ્યાપારરૂપ) जोगं=ત્રણ યોગોને ક્ષમાદિ દશ પ્રકારના समणधम्मंमि= શ્રમણધર્મમાં जुंजे=જોડે. (એ રીતે) શ્રમણધર્મમાં जुत्तो=જોડાએલો (મુનિ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ) अणुत्तरं= શ્રેષ્ઠ अट्ठं=અર્થને (સંપત્તિને) પામે. (૪૩)

[ઉત્સાહ વિના પ્રવૃત્તિ કરવા છતાંય યથાર્થ ફળ મળતું નથી, માટે 'ઉત્સાહપૂર્વક' કહ્યું છે. 'યોગોનો મુખ્ય-ગૌણભાવ કરવો' અનુપ્રેક્ષાસ્વાધ્યાયમાં મનોયોગને, શેષ સ્વાધ્યાયમા વચનયોગને, પ્રતિલેખનાદિમા કાયયોગને મુખ્ય રાખવો અને અન્યયોગને ગૌણ કરવા. જે કાળે જેનું મહત્ત્વ હોય તે કાર્યમાં તે યોગોને જોડવા. અર્થાત્ ભોજનકાળે અધ્યયન કે અધ્યયનકાળે ભોજન વગેરે ન કરતા પ્રત્યેક કાર્યો યથાકાળ કરવા. તે પણ એક બે દિવસ પૂરતાં નહિ પણ નિત્ય-જીવતા સુધી, એમ 'ધ્રુવનો' અર્થ સમજવો. એ રીતે વર્તતો સાધુ જ્ઞાનાદિ સમ્પત્તિને અવશ્ય પામે.]

(૩૮૦) इहलोगपारत्तहिअं, जेणं गच्छइ सुग्गइं ।
बहुस्सुअं पज्जुवासिज्जा, पुच्छिज्जत्थविणिच्छयं ॥८-४४॥

जेणं=જે જ્ઞાનાદિ સમ્પત્તિ વડે इहलोग-पारत्त-हिअं= આલોક અને પરલોકના હિતને અને પરંપરાએ सुग्गइं= સિદ્ધિગતિને પામે, (તે જ્ઞાનાદિની પ્રાપ્તિ માટે) बहुस्सुअं= આગમવૃદ્ધને (આગમના જાણ ગુર્વાદિને) સેવે (વિનયાદિ પૂર્વક તેઓની આજ્ઞાનું પાલન કરી પ્રસન્ન કરે) અને તેઓને अत्थविणिच्छयं=અર્થના નિશ્ચયને (તે તે હિતકર-કર ભાવોનો નિશ્ચય કરવા) पुच्छिज्ज=પૂછે. (૪૪)

(ગુરુની પણ પાસેક … सगासे गुरुणो मुणी ॥८-

सगास=પાસે હાથને પગને અને શરીરને पणिहाय=સંય… કરીને (ઈન્દ્રિયોનો વિજય કરીને) अल्लीणगुत्तो-ક… લીન-ગુપ્ત (શરીર સંકોચીને) બેસે (૪૫)

[વિનીત સાધુ શકયતા મુજબ ગુરુની દૃષ્ટિ [illegible] શરીરને હાથ-પગને સંકોચીને નમીને જ્યાં ત્યાં ફેરવ્યા વિના … કાનમાં બીજાનું સાંભળવાનું … કરીને અપ્રમત્ત … (સ્થિર આસનમાં) [illegible]

(३८७) न पक्खओ न पुरओ नेव किच्चाण पिट्ठओ।
न य ऊरुं समासिज्ज, चिट्ठिज्जा गुरुणंतिए ॥८-४६॥

किच्चाण=ગુરુની બરાબર पक्खओ=પડખે બરાબર पुरओ=સામે, पिट्ठओ=પાછળ, ऊरुं=સાથળને समासिज्ज=

હાથીને (સાથળ ઉપર સાથળ ચઢાવીને) गुरुणंतिए=ગુરુની નજીક न चिट्ठेज्जा=બેસે નહિ. (૪૬)

[illegible] ગુરુ [illegible] ભક્તોને [illegible] કરવાથી [illegible] આદિને [illegible] શરીરને [illegible] બેસવાથી ગુરુનું [illegible] ન કરી શકે, વગેરે દોષો સમજવા.]

હવે ઉપાસના માટે વાણીનો સંયમ કરવા કહે છે—

(૩૮૩) अपुच्छिओ न भासिज्जा, भासमाणस्स अंतरा ।
पिट्ठिमंसं न खाइज्जा, मायामोसं विवज्जए ॥८-४७॥

ગુર્વાદિએ પૂછ્યા વિના (વિના કારણે) બોલે નહિ, તે બોલતા હોય તેમાં પણ વચ્ચે ('આ આમ નહિ પણ આમ છે' વગેરે) બોલે નહિ, पिट्ठिमंसं=પરોક્ષમાં દોષોને न खाइज्जा=ન બોલે અને માયાપૂર્વક મૃષા બોલવાનું વર્જે. (૪૭)

(૩૮૪) अप्पत्तिअं जेण सिआ, आसु कुप्पिज्ज वा परो ।
सव्वसो तं न भासिज्जा, भासं अहिअगामिणिं ॥८-४८॥

વળી જેનાથી માત્ર અપ્રીતિ થાય તેવી, કે परो=બીજો आसु=તુર્ત કોપ કરે तं=તેવી अहिअगामिणिं=(ઉભય લોકમાં) અહિત કરનારી ભાષાને सव्वसो=સર્વ અવસ્થામાં (કદી પણ) ન બોલે. (૪૮)

[જ્ઞાનગંભીર ગુર્વાદિને અપ્રીતિ ન થાય, તો પણ તેઓના ભક્ત અન્ય સાધુ આદિને તો અપ્રીતિ થાય કે રોષ પ્રગટે, માટે તેવી ભાષા ઉભય લોકનું અહિત કરે. કારણ કે અતુલ ઉપકારી વિનયના પાત્રભૂત

જેમ [illegible] કૂકડાના બચ્ચાને નિત્ય [illegible] બિલાડાથી ભય રહે, તે પ્રમાણે બ્રહ્મચારીને [illegible] સ્ત્રીના શરીરથી ભય રહે. (૫૪)

[illegible]

(૩૯૧) चित्तभित्ति न निज्झाए, नारिं वा सुअलंकिअं।
भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥८-५५॥

चित्तभित्ति=માત્ર ચિત્રેલી, અથવા (સચેતન) सुअलंकिअं=અલઙ્કારયુક્ત કે ઉપલક્ષણથી અલઙ્કારરહિત પણ નારીને न निज्झाए=જોવી નહિ. (કદાચ) દૃષ્ટિ પડી જાય તો दट्ठूणं=જોઇને भक्खरं पिव=ભાસ્કરની (સૂર્યની) જેમ (તુર્ત) દૃષ્ટિને पडिसमाहरे=પાછી ખેંચી લેવી. (૫૫)

[સૂર્યની સામે દૃષ્ટિ જોડવાથી નેત્રનું તેજ હણાય, તેમ સ્ત્રીની સાથે દષ્ટિ જોડતા આત્મતેજ (જ્ઞાનાદિ ગુણોની શક્તિ) હણાય છે અને મોહના (વિકારના) અંધકાર છવાઇ જતા પોતાના કર્તવ્યનું-જાતિનું-કુળનું ભાન કે ભવિષ્યના સંકટોના ભય, કંઈ દેખાતુ નથી.]

(૩૯૨) हत्थपायपलिच्छिन्नं, कण्णनासविगप्पिअं।
अवि वाससयं नारिं, बंभयारी विवज्जए ॥८-५६॥

અધિક શું કહેવુ? હાથ-પગથી पलिच्छिन्नं=છેદાએલી, કાન-નાકથી-विगप्पिअं=કપાએલી, અને वाससयं=સો વર્ષની વૃદ્ધા પણ નારીને બ્રહ્મચારી विवज्जए=વર્જે, (તેના પરિચયથી દૂર રહે, પછી રૂપવતી યુવતી માટે તો કહેવું જ શું? અર્થાત્ તેનો પરિચય તો અવશ્ય વર્જે.) (૫૬)

(३९५) विसएसु मणुन्नेसु, पेमं नाभिनिवेसए।
अणिच्चं तेसिं विन्नाय, परिणामं पुग्गलाण उ ॥८-५९॥

तेसिं=તે તે पुग्गलाणं=પુદ્ગલોના અને उ=શબ્દાદિ વિષયોના परिणामं=વિવિધ રૂપાન્તરોને अणिच्च=અનિત્ય विन्नाय=જાણીને मणुन्नेसु=મનોજ્ઞ (ઇન્દ્રિયોને અનુકૂળ) શબ્દાદિ વિષયોમાં पेमं=રાગને न अभिनिवेसए=ન કરે. (પ્રતિકૂળ શબ્દાદિમાં દ્વેષને પણ ન કરે.) (૫૯)

[શબ્દાદિ વિષયોના પુદ્ગલોનાં ક્ષણિક રૂપાંતરો (મનોજ્ઞ હોય તે અમનોજ્ઞ અને અમનોજ્ઞ હોય તે મનોજ્ઞ થતા) પ્રત્યક્ષ દેખાય છે. એથી તેની અનિત્યતા-ક્ષણવિનશ્વરતાનો જાણ મુનિ મનોજ્ઞમાં રાગ કે અમનોજ્ઞમાં દ્વેષ ન કરે. જ્ઞાનીના જ્ઞાનનું આ જ ફળ છે એ વિના ગમે તેટલું જ્ઞાન પણ ભારભૂત છે, આત્માને ઉપકાર કરી શકતું નથી.]

(૩૯૬) पोग्गलाणं परिणामं, तेसिं नच्चा जहा तहा।
विणीअतण्हो विहरे, सीईभूएण अप्पणा ॥८-६०॥

દિ વિષયોના) પુદ્ગલોના પરિણામો
રીતે બદલાય છે तहा=તે તે રીતે
ણાથી રહિત

(३९८) तवं चिमं संजमजोगयं च,

सज्झायजोगं च[स] सया अहिट्ठिए।

सूरे व सेणाइ समत्तमाउहे,

अलमप्पणो होइ अलं परेसिं ॥८-६२॥

બાર પ્રકારના इमं तवं-આ **તપને** તથા (પૃથ્વીકાયાદિ જીવોની રક્ષારૂપ) સંયમ યોગોને અને (વાચનાદિ) સ્વાધ્યાયયોગને सया=**સદા** अहिट्ठिए=**આચરતો** (તે તે તપ વગેરેમાં સ્થિર બનેલો) स=**તે મુનિ** सेणाइ=ચતુરંગી **સેનાવડે** सुरेव=**શૂર-વીર-ભટ સમર્થ** બને તેમ (ઇંદ્રિયોના વિષયોથી અને કષાયોથી ઘેરાએલો પણ) તપ વગેરે समत्तमाउहे=**સમસ્ત શસ્ત્રોવાળો** તે ભાવશસ્ત્રોથી अप्पणो=**પોતાના (રક્ષણ) માટે** अलं=**સમર્થ** અને परेसिं=**બીજાઓને** માટે પણ अलं=**સમર્થ** होइ=**થાય છે.** (૬૨)

[અહીં તપમાં સ્વાધ્યાય અંતર્ગત છતાં બાર પ્રકારના તપમાં તેનું પ્રધાનપણું જણાવવા માટે પુનઃ જુદો કહ્યો છે. આ તપ, સંયમ અને સ્વાધ્યાયરૂપ શસ્ત્રોથી આત્મા અનાદિ વિષય-કષાયોની વાસનાનો ચૂરો કરી પોતાનું (ગુણોનું) રક્ષણ અને પોતાનું રક્ષણ કરવામાં સમર્થ થવાથી બીજાઓનું પણ રક્ષણ કરી શકે છે. એથી એમ સૂચવ્યું કે જે પોતાના સંયમમાં અસમર્થ હોય, તે બીજાઓના સંયમની રક્ષા માટે પ્રાયઃ અસમર્થ નીવડે છે, માટે પરોપકારની વૃત્તિવાળાએ પણ

[illegible] પ્રમાદ [illegible]
પરોપકાર [illegible]]

(૮૯) मज्झायमज्झाणरयस्स ताणो अपावभावस्स तव रयस्स ।
विसुज्झइ जंसि मलं पुरेकडं, समीरियं रूप्पमलं व

जोइणा ॥ ६३॥

ત [illegible] કારણુ કે [illegible]
તાइणा=સ્વપરરક્ષક, (લબ્ધિઆદિ [illegible]
અભાવ) अपावभावस्स-શુદ્ધ ચિત્તવાળા [illegible] પ્રકારના
તપમાં યથાશક્તિ [illegible] આત્માના પૂર્વકૃત મલ કર્મરૂપ મેલ [illegible] અગ્નિ (તપાવેલા) [illegible] રૂપાના મેલની જેમ
विसुज्झइ=દૂર થાય છે (૬૩)

[illegible]

[illegible]) स तारिसे दुक्खसहे जिइंदिए
सुएण जुत्ते अममे अकिंचणे ।
विरायइ कम्मघणम्मि अवगए
कसिणब्भपुडावगमे व चंदिमे त्ति बेमि ॥ ६४॥

તે ([illegible]) [illegible]
સહન કરનારો જિતેંદ્રિય [illegible] શ્રુતજ્ઞાનથી [illegible]

[illegible]-નિર્મળ (મેલ રહિત) અને [illegible]=દ્રવ્યભાવ
[illegible] રહિત [illegible] એવો આત્મા તેનાં કર્મમળ
કર્મરૂપ પડળો (વાદળો) [illegible]-દૂર થતાં (આકાશનાં
વાદળો દૂર થવાથી) [illegible] ચંદ્ર શોભે તેમ [illegible]
શોભે છે. તિ બેમિ-એમ હું કહું છું. (૬૪)

[illegible] નવવિધ [illegible] અને ભાવથી કામાદિ
[illegible] રહિત તે દ્રવ્ય-ભાવ શુદ્ધિવાન સમજવો.]

આ અધ્યયનમાં આત્મવિશુદ્ધિ માટે બતાવેલા ક્રમિક
ઉપાયોરૂપ આચારોથી ઉત્કટ પણ રાગ-દ્વેષાદિ અંતરંગ
શત્રુઓનો નાશ થઈ શકે છે, એમ આત્માર્થીને સમજાય અને
રુચે તેવું સ્પષ્ટ વર્ણન સ્વ-સ્વ ક્ષયોપશમાનુસાર સમજાય
તેવું હોવા છતાં સૂક્ષ્મ ચિંતનથી વિશિષ્ટ બોધ થાય તેવું છે.

सम्मत्तमट्ठमज्झयणम् ।

આઠમું અધ્યયન સમાપ્ત.

卐 卐 卐

નવમું વિનયસમાધિ અધ્યયન

સાતમા અધ્યયનમાં વચન ... વચનશુદ્ધિ આચારમાં ... વિના ન પ્રાપ્ત ... નથી માટે ... આ નવમા અ... આચારમાં ... તેનું નામ વિનયસમાધિ ... નવમા અધ્યયનનો સંબંધ સમજવા ...

વિનય ...

[illegible] આત્માને ઉપકાર [illegible] પણ [illegible] છે [illegible] સર્વ [illegible] વિનયથી મોક્ષ (સર્વ [illegible] વિનયથી જ પ્રગટે છે અને પરંપરાએ વિનયથી મોક્ષ (સર્વ [illegible] નાશ. અને સર્વ સુખોની પ્રાપ્તિ) પણ થાય છે. વિનય [illegible] અને આખરે નાશ પામે છે.

અજ્ઞાની મનુષ્યને જે કંઇ સુખનો અનુભવ થાય છે તે પ્રાયઃ આભિમાનિક હોય છે, 'હું જ્ઞાની છું, સુખી છું, તપસ્વી છું, યશસ્વી છું, મોટો છું,' વગેરે અહંત્વનાં અને મમત્વના જ વિવિધ રૂપો છે. તેનો આનંદ એ સાચો આનંદ નથી, પણ કૃત્રિમ છે. છતા અજ્ઞાની તેને સાચો માની લે છે, એનાથી ફુલાય છે અને ભવોભવ ખુવાર થાય છે.

એથી વિરુદ્ધ જ્ઞાની પુરુષ ગુણસમ્પત્તિનો સ્વાભાવિક આનંદ અનુભવે છે. આ સ્વાભાવિક આનંદમાં અભિમાન હોતું નથી, પણ નિરભિમાનતા હોય છે. આ નિરભિમાનતા વિનયથી પ્રગટે છે, વિનયથી અખંડ રહે છે, વિનયથી વધે છે, વિનયથી શોભે છે અને વિનયના બળે મોક્ષ પર્યન્તનાં સુખો આપે છે. એ કારણે સાચો જ્ઞાની ગમે તેટલી બાહ્ય સમ્પત્તિ મળે કે અભ્યન્તર ગુણસમ્પત્તિ પ્રગટે તો પણ વિનયને તજી શકતો નથી. ઊલટું જેમ જેમ સમ્પત્તિ વધે તેમ તેમ તેનામા વિનય વધે છે અને એ વિનયના બળે બાહ્ય-અભ્યન્તર સમ્પત્તિના સહકારથી સર્વ કર્મોનો નાશ કરી શકે છે.

મનુષ્યમાં માન અધિક હોય છે, તેમ સમજપૂર્વક (સ્વાધીન-પણે) માનને તજવાની અને બીજાઓને માન આપવાની (વિનય કરવાની) શકિત પણ વસ્તુતઃ મનુષ્ય જીવનમાં જ પ્રગટી શકે છે, માટે મનુષ્ય મુકિતનો અધિકારી છે, મનુષ્ય જન્મ સિવાય અન્ય ગતિમાથી જીવ મુકિતને પામી શકતો નથી તેમા આ પણ કારણ છે.

સ્થૂલદૃષ્ટિએ જોતા વિનય કરવામા બીજાને માન અપાતું દેખાય છે, પણ વસ્તુતઃ તેમ નથી, વિનય કરવાથી પોતાનું માન-મહત્ત્વ વધે છે આત્મસંપત્તિનો વિકાસ થાય છે અને શિષ્ટ લોકમા તે મહાપુરુષ તરીકે લેખાય છે એટલું જ નહિ ત મહાપુ[illegible] બની જાય છે અનેક આ માઓ તેનો આશ્રય-શરણું [illegible] અને તે સર્વને માર્ગ દોરવાની-સુખી કરવાની શક્તિ [illegible] પ્રગટ થાય છે વગેરે એવી વિશિષ્ટતા છે કે વિનયગુણને યથાર્થ સ્વરૂપ વર્ણવવાની શક્તિ મનુષ્યમા હોતી નથી

વૈરીને પણ વશ કરવાની શક્તિ વિનયમા છે શાસ્ત્રોમા વિનયનું વર્ણન વિવિધ રીતે કરેલ છે તે સઘળું અહીં કહી શકાય તેવું નથી ઘણા બાળ જીવોને ઉપકારક થાય તે રીતે વિનયનું કંઈક પણ સુંદર વર્ણન એ ગણધરે આ અધ્યયનમા કરેલું છે તેને આ માર્ગે [illegible] જાણવા યથામતિ સમજ અને જીવનમા પ્રગટાવી માનવજન્મમા પણ સર્વશ્રેષ્ઠ સાધુધર્મને પામીને આત્મકલ્યાણ સાધ એ કર્તવ્ય છે

મનુષ્ય માત્રનો સાચો શણગાર વિનય છે [illegible] સાધુ [illegible] ઉપદેશ રહેલા આત્માને માટે તો કહેવું જ શું? રાજ્યસિંહાસન [illegible] ચક્રવર્તી પોતાની છ ખંડની ઋદ્ધિથી [illegible] અધિક શોભા ગુરુની સામે નતમસ્તકે ઊભા રહેવા [illegible] પામે છે રાજા મહારાજાઓ પણ સાધુઓને નમે [illegible] કારણ છે કે સાધુમા જે વિનય હોય [illegible] રાજા મહારાજાઓમા પણ દુર્લભ છે

દ્રવ્યવિનય અને ભાવવિનય એમ વિનયના [illegible] [illegible] દ્રવ્યવિનય [illegible] ભાવવિનયના [illegible] [illegible] અને [illegible] આસન [illegible]

[illegible] પણ એમ [illegible]

(૧૯) પગઈએ મંદા વિ ભવંતિ એગે,

ડહરા વિ ય જે સુયબુદ્ધોવવેઆ।

આયારમંતો ગુણસુટ્ઠિઅપ્પા,

જે હીલિઆ સિહિરિવ ભાસ કુજ્જા ॥૯-૧-૩॥

કર્મની વિચિત્રતાથી પગઈએ=પ્રકૃતિથી (સ્વભાવે) મંદા વિ=સદ્બુદ્ધિરહિત પણ એગે=કોઈ (વયથી વૃદ્ધ) હોય છે અને ડહરા વિ=વયથી લઘુ પણ જે=કોઈ સુયબુદ્ધોવવેઆ=સદ્બુદ્ધિવાળા (અર્થાત્ શ્રુતજ્ઞાનથી પરિકર્મિત નિર્મળ બુદ્ધિવાળા) તથા ભવિષ્યની અપેક્ષાએ વર્તમાનમાં લઘુવય હોવાથી શ્રુત અને બુદ્ધિથી અલ્પ હોવા છતાં આયારમંતો=જ્ઞાનાદિ પાંચે આચારમાં પ્રવીણ અને (ગચ્છને માટે ઉપધિ આદિનો સંગ્રહ કરવો, સારણા-વારણાદિ કરવું, વગેરે) ગુણસુટ્ઠિઅપ્પા=ગુણોમાં સ્થિર પરિણામવાળા હોય છે. (માટે તેઓની હીલના કરવી જોઈએ નહિ. કારણ કે) સિહિરિવ=અગ્નિની જેમ હીલિઆ=હેલના કરાએલા જે=જેઓ ભાસ=ભસ્મસાત્ કુજ્જા=કરે છે. (૧-૩)

[જ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમાનુસારે અને સદાચારો મોહનીય કર્મના ક્ષયોપશમને અનુસારે પ્રગટે છે, ઉમ્મર સાથે તેનો આવશ્યક સંબંધ નથી. જો કે, મતિ-શ્રુતજ્ઞાન ઇન્દ્રિયજન્ય હોવાથી ઇન્દ્રિયોનું બળ તેમા આવશ્યક છે, તો પણ મુખ્યતયા જ્ઞાન આત્માનો ગુણ હોવાથી ક્ષયોપશમના પ્રમાણમા તે પ્રગટે છે. એ કારણે ઉમ્મર

મોટી અને શરીર બળવાન છતાં ક્ષયોપશમ મંદ હોય તો જ્ઞાન આદિ
પણ હોય અને ઉમ્મર ઓછી અને શરીર નિર્બળ છતાં સ્ મ પ્રથમ
લીન હોય તો વધારે પણ હોય સદાચારના જ્ઞાન સાથે સં ધ ના
ઇ ઉત્તમ અને મોહનીયકર્મનો ક્ષયોપશમ વિશિષ્ટ [illegible] વિના
હોવાની મંદતાને કારણે જ્ઞાન ઓછું છતાં સદાચા [illegible]
આદર પણ હોય એમ ન તે [illegible] માની લઘુતાને આગળ [illegible] મા
ના તો હોઠમાં વિરોધ પણ હોય માટે ઉમ્મરથી [illegible] ના [illegible]
હિથી ઘન પણ હોઈ ચારિત્રની વિશિષ્ટતાને [illegible]
ને યોગ્ય હોવાથી આચાર્ય થયા હોય તેની [illegible]
ઉત્તમ સાધુ સમજે એટલું જ નહિ આચાર ઉત્તમ હોય
તુ અહિત કરે નહિ તો પણ તેઓની આશાતના [illegible]
[illegible] પાપકર્મથી પોતાના જ્ઞાનાદિ [illegible]
[illegible] છે અગ્નિને પણ ઠરતો [illegible]
[illegible] બાળી નાખે એવી બુદ્ધિ હોય [illegible]
કોઈ અપરાધીનું પણ અહિત કરતા નથી [illegible]
હાનિ થાય [illegible] તેમ આચાર્યની [illegible]
[illegible] થાય છે એમ સમજ ન આરા [illegible] નહિ
અર્થને ઉદાહરણથી વિશેષતયા સમજાવે છે કે
ने आवि नाग दहर ति नचा

आसायए स अहिआय होइ ।

[illegible]परिअवि हु हीलयंतो

निअच्छइ जाइपहं खु मंदा ॥९-१-४॥

[illegible] કોઈ પણ (અલ્પવયવાળા) જ્ઞાન-સર્પને
(નાનો) છે, [illegible]-એમ જાણીને [illegible]
(ઉપદ્રવ) કરે, [illegible] તેને (તે સર્પ) [illegible]

[illegible] (ઘાતુઘાતક) થાય છે, [illegible]=ને પમાડે (કારણ [illegible] કે [illegible]ને પણ આચાર્યપદે [illegible] હોય તેવા) [illegible]=આચાર્યને પણ हीलयंतो= **હીલના કરનારો** [illegible]=અજ્ઞાની [illegible]=નિશ્ચે (બેઇન્દ્રિયાદિ [illegible]) जाइपहं=**જાતિમાં ઉત્પન્ન થવાના માર્ગે** नियच्छइ= **નીકળે છે** (પ્રયાણ કરે છે), અર્થાત્ સંસારમાં ભમે છે (૧-૪)

[[illegible] નહિ કરનારો-એનો તિરસ્કાર કરનારો [illegible] માટે [illegible] હોય છે, નીચી ગતિમા- [illegible] જાતિમા [illegible] યોગ્યતાવાળો હોય છે એ કારણે તેને તેનો- [illegible] કરવાથી નીચગોત્ર વગેરે અશુભ કર્મોનો બંધ થાય છે અને એના પરિણામે પુનઃ તે હલકા જન્મને પામે છે. જે બીજાના મહત્ત્વને સહન કરી શકે-માન આપી શકે તે જ મહાન્ બનવા યોગ્ય હોય છે, એથી વિપરીત મોટાઓને માન-સન્માન આપી શકે નહિ તે પોતે જ અયોગ્ય બનતો જાય છે. નિશ્ચયથી પોતાને મહાન બનાવવા બીજાનો વિનય કરવા કહ્યું છે, તેમ નહિ કરનારો પોતાને હલકો બનાવે છે. આ અટલ સિદ્ધાન્તને અનુસરીને અહીં કહ્યું કે આચાર્ય જેવા મહાન્ આત્માની આશાતનાથી હલકી જાતિમા ઊપજે છે.]

સર્પમાં અને આચાર્યમાં મોટું અંતર જણાવે છે—

(૪૦૫) आसीविसो वा वि परं सुरुट्ठो,

किं जीवनासाउ पर नु कुज्जा ? ।

आयरिअपाया पुण अप्पसन्ना,

अबोहि–आसायण नत्थि मुक्खो ॥९-१-५॥

परं=**બીજા પ્રત્યે** सुरुट्ठो=**અત્યંત રોષે ભરાએલો** वि=**પણ** आसीविसो=**સર્પ** जीवनासाउ=**પ્રાણોના નાશથી**

[illegible] પણ અપવાદ નથી કે—

(૧૦૬) सिया हु से पावय नो डहिज्जा,
आसीविसो वा कुविओ न भक्खे।
सिया विसं हालहलं न मारे,
न आ[या]वि मुक्खो गुरुहीलणाए ॥९-१-७॥

સિઆ=કદાચિત મન્ત્ર વગેરેના પ્રયોગથી સે=તેને સળગતો પણ પાવગ=અગ્નિ નો ડહિજ્જા=ન બાળે, અથવા કુપિત પણ સર્પ ન ભક્ખે=ન ડસે અને કદાચિત્ हालहलं વિસં=અતિ રૌદ્ર (આકરું) ઝેર પણ ન મારે, એવું બને આવિ=તથાપિ ગુરુહીલણાએ=ગુરુની આશાતનાથી ન મુક્ખો=મુક્તિ ન જ થાય. અર્થાત્ આશાતનાનું પાપ ભોગવ્યા વિના ન છૂટે. (૧-૭)

[અગ્નિને સ્પર્શવો, સર્પને સતાવવો, કે ઝેર ખાવું, વગેરે લૌકિક ભૂલો કરવા છતાં તેનાથી બચવાના ઉપાયો જગતમાં છે. મંત્ર તંત્ર વગેરે અગ્નિને કે સર્પાદિને પણ વશ કરી શકે છે. લોકોત્તર ભૂલો કર્યા પછી તેમાંથી બચવાનો કોઈ ઉપાય નથી, તેનાથી બંધાએલું કર્મ અવશ્ય દુઃખી કરે છે. જગતની સર્વસત્તાઓથી બળવાન એક કર્મ સત્તા અદૃષ્ટપણે એવું સંચાલન કરી રહી છે કે તેના પાશમાથી કોઈ છૂટી–છોડાવી શકતુ નથી. જિનેશ્વરોની આજ્ઞાનુ પાલન કરવારૂપ એક જ ધર્મસત્તા એવી છે કે જે કર્મસત્તામાથી છોડાવી શકે છે. અપેક્ષાએ એમ કહી શકાય કે ધર્મસત્તાથી બેવફા જીવોને કર્મસત્તા પોતાના બળ નીચે દબાવીને ધર્મસત્તાના વફાદાર બનાવે છે. માટે જ 'કર્મથી ગભરાએલાને ધર્મનુ શરણુ સ્વીકારવા સિવાય સુખી થવાનો બીજો કોઈ ઉપાય નથી' એમ શ્રી જિનેશ્વરોએ ભારપૂર્વક જાહેર [illegible] છે. જે ધર્મને અને કર્મને અવગણે તે કદાપિ સુખ પામી શકે

નહિ [illegible] [illegible] વન નામના [illegible]
[illegible]

नजागमूरा जीयण पत्ता दुक्खपरम्परा [illegible]
[illegible]
[illegible]
[illegible]

(૮) जो पव्वय सिरसा भित्तुमिच्छे
सुत्तं व सीहं पडिबोहइज्जा ।
जो वा दए सत्तिअग्गे पहारं
एसोवमाऽऽसायणया गुरूणं ॥ [illegible] ॥

पा० जो [illegible] सिरसा=મસ્તકવડે પર્વત પર્વતને [illegible] [illegible] सुत्तं व सीहं અથવા સૂતેલા સિંહને पडिबोहइज्जा=જગાડે, અથવા જે सत्तिअग्गे શક્તિની તીક્ષ્ણ અણી ઉપર पहार [illegible] પ્રહાર [illegible] એ ઉપમા ગુરુની આશાતના વડે સમજવી [illegible] ગુરુઆશાતનાથી તેવું અહિત થાય (૧-૮)

[illegible]
[illegible]
[illegible]
[illegible]

(૯) सिआ हु सीसेण गिरिंपि भिंदे
सिआ हु सीहो कुविओ न भक्खे ।
सिआ न भिंदिज्ज व सत्तिअग्गं
न आवि मोक्खो गुरुहीलणाए ॥ [illegible] ॥

सिआ=કદાચિત્ કોઈ ઉનમદેવ વગેરેના પ્રભાવથી (સહાયથી) सीसेण=મસ્તકવડે गिरिं पि=પર્વતને પણ भिंदे=તોડે, કદાચિત્ (મંત્ર વગેરેના સામર્થ્યથી) કુપિત સિંહ-ભક્ષણ ન કરે અને કદાચિત્ (દેવની સહાયથી) શક્તિને પ્રહાર કરે (પ્રહાર કરવા છતાં હાથ ન છેદાય), પણ ગુરુની હીલના(આશાતના)થી મુક્તિ ન થાય. (અર્થાત્ અવશ્ય આશાતના કરનારનું અહિત થાય.) (૧-૯)

(४१०) आयरियपाया पुण अप्पसन्ना,
अबोही आसायण नत्थि मुक्खो।
तम्हा अणाबाहसुहाऽभिकंखी,
गुरुप्पसायाऽभिमुहो रमिज्जा ॥९-१-१०॥

વળી અપ્રસન્ન થએલા આચાર્યભગવંત અબોધિને કરે, માટે ગુરુઆશાતનાથી મુકિત થતી નથી. (એમ પૂર્વાર્દ્ધનો અર્થ પાંચમી ગાથાના ઉત્તરાર્દ્ધ તુલ્ય સમજવો.) तम्हा= **તે કારણે** अणाबाहसुहाऽभिकखी=**મોક્ષના સુખનો અભિલાષી** મુનિ गुरुप्पसायाऽभिमुहो=(આચાર્યાદિ) ગુરુઓના **પ્રસાદને મેળવવા માટે ઉદ્યુક્ત** (ઊજમાળ) **થઇને** रमिज्जा=**રમે** (વર્તે), અર્થાત્ તેઓના હાર્દિક આશયને જોઈ-જાણીને સર્વ કાર્યો તે પ્રમાણે કરે. (૧-૧૦)

[કહ્યું છે કે-"**ध्यानमूलं गुरोर्मूर्तिः, पूजामूलं गुरोः पदौ। मन्त्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरोः कृपा ॥१॥** ગુરુની આકૃતિનું ધ્યાન સર્વશ્રેષ્ઠ ધ્યાન છે, ગુરુના પગની પૂજા એ સર્વથી શ્રેષ્ઠ છે, ગુરુનુ વાક્ય (આદેશ) સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ મંત્ર છે અને

કેવળી કૃપા એ બે મુદ્દ [illegible] અર્હન્ [illegible] સૌની પ્રથમ [illegible] જોઈએ [illegible] કે એ [illegible] નથી [illegible] કોઈ [illegible] નથી [illegible] ([illegible]) [illegible]

[illegible] કેવો કહેવો એ તે [illegible] છે—

(૨૧૧) जहाहिअग्गी जलण नमंस,
नाणाहुइमंतपयाभिसित्तं ।
एवायरिअं उवचिट्ठइज्जा,
अणंतनाणोवगओ वि संतो ॥९-१-११॥

[illegible] રીતે [illegible] આ અગ્નિને [illegible] નો [illegible] [illegible] ([illegible] વિચનથી) [illegible] આદિએથી [illegible] અગ્નિને [illegible] નમે છે, [illegible] અનંતજ્ઞાનને [illegible] આચાર્યને [illegible] [illegible] ([illegible]) [illegible] સમીપ [illegible]

[illegible] ૧-૧૧ [illegible]

(૪૧૨) जस्संतिए धम्मपयाइं सिक्खे,

तस्संतिए वेणइयं पउंजे ।

सक्कारए सिरसा पंजलीओ,

कायग्गिरा भो! मणसा अ निच्चं ॥९-१-१२॥

भो=હે શિષ્ય! जस्स अंतिए=**જેની પાસે** धम्मपयाइं=**ધર્મનાં પદોને** (ધર્મશાસ્ત્રોને) શીખે तस्स अंतिए=**તેની પાસે** (તેનો) ભણવાના કાળે જ નહિ, પણ निच्चं=**હંમેશાં-સતત** वेणइयं=**વિનય** पउंजे=**કરે.** કેવી રીતે કરે? તે કહે છે કે-ઉભા થવું વગેરે सक्कारए=**સત્કાર કરે,** सिरसा=**મસ્તકવડે** નમે, અથવા મસ્તક સાથે पंजलीओ=**બે હાથ જોડીને** અર્ધા काय (દેહેન)=**શરીરથી** નમે, गिरा=**વચનથી** 'मत्थएण वंदामि' વગેરે मणसा अ=**અને મનથી** ભાવપ્રતિબંધ એટલે પૂજ્યભાવ-બહુમાન--ગુણાનુરાગ વગેરે પ્રશસ્તભાવ રાખે. એમ મન,

વચન અને કાયાથી ગુરુનો સદા (રાત્રિ-દિવસ) સતત વિનય કરવો જોઇએ (૧૨)

મનથી ગુરુ પ્રત્યે કેવું બહુમાન રાખે તે કહે છે :—

(૪૧૮) लज्जा-दया-संजम-बंभचेरं,
कल्लाणभागिस्स विसोहिठाणं ।
जे मे गुरू सययमणुसासयंति,
तेऽहं गुरू सययं पूययामि ॥९-१-१३॥

लज्जा=લજ્જા (દોષ સેવવાનો ભય) दया=અનુકમ્પા (આર્દ્ર હૃદય) પૃથ્વીકાયાદિ જીવોની संजम=રક્ષા અને बंभचेरं=બ્રહ્મચર્ય (પાંચ ઇન્દ્રિયો અને મનની પવિત્રતારૂપ વિશુદ્ધ તપનું સેવન) આ ગુણો कल्लाणभागिस्स=ઉત્તમ આત્માને (દોષોમાંથી બચાવીને ધર્મમાર્ગમાં જોડનારૂપ) विसोहिठाणं=વિશુદ્ધિનાં સ્થાનો છે (આત્માના કર્મ મેલનો નાશ કરનારાં છે) એ ગુણો मे-મને जे-જે गुरू=આચાર્ય सययं=સતત (હંમેશા) अणुसासयंति=શીખવાડે છે અર્થાત્ એ ગુણો દ્વારા મને જે ગુરૂ સતત યોગ્ય (પવિત્ર) બનાવે છે ते गुरू-તે ગુરુને अहं=હું सययं=સતત પૂયયામિ [illegible]-સેવું-વિનય કરું (તેમની તુલ્ય બીજા કોઈ [illegible] નથી એવી ભાવના-સદ્ભાવ રાખું) (૧૩)

[illegible]

અનંતગુણ ઉપકારી છે. એમ તેઓ બીજા બધાને-નડકના ઉપકારી
ગણાય છે, માટે તેમની જ ... બીજા કોઈ ઉપકારી નથી એમ માને.]

(૪૧૪) जहा निसन्ते तवणच्चिमाली,
पभासई केवलभारहं तु ।
एवायरिओ सुअसीलबुद्धिए,
विरायई सुरमज्झे व इंदो ॥९-१-१४॥

વળી આચાર્ય એ કારણે પૂજ્ય છે કે-जहा=જેમ
निसन्ते=રાત્રિને અંતે (દિવસે) तवणच्चिमाली=તપતો એવો
સૂર્ય केवल=સમ્પૂર્ણ भारहं=ભરતક્ષેત્રને અને ક્રમશઃ
પરિભ્રમણ કરતો तु=અન્ય ક્ષેત્રોને पभासई=પ્રકાશિત
કરે છે, एवं=એ પ્રમાણે आयरिओ=આચાર્ય सुअसील-
बुद्धिए=શ્રુતજ્ઞાનથી, સદાચારથી અને સ્વાભાવિક
બુદ્ધિથી જીવ અજીવાદિ ભાવોને પ્રકાશે છે-સમજાવે છે
અને सुरमज्झे इंदो व દેવોમાં ઇંદ્ર શોભે તેમ (ઉત્તમ સાધુ-
ઓથી પરિવરેલા) તેઓ સાધુઓમાં विरायई=શોભે છે.
(૧-૧૪)

(૪૧૫) जहा ससी कोमुइजोगजुत्तो,
नक्खत्त-तारागणपरिवुडप्पा ।
खे सोहई विमले अब्भमुक्के,
एवं गणी सोहइ भिक्खुमज्झे ॥९-१-१५॥

જેમ कोमुइजोगजुत्तो=કૌમુદીના સંયોગથી યુક્ત
(કાર્તિક પૂર્ણિમાની રાત્રે ઊગેલો) नक्खत्त-तारागण-परिवु

રુપા=નક્ષત્ર અને તારાઓના સમૂહથી પરિવરેલા અ-મમુક્તો=વાદળ રહિત સર્સી=ચંદ્ર વિમલ=નિર્મળ નભ=આકાશમાં સોદદ=શોભે, બ=એ રીતે મિક્ખુમ-સાધુઓ મધ્યે (રહેલા) ગણી=આચાર્ય શોભે છે (અર્થાત્ એવું વિચારે) (૧-૧૫)

[આ બ શ્લોમા આચાર્યને સૂર્ય અને ચંદ્રની સાથે સરખા છે તેમા એ ભાવ છે કે આચાર્ય પોતાના જ્ઞાનદ્વારા પ્રકાશ કરનારા તપના તેજથી દીપતા અને સદાચારથી શોભતા હોવાથી સૂર્યની જેમ જગતને ઉપકાર કરનારા હોય છે ... [illegible] ... જેમ બાર્ડમીં આ માને આવા આચાર્ય વાસ્તવિક ... નથી ... ઓના ગુણો કે ઉપકાર ઓળખાતા નથી ... ચંદ્રના ... કરે તેમ ... ના આચાર્યના ... પુત્ર ચંદ્રના સમ ... નથી તેમ ... આચાર્યો નાસના કરે છે વગેરે વિવિધ રીતે ... છે ચંદ્રના ઉપમા ... [illegible]

(૯૧૬) महागर आयरिआ महेसी
समाहिजोग सुअसीलबुद्धिए ।

संपाविउकामे अणुत्तराइं,

आराहए तोसइ धम्मकामी ॥९-१-१६॥

आयरिआ=આચાર્ય જ્ઞાન દર્શન ચારિત્ર વગેરે ભાવ-
રત્નોની महागरा=મોટી ખાણ છે. તથા समाहिजोगे=સમા-
ધિરૂપ યોગોથી (વિશિષ્ટ ધ્યાનથી) सुअ=શ્રુતજ્ઞાનથી
(દ્વાદશાઙ્ગીરૂપ આગમના બળે), सील=સદાચારથી અને
ઔત્પાતિકી વગેરે बुद्धिए–બુદ્ધિથી महेसी=મોક્ષની ઇચ્છા-
વાળા છે. (અન્ય આચાર્યો 'ધ્યાન યોગ શ્રુત શીલ અને
બુદ્ધિની ખાણ સરખા આચાર્ય મોક્ષની ઇચ્છાવાળા છે'
એમ અર્થ કરે છે) તેઓને अणुत्तराइं=અપૂર્વ જ્ઞાનાદિગુણોને
संपाविउकामे=મેળવવાની ઇચ્છાવાળો (માત્ર જ્ઞાનાદિ
ગુણોને મેળવવાની ઇચ્છાથી જ નહિ, પણ) धम्मकामी=
કર્મની નિર્જરાને ઇચ્છતો સાધુ એવી રીતે વિનય
કરીને आराहए=આરાધે કે તેઓને तोसइ=સંતોષ પમાડે,
અર્થાત્ અમુક કારણે–અમુક પ્રસંગે જ વિનય કરીને અટકી
ન જતાં વારંવાર સતત વિનય કરીને પ્રસન્ન કરે. (૧-૧૬)

[માત્ર જ્ઞાનાદિ મેળવવાના ધ્યેયથી વિનય કરનાર યથાર્થ
વિનય કરી શકે નહિ. કર્મોની નિર્જરાના ધ્યેયથી વિનય કરનારને
નિર્જરા થવાથી ગુણો તો પ્રગટે અને ઉપરાંત મુક્તિ પણ થાય.
માટે ગુરુનો વિનય એક મુક્તિના ધ્યેયથી કરવો. એ રીતે કરેલો
વિનય ગુરુને પ્રસન્ન કરી શકે છે અને ગુરુની એવી પ્રસન્નતાથી-
આશીર્વાદથી સર્વકાર્યોની સિદ્ધિ થાય છે.]

(૪૧૭) सुच्चाण मेहावि सुभासिआइं,

सुस्सूसए आयरिअप्पमत्तो ।

અધ્યયન નવમું-ઉદ્દેશો બીજો

[આ ઉદ્દેશામાં વિનયને ધર્મના મૂળ તરીકે ઓળખાવી તેનાં કેટલાંક દૃષ્ટાંતો જણાવ્યાં છે. તે પછી 'શીલ ટકે તેના શિખામણ, ભાગ્યદશા પરવારી' એ કહેવતને ચરિતાર્થ કરતું અવિનીતને આ જન્મમાં કેવી હાનિ થાય છે તે જણાવ્યું છે, તે પછી તિર્યંચ, મનુષ્ય અને દેવ-ગતિમાં પણ જીવો-વિનય અવિનયના કેવા ફળો અનુભવે છે તે કહ્યું છે અને લૌકિક વિદ્યા માટે પણ વિવિધ કષ્ટો ભોગવવાં પડે છે તથા વિનય કરવો પડે છે, તો લોકોત્તર વિદ્યા (જ્ઞાન-ક્રિયા) માટે તો ગુરુ-વિનય અવશ્ય કરવો જ જોઈએ, એમ વિધાન કરી વિનય કરવાની રીત અને અવિનય થઈ જાય તો તો ગુરુને તુર્ત ખમાવવા વગેરે કહ્યું છે. ઉત્તમ આત્મા પ્રકૃતિથી વિનીત હોવાથી તે વિનયને સ્વયં સમજે છે અને કરે છે, એથી વિપરીત ભારેકર્મી મૂઢ વારવાર પ્રેરણા કરવા છતાં વિનય કરતો નથી, કરે તો પણ અપ્રસન્ન રહે છે, ઈત્યાદિ ઉત્તમ-અધમ જીવનું અંતર જણાવ્યું છે. પ્રાન્તે વિનીતનો અવશ્ય મોક્ષ થાય છે, માટે વિનય કરવો જોઈએ, એમ કહીને બીજા ઉદ્દેશાને પૂર્ણ કર્યો છે. તે ક્રમશ ગાથાઓથી સમજી શકાશે.]

(૪૧૮) मूलाउ खंधप्पभवो दुमस्स,
खंधाउ पच्छा समुविंति साहा ।
साहप्पसाहा विरुहंति पत्ता,
तओ से पुप्फं च फलं रसो अ ॥९-२-१॥

જેમ दुमस्स=વૃક્ષના मूलाउ=મૂલમાંથી खंधप्पभवो=સ્કંધની ઉત્પત્તિ થાય છે, पच्छा=તે પછી સ્કંધમાંથી [साहा]=મોટી શાખાઓ समुविंति=ઊગે (પ્રગટે) છે, साहा

(જાતિમદ વગેરેથી) અભિમાની, दुव्वाई=દુષ્ટભાષી (કઠોરભાષી), नियडी=કપટી અને सढे=શઠ (સંયમના યોગોમાં અનાદરવાળો), [illegible] વિનય કરતો નથી તે अविणीअप्पा=અવિનીત આત્મા जहा=જેમ सोअगयं (નદી વગેરેના) પ્રવાહમાં પડેલું कट्ठं=કાષ્ઠ તણાય તેમ સંસારના પ્રવાહમાં वुज्झइ=તણાય છે. અર્થાત્ ચારે ગતિમાં ભ્રમણ કરે છે. (૨-૩)

વળી ગુર્વાદિએ એકાન્ત મૃદુ અને હિતકર વચન કહેવારૂપ उवाएण=પ્રયત્નપૂર્વક अवि=પણ विनयं=વિનય પ્રત્યે चोइओ=પ્રેરેલો जो नरो=જે મનુષ્ય कुप्पई=કોપ કરે છે सो-તે इज्जंतिं=આવતી दिव्वं सिरिं=દિવ્ય લક્ષ્મીને दंडेण=દંડા વડે पडिसेहए=રોકે છે–પાછી વાળે છે. (૨-૪)

[હારિભદ્રીય ટીકામાં 'विणयंपि' પાઠ છે અને અન્ય ગ્રંથોમાં 'विणयम्मि' પાઠ છે, અહીં ભાવાર્થ એ છે કે વિનયથી સમ્પત્તિ મળે છે, તેમાં ભૂલ થતાં કોઈ સુધારે તો તે ઉપકારી છે, છતાં તેના ઉપર કોપ કરે તો તે વસ્તુતઃ વિનયથી મળનારી સંપત્તિને જ ધક્કો મારે છે. એમ સમજાવ્યું છે.]

તિર્યંચો પણ વિનયથી સુખી અને અવિનયથી દુઃખી થાય છે તે કહે છે—

(૪૨૨) तहेव अविणीअप्पा, उववज्झा हया गया ।
दीसंति दुहमेहंता, आभिओगमुवट्ठिआ ॥९-२-५॥

(૪૨૩) तहेव सुविणीअप्पा, उववज्झा हया गया ।
दीसंति सुहमेहंता, इड्ढि पत्ता महायसा ॥९-२-६॥

तहेव=તેવી રીતે (અવિનીત મનુષ્યની જેમ) [illegible] (રાજા વગેરે પુરુષવતોને) ઉપવાહ્ય (અર્થાત્ સ્વારી [illegible] કરવા યોગ્ય) हया गया=ઘોડાઓ, હાથીઓ (અને ઉપલક્ષણથી પાડા) વગેરે તિર્યંચો પણ રાજા [illegible] સેવકપણું (વેઠ) उवट्ठिआ=પામેલા જે જે अविणीअप्पा અવિનીત હોય છે તેઓ (ભાર ઉપાડવા [illegible] માર ખાવો, મકાનમાં પૂરાઇ [illegible] વગે [illegible]) दुह ખને नहता=અનુભવતા दीसंति=દેખાય છે (५)

तहेव=તેવી રીતે (વિનીત મનુષ્યની [illegible]) [illegible] ઉપવાહ્ય એવા ઘોડાઓ, હાથીઓ વગેરે રાજાદિનું [illegible] પણ (વેઠ) પામેલા જે જે सुविणीअप्पा-સુંદર વિનીત [illegible] છે, તેઓ (માલીકનું વાત્સલ્ય પ્રેમ સુંદર આહાર [illegible] આરામ, ઈત્યાદિ વિવિધ इड्ढिं ऋદ્ધિને (સુખ [illegible]) [illegible]=પામેલા महायसा=મોટાયશવાળા (ઉત્તમ [illegible]) પ્રસિદ્ધ થએલા) સુખને અનુભવતા પણ દેખાય ([illegible])

[illegible] મનુષ્ય વિનય અવિનયથી કેવું સુખ-દુઃખ [illegible] છે તે કહે છે-

(૯૨૮) तहेव अविणीअप्पा लोगंसि [illegible] नरनारीओ।
दीसंति दुहमेहंता, छाया [illegible] ॥[illegible]॥
[illegible] छाया [illegible]

(૯૨૫) दण्ड-सत्थ-परिजुण्णा असब्भवयणेहि य।
कलुणा विवन्नछन्दा खुप्पिवासापरिगया ॥[illegible]॥

(२४९) तहेव सुविणीअप्पा, लोगंसि नरनारिओ ।
दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ॥९-२-९॥

तहेव=ते रीते (तिर्यंचोनी जेम) लोगंसि=मनुष्य લોકમાં અવિણીઅપ્પા=અવિનીત નરનારિઓ=પુરુષો અને સ્ત્રીઓ છાયા=(ચાબુક વગેરેના મારથી શરીર ઉપર પડેલાં) ચાંદાવાળા અને (પરદારા સેવન વગેરે અકાર્ય કરવાથી) વિગલિતેંદિઆ=નાક કાન વગેરે કપાએલી ઇન્દ્રિયોવાળા દુઃખને અનુભવતા પ્રત્યક્ષ દેખાય છે. (૨-૭)

તથા दण्ड=દંડાઓ (નેતરની સોટી વગેરે), सत्थ=તલવાર વગેરે શસ્ત્રો (વગેરે પ્રહારને સહન કરતા) असब्भवयणेहिं य=અને કઠોર-કડવાં વચનોથી (તુંકારા-તિરસ્કાર વગેરેથી પરાભવ પામતા), તેથી परिजुण्णा=સર્વ પ્રકારે ક્ષીણ (દીન) થએલા અને તેથી સજ્જનોને कलुणा=કરુણાપાત્ર (દીન) બનેલા તથા विवन्नछंदा=પરાધીનપણાથી નિષ્ફળ મનોરથવાળા અને खुप्पिवासा=ભૂખ તૃષાને परिगया=ભોગવતા, (અર્થાત્ આહાર-પાણી નહિ મળવાથી કે અલ્પ મળવાથી ભૂખ-તરસથી પીડાતા.) એમ પૂર્વે અવિનય કરવાથી બાંધેલા કર્મોને વશ રહેલા આ જન્મમાં વિવિધ કષ્ટોને ભોગવે છે તથા વર્તમાનમાં વિનયાદિ નહિ કરવાથી અન્ય જન્મમાં એથી પણ ઘણાં અને આકરાં કષ્ટોને દીર્ઘ કાળ સુધી ભોગવનારા થાય છે, એમ સમજવું. (૨-૮)

તે રીતે (વિનીત તિર્યંચોની જેમ) મનુષ્યલોકમાં [સુવિ]નયવાળા પુરુષો અને સ્ત્રીઓ (આર્યદેશ, ઉત્તમકુળ,

નિરોગી સુંદર શરીર, પાંચ ઇન્દ્રિયોની પટુતા દીર્ઘ આયુષ્ય ધન, ધાન્યાદિ, ઉત્તમ પરિવાર તથા દેવ-ગુરુ-ધર્મની આરાધના માટેની સામગ્રી વગેરે વિવિધ) ઇડ્ઢિ=ઋદ્ધિને પત્તા=પામેલા અને મહાયસા=મોટા યશવાળા વિવિધ સુહ એહંતા=સુખોને અનુભવતા દેખાય છે. (૮-૯)

[અવિનીત મનુષ્ય આ જન્મમાં [illegible] અને પરલોકમાં પણ એવી જ [illegible] ભોગવે છે, અથી વિપરીત [illegible] વિનીત આત્મા આ જન્મ-પરજન્મ [illegible] પામે છે]

હવે દેવગતિમાં વિનય-અવિનયનું ફળ [illegible]

(૨૭) तहेव अविणीअप्पा, देवा जक्खा य गुज्झगा ।
दीसंति दुहमेहंता आभिओगमुवट्ठिआ ।१०॥

(२८) तहेव सुविणीअप्पा, देवा जक्खा य गुज्झगा ।
दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ॥११॥

બન્ને ગાથાઓનો અર્થ પાછળની [illegible]

[illegible] માત્ર અહીં દેવગતિને [illegible] દેવગતિને [illegible] વૈમાનિક જ્યોતિષી દેવો જક્ખા=વ્યન્તરદેવો અને ગુજ્ઝગા= ભવનપતિનિકાયના દેવો [illegible] અવિનયના [illegible] દેવોના [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

જેમ કે નરકગતિમાં તેઓને પરાધીન રહેવું, વગેરે આગમ-રૂપી ભાગરૂપી દુઃખોને ભોગવતા દેખાય છે. (૨-૧૦)

તે રીતે (પૂર્વ જન્મમાં કરેલા વિનયરૂપ નિરતિચાર ધર્મની આરાધનાના ફળરૂપે દેવગતિમા ઉપજેલા) વૈમાનિક, જ્યોતિષી દેવો, વ્યંતરો અને ભવનપતિ દેવો (ઇન્દ્રની કે મહર્દ્ધિક દેવ વગેરેની) ઋદ્ધિને પામેલા અને (સદ્‌ગુણી તરીકે પ્રસિદ્ધ, માટે) મહાયશવાળા (શ્રીતીર્થંકરોનાં કલ્યાણકો ઉજવવાં વગેરે) સુખને અનુભવતા દેખાય છે. (૨-૧૧)

[ઉપરની ગાથાઓમા નારકો સિવાયના જે જીવોને વ્યવહારનયથી સુખ-દુઃખનો અભાવ છે, તેઓને વિનયનુ અને અવિનયનુ કેવુ ફળ મળે છે તે કહ્યુ.]

હવે લોકોત્તર વિનયનું વિશિષ્ટ ફળ જણાવે છે—

(૪૨૯) जे आयरिअउवज्झायाणं, सुस्सूसावयणंकरा ।
तेसिं सिक्खा पवड्ढंति, जलसित्ता इव पायवा ॥९-२-१२॥

जे=જે **સાધુઓ** આચાર્ય અને ઉપાધ્યાયના (ઉપલક્ષણથી બીજા પણ ગણી-પ્રવર્તક-સ્થવિર-રત્નાધિક વગેરેના) सुस्सूसावयणंकरा=**શુશ્રૂષા વચનને કરનારા** (પૂજ્યભાવ પૂર્વક તેઓની આજ્ઞાને અનુસરનારા) હોય છે, तेसिं=**તેઓને** (ઉત્તમ વિનય દ્વારા તે તે જ્ઞાનાવરણીયાદિ આવારક કર્મોનો ક્ષયોપશમ વગેરે થવાથી) जलसित्ता पायवा इव=**પાણીથી સિંચાયેલા વૃક્ષો વધે તેમ** सिक्खा=ગ્રહણ-આસેવન શિક્ષા (અર્થાત્ જ્ઞાન અને ક્રિયા) સાચારૂપમાં

શિલ્પાદિકો) શીખવાના નિમિત્તે (ગ્રાહકો વગેરે) શીખવા માટે ગુરુ વગેરેના ઘોર બંધનને, ચાબુક વગેરેના घोरं वहं= આકરા પ્રહારોને च અને (ગુરુ આદિના અનાદર, તિરસ્કાર કરનારા, વગેરેથી ઘુમ ગણો સાંભળવાથી) दारुणं परिआवं= મૂર્છાજનક સંતાપને નિયચ્છંતિ=પામે છે. (૨-૧૪)

(૪૩૨) तेऽवि तं गुरुं पूयंति, तस्स सिप्पस्स कारणा।
सक्कारेंति नमंसंति, तुट्ठा निद्देसवत्तिणो ॥९-२-१५॥

(૪૩૩) किं पुण जे सुयग्गाही, अणंतहियकामए।
आयरिआ जं वए भिक्खू, तम्हा तं नाइवत्तए ॥
॥९-२-१६॥

तस्स सिप्पस्स कारणा=તે (અલ્પકાળ ઉપકારી) શિલ્પના કારણે (ભણવા નિમિત્તે) 'અમે આ ગુરુ પાસેથી આટલું ભણ્યા' એમ સમજીને तुट्ठा=હર્ષિત થતા અને તેથી निद्देसवत्तिणो=ગુરુની આજ્ઞાને અનુસારે વર્તનારા ते=તે (રાજપુત્ર વગેરે ઉપરની ગાથામાં કહ્યા પ્રમાણે બંધન-પ્રહાર-તિરસ્કાર વગેરે કરનારા) तं अवि गुरु=તેવા પણ ગુરુને पूअंति=પૂજે છે, (સામાન્યતયા મધુરવચન વગેરેથી પ્રસન્ન કરે છે.) વસ્ત્ર વગેરેથી सक्कारंति=સત્કારે છે અને नमंसंति=(બે હાથે અંજલીપૂર્વક) નમે છે. (૨-૧૫)

पुण=પુનઃ सुअग्गाही=(વીતરાગ પ્રણીત) શ્રુતજ્ઞાનને ગ્રહણ કરનારા अणंतहिअकामए=અનંતહિતને (મોક્ષને) ઈચ્છતા जे=જે સાધુઓ તેઓને किं=શું કહેવું ? (આ જન્મ પૂરતો ઉપકાર કરનારી કળાઓ માટે પણ રાજ-

[illegible] એમ વિચાર [illegible]
[illegible]

(હવે વચનવિનય કહે છે કે–) કોઈ કારણે તેવા કોઈ પ્રદેશમાં બેઠેલા આચાર્યને काएण=શરીર સાથે तहा उवहिणामवि=તથા (વસ્ત્રાદિ) ઉપધિ સાથે संघट्टइत्ता=સંઘટ્ટીને અર્થાત્ સ્પર્શ થઈ જાય તો (મિથ્યાષ્કૃત દેવા પૂર્વક નમીને) 'खमेह अवराहं मे'=મારો અપરાધ ક્ષમા કરો! न पुणु त्ति='પુન: એવું નહિ કરું' એમ वइज्ज=કહે. (અર્થાત્ પ્રગટ બોલીને અપરાધને ખમાવે.) (૨–૧૮)

(આવી ક્ષમાપના બુદ્ધિમાન્ સ્વયં કરે, પણ નિર્બુદ્ધિ આશાતના કરીને શું કરે તે કહે છે કે–) दुग्गओ वा=અથવા દુષ્ટબળદ જેમ पओएणं=પરોણાથી चोइओ=માર ખાઇને रहं=રથને वहइ=ખેંચે, एवं=એ રીતે दुबुद्धि=દુષ્ટબુદ્ધિવાળો શિષ્ય (આચાર્ય વગેરે ગુરુવર્ગનાં) किच्चाणं=કાર્યોને वुत्तो वुत्तो=વારંવાર કહેવાથી पकुव्वइ=કરે. (અર્થાત્ ઉત્તમ સાધુ 'વિનયથી મારાં કર્મો ખપે છે' એમ સમજીને સ્વયં વિનય કરે અને મંદબુદ્ધિ અભિમાની સાધુ વારંવાર પ્રેરણા કરવાથી કરે.) (૨–૧૯)

(૪૩૮) विवत्ती अविणीअस्स, संपत्ती विणीअस्स य।
जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छइ ॥
॥९-२-२१॥

"अविणीअस्स=અવિનીતને જ્ઞાનાદિ ગુણોની विवत्ती=વિપત્તિ (નાશ) અને વિનીતને संपत्ती=સંપ્રાપ્તિ (લાભ) થાય છે" एयं=એ (એમ) जस्स=જેને दुहओ=બન્ને પ્રકારોથી (અર્થાત્ વિનયથી લાભ અને અવિનયથી હાનિ થાય, એમ ઉભય રીતે જેના) नायं=જાણવામાં આવ્યું છે से=તે सिक्खं=શિક્ષાને (ગ્રહણશિક્ષારૂપ જ્ઞાનને અને આસેવન શિક્ષારૂપ ક્રિયાને) अभिगच्छइ=પ્રાપ્ત કરે છે. (૨-૨૧)

[વસ્તુતઃ જીવને હાનિ કે લાભની દૃઢ પ્રતીતિ ન થાય ત્યાં સુધી તે હાનિથી બચવાનો કે લાભ મેળવવાનો સાચો ઉદ્યમ કરી શકતો નથી. માટે અહીં કહ્યું છે કે અવિનયનું અને વિનયનું ફળ યથાર્થ જાણે તે ઉભય પ્રકારની શિક્ષાને પામી શકે છે. તાત્પર્ય કે અવિન-

યનો ભય અને વિનયનો આદર જેનામાં પ્રગટે ન થયાય [illegible] થકે, અવિનયથી બચી થકે અને તા [illegible] જ્ઞાન-ક્રિયાને [illegible]

એ જ વાતને દઢ કરીને અવિનયનુ દુષ્પરિણામ [illegible]

(૮૯) जे आवि चण्ड मइइड्ढिगारव,
पिसुण नर साहसहीणपेसण ।
अदिट्ठधम्म विणए अकोविए
असंविभागी न हु तस्स मुक्खो ॥ [illegible] ॥

जे आवि=જે કોઈ પણ ચંડે (ક્રોધી) [illegible] મઇઇડ્ઢિગારવે=ઋદ્ધિગૌરવની [illegible] (ઋદ્ધિના અભિમાનવાળો) પિસુણે ચાડી-નિંદા કરનાર [illegible] નરે=નામથી મનુષ્ય (માનવતા નહિ) [illegible] કરવા યોગ્ય કાર્યને કરનારો-સાહસિક [illegible] આજ્ઞાથી ઓછું કરનાર [illegible] પાળનારો) [illegible] નહિ પામેલો, વિણએ વિનય કરવામાં [illegible] અપંડિત (અજ્ઞ) [illegible] અસંવિભાગી [illegible] કરનારો (જે [illegible] તે [illegible] ભોગવનારો) [illegible]

(४४०) निद्देसवत्ती पुण जे गुरूणं,
सुयत्थधम्मा विणयंमि कोविआ।
तरित्तु ते ओघमिणं दुरुत्तरं,
खवित्तु कम्मं गइमुत्तमं गय-त्ति बेमि ॥९-२-२३॥

પુણ જે=વળી જેઓ ગુરૂણં=ગુરુઓના નિદ્દેસવત્તી=આદેશ પ્રમાણે વર્તનારા, સુયત્થધમ્મા=ગીતાર્થો (જાણ્યો છે ધર્મનો અર્થ જેઓએ) અને વિનય કરવામાં કોવિઆ=ચતુર-બુદ્ધિમાન હોય તે=તેઓ દુરુત્તરં=દુઃખે તરી શકાય તેવા ઇણં=આ ઓઘં=સંસાર સમુદ્રને તરિત્તુ=તરીને (ચરમભવ અને કેવલીપણાને પામીને) કમ્મં=શેષ ભવોપગ્રાહી (અઘાતી) કર્મોને ખવિત્તુ=ખપાવીને ઉત્તમં=ઉત્તમ (મોક્ષ) ગઇ=ગતિને ગયા=પામ્યા, 'એમ કહું છું" (૨-૨૩)

[ગુરુની આજ્ઞામાં રહેવા માટે સ્વચ્છંદતાનો (ઇચ્છાઓનો) રોધ કરવો પડે. ઇચ્છારોધ એ મહાન્ તપ હોવાથી એનાથી ઇન્દ્રિયોની અને મનની દોડધામ અટકે, એટલું જ નહિ શુભમાર્ગે વળે, એથી કર્મોની નિર્જરા થાય, એના ફળરૂપે કેવળજ્ઞાનાદિ ગુણો પ્રગટે અને તે જ ભવમાં સર્વ કર્મોનો ક્ષય થવા રૂપ મોક્ષને પામે. એમ વિનયના બળે મન-ઈન્દ્રિયોનો વિજય કરી મુક્તિ મેળવી શકાય છે.]

समत्तो नवमज्झयणस्स बीओ उद्देसो ।

નવમા અધ્યયનનો બીજો ઉદ્દેશો સમ્પૂર્ણ.

卐 卐 卐

ને શાંત કરે, તેમ તેની ચેષ્ટા આદિ પણ ગુરુએ आलोइअं= જોએલું, (અર્થાત્ ઠંડી પડતાં આચાર્ય વસ્ત્રની સામે નજર કરે, ત્યારે ગુરુ વસ્ત્રને ઇચ્છે છે એમ સમજી લે, એ રીતે પોતાને તેઓની જે જે વસ્તુ ઉપર આચાર્ય દૃષ્ટિ કરે તે તે વસ્તુને) અને इंगिअमेव=**ઇંગિતને જ** (શરીરની ચેષ્ટા, મુખાકૃતિ, વગેરેથી 'શું ઇચ્છે છે ?' તે) नच्चा=જાણીને (સમજીને) जो-**જે સાધુ** छंद=**આચાર્યના અભિપ્રાયને** (ઇચ્છાને) आराहयइ=**આરાધે** (પૂર્ણ કરે) स पुज्जो= **તે સાધુ પૂજ્ય (કલ્યાણનો ભાગી) છે, એમ જાણવું.** (૩-૧)

[ગુરુના આશયને સમજીને વિના પ્રેરણાએ સ્વયં વિનય કરનારો ઉત્તમોત્તમ, કહ્યા પછી પણ પોતાનું હિત સમજીને કરનારો ઉત્તમ, ફરજ સમજીને કરનારો મધ્યમ, અનાદરથી જેમ તેમ કરનારો અધમ અને કટુ શબ્દ કહેનારો અધમાધમ સમજવો. એક જ જાતનો વિનય કરવા છતા આશયભેદે તેનું ફળ ભિન્ન ભિન્ન મળે છે. માટે આત્માર્થીએ સ્વયં ગુરુના ચિત્તને ઓળખીને પોતાના કલ્યાણ માટે તેઓનો વિનય પ્રસન્નચિત્તે કરવો જોઈએ.]

(૪૪૨) आयारमट्ठा विणयं पउंजे,
सुस्सूसमाणो परिगिज्झ वक्कं ।
जहोवइट्ठं अभिकंखमाणो,
गुरुं तु नासाययइ स पुज्जो ॥९-३-२॥

आयारमट्ठा=જ્ઞાનાચારાદિ પાંચ **આચારોના પાલન માટે** (ગુરુ કંઈ આજ્ઞા કરે તો સારું, એમ ગુરુના આદેશને) सुस्सूसमाणो=**સાંભળવાની ઇચ્છાવાળો** (જ્યારે ગુરુ કંઈ કહે ત્યારે તેઓના) वक्क=**વાકયને** (આદેશને) परिगिज्झ=

(४४६) सक्का सहेउं आसाइ कंटया,
अओमया उच्छहया नरेणं ।

अणासए जो उ सहेज्ज कंटए,
वईमए कन्नसरे स पुज्जो ॥९-३-६॥

ત્યાગી પણ વૈરાગી પૂજ્ય છે, એમ જણાવીને હવે સમાધિવંત પૂજ્ય છે તે કહે છે કે-ધન માટે उच्छहया=नरेणं=ઉદ્યમ કરતા મનુષ્યે आसाइ='મને અમુક લાભ થશે' એવી આશાએ अओमया=લોખંડના પણ कंटया=કાંટા सहेउं=સહન કરવા सक्का=શક્ય છે, (અર્થાત્ ધન કીર્તિ વગેરે આ જન્મના લાભની, કે 'દેવ, ચક્રવર્તી વગેરે થાઉં' ઇત્યાદિ અન્ય જન્મના સુખની આશાએ લોખંડના કાંટાની શય્યામાં સુવાનાં કષ્ટો વેઠવાં સહેલાં છે,) પણ जो=જે अणासए=કોઇ આશા વિના જ कन्नसरे=કાનમાં પેસતા वईमए=વચનના कंटए=કાંટાઓને (કઠોર-કટુ-અપમાનજનક શબ્દોને) सहेज्ज=સહન કરે स=તે નિરભિમાની-વિનીત આત્મા पुज्जो=પૂજ્ય છે. (૩-૬)

આમાઇણિ=અવધ્યાની (અમુક કુઈ છ જ ઇત્યાદિ
નિશ્રિત ભાષાને અવધારણિ વ-અને (નો અમુક
સબધી મરે નથી) અપ્રાનિકારક મમ=ભાષાને
ના=ન મન મના (ત ન) મામ ત=ન બાન
સ પુ જા ન પૂ-ય જાણવો ( )

(૮૫૦) અગાઉણ અકરણ અમાઇ
अपिसुण आवि अगागवित्ती ।
ना भावए नाविय भाविअप्पा
अकोउहल्ल अ सया स पुज्जो ॥९-३-१०॥

(આદ ર હિમ) અમગ્ગા=મના અર ગ=અલોલુપી,
(મન્ત્ર જાન ધારે) અકકુહ=આશ્રય ન જિન (નહિ
કરનારો) અમ ક-કપટ રહિત અપિસુણ=અપિશુન
(ચાડી કરીને બીજા-ઓ વિરોધ નહિ કરાવનારો) આવિ=
અને વળી (આજ્ઞા ઇિ ન મળતા) અદીણવિત્તી=દીનતા
હિ કરનારા, જે બીજાઓ દ્વારા મારી પ્રશંસા કરી'
ગેરે ના ભાવએ=ન વિચારે નાવિય ભાવિઅપ્પા-અને
વળી સ્વ બીજાની સામે પોતાની પ્રશંસા ન કરે,
તથા (નાટક નાચ વગેરે જોવામા) અકોઉહલ્લ=કુતૂહળ
વિનાનો હોય સ પુ જા=તે પૂજ્ય જાણવા (૩-૧૦)

(૮૫૧) गुणहि साहू अगुणहि साहू
गिण्हाहि साहू गुण मुचऽसाहू ।
विआणिआ अप्पगमप्पाण
जो रागदोसहि समा स पुज्जा ॥९-३-११॥

(४४८) समावयंता वयणाभिघाया,

कण्णंगया दुम्मणियं जणंति ।

धम्मुत्ति किच्चा परमग्गसूरे,

जिइंदिए जो सहइ स पुज्जो ॥९-३-८॥

समावयंता=સામે આવી પડતા એવા वयणाभिघाया= વચનના પ્રહારો (વચનરૂપી બાણો) कण्णंगया=કાનમાં પેસીને (પ્રાયઃ અનાદિ અભ્યાસથી શ્રોતાને) दुम्मणियं= દુષ્ટ મનોભાવને (દુર્ભાવને) जणंति=પ્રગટાવે છે, માટે जो= જે (કર્મશત્રુ સાથે સંગ્રામ કરનારો બીજા દાનશૂર-સંગ્રામશૂર વગેરેની અપેક્ષાએ) परमग्गसूरे=અધિકતર શૂરો થઈને धम्मुत्ति किच्चा=એ વચન સાંભળવાનો મારો ધર્મ છે, એમ સમજીને जिइंदिए=જિતેન્દ્રિય થઈને દીનતા વગેરેથી નહિ પણ સમભાવથી-પ્રસન્નતા પૂર્વક सहइ= સહન કરે છે स पुज्जो=તે પૂજ્ય છે. (૩-૮) વળી

(४४९) अवण्णवायं च परम्मुहस्स,

पच्चक्खओ पडिणीअं च भासं ।

ओहारिणिं अप्पिअकारिणिं च,

भासं न भासिज्ज सया स पुज्जो ॥९-३-९॥

परम्मुहस्स=પરાઙ્‌મુખના (પરોક્ષ રહેલાના) अवण्ण-वायं=અવર્ણવાદને (નિંદાને), पच्चक्खओ च=અને પ્રત્યક્ષ રહેલાને पडिणीअं=('તું ચોર છે' ઈત્યાદિ) વૈરકારક વચનને,

ओहारिणिं=અવધારણી (અમુક રૂપ છે જ ઇત્યાદિ નિશ્ચિત) ભાષાને अप्पियकारिणिं च=અને (તારા અમુક સંબંધી મરે' ઇત્યાદિ) અપ્રીતિકારક भासं=ભાષાને जो=જે सया=સદા (કદાપિ) न भासिज्ज=ન બોલે स पुज्जो=તે પૂજ્ય જાણવો. (૩-૯)

(૪૫૦) अलोलुए अक्कुहए अमाई
अपिसुणे आवि अदीणवित्ती ।
नो भावए नोऽविअ भाविअप्पा,
अकोउहल्ले अ सया स पुज्जो ॥९-३-१०॥

(આહારાદિમાં) જે सया=સદા अलोलुए=અલોલુપી, (ઇન્દ્રજાળ વગેરે) अक्कुहए=આશ્ચર્ય રહિત (નહિ કરનારો) अमाई=કપટ રહિત, अपिसुण=અપિશુન (ચાડી કરીને ભેદ-વૈર-વિરોધ નહિ કરાવનારો) आवि=અને વળી (આહારાદિ ન મળતા) अदीणवित्ती=દીનતા નહિ કરનારો, જે બીજાદ્વારા 'તું હારે મારી પ્રશંસા કરવી' વગેરે नो भावए=ન વિચારે नोऽविअ भाविअप्पा=અને વળી સ્વયં બીજાની સામે પોતાની પ્રશંસા ન કરે, તથા (નાટક નાચ વગેરે જોવામાં) अकोउहल्ले=કુતૂહલ વિનાનો હોય स पुज्जो=તે પૂજ્ય જાણવો. (૩-૧૦)

(૪૫૧) गुणेहि साहू अगुणेहिऽसाहू
गिण्हाहि साहू गुण मुंचऽसाहू ।
विआणिआ अप्पगमप्पएणं
जो रागदोसेहिं समो स पुज्जो ॥९-३-११॥

“(પ્રથમ જણાવે છે) गुणेहिं साहू=ગુણોથી સાધુ (ઉત્તમ) અને (દોષો [અવગુણો]) अगुणेहिऽसाहू=અવગુણોથી અસાધુ થવાય છે, માટે गिण्हाहि साहू गुण=(સાધુ) ઉત્તમ ગુણોને ગ્રહણ કર! અને मुंचऽसाहू=(અસાધુના) દુષ્ટ અવગુણોને છોડ!” (એમ) अप्पगमप्पएणं=પોતાના આત્માને પોતે वियाणिआ=વિશિષ્ટતયા સમજાવે અને जो=જે रागदोसेहिं=રાગ અને દ્વેષમાં (તેવા નિમિત્તોમાં) समो=સમાન રહે (સમતાને ન ચૂકે), स पुज्जो=તે પૂજ્ય છે. (૩-૧૧)

[ત્રીજા પાદનો અર્થ પ્રાકૃત નીતિથી કરેલો છે, એમ સમજવું]

(૪૫૨) तहेव डहरं च महल्लगं वा,
इत्थी पुमं पव्वइअं गिहिं वा ।
नो हीलए णोऽविअ खिसइज्जा,
थंभं च कोहं च चए स पुज्जो ॥९-३-१२॥

तहेव=તથા એ રીતે डहरं=બાળકને, महल्लगं=મોટાને અને वा=મધ્યમને, તેમાં પણ इत्थी=સ્ત્રીને, पुमं=પુરુષને તથા ઉપલક્ષણથી નપુંસકને, તેમાં પણ पव्वइअं=પ્રવ્રજિતને (દીક્ષિતને), गिहिं=ગૃહસ્થને અને वा=અન્યધર્મીને, नो हीलए=હીલના ન કરે, णोऽवि अ खिसए=અને ખિંસા પણ ન કરે તથા તેના કારણભૂત थंभं=માનને અને कोहं=ક્રોધને चए=તજે, स पुज्जो=તે પૂજ્ય સમજવો. (૩-૧૨)

[નિશ્ચયનયે પાખંડી, ધર્મદ્રોહી અને નિન્હવ વગેરેની પણ નિન્દા કે તિરસ્કાર કરવાનો સાધુનો ધર્મ નથી. વ્યવહારથી કોઈવાર એવું કરવું પડે તો પણ સ્વ-પર હિત કરવાના પરિણામ રાખે. વસ્તુતઃ

चउक्कसायावगए स पुज्जो ॥९-३-१४॥

ગુણસાગરાણં=ગુણોના સમુદ્ર એવા તેસિં ગુરૂણં=ઉપર કહ્યા તે ગુરુનાં સુભાસિયાઈં=સુભાષિતોને (પરલોકોપકારી વચનોને) સોચ્ચાણ=સાંભળીને જે મેહાવિ=બુદ્ધિમાન્ મુણી=મુનિ ચરે=તેને આચરે—પાળે અને પંચરએ=પાંચ મહાવ્રતોમાં (નિરતિચાર પાલનમાં) રક્ત, तिगुत्तो=મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને તેથી चउक्कसायावगए=ચાર કષાયોથી રહિત હોય स पुज्जो=તે પૂજ્ય જાણવો. (૩-૧૪)

[ગુરુના હિતોપદેશના વચનો એવો અગમ્ય ઉપકાર કરે છે કે શ્રોતા પ્રારંભમા તો તેને સમજી પણ શકતો નથી. એ વચનોને સાભળવામા અને આચરવામા જેટલો આદર વધારે તેટલો લાભ વિશુદ્ધ અધિક અને શીઘ્ર થાય છે. મહાવ્રતોનો ભાર ઉપાડવાની શક્તિ પ્રગટાવવી, મનોગુપ્તિદ્વારા મનનો વિજય કરવો, કષાયોને જીતવા, વગેરે દુષ્કર દુષ્કર કાર્યો પણ ગુરુઆજ્ઞાને આધીન રહેલો કરી શકે છે અને અનાદિકાળથી ઘર કરી રહેલા આકરા પણ દોષોને દૂર કરે છે.]

(૪૫૫) गुरुमिह सययं पडिअरिअ मुणी,

जिणमयनिउणे अभिगमकुसले ।

...ના વગેરે આત્માને તેઓના જ ભાન હોય, એમ સૂચવ્યું છે]

એ જ સમાધિસ્થાનકોને જણાવે છે કે—

(૪૫૮) विणए सुए अ तवे, आयारे निच्चपंडिआ ।
अभिरामयंति अप्पाणं, जे भवंति जिइंदिआ ॥९-४-१॥

ઉપર કહ્યો તે विणए=વિનયમાં, सुए-શ્રુતમાં (આગમમાં), तवे-બાર પ્રકારના તપમાં અને મૂલગુણ-ઉત્તરગુણના પાલનરૂપ आयारे-આચારમાં निच्चपंडिआ-સર્વદા પંડિત (પરમાર્થને સમ્યગ્ જાણનારા) એવા જે-જે મુનિઓ जिइंदिआ-ઇન્દ્રિયોના વિજેતા भवंति-હોય છે, તેઓ अप्पाणं-પોતાના આત્માને अभिरामयति-વિનય વગેરેમાં જોડે છે (વિનયાદિ ગુણોમાં રમે છે-સમાધિને અનુભવે છે) અર્થાત્ તે જ પરમાર્થથી વિનયાદિ કરવામાં પંડિત છે, એમ સૂચવ્યું છે. (અ૦ ૯ ઉ૦ ૪-૧)

તેમાં હવે વિનયસમાધિને જણાવે છે કે—

(सू-१७) चउव्विहा खलु विणयसमाही भवइ, तं जहा-अणुसासिज्जंतो सुस्सूसइ-१, सम्मं संपडिवज्जइ-२, वेयमाराहइ

[illegible] અને વળી તેને अहिट्ठए=યથાર્થ રીતે [illegible]-૨, [illegible] અને આચરવા છતાં विणयसमाहि= આચરે-પાલન કરે-૩, અને [illegible] आययट्ठिए=મોક્ષનો અર્થી મુનિ વિનય સમાધિદ્વારા [illegible] ન મજ્જઇ-મદ ન કરે-૪ माणमएण-માન કે ગર્વથી [illegible] (ઉ૦ ૪-૨)

હવે શ્રુતસમાધિનું સ્વરૂપ કહે છે—

(सूत्र—१८) चउव्विहा खलु सुअसमाही भवइ, तं जहा—सुअं मे भविस्सइत्ति अज्झाइअव्वं भवइ—१, एगग्गचित्तो भविस्सामित्ति अज्झाइअव्वं भवइ—२, अप्पाणं ठावइस्सामित्ति अज्झाइअव्वं भवइ—३, ठिओ परं ठावइस्सामित्ति अज्झाइअव्वं भवइ—४, चउत्थं पयं भवइ ॥अ० ९—उ० ४, सू—३॥ भवइ अ इत्थ सिलोगो—

खलु=નો અર્થ સોળમા સૂત્રમાં કહ્યા પ્રમાણે, चउव्विहा=**ચાર પ્રકારની** सुअसमाही=**શ્રુતસમાધિ** भवइ=છે. તે આ પ્રમાણે- (હું જ્ઞાની-મોટો ગણાઉં એ આશયથી નહિ, પણ) मे=**મને** सुअं=આચારાઙ્ગ વગેરે **આગમોનો બોધ** भविस्सइत्ति= **થશે, એવી ભાવનાથી** अज्झाइअव्वं=**અધ્યયન કરવા** યોગ્ય भवइ=છે-૧, તથા અધ્યયન કરતાં હું एगग्गचित्तो= **એકાગ્ર ચિત્તવાળો** भविस्सामित्ति=**થઇશ, એવી ભાવનાથી** અધ્યયન કરવા યોગ્ય છે-૨, તથા અધ્યયન કરવાથી થએલા તત્ત્વજ્ઞાનને યોગે મારા अप्पाणं=**આત્માને** શુદ્ધ ધર્મમાં ठावइस्सामित्ति=**સ્થિર કરીશ-જોડીશ, એવી** [illegible]નાથી અધ્યયન [illegible]-૩, અને ठिओ=

સ્થિર થએલો હું પર-બીજાને (શિષ્યાદિને) શુદ્ધ ધર્મમા ઠાવઇસ્સામિત્તિ-સ્થિર કરીશ-જોડીશ, એની ભાવનાથી ભણવું જોઇએ તેમા ચોથુ પદ શ્રુતસમાધિરૂપ છે અર્થાત્ નિર્મળ ધ્યેયથી વિધિપૂર્વક ભણેલો પોતાનું અને પરનુ હિત કરી શકે છે અને એ રીતે સ્વ-પર કલ્યાણ કરતો સમાધિમા-સમતામા રહી કર્મોની નિર્જરા કરી મોક્ષસુખને પામી શકે છે (ઉ૦ ૪-સૂત્ર ૩) ભવઇ અ ઇત્થ સિલોગો-આ વિષયમા એક અનુષ્ટુપ-શ્લોક આ પ્રમાણે છે—

(૪૫૮) नाणमेगग्गचित्तो अ, ठिओ अ ठावए परं।
सुआणि अ अहिज्जित्ता रओ सुअसमाहिए ॥९-४-३॥

અધ્યયનમા ઉદ્યમ કરનારને નાણ-જ્ઞાન બોધ થાય છે-૧, વળી ભણવાની તત્પરતાથી एगग्गचित्तो अ-એકાગ્ર ચિત્ત (દત્તચિત્ત) થાય છે ૨, ભણવાથી થએલા બોધદ્વારા તત્ત્વાતત્ત્વમા પ્રગટેલા વિવેકના બળે ધર્મમા ठिओ-સ્થિર થાય છે-૩, અને સ્વયં સ્થિર થએલો શિષ્યાદિ પર-બીજાને ठावए-ધર્મમા સ્થિર કરે છે-૪, એમ सुआणि-વિવિધ આગમોને-ગ્રન્થોને अहिज्जित्ता-ભણીને ઉપર કહી તે ચાર પ્રકારની सुअसमाहिए-શ્રુતસમાધિમાં रओ-રાગી-રક્ત (લીન) થાય છે (ઉ૦ ૪-૩)

હવે તપસમાધિનુ વર્ણન કરે છે—

(સૂત્ર-૧૯) चउव्विहा खलु तवसमाही भवइ, त जहा-नो इहलोगट्ठयाए तवमहिट्ठिज्जा-१, नो परलोगट्ठयाए तवमहि

ट्ठिज्जा २, नो कित्तिवण्णसद्दसिलोगट्ठयाए तवमहिट्ठिज्जा-३, नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठिज्जा-४। चउत्थं पयं भवइ भवइ अ इत्थ सिलोगो-

॥अ० ९-उ० ४, सू-४॥

[illegible] ચાર પ્રકારની છે. ([illegible] નો અર્થ સોળમા ભાગમાં કહ્યા પ્રમાણે) તે આ પ્રમાણે—ધમ્મિલની જેમ इहलोगट्ठयाए—આ લોકનાં સુખ (લબ્ધિઆદિ પ્રગટાવવા) નિમિત્ત નો-તપને अहिट्ठिज्जा-નહિ કરવો, (અર્થાત્ તપ કરીને આ લોકના ફળની આશંસા નહિ રાખવી)-૧; બ્રહ્મદત્તની જેમ परलोगट्ठयाए-અન્યજન્મમાં સુખ (ભોગાદિ સામગ્રી મેળવવાના) નિમિત્ત તપને નહિ કરવો, અર્થાત્ તપ કરવામાં પરલોકના સુખાદિની આશંસા નહિ રાખવી)-૨; એ રીતે कित्तिवण्णसद्दसिलोगट्ठयाए-કીર્તિ, વર્ણ-વાદ, શબ્દ અને પ્રશંસાને નિમિત્ત પણ તપ નહિ કરવો, (અર્થાત્ તપ કરવામાં સર્વદિગ્વ્યાપી (ખ્યાતિ રૂપ) કીર્તિની, એક દિશાવ્યાપી ખ્યાતિરૂપ વર્ણવાદની, અર્દ્ધદિગ્-વ્યાપી ખ્યાતિરૂપ શબ્દની અને તેજ સ્થાને સ્તુતિ થવી વગેરે પ્રશંસાની આશંસા નહિ રાખવી)-૩, नन्नत्थ निज्जरट्ठयाए-અને નિર્જરા સિવાય અન્ય કોઇ આશાએ તપને નહિ કરવો, અર્થાત્ તપ કરવામાં માત્ર એક કર્મનિર્જરાનો ઉદ્દેશ રાખવો ૪ આ चउत्थं पयं-ચોથું પદ તપ સમાધિરૂપ भवइ-છે. અર્થાત્ નિર્મળ તપથી આત્માને એ ચોથા પદની પ્રાપ્તિ (કર્મનિર્જરા) થાય છે. (ઉ૦ ૪-સૂત્ર-૪) इत्थ-આ વિષયમાં सिलोगो-સંગ્રહશ્લોક આ પ્રમાણે भवइ-છે.

(૪૫૮) विविहगुणतवोरए निच्चं, भवइ निरासए निज्जरट्ठिए ।
तवसा धुणइ पुराणपावगं, जुत्तो सया तवसमाहिए ॥
॥९-४-४॥

विविहगुण=અનશન વગેરેની અપેક્ષાએ ઉત્તરોત્તર વિશિષ્ટ-ગુણકારી એવા तवोरए=તપમાં રક્ત જે સાધુ निच्च=નિત્ય निरासए=આલોક પરલોકની સર્વ આશાઓ રહિત निज्जरट्ठिए=કેવળ નિર્જરાનો અર્થી भवइ=હોય (થાય) છે તે सया=સદા મેશા तवसमाहिए जुत्तो=તપ-સમાધિથી (તપના આનંદથી) યુક્ત तवसा=વિવિધ તપ-વડે पुराणपावगं=જૂના પાપોને (કર્મોને) धुणइ=નિર્જરે છે (અને નવા બાંધતો નથી એમ ક્રમશઃ સર્વકર્મોથી મુક્ત થાય છે (૪-૪)

હવે ચોથી આચાર સમાધિને વર્ણવે છે—

(સૂત્ર-૭૦)चउव्विहा खलु आयारसमाही भवइ, तं जहा-नो इहलोगट्ठयाए आयारमहिट्ठिज्जा-१, नो परलोगट्ठयाए आयारमहिट्ठिज्जा-२, नो कित्ति-वण्ण-सद्द-सिलोगट्ठयाए आयारमहिट्ठिज्जा-३, नन्नत्थ आरहंतेहिं हेऊहिं आयारमहिट्ठिज्जा-४ । चउत्थं पयं भवइ ॥अ० ९ उ० ४ सू० ५॥ भवइ अ इत्थ सिलोगो-

(૫૮)નો અર્થ ૧૬ મા સૂત્ર પ્રમાણે) आयारसमाही=આચારસમાધિ चउव्विहा=ચાર પ્રકારની भवइ=છે, તે આ પ્રમાણે-इहलोगट्ठयाए=આ લોકના નિમિત્તે नो आयारमहिट्ठिज्जा=(મૂળગુણ-ઉત્તરગુણના પાલનરૂપ) આચારોને

(૪૬૦) जिणवयणरए अतितिणे, पडिपुन्नाययमाययट्ठिए ।
आयारसमाहिसंवुडे, भवइ अ दंते भावसंधए ॥९-४-५॥

जिणवयणरए=જિનવચનમાં (આગમમાં) રક્ત, अतितिणे=એકની એક વાત અસૂયાથી વારંવાર કહેવારૂપ તતિલપણાથી રહિત, पडिपुन्न=સૂત્ર-અર્થ વગેરેથી પૂર્ણ (ગીતાર્થ), आययं=અત્યન્ત आययट्ठिओ=આત્માર્થી (મોક્ષાભિલાષી) आयारसमाहिसंवुडे=આચાર પાલનમાં સમાધિથી એટલે આનંદથી આશ્રવદ્વારોને બંધ કરનારો, दंते अ=અને મન તથા ઇન્દ્રિયોનું દમન કરનારો

(વિજેતા), એવો સાધુ ભાવમધન-ભાવ એને મોક્ષનો સાધક (મોક્ષની નજીક) થાય છે ૪-૫)

(૪૬૧) अभिगम चउरो समाहिओ, सुविसुद्धो सुसमाहिअप्पओ।
विउलहिअ सुहावहं पुणो, कुव्वइ अ सो पयखेममप्पणो॥
॥९-४-६॥

હવે સર્વસમાધિનુ ફળ કહે છે—

ચઉરો સમાહિઓ=ઉપર કહ્યા પ્રમાણે ચાર સમાધિઓને અભિગમ=જાણીને અથવા પાળીને મન, વચન તથા કાયાથી સુવિસુદ્ધો=અતિવિશુદ્ધ (અતિ કુશળયોગવાળો), સુસમાહિઅપ્પઓ=સત્તર પ્રકારના સંયમમાં અતિ સ્થિર છે આત્મા જેનો (નિશ્ચળ), એવો સો=તે ધર્મનું સામ્રાજ્ય પામીને પુણો=વળી વર્તમાનમાં વિઉલહિઅ=અતિશયથી હિતને અને ભવિષ્યમાં સુહાવહં=હિતકારી સુખને પમાડનાર, એવા અપ્પણો=આત્માના પય=પદને (મોક્ષને) ખેમ કુવ્વઇ=ક્ષેમ (એટલે નિર્વિઘ્ને પામી શકાય તેવું) કરે છે, અર્થાત્ ચાર સમાધિઓને જ્ઞાનપૂર્વક આરાધીને મનવચન કાયાથી શુદ્ધ અને સંયમમાં અતિસ્થિર (નિશ્ચલ) એવો તે મુનિ ધર્મના સામ્રાજ્યને ભોગવતો, 'વર્તમાનમાં અતિશય હિતકારી અને ભવિષ્યમાં નિર્મળ સુખને આપનાર એવા મોક્ષપદને' ક્ષેમ કરે છે અર્થાત્ નિર્વિઘ્ને પ્રાપ્ત કરી શકાય તેવું કરે છે તાત્પર્ય કે મોક્ષપ્રાપ્તિ માટે પોતાના આત્માને લાયક બનાવી શકે છે (૪-૬)

[ટીકામાં કુવ્વઇ ને બદલે પકુવ્વઇ પાઠ છે]

[illegible] जाइमरणाओ=
જન્મ-મરણથી (સંસારથી) मुच्चइ=મુક્ત થાય છે, इत्थंथं च=અને આ સંસારમાં થતું (અનુભવાતું અને તિર્યંચ આદિ નામથી ઓળખાતું) પૌદ્ગલિક બંધન सव्वसो=સર્વ પ્રકારોથી (પુનઃ કદી ગ્રહણ કરવું ન પડે તે રીતે) चयइ=તજે છે. એમ सासए सिद्धे=શાશ્વત (સાદિ અનંત ભાગે) સિદ્ધ, वा=અથવા (અનુત્તર વિમાન વગેરેમાં) अप्परए=અલ્પરત (કામની અલ્પ વાસનાવાળો) महड्ढिए=મહર્દ્ધિક देवे=દેવ हवइ=થાય છે, त्ति बेमि= એમ હું કહું છું. (૪-૭)

॥ समत्तो चउत्थो उद्देसो ॥

ચોથો ઉદ્દેશો સમ્પૂર્ણ.

॥ समत्तं नवममज्झयणम् ॥

નવમું અધ્યયન સમ્પૂર્ણ.

卐 卐 卐

દશમુ સભિક્ખુ અધ્યયન

[ઉપરના નવ અધ્યયનોમા સાધુની સર્વાંગ ચર્ચા કરવા સાથે વેદ અને સાહિત્ય પ તન કરી રીતે કરી શકાય તેમ બતાવ્યું છે, પ્રાણિપાત વિરમણાદિ મહાવ્રતનું નિરતિચાર પાલન અથવા બાહ્ય-અભ્યતર કેવા આચારો પાળવા જોઈએ ? એ ધર્મની દૃઢતા પ્રમત્તવૃત્તિએ ભિક્ષુ નિર્મળ બ્રહ્મચર્ય અનાસક્તિનો પરિહાર છ જીવનિકાયની ઓળખ તેની આવશ્યકતા માટે જરૂરી નિર્દોષ નિર્દોષ આહારનું સ્વરૂપ અને તેને મેળવવાના ઉપાયો ચારિત્રના આચારનું વચનશુદ્ધિ માટે ભાષાનું સ્વરૂપ પ્રકાર્યો અને બાહ્ય ધામાં વિશેષ એ સર્વ દ્વારા આ મશુદ્ધિ કરવા માટે આચારની એકાગ્રતા અને છેલ્લે એ બધા ગુણોની પ્રાપ્તિના બીજભૂત વિનયનું સ્વરૂપ, વિનીત-અવિનીતના ફળ વગેરે વર્ણવી સાધુતાનું સર્વદેશીય વર્ણન કર્યું.

હવે આ અધ્યયનમાં એ જ હકીકતને ટૂંકમાં વર્ણવવા પૂર્વક સદ્‌ ભિક્ષુ એટલે ઉત્તમસાધુ કેવો હોય ? અથવા તો તે ગુણો જેનામાં હોય **સ ભિક્ખૂ**-તે ભિક્ષુ કહેવાય એમ કહી ઉત્તમસાધુનું સ્વરૂપ બતાવ્યું છે માટે આ અધ્યયનનું નામ 'સભિક્ખુ' રાખેલું છે

વર્તમાનમાં દિનદિન જ ના રાગ રંગની દુનિયામાં આ માનુ સ્પષ્ટ જોવામાં આવે છે ... જોતરા અને કુગથી જેનો પણ આ માને જૂની ... કરવા માટે આ અધ્યયન પરમ આલંબનભૂત છે. ત્યાગ ઉચ્ચ કોટીના ... વૈરાગ્યાસક્તિ ન બને ત્યાં સુધી ધર્મનો આનંદ અનુભવી શકાતો નથી ત્યાગ વૈરાગ્યનો અનુભવ અને વૈરાગ્ય ત્યાગનો આનંદ આપે એમ બન્ને પરસ્પર ... બનીને આત્માને પરમાત્મસ્થાને પહોંચાડે તેવી બન્નેની આખ અને આ જ આરાધના શુદ્ધની છાયા વિના ચક્ષ નથી વિદ્યા સાધનામાં ઉત્તરસાધકની જેટલી જરૂર છે તથી ... જરૂર ત્યાગ-વૈરાગ્યની સાધના માટે શુદ્ધની છે કોઈ

[...પ્રયત્ન કરવો, એ આ અધ્યયનનો સાર છે.]

(૮૯૩) निक्खम्ममाणाइ अ बुद्धवयणे,

निच्चं चित्तसमाहिओ हविज्जा ।

इत्थीण वसं न आवि गच्छे;

वंतं न पडिआयइ जे स भिक्खू ॥१०-१॥

आणाइ=જિનેશ્વરની **આજ્ઞા પ્રમાણે** (અર્થાત્ સંયમ માટે પોતાની યોગ્યતા જોઇને) निक्खम्म=**નિષ્ક્રમ્ય** (અર્થાત્ પ્રવ્રજ્યા સ્વીકારીને, તત્ત્વાતત્ત્વનો જાણ) जे=જે वयणे=જિન-**વચનમાં** निच्चं=હંમેશાં चित्तसमाहिओ=**પ્રસન્ન ચિત્ત-વાળો** हविज्जा=**બને**, અર્થાત્ જિનાજ્ઞાનું પ્રસન્નચિત્તે પાલન કરે, आवि=**અને વળી** इत्थीण=**સ્ત્રીઓને** वसं न गच्छे=**વશ ન થાય** અને वंतं=તજેલા ભોગોને જાણતાં અજાણતાં પણ) न पडिआयइ=**ન સ્વીકારે**, स भिक्खू=**તે ભાવભિક્ષુ** (યથાર્થ સાધુ) છે. (૧૦-૧)

[સંયમના સ્વીકાર માટે શાસ્ત્રમાં કહેલી યોગ્યતા વિના સંયમ સ્વીકારનાર પ્રાયઃ જિનવચનના પાલનમાં પ્રસન્ન રહી શકતો નથી. પાંચ મહાવ્રતોના પાલન માટે કષ્ટો સહવાનું સત્ત્વ, વિષયોનો વિરાગ, વગેરે યોગ્યતા પામેલો જીવ (વ્યાપારી વ્યાપારના કષ્ટો સહવા છતાં

લાભને જોઈ જેમ આનંદ અનુભવે તેમ) મ યના ફરી વેચવા ના
આ મસ્વરૂપની પ્રાપ્તિથી આનંદ અનુભવે છે માટે આનંદ
અનુસરે અર્થાત્ ચરિત્રની આરાધનાને પામીને દીક્ષિત થયેલા અમ
ક્યું છે એવા પણ પાછળથી પ્રમાદી બની જાય તો દાસ નિર્ગ્રંથ
કરે માટે જિનવચનના પાલનમાં નિત્ય પ્રસન્ન રહે એમ કહ્યું, એવા
પણ બીજી બાજુ દોષોને નવે તો દીક્ષા નિરર્થક થાય માટે સ્ત્રીને
વશ ન થાય અર્થાત્ તજેલા કોઈપણ ભોગાદિને ન વાંછે એમ કહ્યું.]

(૪૬૪) पुढविं न खणे न खणावए

सीओदग न पिए न पिआवए ।

अगणि-सत्थ जहा सुनिसिअ,

त न जले न जलावए ज स भिक्खू ॥१०-२॥

(૪૬૫) अनिलेण न वीए न वीयावए,

हरियाणि न छिंदे न छिंदावए ।

बीआणि सया विवज्जयंतो,

सचित्त नाहारए ज स भिक्खू ॥१०-३॥

पुढविं=સચિત્ત પૃથ્વીકાયને ન ખણે=ખોદે (તોડે-ભાગે) નહિ, તથા ન ખણાવએ=બીજા દ્વારા ખોદાવે નહિ (ઉપલક્ષણથી ખોદનારને સારો માને નહિ એમ અહીં તથા આગળના વચનમાં પણ સમજી લેવું) સીઓદગ=સચિત્ત પાણીને પીએ નહિ અને બીજા કોઈને પાય નહિ (સરાણ ઉપર ચઢાવીને ઘસેલું) સત્થ=શસ્ત્ર જહા સુનિસિઅ=જેમ અતિ તીક્ષ્ણ ધારવાળું (છ કાય જીવોનો નાશ કરે તેમ) અગણિસત્થ=અગ્નિકાયશસ્ત્ર (જીવ ઘાતક)

વીંઝે નહિ. (બીજા પાસે [illegible]) અને [illegible]
वीयावए=વીંઝાવે નહિ. हरिआणि=સચિત્ત (ઘાસ વગેરે) વનસ્પતિને સ્વયં ન छिंदे=છેદે નહિ અને અન્ય દ્વારા ન छिंदावए=છેદાવે નહિ, તથા सया=હંમેશાં बीआणि=(વનસ્પતિનાં) બીજ કે ધાન્યના કણીયા વગેરેને विवज्जयंतो=તજતો (સંઘટ્ટન, પરિતાપન, વગેરે નહિ કરતો) जे=જે સાધુ सचित्तं=સજીવ પદાર્થને न आहारए=ખાય નહિ, તે ભિક્ષુ સમજવો. (૧૦–૩)

[જો કે પૂર્વનાં અધ્યયનોમા આ હકીકત કહી છે, તો પણ ત્યાં માત્ર સાધુના આચારને આશ્રયીને વિધિ–નિષેધરૂપે કહી છે અને અહીં 'તેને ક્રિયારૂપે પાળે તે સાધુ' એમ કહેવા માટે કહી છે, માટે પુનરુક્ત દોષ નથી. ટુંકમાં પૃથ્વીકાય આદિ કોઈ જીવની હિંસા કરે નહિ, કરાવે નહિ અને ઉપલક્ષણથી અનુમોદે નહિ તે સાધુ કહેવાય. માટે સાધુએ છકાયની હિંસા થાય તેવી સર્વ પ્રવૃત્તિથી દૂર રહેવું.]

હવે સકારણ પણ હિંસાનો નિષેધ કરે છે—

(૪૬૬) वहणं तसथावराण होइ,
पुढवितणकट्ठनिस्सिआणं ।
तम्हा उद्देसिअं न भुंजे;
नो वि पए न पयावए जे स भिक्खू ॥१०–४॥

(સાધુના ઉદ્દેશથી આહાર-પાણી આદિ તૈયાર કરવામાં) पुढवितणकट्ठनिस्सिआण=પૃથ્વી (માટી વગેરે), તૃણ (ઘાસ) અને કાષ્ઠ (ઈંધણાં વગેરે)ની નિશ્રાએ રહેલા तस-थावराण=ત્રસ સ્થાવર જીવોનું વહણ હનન (હિંસા) होइ=થાય, तम्हा=તે કારણે उद्देसिअं=સાધુને ઉદ્દેશીને કરેલું વસ્ત્ર, પાત્ર, આહાર પાણી, કે મકાન, કંઈ પણ (સાધુ) न भुंजे=ભોગવે (વાપરે) નહિ એટલું જ નહિ, नो वि पए=બીજા પાસે પણ નહિ અને न पयावए=પકાવરાવે પણ નહિ, स भिक्खू=તે સાધુ સમજવો. (૧૦-૪)

(૯૬૭) रोइअ(य) नायपुत्तवयणे,
अत्तसमे मन्निज्ज छप्पि काए।
पंच य फासे महव्वयाइं,
पंचासवसंवरे जे स भिक्खू ॥१०-५॥

नायपुत्तवयणे=જ્ઞાતપુત્ર શ્રીમહાવીરપ્રભુના વચનમાં रोइअ=રુચિ કરીને (જ્ઞાનરૂપે જાણીને અને ક્રિયારૂપે પાળીને) जे=જે સાધુ छप्पि काए=પૃથ્વીકાયાદિ છ એ કાયના જીવોને अत्तसमे=પોતાના તુલ્ય मन्निज्ज=માને, पंच महव्वयाइं=પાંચ મહાવ્રતોને फासे=સ્પર્શે અને पंचासवसंवरे=પાંચે ઇન્દ્રિયોના વિકારને રોકે, स भिक्खू=તે ભિક્ષુ સમજવો. (૧૦-૫)

[જિનવચનમાં પ્રીતિ શ્રદ્ધા પ્રગટ્યા વિના દીક્ષાના પરિણામ પ્રગટે નહિ છ જીવનાના પરિણામ વિના અહિંસાદિ વ્રતોનું યથાર્થ-નિરતિચાર પાલન અને તે માટે આવશ્યક ઇન્દ્રિયોનો

विविहं खाइमसाइमं लभित्ता ।
होही अट्ठो सुए परे वा:
तं न निहे न निहावए जे स भिक्खू ॥१०–८॥

(४७५) तहेव असणं पाणगं वा,
विविहं खाइमसाइमं लभित्ता ।
छंदिअ(य) साहम्मिआण भुंजे:
भुच्चा सज्झायरए य जे स भिक्खू ॥१०–९॥

तहेव=**પૂર્વમુનિઓની જેમ** અશન(આહાર), અથવા પાણી, કે વિવિધ પ્રકારનું ખાદિમ (લીલો-સુકો મેવો, ફળ-શેકેલુ ધાન્ય વગેરે), કે સ્વાદિમ (ચૂર્ણ વગેરે), તેને लभित्ता=**મેળવીને** जे=**જે સાધુ** सुए=**આવતી કાલે** परे वा=**અથવા પરમ દિવસે** अट्ठो होइ=**પ્રયોજન પડશે** એમ માની तं=**તેને** न निहे=**સઘરે નહિ**, કે न निहावए=**સઘરાવે નહિ**, (અર્થાત્ રાત્રે સંનિધિ રાખે કે રખાવે નહિ,) તે ભાવસાધુ જાણવો. (૧૦–૮)

વળી એ જ રીતે પૂર્વમુનિઓની જેમ આહાર, અથવા પાણી, કે વિવિધ ખાદિમ, સ્વાદિમને મેળવીને साह-म्मिआण=**સાધર્મિક સાધુઓને** छंदिय=**નિમંત્રણા કરીને**

પછી ભુંજ=ખાય અને ખાઇને (વાચનાદિ પાંચ પ્રકારના)
સ્વાધ્યાયમાં તથા ચ-શેષ (વિનય વૈયાવચ્ચ વગેરે) અનુ-
ષ્ઠાનોમાં પણ રક્ત રહે તે ભાવસાધુ જાણવો. (૧૦-૯)

[આહાર વખતે આ અનાસક્તભાવ એ સર્વ ગુણોનું બીજ છે
વિનય પણ તજી શકે કે જાણે આત્મજ્ઞાન અને સમતાના
વિજય કર્યો હોય. એ ભાવ મુનિને નિમંત્રણ (જરૂર જણાય ત્યાં
ભોગવનારા) કહ્યા છે. પાણી પણ વિના પ્રમાણને અધિક લાવવું કે
રાખવું તેને સંનિધિ દોષ કહ્યો છે માટે આ બે ગાથાઓમાં
સંનિધિ નહિ કરવારૂપે તથા અન્ય સાધુઓને નિમંત્રણ કરવા રૂપ
આહાર પ્રત્યે અનાસક્ત ભાવને જગાવવા અને ગૃહસ્થને સંયમાર્થે
આપેલા આહારાદિને સફળ કરવા સૂચવ્યું. સર્વ ગુણોની ભૂમિકારૂપ
આ ગુણને ઉત્તમ સાધુએ અવશ્ય પ્રગટાવવા જોઈએ]

(૭૨) न य वुग्गहिय कह कहिज्जा,
न य कुप्प निहुइंदिए पसत ।
सजमे धुव जोगेण जुत्ते,
उवसत अविहेडए जे स भिक्खू ॥१०-१०॥

ય=વળી જ=જે સાધુ વુગ્ગહિય=કલહકારિણી કહં=
કથાને (વચનોને) ન કહે, (હિતકર વાત કરતા પણ બીજાની
પર) ન કુપ્પ=કોપે નહિ, કિન્તુ નિહુઇંદિએ=જિતેન્દ્રિય અને
સંત=(રાગ-દ્વેષ રહિત) પ્રશાન્ત રહે, ધુવં=નિત્ય સંજમે=
યમમાં જોગેણ=મન-વચન અને કાયાથી તે તે કરવા
ગ્ય કાર્યોમાં જુત્ત જોડાયેલો રહે ઉવસંત=(કાયાની
પળતા રહિત) ઉપશાન્ત રહે અવિહેડએ=કોઇ ઔચિત્ય
ત્તિનો અનાદર ન કરે તે ભાવસાધુ જાણવો. (૧૦-૧૦)

समसुहदुक्खसहे अ जे स भिक्खू ॥१०-११॥

जे [illegible] आक्रोशने-तिरस्कारने (तथा [illegible]) [illegible] प्रहारोने अने तज्जणाओ= ([illegible]) कडवा शब्दो (मेणा टोणां) वगेरे [illegible] कांटाओने सहइ= सहन करे, तथा [illegible] वेताल-राक्षस वगेरेना तथा [illegible]=भयानक अने अत्यन्त रौद्र शब्दोवाळा अट्टहासोने सांभळवा छतां समसुहदुक्खसहे= सुख-दुःखने समताथी सहन करे (राग-द्वेष-भयथी पर रही समता सामायिकमां रमे), स भिक्खू=ते उत्तमसाधु जाणवो. (१०-११)

(४७४) पडिमं पडिवज्जिआ मसाणे,

नो भीयए भयभेरवाइं दिस्स ।

विविहगुणतवोरए अ निच्चं;

न सरीरं चाभिकंखए जे स भिक्खू ॥१०-१२॥

जे=जे मुनि मसाणे=श्मशानमां मासनी, बे मासनी, वगेरे पडिमं=प्रतिमाने (विशिष्ट अभिग्रहने) पडिवज्जिआ= विधि पूर्वक स्वीकारीने (तेमांथी चलायमान करवा माटे वेताल वगेरेए करेलां अट्टहासादिनां) भयभेरवाइं=भयानक

निमित्तोने दिस्स=જોઈને न भीयए=ભય ન પામે, [illegible]-
નિત્ય विविहगुणतवोरए-(મૂલ-ઉત્તર ગુણ વગેરે) વિવિધ ગુણોમાં અને તપમાં રક્ત રહે य=અને વિવિધ ભવિષ્યને અંગે सरीरं=શરીરને ન अभिकंखइ-ઈચ્છા (દરકાર) ન કરે, તે ઉત્તમસાધુ જાણવો. (૧૦-૧૨)

[૩૪ –૨. दिस्स ને બદલે दिस्सस પાઠાન્તર છે]

(૪૭૫) असइं वोसट्ठचत्तदेहे,

अक्कुट्ठे व हए व लूसिए वा ।
पुढविसमे मुणी हविज्जा,
अनियाणे अकोउहल्ले जे स भिक्खू ॥१०-१३॥

असइं=વારંવાર (સદાય) वोसट्ठ=વોસિરાવ્યું (અને) चत्त=તજ્યું છે देह=શરીર જેણે એવો મુનિ (અહીં રાગને તજવો તે વોસિરાવ્યું અને શોભા-સત્કાર વગેરે નહિ કરવા તે તજ્યું કહેવાય, એમ ભેદ સમજવો) अक्कुट्ठे=(અપમાનવાચક શબ્દોથી) આક્રોશ થવા છતાં हए व=અથવા દંડ વગેરેથી મારવા છતાં અથવા તલવાર વગેરે શસ્ત્રોથી છોલવા છતાં लूसिए वा=શિયાળ વગેરેથી ઉપદ્રવ થવા છતાં (કે સિંહ વગેરેથી ઉપદ્રવ થવા છતાં) जे=જે मुणी=સાધુ पुढविसमे=પૃથ્વીની સમાન (સર્વ ઉપસર્ગોને સમતાથી સહન કરનારો) हविज्जा=હોય (થાય), અને આ લોક-પરલોક સંબંધી ફળની ઇચ્છારૂપ अनियाण=નિયાણા વિનાનો તથા નાટક વગેરે જોવા સાંભળવામાં अकोउहल्ल=કુતૂહલ વિનાનો હોય, તે ઉત્તમસાધુ જાણવો. (૧૦-૧૩)

तवे रए सामणिए जे स भिक्खू ॥१०-१४॥

જે મુનિ કાએણ=શરીર દ્વારા પણ પરીસહાઇં=[illegible] વિવિધ પરીષહોને અભિભૂય-પરાભવ કરીને (જીતીને) અપ્પયં=આત્માને જાઇપહાઓ=જન્મના માર્ગોથી (સંસારથી) સમુદ્ધરે=પાર ઉતારે અને તે માટે જાઇમરણં=જન્મ-મરણને મહબ્ભયં=મહાભયાનક વિઇત્તુ=જાણીને સામણિએ=સાધુતાને યોગ્ય તવે=તપમાં રએ=રક્ત રહે, તે ઉત્તમભિક્ષુ જાણવો. (૧૦-૧૪)

[અહીં કાયાથી પરીષહોને પરાભવ કરવાનું કહ્યું, તેમા એ આશય છે કે પરીષહ આવે ત્યારે મનથી આર્તધ્યાન ન કરે અને વચનથી દીનતાભર્યું વચન ન બોલે, છતા જો કાયાથી સહન ન કરે તો વિજય થતો નથી, માટે કાયાથી પણ કષ્ટોને સહન કરીને જીતે તો જ આત્માને સંસારથી પાર ઉતારી શકાય. તેવુ ત્યારે જ બને કે જન્મ-મરણનો તીવ્ર ભય પ્રગટ્યો હોય. માટે જે જન્મ-મરણના મહાભયને સમજે તે પ્રારંભમા કષ્ટકારી છતાં પરિણામે સર્વકષ્ટોથી છોડાવનાર તપને આદરપૂર્વક કરી શકે. અહીં સાધુતાને યોગ્ય એટલે પ્રાયશ્ચિત્ત-વિનયાદિ અભ્યંતર સાથે શરીરબળને અનુસરીને બાહ્ય તપ પણ કરે, એમ સમજવુ તે પણ તપસ્વી તરીકેની ખ્યાતિ માટે નહિ પણ કર્મનિર્જરાના ધ્યેયથી શુભ કરે, એમ સમજવુ.]

(૪૭૭) हत्थसंजए पायसंजए,

वायसंजए संजइंदिए ।

अज्झप्परए सुसमाहिअप्पा,
सुत्तत्थं च वियाणइ जे स भिक्खू ॥१०-१५॥

हत्थसंजए=હાથનો સંયમી, पायसंजए=પગનો સંયમી, वायसंजए=વચનનો સંયમી, संजइंदिए=ઇન્દ્રિયોના સંયમવાળો, अज्झप्परए=અધ્યાત્મમાં રક્ત, सुसमाहिअप्पा=આત્માની સમાધિવાળો હોય, सुत्तत्थं च=અને સૂત્ર તથા અર્થને જે वियाणइ=જે જાણે તે ઉત્તમ ભિક્ષુ જાણવો. (૧૦-૧૫)

[હાથ-પગને કાચબાની જેમ સંકોચી રાખનાર અને કારણે સમ્યક્ (હિંસાદિ ન થાય તેમ) જયણાથી કામ કરનાર તેને હાથ-પગનો સંયમી સમજવો. એ રીતે અહિતકર વચનને રોકીને કારણે હિતકર વચનને બોલનાર વાક્સંયમી વિષયોથી ઇન્દ્રિયોને રોકનાર તે ઇન્દ્રિયોનો સંયમી ધર્મ-શુક્લ ધ્યાનમાં રમનાર તે અધ્યાત્મમાં રક્ત ગુણોમાં રમનાર તે આત્મસમાધિવાળો અને શાસ્ત્રોક્તવિધિ-પૂર્વક ગુર્વાદિનો વિનય કરીને ભણેલો તે સમ્યક્ સૂત્ર-અર્થનો (અને ઉભયનો) જ્ઞાતા વગેરે યથાયોગ્ય સમજવું. હાથ-પગના સંયમથી કાયયોગનો, વચનસંયમથી વચનયોગનો અને અધ્યાત્મરક્ત સમાધિવંત તથા સૂત્રાર્થનો જાણ વગેરેથી મનોયોગનો સંયમ સમજવો. એમ ત્રણે યોગોથી સંયમસાધકને ઉત્તમસાધુ સમજવો.]

(૪૭૮) उवहिम्मि अमुच्छिए अगिद्धे,
अन्नायउंछ पुलनिप्पुलाए ।
कयविक्कयसंनिहिओ विरए,
सव्वसंगावगए अ जे स भिक्खू ॥१०-१६॥

અર્થાત્ દ્રવ્ય-ભાવ ઉભય કીલદોષથી રહિત, વગેરે યથાયોગ્ય સમજવું

(૪૭૯) अलोल-भिक्खू न रसेसु गिज्झे (द्धे),

उंछं चरे जीविअ नाभिकंखे ।

इड्ढिं च सक्कारणपूअणं च,

चए ठिअप्पा अणिहे जे स भिक्खू ॥१०-१७॥

अलोल=અલોલુપી (માગી માગીને નહિ મેળવનારો) भिक्खू=સાધુ (મળેલા પણ ઘી-દૂધ-મિષ્ટાન્ન વગેરે) रसेसु=રસોમાં न गिज्झे=ગૃદ્ધિ ન કરે, ઘેર ઘેરથી उंछं=થોડું થોડું લઈને चरे=નિર્વાહ કરે, કિન્તુ जीविअ=અતિચાર-વાળું-દોષિત જીવન જીવવાને न अभिकंखे=ન ઇચ્છે.

ય=વળી જે=જે વિવિધ લબ્ધિઓરૂપ ઇડ્ઢિં=ઋદ્ધિને, વસ્ત્ર વગેરેની ભેટરૂપ સક્કારણ=સત્કારને અને સ્તુતિ, પ્રશંસાદિ રૂપ પૂઅણ=પૂજાને ચએ=તજે,(માન સન્માન વગેરેને ન ઇચ્છે,) જ્ઞાનાદિમાં જેનો ઠિઅપ્પા=આત્મા સ્થિર હોય અને અણિહે= માયા રહિત હોય, તે ભાવભિક્ષુ જાણવો. (૧૦-૧૭)

[સોળમી ગાથામાં ઉંછ વિનાનું વસ્ત્ર-પાત્રાદિ ઉપધિને અંગે અને અહીં આહારને અંગે કહેલું હોવાથી પુનરુક્તદોષ નહિ સમજવો. સંયમના પાલનમાં તે તે લબ્ધિ કે માન સન્માન વગેરે મેળવવાનું ધ્યેય સંસારવર્દ્ધક હોવાથી તેને તજે જડવૃત્તિઓને ટાળી અધ્યાત્મભાવમાં રહી શકે અને જ્ઞાનાદિમાં રમણતા હોય તે જ. વળી માયા હોય તો સર્વ ગુણોનો નાશ થાય અને એ સઘળા ગુણો માટે માયારહિત હોય તે ઉત્તમભિક્ષુક સમજવો.]

(૯૦) न परं वएज्जासि 'अयं कुसीले',
जेणन्नो कुप्पेज्ज न तं वएज्जा ।
जाणिय पत्तेयं पुण्णपावं,
अत्ताणं न समुक्कसे जे स भिक्खू ॥१०-१८॥

जे=જે સાધુ पत्तेयं=પ્રત્યેક જીવને બાંધેલા पुण्ण पावं=પુણ્ય કે પાપ સ્વયં ભોગવવા પડે છે, એમ जाणिय= સમજીને (પાપ બંધાય તે રીતે સ્વસાધુમંડલ સિવાયના) परं=પર સાધુને 'अयं कुसीले'='આ કુશીલ છે' વગેરે न वएज्जासि=ન કહે એટલું જ નહિ जेणन्नो=જે બોલવાથી બીજો कुप्पेज्ज=કોપે तं=તેવું વચન સર્વથા न वएज्जा=ન બોલે અને अत्ताणं=પોતાને न समुक्कसे= પ્રશંસે નહિ, તે ઉત્તમસાધુ જાણવો. (૧૦-૧૮)

(૪૮૧) न जाइमत्ते न य रूवमत्ते,

न लाभमत्ते न सुएण मत्ते ।

मयाणि सव्वाणि विवज्जइत्ता;

धम्मज्झाणरए जे स भिक्खू ॥१०-१९॥

'હું બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું" વગેરે न जाइमत्ते= **જાતિમદવાળો** ન હોય, હું રૂપવાળો છું" ઇત્યાદિ न य रूवमत्ते=**રૂપના મદવાળો** ન હોય, 'હું લબ્ધિવાળો છું', વગેરે न लाभमत्ते=**લાભના મદવાળો** ન હોય, અને હું 'સર્વ શાસ્ત્રનો જાણ છું" વગેરે सुएण=**શ્રુતથી** પણ न मत्ते=**મદ** ન કરે. એમ કુળમદ વગેરે सव्वाणि=**સર્વ** मयाणि=**મદોને**

विउज्जइत्ता=સર્વથા તજીને જે=જે સાધુ धम्मज्झाणरए=ધર્મધ્યાનમા રક્ત રહે, તે ભાવસાધુ જાણવો (૧૦-૧૯)

[કોઈ પણ સમ્પત્તિ કે ગુણોને પામીને તેનો મદ કરવાથી ભવિષ્યમા તે ભાવો મળતા નથી વર્ત્તમાનમા પણ તેનો દુરુપયોગ થવાથી લાભ થતો નથી અને પ્રાય ચાલ્યા જાય છે પોતાને ઉચ્ચ માનવાથી ઉચે જવાનુ લક્ષ્ય અટકે છે અને અભિમાનરૂપ દુર્ગુણના ભારથી દબાએલો આત્મા નીચે ઉતરે (અયોગ્ય બનતો જાય) છે માટે ઉત્તમસાધુ ઉત્તમકુળ-જાતિ રૂપ-બળ વગેરે પુણ્યથી મળેલા હોવાથી નાશવત છે-પારકા છે એમ સમજી મદ કરતો નથી અને તપ શ્રુત લાભ વગેરે પણ તે તે આવરણોના ક્ષયોપશમાદિથી પ્રગટેલા છે સૌને તે ગુણો સત્તામા પડેલા છે એમ સમજી અભિમાન કરતો નથી કિન્તુ ક્ષમા-નમ્રતા વગેરે આત્મગુણોમા રમણતારૂપ ધર્મધ્યાનમા રક્ત રહે છે તેવો સાધુ જ પોતાનો અને પરનો ઉપકાર કરી શકે છે માટે તે ઉત્તમસાધુ કહેવાય છે પ્રભુ મહાવીરદેવે મરિચીના ભવમા કુળમદ કર્યો હતો તે સાચો હતો છતા સસારમા રખડવુ પડ્યુ તો મિથ્યામદ કરનારની દુર્દશા થાય તેમા આશ્ચર્ય શુ ? માટે આ મહિતનો અર્થી જ્ઞાની મુનિ ક્યાપિ મદ કરે નહિ]

(૪૮૨) पवेअए अज्जपय महामुणी,
धम्मे ठिओ ठावयइ पर पि ।
निक्खम्म वज्जेज्ज कुसीललिंग,
न आवि हास कुहए जे स भिक्खू ॥१०-२०॥

જે શીલાङ્ગરથના ધોરી જ્ઞાની महामुणी=શ્રેષ્ઠમુનિ હોય તે (પરોપકાર માટે) अज्जपय=શુદ્ધધર્મના પદને (માર્ગને) पवेअए=કહે, કારણ કે પોતે धम्मे ठिओ=ધર્મમાં સ્થિત (ધર્મનો રાગી) હોય તે पर पि બીજાને પણ

(??.?) तं देहवासं असुइं असासयं,

सया चए निच्चहिअट्ठिअप्पा ।

छिंदित्तु जाइमरणस्स बंधणं;

उवेइ भिक्खू अपुणागमं गइं-त्ति बेमि ॥१०-२१॥

ઉપર કહ્યો તેવો ઉત્તમ(ભાવ) સાધુ (આ પ્રત્યક્ષ અનુ-ભવાતા શુક્ર-રુધિરથી બંધાએલુ અને રસ-રુધિર-માંસ મેદ-હાડકાં-ચરબી અને શુક્ર એ સાત ધાતુઓથી ભરેલું હોવાથી) असुइं=અપવિત્ર અને પ્રતિક્ષણ રૂપાન્તરને પામનારું હોવાથી असासयं=અનિત્ય એવા तं देहवासं=તે શરીરરૂપ ઘરને (જેલને) सया=હંમેશાં चए=(મમત્વ છોડવારૂપે) તજે, અર્થાત્ શરીરની મમતા છોડે અને એ મમતા છોડવાપૂર્વક निच्चहिअ=નિત્યહિતમાં (અર્થાત્ શાશ્વતું સુખ જેમાં છે તે મોક્ષમાં) ट्ठिअप्पा=અત્યન્ત સ્થિર છે આત્મા જેનો એવો भिक्खू=સાધુ जाइमरणस्स=જન્મ-મરણનાં (સંસારનાં) બંધનોને છેદીને अपुणागमं=જ્યાંથી પુનઃ પાછું આવવાનું નથી તે गइं=સિદ્ધિ ગતિને उवेइ= નજીક કરે. અર્થાત્-પામે. 'એમ હું કહું છું' (૧૦-૨૧)

[આ દશના અધ્યયનમા સમગ્ર ગ્રન્થના ઉપસંહાર તરીકે ઉત્તમસાધુના લક્ષણો જણાવી આ માર્થીએ પોતાની સાધુતાને વધુ તેજસ્વી નિર્મળ અને વિશિષ્ટ બનાવવાનું સૂચન કર્યુ છે વર્તમાનમા મળ-સઘયણ બુદ્ધિ વગેરેની હાનિના કારણે અહીં જણાવેલા ગુણો । આ માત્રા ન પ્રગટાવી શકાય તો પણ લક્ષ્ય-દોર ઉચુ રાખવાથી વિઘ્નભૂત કર્મોનો ક્ષયોપશમ થાય ઉપરાન્ત પોતાની આરાધનાનુ અભિમાન ન થાય પૂર્વના મહર્ષિઓના ચારિત્ર પ્રત્યે માન અખડ રહે તથા તેઓનો વિનય થાય અને આ વિનયયોગ પોતાની યોગ્યતા વધની જાય કોઈ પણ ગુણ કે વસ્તુને મેળવવા માટે તેની યોગ્યતા પ્રગટાવવી જરૂરી છે વસ્તુ કે ગુણને મેળવવાનો તે જ સાચો ઉપાય છે બીજી એ વાત પણ સમજવાની છે કે અવસર્પિણી કાળના પ્રભાવે ઉત્તરોત્તર શુભ ભાવો ઘટે અને અશુભભાવો વધે એ અનિવાર્ય છે તેથી ત તે કાળે તે તે ક્ષેત્રમા જે જે મહા માઓ સંયમના ખપી અને નિરુપાય અપવાદને સેવતા હોય તેઓને સાધુ તરીકે વદનીય પૂજનીય અને માનનીય કહ્યા છે તેવા સાધુઓથી પ્રભુનુ શાસન ચાલવાનુ છે અને તેઓની નિશ્રાથી આ મલિન સાધવાનુ છે માટે આત્માર્થીએ પોતાના માર્ગમા જે વિશિષ્ટ ગુણવંત હોય તેઓનો વિનય વગેરે કરીને સ્વહિતની સાધના કરવી.]

समत्त दसममज्झयणम् ।

દશમુ અધ્યયન સમ્પૂર્ણ

卐 卐 卐

દશવૈકાલિકસૂત્રની 'રતિવાક્યા' ચૂલિકા પહેલી

[illegible] આ ગ્રન્થમાં [illegible] [illegible] એવી વિશિષ્ટ [illegible] પદને પ્રાપ્ત કરી [illegible] વિશિષ્ટ [illegible] [illegible] પણ કોઈ [illegible] આત્માને લાગે, કે કોઈ [illegible] ચારિત્રમાં કષ્ટોને સહન કરતાં થાકે, [illegible] ચારિત્રના પરિણામથી ભ્રષ્ટ થાય, અને તેથી ચારિત્ર છોડવાની પણ ઇચ્છા કરે, તો તેને ચારિત્રમાં પુનઃ 'રતિ' અર્થાત્ પ્રીતિ ઉત્પન્ન કરવા માટેના 'વાક્યો' (ઉપદેશવચનો) આ ચૂલિકામાં રચેલાં છે તેથી તે 'રતિવાક્યા ચૂલિકા' અથવા 'રઇવક્કા ચૂલિઆ' કહેવાય છે. આ ચૂલિકામાં આપાતમધુર પણ પરિણામે દુઃખજનક ગૃહસ્થજીવનનું અને પ્રારંભમાં કષ્ટકારી છતાં અખંડ સુખને આપનારા શ્રમણ જીવનનું પરસ્પર સરસવ અને મેરુ જેટલું અંતર સમજાવ્યું છે અને પરમપુણ્યે પ્રાપ્ત થએલા સંયમ-જીવનરૂપી ચિંતામણીની સહર્ષ રક્ષા કરવાનો એકાન્ત કલ્યાણકારી ઉપદેશ કર્યો છે. એનું ચિંતન-મનન કરનાર અનેરો આત્મપ્રકાશ પામીને સંયમની આરાધનામાં ઉત્સાહી બને તેવું તેમાં મધુર છતાં હિતકર અને તલસ્પર્શી વર્ણન કરેલું છે. દરેક મુમુક્ષુએ પ્રતિદિન એના અધ્યયનદ્વારા આત્માને જાગૃત રાખવો હિતકર છે.]

(सूत्र २१) इह खलु भो पव्वइएणं उप्पन्नदुक्खेणं संजमे अरइसमावन्नचित्तेणं ओहाणुप्पेहिणा अणोहाइएणं चेव हयरस्सि-गयंकुस-पोयपडागाभूआइं इमाइं अट्ठारस ठाणाइं सम्मं संपडिलेहिअव्वाइं भवंति ॥

इह=આ જિનશાસનમા खलु=નિશ્ચે भो=હે મહા ભાગ મુનિ ! संजमे=સ યમના પાલનમાં (ઠ ડી-ગરમી-ભૂખ-તૃષા-વગેરે શારીરિક અને સ્ત્રીપરીષહ-નિષદ્યાપરીષહ વગેરે માનસિક) उप्पन्नदुक्खेण=દુ ખ જેને પ્રગટ્યુ હોય अरइसमावन्नचित्तेण=અને તેથી ચિત્ત અરતિને પામ્યુ હોય અને તેથી ओहाणुप्पेहिणा=દીક્ષા છોડવાની ઇચ્છા થઈ હોય, કિન્તુ अणोहाइएण=દીક્ષા છોડી ન હોય, चेव=તેવા પ્રસ ગે (છોડયા પહેલા જ) पव्वइएण=દીક્ષિતે (સાધુએ) हयरस्सि=ઘોડાને લગામ, गयकुस=હાથીને અ કુશ અને पोयपडागाभूआइ=વહાણને સઢ જેવા इमाइ=આ अट्ठारस=અઢાર ठाणाइ=સ્થાનોને (ઉપદેશ વાકયોને) सम्म=ભાવપૂર્વક (હિત-અહિતના ખ્યાલ પૂર્વક) सपडिलेहिअव्वाइ=સારી રીતે વિચારવા યોગ્ય भवंति=છે

[ઉન્માર્ગે જતા ઘોડાને લગામ હાથીને અ કુશ અને વહાણને સઢ જેમ માર્ગે લાવે તેમ અજ્ઞાન કે મોહ વગેરેને વશ થઈને અસ યમની ભાવનાને વશ થએલા સાધુને જ્ઞાનીપુરુષોના હિતવચનો સ યમ માર્ગે વાળી ચારિત્રધર્મમા સ્થિર કરી શકે છે માટે એવા પ્રસ ગે દુ સાહસ નહિ ખેડતા જ્ઞાનીઓના વચનોને ખૂબ સ્થિર અને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવા જોઈએ લાભ-હાનિનો વિચાર કરીને ઉ માર્ગથી અટકી સ યમમા સ્થિર થવુ જોઈએ]

હવે એ જ અઢાર સ્થાનોને કહે છે-

त जहा-हभो ! दुसमाए दुप्पजीवी-१, लहुसगा इत्तरिआ गिहीण कामभोगा-२, भुज्जो अ सायबहुला मणुस्सा-३, इमे अ मे दुक्खे न चिरकालोवट्ठाइ भविस्सइ-४, ओमजणपुरक्कारे-

५, वंतस्स य पडियाइयणं-६, अहरगइवासोवसंपया-७, दुल्लहे
खलु भो! गिहीणं धम्मे गिहिवासमज्झे वसंताणं-८, आयंके से
वहाय होइ-९, संकप्पे से वहाय होइ-१०, सोवक्केसे गिहवासे
निरुवक्केसे परियाए-११, बंधे गिहवासे मुक्खे परियाए-१२,
सावज्जे गिहवासे अणवज्जे परियाए-१३, बहुसाहारणा गिहीणं
कामभोगा-१४, पत्तेयं पुण्णपावं-१५, अणिच्चे खलु भो!
मणुयाण जीविए कुसग्गजलबिंदुचंचले-१६, बहुं च खलु भो!
पावं कम्मं पगडं-१७, पावाणं च खलु भो! कडाणं कम्माणं
पुव्विं दुच्चिण्णाणं दुप्पडिक्कंताणं वेइत्ता मुक्खो, नत्थि अवेइत्ता,
तवसा वा झोसइत्ता-१८, अट्ठारसमं पयं भवइ! (चू० १-सूत्र १)

(૧) हं भो=આ પ્રમાણે हं भो=હે મહાભાગ મુનિ! दुस्समाए=દુષ્પમા (નામના આ અવસર્પિણીના પાંચમા) આરામાં दुप्पजीवी=પ્રાણિઓ દુઃખથી જીવે છે, (અર્થાત્ પ્રાયઃ પુણ્યોદયવાળા પણ દુ ખી હોય છે.)

[તાત્પર્ય કે આ કાળમા ભરતક્ષેત્રમાં પ્રાય. બહુલ(ભારે)કર્મી જીવો હોય, તેઓ સ્વકૃતકર્મોદયથી સ્વભાવે વક્ર અને જડ હોવાથી પોતાની પ્રકૃતિથી દુઃખ ભોગવે, શુભાશુભ નિમિત્તોમા સમતા સાધવા માટે સત્ત્વ ઓછું હોવાથી અને રજોગુણ-તમોગુણ-પ્રધાન જીવન હોવાથી સ્વયં રાગ દ્વેષથી સંતપ્ત રહે-દુઃખી થાય, એવો આ કાળનો મહિમા છે, માટે ગૃહસ્થ બનવા છતાં મારું દુઃખ પ્રકૃતિજન્ય હોવાથી ત્યાં પણ તે ભોગવવુ જ પડશે. વસ્તુતઃ શ્રમણજીવનમા જે કષ્ટો દેખાય છે તે મારી પ્રકૃતિનો જ દોષ છે, માટે શ્રમણપણું છોડવુ ઉચિત નથી. ચારિત્ર છોડવાથી તો દુઃખ ટળવાને બદલે વધશે, રાજાઓ -

રાઈ-શાહૂમારો વગેરે સુખની વિપુલ સામગ્રી પામેલાઓ પણ ઘણા દુ ખી દેખાય છે, માટે પરિણામે વિડંબના અને દુર્ગતિના ભોગ થવું પડે તેવા ગૃહસ્થાશ્રમથી મારે સર્યું, ઈત્યાદિ વિચારવું]

(૨) गिहीण=ગૃહસ્થોના कामभोगा=વિકારને કરનારા (શબ્દ-રૂપ-ગ ધ-રસ-સ્પર્શ વગેરે) વિષયો દુષ્પમાકાળમા लहुसगा=હલકા-તુચ્છ અને इत्तरिआ=અલ્પકાલ ટકનારા હોય છે

[અર્થાત્ ભોગની ભાવનાથી ચારિત્ર છોડવાની ઈચ્છા થઈ હોય તો પણ ઉચિત નથી કારણ કે ચારિત્રના પાલનથી મળનારા દેવગતિના ભોગો સુદર અને સાગરોપમો સુધી ટકે તેવા હોય છે તેની અપેક્ષાએ મનુષ્યના ભોગો ગમે તેટલા શ્રેષ્ઠ હોય તો પણ તુચ્છ અને અલ્પકાલમા નાશ પામનારા છે માટે પણ ગૃહસ્થાશ્રમની ઈચ્છા કરવી હિતકર નથી]

(૩) मुज्जो अ=અને વળી દુષ્પમાકાળમા मणुस्सा=મનુષ્યો (પ્રાણીઓ) सायबहुला=બહુધા માયાવી હોય છે

[દુષ્પમાકાળે જીવો વિનયતના માયાવી હોવાથી તેઓનો વિશ્વાસ થાય નહિ અને વિશ્વાસના અભાવે સુખ મળે નહિ ઉપરાંત કપટીઓના સહવાસમા રહેતા કલુષિત વાતાવરણથી મનોદુ ખ થાય અને માયાને યોગે દુષ્ટ કર્મોનો બધ તથા તેના કડવા વિપાક ભોગવવા પડે તે વધારામા માટે ગૃહસ્થાશ્રમથી સર્યું એમ ચિતવવું]

(૪) इमे अ मे दुक्ख=અને આ મારું (સયમના) દુ ખો (કષ્ટો) न चिरकालोवट्ठाइ भविस्सइ=દીર્ઘકાળ રહે તેમ થવાનું નથી

[પરીષહો કે ઉપસર્ગો યો । કાળ માટે-મર્યાદિત હોવાથી તેના દુ ખો ચિરસ્થાયી નથી સાધુનાના નિરતિચાર પાલનથી પરીષહો-ઉપસર્ગો ટકી શકતા નથી ઉપસર્ગો કરનારા ઉલટા વશ થઈ જાય

[ચારિત્રધર્મના પ્રભાવથી આજે રાજા-મંત્રી-શેઠ-સામંતાદિ મોટા માણસો માન-સન્માન કરે છે. તેને બદલે દીક્ષા છોડવાથી પોતાના પેટ ભરવા માટે હલકા લોકોનાં પણ માન-સન્માન કરવા પડે છે, અર્થાત હલકાથી પણ હલકા બનવું પડે છે. એટલુ જ નહિ, દીક્ષા તજવાથી દુષ્ટરાજ્યમા 'રાજાની વેઠ કરવી' વગેરે આ જન્મમા જ કડવા ફળો આવે છે. માટે ગૃહાશ્રમથી સર્યું ! એમ વિચારવુ.]

(૬) वंतास्स य पडिआयणं=લીધેલી દીક્ષા છોડવી તે **વમેલાનુ ભક્ષણ છે.**

[ખાધેલાનુ વમન કરીને પુનઃ તેનો આહાર કરવો એ જેમ કુતરા-શિયાળ વગેરે નીચનુ કર્ત્તવ્ય છે, એ રીતે વમેલા ભોગોને પુનઃ ભોગવવાની ઈચ્છા કરવી તે પણ ક્ષુદ્રનું કર્ત્તવ્ય છે, સત્પુરુષોમાં પણ નિન્દા થાય તેવુ છે. માટે જાતિવંત પશુઓ પણ ન કરે તેવુ હલકુ હું મનુષ્ય અને તેમાં પણ સાધુ થઇને કેમ કરું ? ઈત્યાદિ વિચારે.]

(૭) પ્રવ્રજ્યાનો ત્યાગ એ વસ્તુત: अहरगइ=**અધો-ગતિમાં** वास=**વસવાનો** उवसंपया=**સ્વીકાર છે.**

[દીક્ષાના ત્યાગથી નરક- અથવા તિર્યંચ જેવી દુર્ગતિમાં ઉત્પન્ન થવાના નિમિત્તભૂત કર્મનો બંધ થશે, એથી ચિરકાળ દુર્ગતિમાં

દુઃખો સહવા પડશે માટે પણ સાધુપણું છોડવા યોગ્ય નથી એમ વિચારે]

(૮) मो=હે જીવ ! (દીક્ષાને તજીને ગૃહસ્થાશ્રમી બનીશ પણ ત્યા) गिहवासमज्झे=ઘરવાસમા (સ્ત્રી-પુત્રાદિના) વિવિધ બધનોમા) वसताण=ફસેલા गिहीण=ગૃહસ્થોને धम्मो=સમાધિરૂપ ધર્મ खलु=નિશ્ચે दुलहे=દુર્લભ છે

[અનાદિ અભ્યાસથી વિના કારણે પણ પુત્ર-કલત્રાદિના સ્નેહનુ બધન ગૃહસ્થજીવનના તે તે આરભમય કાર્યો કરના ચિત્તસમાધિરૂપ ધર્મની દુર્લભતા, ભોગના રાગરૂપ પ્રમાદ પ્રમાદમાથી બચાવનારનો અભાવ વગેરે ગૃહસ્થને ધર્મસાધનામા અનેક વિઘ્નો નડે છે એ કારણે જ સાધુધર્મનું જ્ઞાનીઓએ વિધાન કર્યું છે, છતા તેને છોડીને પુન ગૃહસ્થાશ્રમને સ્વીકારવો તે હીરાને બદલે કાચમા રાચવા જેવુ મૂર્ખ કાર્ય છે માટે ગૃહસ્થાશ્રમથી સર્યું એમ વિચારી આત્માને સ્થિર કરે]

(૯) તથા आयंके=આતક એટલે તત્કાળ મરણ થાય તેવા વિસૂચિકા વગેરે શારીરિક રોગાદિ નિમિત્તો से= ગૃહસ્થને वहाय=અસમાધિમરણનુ કારણ होइ=બને

[ધર્મધ્યાનમા સ્થિર કરનાર-નિર્યામક એવા ધર્મબધુના અભાવે ગૃહસ્થને મરણાન્ત કષ્ટો કે રોગો આવે ત્યારે આર્તધ્યાનમા મરવાનો પ્રસગ આવે અને એવુ એક અસમાધિમરણ અનેક મરણોનુ (ભવોની પરપરાનુ) કારણ બને તે કારણે પણ ગૃહસ્થાશ્રમ સ્વીકારવો હિતકર નથી]

(૧૦) संकप्पे=માનસિક સકલ્પ (અર્થાત્ ઈષ્ટનો વિયોગ કે અનિષ્ટનો સયોગ, વગેરે અનિષ્ટ પ્રસગોમા પ્રગટેલી ચિત્તની અસમાધિ) પણ से वहाय होइ=ગૃહસ્થને અસમાધિમરણનુ કારણ બને

भवइ अ इत्थ सिलोगो ॥

इत्थ=આ વિષયમાં सिलोगो=શ્લોક भवइ=છે. અર્થાત્ અઢાર વાક્યોમાં કહેલા, કે નહિ કહેલા વિષયને જણાવનારા શ્લોકો હવે કહીયે છીએ.

[જો કે 'શ્લોક' શબ્દનો 'એક જ શ્લોક' એવો અર્થ થાય, તો પણ અહીં તે જાતિવાચક હોવાથી અનેક શ્લોકો સમજવા. તે હવે ક્રમશઃ કહવાય છે.]

ઉપરની શીખામણોનો અનાદર કરવાથી શું થાય ?

(૪૮૪) जया य चयइ धम्मं, अणज्जो भोगकारणा ।
से तत्थ मुच्छिए बाले, आयइं नावबुज्झइ ॥चू० १–१॥

ઉપર પ્રમાણે ચારિત્રમાં સ્થિર થવાનાં અઢાર ઉપદેશ-વાક્યોની ઉપેક્ષા કરીને अणज्जो=અનાર્ય (મૂર્ખ) जया=

જ્યારે શબ્દાદિ જડ भोगकारणा=ભોગોને કારણે धम्मं=ધર્મને जहइ=તજી દે, ત્યારે સમજવું કે तत्थ=તે ભોગોમાં मुच्छिए=મૂર્છિત થએલો से बाले=તે બાળ (અજ્ઞાન સાધુ) आयइं=પોતાના ભવિષ્યને न अवबुज्झइ=સમજતો નથી (ચૂ૦ ૧-૧)

[ભૂતકાળના અનુભવોમાંથી મળેલા જ્ઞાનવાળા ભવિષ્યનું ચિંતન કરીને વર્તમાનમાં વર્તવું એ બુદ્ધિનું ફળ છે. કેવળ તાત્કાલિક સુખ-દુઃખનો વિચાર કરનાર ભવિષ્યને ભૂલી જનાર કે ભૂતકાળના અનુભવોનો અનાદર કરનાર કદાપિ સન્માર્ગને પામી શકતો નથી. પામ્યો હોય તો ટકી પણ શકતો નથી. ગુરુના ઉપદેશને કે પોતાની સદ્બુદ્ધિને અવગણીને જે ભોગોની લાલચમાં પડે છે તેનું ભવિષ્ય કદી સારું આવતું નથી. એવો જીવ ગમે તેટલો ભણેલો હોય તો પણ મૂર્ખ અને ગમે તેવો સદાચારી હોય તો પણ અનાર્ય છે, એમ સમજવું.]

(૪૮૫) जया ओहाविओ होइ, इंदो वा पडिओ छमं।
सव्वधम्मपरिब्भट्ठो, स पच्छा परितप्पइ ॥ चू० १–२॥

(એ જ સમજાવે છે કે) जया=જ્યારે ओहाविओ=સંયમથી ભ્રષ્ટ होइ=થાય છે, ત્યારે छमं=પૃથ્વી ઉપર पडिओ=પડેલા इंदो वा=ઇન્દ્રની જેમ स=તે सव्वधम्मपरिब्भट्ठो=(લૌકિક-લોકોત્તર) સર્વધર્મથી ભ્રષ્ટ થએલો पच्छा=પાછળથી परितप्पइ=અતિશય ખેદ પામે છે 'અરે રે! મેં વગર વિચારે બહુ ખોટું કર્યું' એમ સદાય બળે છે (ચૂ૦ ૧-૨)

[ઇન્દ્ર પોતાના ઇન્દ્રાસનથી ભ્રષ્ટ થતાં જેમ ખેદ કરે અને વિવિધ કષ્ટોને પામે, તેમ સંયમથી ભ્રષ્ટ થએલા

(૪૮૬) जया अ वंदिमो होइ, पच्छा होइ अवंदिमो ।
देवया व चुआ ठाणा, स पच्छा परितप्पइ ॥ चू० १-३॥

जया=જ્યારે સાધુપણામાં वंदिमो=વન્દનીય होइ=હોય पच्छा अ=અને પાછળથી (ગૃહસ્થાશ્રમમાં) अवंदिमो=અવન્દનીય होइ=થાય, ત્યારે ठाणा=પોતાના સ્થાનથી (પદથી) चुआ=ભ્રષ્ટ થએલી देवया व=દેવીની (ઇન્દ્રાણી વગેરેની) જેમ स=તે સાધુ પાછળથી परितप्पइ= અત્યંત દુ:ખી થાય છે. (ચૂ૦ ૧-૩)

[અર્થાત્ સાધુપણું છોડી ગૃહસ્થ બનનાર, કોઇ ઇન્દ્રા ...રે મહાદેવી પોતાના સ્થાનથી ભ્રષ્ટ થતાં ... (અપ

નિરસ્કાર વગેરે) ભોગવે તેવું દુખ ભોગવે છે અને માનસિ સતાપ તેના ચિત્તને ચિતાની જેમ સળગાવે છે]

(૧૮૭) जया अ पूइमो होइ पच्छा होइ अपूइमो ।
राया व रज्जपब्भट्ठो, स पच्छा परितप्पइ ॥ चू० १-४॥

જ્યારે (સાધુ જીવનમા) પૂજ્ય હોય અને પાછળથી (ગૃહવાસમા) અપૂજ્ય બને, ત્યારે રજ્જપબ્ભટ્ઠો=રાજ્યથી **સર્વથા ભ્રષ્ટ થએલા राया व રાજાની જેમ** તે સાધુ પાછળથી અત્યત દુખી થાય છે (ચૂ૦ ૧-૪)

[મત્રીઓ સામતગણ નગર પ્રજા વગેરે જેમ નષ્ટ થએલા રાજાને પૂજતા નથી તેમ સાધુ જીવનથી ભ્રષ્ટ થએલા સાધુને ચતુર્વિધ સઘ વગેરે કોઇ પૂજતુ નથી]

(૧૮૮) जया अ माणिमो होइ, पच्छा होइ अमाणिमो ।
सिट्ठि व्व कब्बडे छूढो, स पच्छा परितप्पइ ॥ चू० १-५॥

જ્યારે (સાધુપર્યાયમા) माणिमो=**માનનીય હોય** અને પાછળથી (ગૃહસ્થપણામા) અમાનનીય થાય ત્યારે કોઇ कब्बडे=**કર્બટમા** (ખરાબ ગામડામા) छूढो=(નિર્વાસિત) **રાખેલા** सिट्ठि व्व=**નગરશેઠની જેમ** તે પાછળથી દુખી થાય છે (ચૂ૦ ૧-૫)

[કોઇ ધનવાનને નગરશેઠની પદવી મળવાથી માન સન્માન વગેરે મળતા હોય અને પાછળથી કોઇ કારણે રાજા તેને નગરમાથી કાઢી મૂકે તથી કોઇ હલકા વસ્તીવાળા સ્થાનમા જઇને રહે ત્યા માન-સન્માનાદિ ન મળવાથી દુખી થાય તેમ સયમથી ભ્રષ્ટ થએલો પણ પાછળથી દુખી થાય છે

અહી તમામ ગાથાઓમા જુદા જુદા દૃષ્ટાન્તથી પતિતનુ

२

હવે કાળાંતરે જે દુઃખો આવે તે વર્ણવે છે-

(૪૮૯) जया अ थेरओ होइ, समइक्कंतजुव्वणो ।
मच्छु व्व गलं गिलित्ता, स पच्छा परितप्पइ ।।चू० १-६।।

સાધુતાને છોડીને ગૃહસ્થાશ્રમી બનેલો જ્યારે समइक्कंत=સમ્પૂર્ણ વ્યતીત થયું છે जुव्वण=યૌવન જેનું એવો (વૃદ્ધ બને ત્યારે) गलं=લોખંડના કાંટામાં ભરાવેલા માંસને गिलित्ता=ગળીને (ગળામાં લોખંડનો કાંટો વાગવાથી) मच्छु व्व=માછલું જેમ દુઃખી થાય તેમ તે પાછળથી દુઃખી થાય છે. (ચૂ૦ ૧-૬)

[માછીમારો માછલાં પકડવા માટે સુતરની દોરીની જાળમાં ગુંથેલા લોખંડના અણીદાર કાંટાઓમાં માંસના કકડાઓ ભરાવે છે.

तेने खावानी लालचथी माछलु मांसने मुखमां लईने मुख बंध करे त्यारे लोखंडना कांटाथी ताळवु विंधाई जवा नासी शकतु नथी माछीमारना पंजामां फसाईने छेवटे प्राण गुमावे छे, तेम वृद्धावस्थामां भोग-त्याग उभय माटे अयोग्य बनेलो ते घरना बंधनोमां फसाई आर्त-रौद्र ध्यान पूर्वक मरीने दुर्गतिमां जाय छे अर्थात् वृद्धावस्थामां दुःख भोगववी वेळा संयमना गुणोने याद करी करीने झुरे छे भोग के त्याग एक पण साधी शकतो नथी अने स्वार्थी कुटुंबीजनोना अपमान अनादर तिरस्कार वगेरेथी जीवनपर्यन्त दुःखी थाय छे]

हवे हाथीनी उपमाथी ए वातने समजावे छे-

(८९०) जया अ कुडुंवस्स, कुतत्तीहिं विहम्मइ ।
हत्थी व बंधणे बद्धो, स पच्छा परितप्पइ ॥ चू० १–७ ।

ज्यारे ते कुडुंवस्स-(स्वार्थी) दुष्ट कुटुंबीजनोनी (भरण पोषणनी) कुतत्तीहिं=दुष्ट चिंताद्वारा विहम्मइ= (विषय भोगोथी) हणाय छे, त्यारे (कोई दरिद्र एवा नीच मालीकना) बंधण=मधनमां बद्धो=बंधाएला हत्थी व=हाथीनी जेम ते (संयम छोडनार) पाछळथी अतीव दुःखी थाय छे (चू० १-७)

[जेम भोगनी लालचथी अज्ञानपणे पकडाईने परवश बनेल हाथीने तेनो नीच मालीक मजुरी करावे लाकडां वगेरे ढवडावीने उपाय करतो जेम भार भर पूर्ण घास पण खावा न आपे ए रीते तेनी उत्तमताने समित करे तेम संयमभ्रष्ट थएला अने भोगोनी लालचे दुष्ट कुटुंबना पाशमां फसेला पतितने पण दुष्ट कुटुंबना भरणपोषण माटे ढवळ कार्यो करवा पडे तथा ते बंधनमां पडेला हाथीनी जेम अति दुःखी थाय छे]

આ આઠ ગાથાઓમાં સંયમ છોડનારની મૂર્ખતા, અનાર્યતા, ગર્વ સત્કાર્યોથી પતન, પ્રાયઃ સર્વની અપ્રીતિનું પાત્ર, પૂજા-સત્કાર અને સન્માનના નાશ, ઉપગત પરવશતાના અને કુટુમ્બની ચિંતાના દુઃખો, વગેરે સંસારની વિષમતાનું એક ચિત્ર બતાવ્યુ છે.]

કોઇ ઉપશાન્ત પામેલો પાછળથી ખેદ કરે તે કહે છે-

(૪૯૨) अज्ज आऽहं गणी हुंतो, भाविअप्पा बहुस्सुओ ।
जइऽहं रमंतो परिआए, सामण्णे जिणदेसिए ॥चू० १-९॥

जइ=જો अज्ज आऽहं=**આજ સુધી હું** जिणदेसिए= જિનેશ્વરે કહેલા सामण्णे परिआए=**શ્રમણના પર્યાયમાં**

(ચારિત્ર ધર્મમાં) रमतो=રમતો (સ્થિર રહ્યો) હોત, તો (પ્રશસ્ત યોગોથી અને ભાવનાઓથી) भाविअप्पा=ભાવિત અને बहुस्सुओ=ઉભયલોકમાં હિતકારી ઘણા આગમોનો જાણ अह=તું गणी=આચાર્ય हुंतो=થયો હોત (ચૂ૦ ૧-૯)

[अह तु आ=अहं માનીને તેમાંના આ અન્વયનો ગર્ભિત અર્થ આના ઉપરનો સાથે થાય]

સંયમથી ઉદ્વિગ્ન થએલાને સ્થિર કરતા કહે છે-

(૯૮) देवलोगसमाणो अ, परिआओ महेसिण ।
रयाण अरयाण च, महानरयसारिसो ॥ चू० १-१०॥

(શ્રમણપણામાં એટલે ચારિત્રધર્મમાં) रयाण=રક્ત (રાગી) એવા महेसिण=મહર્ષિઓનો (સુસાધુઓનો) परिआओ=ચારિત્રપર્યાય देवलोगसमाणो=દેવલોકના સરખો (આનંદ આપનાર) अ=અને સંયમમાં अरयाण=રાગ વિનાના च=તથા વિષયોની અભિલાષાવાળા (જીવ) આત્માઓનો महानरयसारिसो=મહાનરકના જેવો (દુઃખદાયી) હોય છે (ચૂ૦ ૧-૧૦)

[શ્રમણપણાનો આનંદ આત્મસ્વરૂપ હોવાથી નિરુપાધિ હોય છે અને દેવોનો આનંદ સંયોગજન્ય હોવાથી ઉપાધિરૂપ કૃત્રિમ હોય છે. શાસ્ત્રમાં સંયમના પાલનથી નિર્મળ થતા આત્માના આનંદનું પ્રમાણ જણાવતાં કહ્યું છે કે–એક મહિનાના પર્યાયવાળા સાધુનો સંયમનો આનંદ વાણવ્યંતર દેવના આનંદથી પણ અધિક હોય છે, બે માસ પર્યાયવાળાનો અસુરકુમાર નિકાયથી, ત્રણ માસ થતાં ભવનપતિ દેવોથી, ચાર મહિને ગ્રહ વગેરે જ્યોતિષ દેવથી, પાંચ મહિને ચંદ્ર-સૂર્યથી, છ મહિને સૌધર્મ-ઈશાન કલ્પના દેવોથી, સાત

(४९४) अमरोवम जाणिय सुक्खमुत्तम,
रयाण परिआइ तहाऽरयाणं।
निरओवमं जाणिअ दुक्खमुत्तमं;
रमिज्ज तम्हा परिआइ पंडिए ॥चू० १–११॥

तम्हा=ते कारणे परिआइ=श्रमणपर्यायमां रयाण=रक्त मुनिओनां अमरोवमं=देवना जेवां उत्तमं सुक्खं=

શ્રેષ્ઠ સુખને जाणिय=સમજીને तम्हा=તથા સાધુપર્યાયમા अरयण=રાગ રહિત (મૂઢ) જીવોના निरओवम=નરક સદૃશ उत्तम दुक्ख=આકરા (તીવ્ર) દુખને સમજીને पहिए-શાસ્રાથને જાણ પંડિત સાધુ परिआइ=ચારિત્ર પર્યાયમા रमिज=રમે-રાગ કરે (ચૂ० ૧-૧૧)

[ચારિત્રપર્યાયને પાળવામા અને છોડવામા ભાવિ સુખ દુખનો વિચાર કરીને જે ચારિત્રને નિર્મળ પાળે તે જ સાચો પંડિત-શાસ્રાર્થનો જાણ છે]

(૯૫) धम्माउ भट्ठं सिरिओ अवेय,
जन्नग्गि विज्झाअमिवऽप्पतेअ।
हीलत्ति ण दुव्विहिअ कुसीला,
दाढुड्ढिअ घोरविम व नाग ॥चू० १-१२॥

धम्माउ=ચારિત્રધર્મથી भट्ठ=ભ્રષ્ટ અને તેથી જ્ઞાન-ધ્યાન-તપ જપ વગેરે સયમની सिरिओ=લક્ષ્મીથી अवेज=રહિત (દરિદ્ર) થએલા ण=એવા તે ચારિત્રને છોડી દેવારૂપ दुव्विहिय=દુષ્ટવર્તનવાળાને, कुसीला=(તેના જેવા અન્ય) દુર્જનો विज्झाअ=બુઝાઇ ગએલા અને अप्पतेअ=અલ્પતેજવાળા (ભસ્મરૂપ બનેલા) जन्नग्गिमिव=યજ્ઞના અગ્નિની જેમ તથા दाढुड्ढिअ=દાઢા એ થી રહિત घोरविम=ભયકર ઝેરવાળા नाग व=સર્પની જેમ हीलत्ति=હેલના કરે છે (ચૂ० ૧-૧૨)

[યજ્ઞનો બુઝાએલો અગ્નિ જેમ લાકડાના પત્ર નાંખે ખુદવ અને નિર્વિષસર્પને [illegible] જેમ બેલ તેમ સચક્રધ્પને [illegible] પરા આપે છે અને મૂર્ખની જેમ નચાવે છે]

ચારિત્રવ્રતના વિરાધકની અન્ય જન્મમાં હિટ્ઠઓ=નીચી નરકાદિ) ગઈ=ગતિ થાય છે. (અર્થાત્ નરક-તિર્યંચ જેવી નીચી ગતિઓમાં ઉપજે છે. એમ તેના ઉભય જન્મો દુઃખમય બની જાય છે.) (સૂ૦ ૧-૧૩)

[સામાન્ય નિયમ એવો છે કે, 'ગતિ તેવી મતિ અને મતિ તેવી ગતિ' અર્થાત્ જેનું ભાવિ દુષ્ટ હોય તેની બુદ્ધિ પહેલેથી જ બગડે છે અને તેવી બુદ્ધિથી બાંધેલાં દુષ્ટકર્મોને ભોગવવા તેને નીચી ગતિમા જવુ પડે છે. એથી વિરુદ્ધ જેનું ભાવિ ઉજ્વલ હોય તેની

બુદ્ધિ વિશદ—વિવેકી બને છે અને એથી ઉત્તમ માર્ગોને કરી તેના ફળ ભોગવવા તે સદ્ગતિમાં ઉપજે છે માટે દુર્ગતિના ફળ આપનારી આ દુષ્ટબુદ્ધિને અવકાશ નહિ આપતા પૂર્વ પુરુષોના નિર્મળ ચારિત્રનું આલંબન લઈને બુદ્ધિને નિર્મળ અને વિવેકી બનાવવી એ જ પુરુષનો સાચો પુરુષાર્થ છે આ પુરુષાર્થ કર્મ વગેરે અન્ય કારણોને પણ અનુકૂળ બનાવી સર્વ કાર્યોની સિદ્ધિ કરે છે શારીરિક કે વાચિક સત્પ્રવૃત્તિ એ બાહ્ય પુરુષાર્થરૂપ છે અને સદ્બુદ્ધિદ્વારા માનસિક સદ્વિચાર કે ઉત્તમ ભાવના ભાવવી વગેરે અભ્યંતર પુરુષાર્થ છે શુભાશુભ કર્મબંધ મુખ્યતયા અભ્યંતર પુરુષાર્થને આશ્રયીને થાય છે]

(૪૯૭) भुच्चित्तु भोगाइ पसज्झचेअसा,

तहाविहं कट्टु असंजमं बहुं ।

गइं च गच्छे अणभि(हि)ज्झिअं दुहं,

बोही अ से नो सुलहा पुणो पुणो ॥ चू० १–१४॥

ચારિત્રથી ભ્રષ્ટ થએલો અવિવેકી આત્મા पसज्झचेअसा=પ્રગટ ચિત્તથી, અર્થાત્ આસક્તિપૂર્વક, भोगाइं भुंजित्तु (પાંચે ઇન્દ્રિયોના શબ્દાદિ) ભોગોને ભોગવીને बहुं=ઘણા तहाविहं=તેવા असंजमं=ખેતી આદિ છ કાયની વિરાધનારૂપ અસંયમને कट्टु=કરીને दुहं=સ્વરૂપે દુષ્ટ-દુઃખદાયી એવી अणभिज्झिअं=અનિષ્ટ गइं च गच्छइ=ગતિને પામે છે अ=અને(ત્યાં)से=તેને बोही=જિનધર્મની પ્રાપ્તિ पुणो पुणो=પુનઃ પુનઃ (જન્મ લેવા છતાં, અર્થાત્ ઘણા જન્મો થવા છતાં)नो सुलहा=સુલભ નથી (દુર્લભ થાય છે)(ચૂ૦ ૧–૧૪)

[ગુણ કે અવગુણનો પક્ષ થવાથી આ જન્મમાં સેવેલા તે તે પ્રકારના સંસ્કારો ઉત્તરોત્તર દૃઢ થતા જાય છે તેનો નાશ કરવા કઠોર જીવનઆરાધના કરવી પડે છે ભગવાન્ કહેવાય... આ નથી

किमंग पुण मज्झ इमं मणोदुहं ? ॥ चू० १-१५॥

ઉપર પ્રમાણે વિચારીને સંયમનાં કષ્ટોથી ઉભગી ગયેલો હોય તો પણ દીક્ષા ન છોડે, પણ એમ વિચારે કે- પાપને કારણે (ચારિત્રભ્રષ્ટ થવાથી) इमस्स=આ नेरइअस्स= **નરકમાં ઉપજેલા** (ત્યાં) दुहोवणीअस्स=**દુઃખમાં પડેલા** અને તેથી किलेसवत्तिणो=**એકાન્ત ક્લેશમાં જીવતા** એવા તે जंतुणो=**જીવનાં પલ્યોપમો** અને (ક્રમશઃ) સાગરોપમો પણ झिज्झइ=**ક્ષય થાય છે,** તો તેની સામે पुण=**વળી** मज्झ=**મારું** इमं=**આ** (તેવા ક્લેશ અને કષ્ટો વિનાનું) **સંયમનું** मणोदुहं=**માનસિક દુઃખ** किमंग=**કયી ગણત્રીમાં છે ?** (ચૂ૦૧-૧૫)

[અર્થાત્ દીક્ષા છોડીને નરકના પલ્યોપમ-સાગરોપમ સુધીનાં દુઃખો ભોગવવાં તેની અપેક્ષાએ આ સંયમનું દુઃખ અલ્પ છે અને પરિણામે સુખ આપનારું છે, તો એનાથી અકળાઈને ચારિત્ર શા માટે છોડું ? એમ વિચારતો સંયમમાં સ્થિર થાય.]

(૪૯૯) न मे चिरं दुक्खमिणं भविस्सइ,

असासया भोगपिवास जंतुणो ।

न चे सरीरेण इमेणऽविस्सइ,

अविस्सइ जीवियपज्जवेण मे ॥चू० १–१६॥

